યંત્રની મર્યાદા — નરહરિ પરીખ

Foundation
urukul Kan

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્રની મર્યાદા

નરહરિ દ્વા. પરીખ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ६० ग/४

पंजिका-संख्या २२२५०

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ६०ग/५
आगत सं० २२२८१
तिथि ....२६..३..७४..
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્ય ગિદવાણી સ્મારકમાળા ગ્રંથ-૫

યંત્રની મર્યાદા

નરહરિ દ્વા. પરીખ

પ્રકાશક તરફથી ભેટ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

આવૃત્તિ પહેલી, ઑક્ટોબર ૧૯૪૦; પ્રત ૧૦૦૦
આવૃત્તિ બીજી, જૂન ૧૯૪૭; પ્રત ૩૨૦૦
એક રૂપિયો

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી આવૃત્તિનું નિવેદન

આ આવૃત્તિ પ્રગટ થાય છે તે વખતે બીજા વિશ્વયુદ્ધનો હત્યાકાંડ પૂરો થઈ ગયો છે. યંત્રની મજલ છેક અણુ-બૉમ્બ સુધી પહોંચી છે. અને તે કેવો સર્વનાશ કરી શકે એમ છે તેની વાનગી દુનિયાને ચાખવા મળી છે. છતાં અત્યારે જે જૂથાણું, ખટપટ, કાવાદાવા અને સંહાર કરવાની શક્તિમાં એકબીજાને ટપી જવાની હરીફાઈ ચાલી રહી છે તે જોતાં માણસની સાન હજી ઠેકાણે આવી હોય એમ લાગતું નથી.

દુનિયાના બહુ મોટા ભાગ પર જે ભૂખમરો પ્રવર્તી રહ્યો છે, તે જોતાં યંત્રો મારફત બીજા પ્રમાણમાં ઓછા ઉપયોગી અથવા નકામા માલ બનાવવાની જે ધાલાવેલી ચાલી રહી છે તે કેટલી મિથ્યા છે તે સ્પષ્ટ દેખાઈ આવે છે. યંત્રોની મદદથી જે ઓદ્યોગિક અને વેપારી હરીફાઈ ચલાવવાની ઉમેદ દરેક રાષ્ટ્ર રાખી રહ્યું છે, તેમાં ત્રીજા વિશ્વયુદ્ધનાં બીજ રહેલાં છે.

એટલે યંત્રો ઉપર અંકુશ મૂકવાની વધારેમાં વધારે જરૂર હોય તો તે આજે છે.

* * *

આ આવૃત્તિમાં મારા લખાણમાં થોડાઘણા સુધારાવધારા કર્યા છે અને ગાંધીજીનાં યંત્ર વિષેનાં લખાણો છેક અત્યાર સુધીનાં આપ્યાં છે. તેમાં એમણે અણુ-બૉમ્બની સામે રેંટિયાને, એટલે કે રેંટિયા પાછળ રહેલી જીવનની ફિલસૂફીને આગળ ધરી છે.

તા ૧-૯-૧૯૪૭ **નરહરિ પરીખ**

પહેલી આવૃત્તિનું નિવેદન

ખાદી અને ગ્રામઉદ્યોગોની વાતો કરનારા બધા જ યંત્રોના વિરોધી હોય છે એવી માન્યતા ઠીક ઠીક પ્રચલિત છે. બીજી તરફથી મોટાં મોટાં યંત્રો અને કારખાનાંનો પુરસ્કાર કરનારા હાથકારીગરી અને ગ્રામઉદ્યોગોના બિલકુલ વિરોધી છે એવી માન્યતા પણ પ્રચલિત છે. વળી આપણે યંત્રો બનાવી શકતા નથી અને આપણી પાસે દેશને યંત્રમય કરી નાખવા જેટલી મૂડી નથી એટલે હમણાં ભલે ખાદી અને ગ્રામઉદ્યોગ ચાલે, પણ પછી આપણે યંત્રોનો જ આશ્રય લઈશું,

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી માન્યતા ધરાવનારા પણ ઘણા છે. એટલે આપણા ઉદ્યોગો અને વ્યવહારોમાં યંત્રનું યોગ્ય સ્થાન કયું અને કેટલું છે, યંત્રના ઉપયોગમાં લાભ કેટલા છે અને ગેરલાભ કેટલા છે, એ બધાનો વિચાર કરી યંત્રની જો મર્યાદા હોય તો તે કઈ છે એ નક્કી કરવાનો પ્રયત્ન આ નાના પુસ્તકમાં કર્યો છે.

આ પુસ્તક હમણાં બહાર પડે છે, પણ તેનો મોટો ભાગ આ દારુણ યુદ્ધ શરૂ થયા પહેલાં લખાયેલો છે. લખતી વખતે ભવિષ્યના યુદ્ધની ભીષણતાની કલ્પના જ કરી હતી પણ અત્યારે તો એ ભીષણતા પ્રત્યક્ષ દેખાય છે. યાંત્રિક સાધનોનો ખૂબ વિકાસ કરનારી પ્રજાઓ આજે એ સાધનોના ભાર નીચે કચડાઈને પોતાનો સર્વનાશ નોતરી રહી છે, એ આપણી નજર સામે બનતી હૃદયવિદારક ઘટના યંત્રની મર્યાદા સમજાવવા માટે પૂરતી છે.

નરહરિ પરીખ

તા. ૧૨-૯-૧૯૪૦

પ્રકાશકનું નિવેદન

આચાર્ય ગિદવાણીના સ્મારક તરીકે એક ગ્રંથમાળા કાઢવાને માટે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની સ્મારક સમિતિએ રૂ. ૧૦૦૦) ગૂજરાત વિદ્યાપીઠને ઈ. સ. ૧૯૩૬માં સોંપ્યા. તે રૂપિયામાંથી દર વર્ષે એક ચોપડી સામાન્ય રીતે બહાર પાડવામાં આવે છે. તે મુજબ અત્યાર સુધીમાં નીચેનાં ચાર પુસ્તકો બહાર પડયાં છે:

૧. તિમિરમાં પ્રભા — વેશાંતરકાર : શ્રી. કિશોરલાલ મશરૂવાળા
૨. આબાદ હિંદુસ્તાન — સંપાદક : ગોપાળદાસ પટેલ
૩. હિંદુસ્તાનની ગરીબાઈ — ,, ,,
૪. મારું ગામડું — બબલભાઈ મહેતા

આ તેનું પાંચમું પુસ્તક છે. જગતભરમાં આજ ઝપાટાબંધ મોખરે આવી રહેલા પ્રશ્નની તેમાં ચર્ચા કરવામાં આવી છે. આપણે ત્યાં પણ યંત્રની મર્યાદાનો સવાલ હવે માત્ર ચર્ચાની ભૂમિકામાંથી અમલી ક્ષેત્રમાં પણ આવે છે તે વખતે આ પુસ્તક ઘટતો આવકાર પામશે એવી આશા છે.

તા. ૧૭-૯-'૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

૧

નરહરિભાઈની શૈલી એટલી બધી સીધી, સરળ, અને મુદ્દાસર હોય છે કે એને બીજાની પ્રસ્તાવનાની ભાગ્યે જ જરૂર ગણાય. પણ આ વિષય પર અમે કેટલોક વિચાર સાથે બેસીને કરેલો હોવાથી, અને અમારા વિચારોમાં ઐક્ય હોવાથી, આ પુસ્તકમાં બે શબ્દ હું સ્વતંત્ર રીતે લખું એવી એમની ઇચ્છાને પ્રેમથી માથે ચડાવી આ લખવા બેઠો છું.

ભણેલી, સુધરેલી અને સમૃદ્ધિમાં ખૂબ આગળ વધેલી હોવાથી લગભગ બધાનો આદર પામેલી દુનિયાને ગાંધીજીએ પોતાના અસામાન્ય વિચારો અને આંદોલનોથી ઘણી બાબતોમાં ધરતીકંપના જેવા સખત આંચકાઓ અત્યાર સુધીમાં આપ્યા છે અને હજુ આપતા આવે છે. આંચકાનો એ સ્વભાવ જ છે કે પહેલાં તો એ બધાને ગભરાવી મૂકે: વિરોધીઓને, સાથીઓને, પાછળ રહેનારાઓને તેમ જ આગળ દોડવા ઇચ્છનારાઓને. આ રીતે ગાંધીજીની વિચારસરણી એક બાજુથી પ્રાચીન રૂઢિપ્રિય સનાતનીઓને જેમ મૂંઝવે છે, તેમ જ પ્રગતિ વિષે રૂઢ થયેલા આ જમાનાના વિચારો પ્રત્યે પ્રેમ ધરાવનારાઓને પણ મૂંઝવે છે.

ગાંધીજીએ આપેલા આંચકાઓમાંથી ઘણાખરાનું પહેલું દર્શન તેમના 'હિંદ સ્વરાજ'માં થાય છે. એમાં પાશ્ચાત્ય સભ્યતા સામે ઘણો તીવ્ર હુમલો છે. જોકે એમાં ઠેકઠેકાણે સમતોલ જાળવનારાં વાક્યો પણ છે, છતાં ઉતાવળે વાંચતાં વાચક ઉપર એવી અસર રહી જાય છે કે જાણે ગાંધીજી યુરોપથી આવેલી એકેએક વિદ્યા તથા સુધારણા પર વજ્ર ઉગામી રહ્યા છે. સ્વાભાવિક રીતે જ આને લીધે ઘણી ગેરસમજો ઊભી થઈ છે. અને, પાછળથી તેને વિષે ઘણા ખુલાસા કરેલા હોવા છતાં, તે સહેજે દૂર થતી નથી.

આવી એક ગેરસમજ યંત્રો વિષેના એમના વિચારો બાબત છે. અધ્યાપકો, વિદ્વાનો, તેમ જ મુત્સદ્દીઓના મનમાં પણ એવો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલ ધર કરી બેઠા છે કે, ગાંધીજી યંત્રમાત્રના — તે ચીજ યંત્ર હોવાને માટે જ — વિરોધી છે. વૈજ્ઞાનિક શોધોને એમની સભ્યતામાં તે સ્થાન જ ન આપે; એમનું ચાલે તો તેઓ જગતને ઇસ્વી સનના દશમા-બારમા સૈકામાં પાછું લઈ જાય.

જેમનું વાચન ગાંધીજીના 'હિંદ સ્વરાજ' જેટલું જ હોય તેમના મનમાં આવી ગેરસમજ ઊભી થાય તો તે કાંઈક ક્ષમ્ય ગણાય. પણ અધ્યાપકો, વિદ્વાનો અને મુત્સદ્દીઓ તેમનાં પછીનાં લખાણો તરફ દુર્લક્ષ કરી 'હિંદ સ્વરાજ'નો જ આધાર ટાંકે તો તે ક્ષમ્ય ન ગણાય. આ માટે સૌ કોઈને સગવડ થાય, અને ગેરસમજ માટે માર્ગ ન રહે તે માટે આ પુસ્તકના ત્રીજા ખંડમાં યંત્રો વિષે ગાંધીજીનાં સર્વે લખાણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, તે ઘણું સારું થયું છે. તેમાં ગાંધીજીએ સ્પષ્ટ કર્યું છે કે, मारो उद्देश यंत्रमात्रनो विनाश करवानो नथी, पण यंत्रोनी मर्यादा आंकवानो छे. . . . आपणे जे कांई करीए तेमां प्रधान विचार मानवहितनो होवो जोईए. एटला माटे हुं यंत्रोनो विवेक करुं. दाखला तरीके, सिंगरना सीववाना संचाने हुं वधावी लउं छुं. તેને બનાવવા માટે ભૌતિક શક્તિથી ચાલતાં મોટાં કારખાનાંને પણ તેઓ સ્થાન આપે. માત્ર, आवां कारखानां राष्ट्रनी मालकीनां होय अथवा प्रजाकीय सरकार तरफथी चालतां होय एम कहुं. अत्यंत सुंदर अने आदर्श परिस्थितिमां आवां कारखानां चालतां होय. तेनी हस्ती नफाने माटे नहि पण लोकहितने अर्थे होय. लोभने स्थाने प्रेमने स्थापवानो एनो उद्देश होय. . . . तेनो उपयोग करवानी पाछळ हेतु धनना लोभनो नहि पण प्रामाणिक रीते दयानो होवो जोईए. दाखला तरीके, ठरडायेली त्राकोने सीधी करवाना यंत्रनो हुं बहु सत्कार करुं, पण लुहारो त्राको बनावता बंध थई जाय एवो उद्देश हुं न राखुं.* (પા. ૧૦૮–૧૦૯)

* વાચક સાંભળીને કદાચ આશ્ચર્ય પામશે કે ત્રાક સીધી કરવાનું યંત્ર બનાવવા માટે. યુરોપના યંત્રનિષ્ણાતોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું, પણ હજુ કોઈને તેની યાંત્રિક યુક્તિ સૂઝી નથી. એક બાજુથી એ કામ કઠણ છે; બીજી બાજુથી હાથ અને નજર કેળવીને બાર–પંદર વર્ષનાં બાળક પણ તે કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાક્યોથી ગાંધીજીના યંત્રો વિષેના વિચારો બાબતની ગેરસમજ દૂર થઈ જવી જોઈએ.

૨

ત્યારે, અહીં વિરોધ યંત્ર ખાતર યંત્રનો નથી. યંત્ર ખાતર યંત્રનો મોહ પણ નથી. યંત્ર હાથે ચલાવાતું હોય, પગે ચલાવાતું હોય, બળદ કે ઘોડાથી ચલાવાતું હોય કે વરાળ, પેટ્રોલ, વીજળી વગેરે ભૌતિક શક્તિઓથી ચલાવાતું હોય, સાદું હોય કે અટપટું હોય, એકેને માટે આંધળો વિરોધ નથી કે આંધળો મોહ નથી. માનવહિતનો વિચાર કરી, દેશહિતનો વિચાર કરી, વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરી, દરેક યંત્રનો અલગ અલગ વિચાર કરવો જોઈએ, તથા કયા પ્રકારના યંત્રનો કેવી રીતે અને કેટલો ઉપયોગ આજે કરવો જોઈએ અથવા રોકવો જોઈએ તેનો નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય કોઈ પણ વિષયમાં કાયમનો કરી મૂકવાનો છે એમ પણ સમજવાની જરૂર નથી. પરિસ્થિતિ બદલાય તો આજે વપરાતું યંત્ર કાલે બંધ કરવું પડે, અને આજે મનાઈ કરેલું યંત્ર કાલે ચલાવવું પડે.

દાખલા તરીકે, ખાદી-પ્રવૃત્તિને અંગે રેંટિયા, પીંજણ, ચરખો વગેરેમાં થયેલા સુધારાઓનો જ વિચાર કરીએ તો તેમાં કાંતવા માટે આજે તકલીથી માંડી મગનરેંટિયા સુધી ક્રમશઃ વધારે સૂતર કાંતી આપનારાં ત્રણચાર યંત્રો નિર્માણ થયાં છે, અને એથી પણ વધુ ઉત્પાદન કરી આપનાર સુધારાને અવકાશ છે. પીંજણ માટે પણ એવું જ થયું છે. એ સર્વે યંત્રો કેવળ મનુષ્યની હાથપગની શક્તિથી જ ચાલે છે. પણ તેનોયે સત્કાર કે મનાઈ કરવામાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વિવેક કરવાની જરૂર રહે છે. ઉદાહરણાર્થ, દુકાળને લીધે ઘણા માણસોને એકદમ કામ આપવું હોય, પણ ખૂબ સૂતર કે ખૂબ પૂણીઓ તૈયાર કરાવવામાં લાભ ન હોય, અને તેટલી મજૂરી આપવી પાલવે એમ પણ ન હોય, તો ત્યાં સાબરમતી-પીંજણ કે મગનરેંટિયાનો શું પણ મોટી પીંજણ અને સાદાયે રેંટિયાનો ઉપયોગ કરી ન શકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શિલા ચરખો (ઓટાઈ),* પીંખપીંજામણ (તુનાઈ)+ તથા તકલીથી જ સંતોષ માનવો પડે એમ બને.

એક રીતે એમ પણ કહી શકાય કે યંત્રની મર્યાદાનો આપણે વિચાર કરવાનો છે તે કરતાં પદાર્થોનાં ઉત્પાદન, પ્રચાર, સ્થાનાંતર અને લેવડદેવડ — ટૂંકામાં વાણિજ્યની પદ્ધતિ અને તેની લોકહિત પર પડતી અસરને તપાસી તેની મર્યાદાઓ ઠરાવવાની છે. ભૌતિક શક્તિથી ચાલતાં ગંજાવર યંત્રોએ વાણિજ્યનો ઘણા વેગથી વિસ્તાર કર્યો છે, અને લોકહિતની દૃષ્ટિએ તેનાં પરિણામો કાંઈક સારાં અને ઘણાં બૂરાં આવ્યાં છે. તેટલા માટે તેવાં યંત્રોનો વિચાર પણ પ્રસ્તુત થાય છે. આ સારાંમાઠાં પરિણામોનું મનોવેધક અને વિગતવાર ચિત્ર નરહરિભાઈએ પ્રમાણો સાથે પહેલા ખંડનાં પ્રકરણોમાં દોર્યું છે.

૩

યંત્ર કોને કહેવું અને યંત્ર તથા ઓજાર વચ્ચે શો ફરક, એ વિષે બીજા પ્રકરણમાં નરહરિભાઈએ ચર્ચા કરી છે. આ બાબત હું એક બીજી રીતે સમજાવવા પ્રયત્ન કરું છું.

સુથારની નાનકડી હથોડી, લુહારનો મોટો ઘણ અને મોટા લોઢાના કારખાનામાં વપરાતો ત્રણ ફૂટ જાડા લોઢાને છૂંદી નાંખતો રાક્ષસઘણ ત્રણે ટીપવાનાં સાધનો છે. ત્રણેનો ઉપયોગ કરવા માટે — ગતિ આપવા માટે — શક્તિ લગાડવી જોઈએ. હથોડીને તેનો ઉપયોગ કરનાર પોતાની જ શક્તિ લગાડે છે. ઘણ માટે લુહારને એક બીજો સાથી કે મજૂર રોકવો પડે છે. કારખાનાના રાક્ષસઘણને વાપરવા માટે બેચાર મજૂરો કે વીસપચીસથી પણ ચાલે નહિ. સો બસો કે પાંચસો મજૂરો સામટા મંડીને તેને કોઈક રીતે વાપરે તો જ તે વાપરી શકાય. એ તો ઘણું અગવડભર્યું થાય અને જીવનમાં એકાદ બે વાર જ કરવું હોય તો તેમ કરી શકાય. પણ, રોજ એવા હથોડાને

* પથ્થર પર સળિયાની મદદની કપાસિયા છૂટા પાડવાની રીત.
+ આંગળીઓથી રૂને પીંખી, નાનકડી ધનુષપીંજણથી પીંજવાની રીત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવો હોય તો ? દેખીતું છે કે એ વરાળ, ગૅસ કે વીજળીની ભૌતિક શક્તિ વડે જ થઈ શકે.

આ ઉદાહરણ પરથી ઓજાર અને યંત્ર વચ્ચેનો ભેદ શોધી શકાય. કામ કરવાનું સાધન ઓજાર છે. તે નાનું છે કે મોટું છે તે મુદ્દાની વાત નથી. તે ઓજારને વાપરવા માટે યોજાતી શક્તિ જેમાંથી લેવાય છે તે યંત્ર છે. તે શક્તિ નાની હોય કે મોટી, સજીવ હોય કે નિર્જીવ: તે જ સાચું યંત્ર છે. આમ માણસ યંત્ર છે, બળદ કે ઘોડો યંત્ર છે, એંજિન યંત્ર છે, ડાઇનૅમો યંત્ર છે. દેશહિત માટે કયા યંત્રની પસંદગી કરવી એ વિચારવાનો મુદ્દો છે.

સાધારણ મજબૂત માણસનું બળ ઘોડાના બળના છઠ્ઠા ભાગનું ગણાય છે. એટલે કે તે $\frac{1}{6}$ અશ્વબળનું યંત્ર છે. મોટરગાડીમાં ચારથી છ અશ્વબળ, એટલે ૨૪થી ૩૬ માણસો વપરાય છે. બંગાળમાં ઘણાં શહેરોમાં એક માણસથી ખેંચાતી રિક્ષાઓ વપરાય છે. મોટર એટલે ૪–૬ ઘોડાની બગી અથવા ૨૪–૩૬ મજૂરોથી ખેંચાતી રિક્ષા. એ જ પ્રમાણે ભૌતિક શક્તિથી ચાલતાં નાનાંમોટાં સર્વે સાધનો વિષે સમજી શકાય.

પણ આટલેથી ભૌતિક શક્તિવાળા યંત્રનું યંત્રપણું પૂરું થતું નથી. મોટરગાડીને ૩૬ માણસો ખેંચી તો જઈ શકે. મોટર અટકી પડે છે ત્યારે આપણે ઘણી વાર તેમ થતું જોઈએ પણ છીએ. પણ ૩૬ માણસો મળીનેયે તેને કલાકના ૩ માઇલની ઝડપથી પણ ભાગ્યે જ ખેંચી શકે. ઘોડા પણ બહુ તો ૧૫ માઇલની ઝડપ કરે. પણ ભૌતિક શક્તિરૂપી મજૂરદળ જોડવામાં આવે છે તે એને કલાકના ૫૦ માઇલની ઝડપે ખેંચી શકે છે. તે જ પ્રમાણે રાક્ષસીઘણ અને ભૌતિક શક્તિથી ચાલતાં બીજાં સાધનો વિષે.

વળી, આ ભૌતિક મજૂર નિર્જીવ હોવાથી એક બીજો ફેર પડે છે. મજૂર કે બળદ પૂરતો ખોરાક ખાઈનેયે ચોવીસે કલાક કામ કરી ન શકે. ઘણું ઘણું તો દશ અગિયાર કલાક કામ આપે. પણ ભૌતિક મજૂરને કેવળ ખોરાક જોઈએ, વિશ્રાંતિની ઝાઝી જરૂર નહિ. ઘણું કામ હોય તો તમે રાતદિવસ તેને ચલાવી શકો. એનો ખોરાક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકો. એને કામ નહિ, ક્રોધ નહિ, સંસારની જંજાળ નહિ. આમ આ રાક્ષસી શક્તિવાળો નિર્જીવ ભૌતિક મજૂર, સજીવ માણસ કે પશુ મજૂરનો જબરો હરીફ હોય એમાં શી નવાઈ? માત્ર કોલસા ખાઈ તથા ઘાસલેટ પીને કોઈ ઘટોત્કચ કોઈ લક્ષાધિપતિને ત્યાં નોકરી કરવા તૈયાર થાય તો તેના બીજા નોકરચાકરોનું કામ ન રહે એમાં સમજાવવાપણું ન હોય.

હવે આવા કારખાનામાં કામ કરતા મજૂરનું શું સ્થાન છે તેનો વિચાર કરીએ. ઉપરની સમજથી જોઈશું તો જણાશે કે, કારખાનામાં કામ કરતો મજૂર — દા. ત. બસો ત્રાક પર દેખરેખ રાખનારો 'સ્પિનર' — સાચું પૂછતાં, મજૂર નથી, પણ તે યંત્ર જેટલા અશ્વબળથી ચાલતું હોય તેટલા અશ્વોનો હાંકનારો અથવા તેથી છગણા મજૂરોનો, અને તેની સાથે કામ કરનાર બસો કાંતનારીઓનો મુકાદમ છે. એનો પગાર પણ મુકાદમના જેવો જ હોય છે. કારણ કે કાંતનારીને દિવસને અંતે ત્રણ આના મજૂરી માંડ મળે; પણ આને ૧૨-૧૪ આના મજૂરી મળે છે — મુકાદમનો પગાર જેમ વધારે હોય તેમ. પણ પેલી બસો કાંતનારી અને તેની મદદમાં રહેનાર અશ્વબળોને ખોરાકી, સમરામણ અને ખરીદકિંમત સિવાય બીજી મજૂરી ચૂકવવી પડતી નથી.

આ બાબતનો હવે રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચાર કરવાનો રહ્યો. ધારો કે એક ૬૦૦ સશક્ત માણસોનું ગામડું છે, તેઓ એક હજાર વીઘાં જમીન ખેડે છે, અને બધાં મળી ખોરાક, વસ્ત્ર, ઘરબાર વગેરેની બાબતમાં સ્વાવલંબી જીવન ગાળે છે. પણ, હવે, ત્યાં એક ઑઇલિપંપ આવે છે, એક યાંત્રિક ઘંટી આવે છે, એક ચોખાની મિલ થાય છે; અને એક નાનકડી પણ ભૌતિકશાસ્ત્રથી ચાલતી કાપડની મિલ ઊભી થાય છે. એ બધામાં મળી દરરોજ ૫૦૦ અશ્વબળ શક્તિ વપરાય છે. આનો અર્થ એ થયો કે એ ગામમાં ૩૦૦૦ સશક્ત માણસોની સંખ્યા વધી. જો ૬૦૦ માણસો આ નવા આવેલા માણસોનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે અને બધા જ મુકાદમ થઈ બેસે તો તો આમાં — નિદાન આર્થિક દૃષ્ટિએ — કશું ખોવાતું નથી. પણ જો આનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામ એવું આવે કે એ નવા ૩૦૦૦ મજૂરો પર સો માણસો જ મુકાદમી કરવા પૂરતા થાય અને બાકીના ૫૦૦ માણસ કામ વિનાના થઈ પડે, તો ગામમાં આવી મોટી વસ્તી વધારીને શો લાભ કાઢ્યો, એ પ્રશ્ન જરૂર પૂછી શકાય.

યંત્રવાદનો પ્રશ્ન આ જાતનો છે. ચાર કરોડની ઇંગ્લંડની વસ્તી. તેમાંથી ૪૦ ટકા મજૂરી કરી શકે એવાં, એમ માનીએ તો લગભગ ૧૬૦ લાખ માણસો થાય. તેમાં તેમણે કરોડો અશ્વબળ આપનારાં કારખાનાં દાખલ કર્યાં. આનો અર્થ એ થયો કે તેમણે અબજો મજૂરોની વસ્તી વધારી. એ વસ્તી એવી રાક્ષસી, નિર્જીવ અને થોડી જગ્યા રોકનારી કે તેમના પર મુકાદમી કરવાને ૧૬૦ લાખનો થોડોક જ ભાગ રોકાય, અને છતાં કામ એટલું કરી શકે કે ચીન, હિંદુસ્તાન અને બરમા જેવા દેશોને માટેયે બધો માલ તૈયાર કરી શકે.

પણ ઇંગ્લંડને એવું કરતાં આવડે તો બીજા દેશોને શું કામ ન આવડે? એટલે એકેએક દેશે આમ પોતાની વસ્તીને અબજો ગણી કરી. આ ઉદકપ્રવાહ, વાતપ્રવાહ, બાષ્પસેન, વિદ્યુત્સેન જેવા કરોડો રાક્ષસો ઊભા થયા પછી પેલા બિચારા મનુષ્યયંત્રો એટલે મજૂરોનું કામ કેટલું રહે? તે રાક્ષસોની ખરીદકિંમત તો ઘણી, પણ પછી તે સસ્તા. તેથી જેમણે એમને નોકરીમાં રાખવા માંડ્યા તેમને ઘણા માનવમજૂરોની જરૂર ન રહી, અને તેઓ બધા પૃથ્વી પર ભાર-રૂપ લાગવા માંડ્યા. 'ચોરને પકડજો' 'ચોરને પકડજો' એવી બૂમો મારતો કોઈક વાર ચોર પોતે જ દોડે છે તેમ, 'માનવસંખ્યા વધી જાય છે, વધી જાય છે,' એવી બૂમો તેમણે પાડવા માંડી, અને રાક્ષસ-સંખ્યા ઓછી કરવાને બદલે મનુષ્યસંખ્યા ઓછી કરવાના વિચારો ફેલાવવા લાગ્યા. બીજા ઉપાયોથી મનુષ્યસંખ્યા ઓછી ન થાય તો છેવટે લડાઈથીયે મનુષ્યવસ્તી ઘટાડવામાં હરકત નહિ એમ પણ માનવાવાળા વિદ્વાનો છે. પણ પેલા રાક્ષસો ઓછા કરવાનો વિચાર તેમને ગમતો નથી. હજુ તેમાં તો ઉમેરો જ કરવો છે.

આમ લખવામાં હું વિજ્ઞાન પ્રત્યે વિરોધ પ્રગટ કરતો નથી. વૈજ્ઞાનિક બુદ્ધિ, શોધખોળ અને વિકાસને રોકવાનુંયે કહેતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. 'રાક્ષસ' શબ્દ યોજવામાં યંત્રોનું અપમાન કરવાનીયે વૃત્તિ નથી. રાક્ષસ એટલે હાથી કરતાંયે ઘણું વધારે જબરું પશુ એમ સમજો. તો જેમ હાથીનો ઉપયોગ કરીએ તેમ આનો ઉપયોગ કરી શકાય. એટલે કે જે કામો કર્યા વિના છૂટકો જ ન હોય, છતાં તે એવાં મોટાં હોય કે સેંકડો માણસો કે હાથીઓને ભેગાં કરીએ તોયે તેમનાથી તે કરી ન શકાય, ત્યાં એનો ઉપયોગ કરવો ઠીક ગણાય.

એટલે, એ રાક્ષસોની વસ્તી કેટલી, ક્યાં અને કેવી રીતે વધારવી અને તેમની પાસેથી કેવાં કામ લેવાં, અને માણસોની વસ્તી તથા એવા યાંત્રિક મજૂરોની વસ્તી વચ્ચે પસંદગી કોની કરવી, એ જ યંત્રવાદમાં મહત્ત્વનો મુદ્દો છે. અને ટૂંકામાં, એ વિષે એટલી જ માગણી છે કે, મનુષ્યવસ્તીને ભોગે કે તેના વિનાશાર્થે, કે તેનું બૌદ્ધિક, નૈતિક, શારીરિક ઇ. નુકસાન કરી એ રાક્ષસોનો ઉપયોગ થવો ન જોઈએ. એવું નહિ થાય એવી કાળજીપૂર્વક ખાતરી કરી લઈને એનો ઘટતો ઉપયોગ કરવાને હરકત નથી.

૪

ઉપર કહ્યું કે કામ કરવાનું સાધન તે ઓજાર અને તેને ગતિ આપનાર શક્તિ તે યંત્ર. પણ જેમ ઘોડાગાડીનાં ઘોડો અને ગાડીને છૂટાં પાડી શકાય છે, તેમ બધાં સાધનોમાં થઈ શકતું નથી. એમાં ઓજાર અને ગતિ આપનાર જોડાયેલાં જ રહે છે. માનવયંત્ર એવા પ્રકારનું છે.

આપણા શરીરમાં હાથ કામ કરવાનું સાધન છે, અને પગ ગતિ આપનાર સાધન છે. પણ માણસના હાથ અને પગ તો નાના નાના અને નાજુક છે. એ એટલા જ રહે તો બહુ ઓછું કામ કરી શકે અને બહુ ઓછી ગતિ આપી શકે. આથી માણસે પોતાના હાથ અને પગને સાધનો દ્વારા વધારે લાંબા કરવાની યુક્તિઓ શોધી. લાકડીની મદદથી ઘણી ભારે ચીજને ઉથલાવી શકે, હથોડીની મદદથી બહુ કઠણ ચીજને તોડી શકે, પૈડાંની મદદથી બહુ મોટી ચીજ ખેંચી શકે. આમ હાથાવાળાં અને પૈડાંવાળાં અનેક પ્રકારનાં સાધનોથી માણસ કામ કરવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, સામાન્ય રીતે, આપણા દેશમાં પગને ગતિ આપનાર શક્તિ તરીકે વાપરી હાથને કામ કરનાર શક્તિ તરીકે વાપરવાનો પ્રયોગ ઘણો થયો નહોતો. ઘણાંખરાં ઓજારોને વાપરવાની રીત એવી હતી કે એક હાથે ઓજારથી કામ કરવું અને બીજે હાથે ઓજારને ગતિ આપવી, અથવા એક માણસ ગતિ આપે અને બીજો માણસ કામ કરે.

બીજા દેશોમાં પગનો પણ ઉપયોગ કરવાની રીત બહુ વહેલી શોધાઈ. ગતિ આપવા માટે પગ, અને કામ કરવા માટે હાથ,, એમ બન્નેનો ઉપયોગ કર્યો. આથી બન્ને હાથે કામ કરવાની અને હાથ કરતાં પગ ગતિ આપવા માટે વધારે અનુકૂળ અવયવ હોવાથી ગતિ વધારવાની સગવડ થઈ. સીવવાના હાથે ચલાવવાના સંચા અને પગે ચલાવવાના સંચા વચ્ચેનો ભેદ આપણે બધા જાણીએ છીએ. હવે તો સેંકડો સાધનોથી ગતિ આપવાને માટે પગનો અને કામ કરવાને હાથનો ઉપયોગ કરવાની યુક્તિઓ દાખલ કરવામાં આવી છે.

પણ એ બધામાં છેવટનું એંજિન — ગતિ આપનાર શક્તિ — તો માણસ જ છે.

આ ઉપરથી હું એવો નિયમ સૂચવું છું: માણસ પોતાના બે પગ અને બે હાથની મદદથી જે સાધનને વાપરી શકે તે સાધન વાપરતાં એને કોઈ રોકી ન શકે. પણ એ સાધનને ચલાવવા જ્યારે કોઈ બહારની શક્તિનો — પછી તે બીજો માણસ હોય, પશુ હોય કે ભૌતિક તત્ત્વ હોય — ઉપયોગ કરે, ત્યારે સામાજિક હિતનો વિચાર કરવાની જરૂર ઊભી થાય, અને તેથી તેમ કરવાનો કોઈને નિરંકુશ અધિકાર ન હોઈ શકે. બીજા માણસની મદદ લે તો ભાગીદારીનો ધર્મ ઊભો થાય, જાનવરની લે તો જીવદયાનો થાય, ભૌતિક શક્તિનો લે તો રાષ્ટ્રધર્મ તથા માનવધર્મનો થાય.

સાધનોની સુધારણાના કેટલાક પ્રશ્નોના જવાબ આમાંથી મળી જાય. મારે કૂવામાંથી પાણી ખેંચવું છે. દોરીથી સીધુંયે ખેંચી શકાય, ગરેડીની મદદથીયે ખેંચી શકાય. ગરેડી વાપરવામાં સગવડ રહેલી છે. એટલું જ કામ કરતાં ઓછો થાક લાગે, અને તેથી બે ઘડા વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેંચી શકું. માટે ગરેડી વાપરતાં મને કોઈ રોકી ન શકે. ઘટમાળ બનાવી હું એકલે હાથે પચીસ ઘડા ખેંચવાની યુક્તિ કરું, તોયે મારા બે હાથ અને બે પગનો જ ઉપયોગ કરતો હોવાથી, તેમ કરવાનીયે મને છૂટ હોય. હાથપંપ પણ વાપરવાને હરકત ન હોય. પણ જો હું બળદ જોડી કોસ ચલાવું કે એંજિન મૂકું, તો તે જીવદયા તથા લોકહિતને અનુકૂળ છે એમ મારે સિદ્ધ કરી આપવું જોઈએ.

એ જ રીતે બે પાનાંની સાદી કાતરથીયે હજામ વાળ કાપી શકે, અને વાળ કાપવાના સંચાથીયે કાપી શકે. બુદ્ધિ વાપરીને એકી વખતે વીસ કાતર વાપરવાની યુક્તિ એણે સંચામાં યોજી છે. કાતર ચલાવનાર તો એ એકલો જ છે. માટે એવો સંચો વાપરતાં એને અટકાવી શકાય નહિ. પણ જો તે વીજળીથી ચાલતી કાતરથી વાળ કાપવા માંડે તો તેમ કરવા દેવું કે નહિ તેનો નિર્ણય કરવાનો અધિકાર રાષ્ટ્રનો છે.

આમ દરેક યાંત્રિક સુધારણા વિષે વિચારી શકાય.

ભૌતિક શક્તિઓનો ઉપયોગ કરવો જ જોઈએ, એવી કોઈ ફરજ મનુષ્ય પર નથી. પણ અસ્તિત્વમાં આવેલા દરેક જીવનું હિત કરવું એવો માનવધર્મ છે ખરો. આથી એક મનુષ્યના કે એક પશુનાયે હિતાર્થે ભૌતિક શક્તિથી ચાલતાં દશ યંત્રને જતાં કરવાં પડે તો તેમાં અધર્મ નથી, બલ્કે તેમ કરવાનો ધર્મ જ છે.

જ્યારે એમ સિદ્ધ થાય કે અમુક કામને માટે માનવ કે પશુ-શક્તિ પૂરી પડી શકે એમ નથી, અથવા તેમ કરવા જતાં મનુષ્ય કે પશુશક્તિનો તેમાં અપવ્યય જ થાય એમ છે, તો ત્યાં ભૌતિક શક્તિનો બેશક ઉપયોગ કરીએ.

જો આટલું સ્વીકારવામાં આવે તો યંત્રોદ્યોગ અને હસ્તોદ્યોગ વચ્ચે મેળ શોધી શકાય, અને યંત્રો વાદનો વિષય ન રહે.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

બીજી આવૃત્તિનું નિવેદન ૨
પહેલી આવૃત્તિનું નિવેદન ૩
પ્રકાશકનું નિવેદન ૪
પ્રસ્તાવના ૫

ખંડ ૧લો

૧. યંત્રનાં પરાક્રમો ૩
૨. યંત્ર કોને કહેવું? ૭
૩. યંત્રના આરંભની કહાણી . . . ૧૧
૪. યંત્રે ઊભી કરેલી પરિસ્થિતિ . . . ૧૭
૫. બેકારી ૨૧
૬. કામદારોનાં શરીર અને મન ઉપર થતી અસર . . ૨૪
૭. કળાકૌશલ્ય ઉપર અસર . . . ૩૩
૮. મજૂરીનો બચાવ કે બગાડ . . . ૪૧
૯. કુદરતી સંપત્તિનો બગાડ . . . ૪૮
૧૦. માલમાં બગાડો તથા દગો . . . ૫૩
૧૧. શહેરી જીવન . . . ૫૬
૧૨. નાણાંની ઉપાસના . . . ૬૭
૧૩. નિવાર્ય અને અનિવાર્ય અનિષ્ટો . . . ૬૯
૧૪. ઉપસંહાર . . . ૭૩

ખંડ ૨જો

આપણા દેશમાં યંત્રનું સ્થાન . . . ૮૧

ખંડ ૩જો

યંત્રો વિષે ગાંધીજી

૧. સંચાકામ ૧૦૧
૨. સ્વરાજ્યની ચાવી . . . ૧૦૫
૩. આર્થિક દૃષ્ટિએ ગોરક્ષા . . . ૧૦૬
૪. યંત્રમાત્રની વિરુદ્ધ? . . . ૧૦૭
૫. બેલગામ મહાસભાના પ્રમુખ તરીકેના ભાષણમાંથી . ૧૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. અમેરિકન મિત્રનો પ્રશ્ન . . . ૧૧૦
૭. યંત્રોનું સ્થાન ૧૧૧
૮. 'શું તમે બધાં યંત્રોની વિરુદ્ધ છો?' . . ૧૧૨
૯. બળદ વિ૦ મોટર ૧૧૨
૧૦. બિરાદર સકલાતવાળાની અપીલના જવાબમાં . ૧૧૩
૧૧. બેકારીનો ઉપાય ૧૧૪
૧૨. એક અમેરિકન સાથે વાતચીત . . ૧૧૬
૧૩. ગામડાંના ઉદ્યોગ . . ૧૧૭
૧૪. યંત્ર અને હિંસા . . . ૧૧૯
૧૫ બે સંસ્કૃતિ ૧૨૦
૧૬. યંત્રોની વકીલાત . . . ૧૨૧
૧૭. ચરખા સંઘ અને ગ્રામઉદ્યોગ સંઘ . . . ૧૨૨
૧૮. જબરદસ્ત ધોધની સામે . . . ૧૨૩
૧૯ રોજના બે જ કલાક કામ . . ૧૨૪
૨૦. યંત્રની સંહારક શક્તિ . . . ૧૨૬
૨૧. સ્વાવલંબી ગામડાં ૧૨૭
૨૨ પશ્ચિમના આદર્શો . . . ૧૨૮
૨૩. જરૂરિયાતોની મર્યાદા . . . ૧૨૯
૨૪. રેંટિયા વિ૦ મિલો . . . ૧૩૧
૨૫ સંસ્કૃતિ અને હાથકળા . ૧૩૧
૨૬. રાષ્ટ્રીય સંયોજન અને યંત્રઉદ્યોગો . . ૧૩૨
૨૭. ચાલુ શક્તિનો એક સદુપયોગ . . . ૧૩૫
૨૮. વૈજ્ઞાનિક માનસ અને ખાદીકામ . . ૧૩૬
૨૯. માનવી સંસ્કૃતિની આગેકૂચ . . ૧૩૭
૩૦. દુકાળો અને રેલવે . . . ૧૩૮
૩૧. ખાદી વિ૦ મિલો ૧૪૦
૩૨. અપ્રમાણિત ખાદી અને મિલકાપડ . . ૧૪૨
૩૩. રેંટિયો અને અણુબોમ્બ . . . ૧૪૩

પરિશિષ્ટ

યાંત્રિક સાધનો લે૦ શ્રી. કિશોરલાલ મશરૂવાળા ૧૪૮
યંત્રવાદને પરિણામે લે. શ્રી. ચંદ્રશંકર શુક્લ ૧૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્રની મર્યાદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

યંત્રનાં પરાક્રમો

આ જમાનો યંત્રનો ગણાય છે. સને ૧૭૬૯માં જેમ્સ વૉટ નામના અંગ્રેજે પોતે શોધેલા વરાળથી ચાલતા એંજિનનો પેટન્ટ લીધો અને ૧૭૭૫માં પોતાનું એંજિન બરાબર ચાલુ કરી સમાજની આગળ મૂક્યું. સને ૧૭૮૫માં કાંતવા તથા વણવાના સંચાઓ વૉટના એંજિનથી ચાલવા લાગ્યા અને કાંતવાવણવાની મિલો ઊભી થવા માંડી. સને ૧૮૦૫માં ફૉર્થ અને ક્લાઇડ નદીની નહેરોમાં પહેલી સ્ટીમબોટ ચાલી. સને ૧૮૨૯માં પહેલું રેલવે એંજિન ચાલુ થયું, અને સને ૧૮૩૭માં પહેલી સ્ટીમરે આટ્લાંટિક મહાસાગર ઓળંગ્યો. આમ આ અર્ધી સદીના ગાળામાં યંત્રયુગનાં પગરણ મંડાયાં. ત્યાર પછીના આ એક સૈકામાં યંત્રોમાં અનેક સુધારા થયા છે, અને તેણે બહુ મોટાં પરાક્રમો કર્યાં છે. પહેલાં જે કામ કરતાં સો માણસની મહેનતની જરૂર પડતી તે કામ આજે યંત્રની મદદથી દસ અથવા એથીયે ઓછા માણસ કરી શકે છે. પહેલાં સો માઇલનું અંતર કાપતાં સાધારણ રીતે પાંચ દિવસો લાગતા, એટલું જ અંતર આજે ત્રણચાર કલાકમાં સહેજે કાપી શકાય છે. અતિશય ઝડપથી દોડનાર માણસ બહુ બહુ તો કલાકના દસ કે બાર માઇલની ઝડપે દોડી શકે અને તે પણ થોડો જ વખત; ત્યારે આજે તો મોટર કલાકના બસો માઇલ સુધીની ઝડપે દોડે છે અને હવામાં વિમાન અઢીસો કે ત્રણસો માઇલની ઝડપે ઊડે છે. માણસ જેટલી ઝડપથી તરી શકે તે કરતાં સ્ટીમબોટ તેને ઓછામાં ઓછી ત્રીસ ગણી ઝડપે પાણીમાં લઈ જાય છે. પહેલાં એક સ્થળેથી બીજે સ્થળે મુદ્દામ માણસ મોકલીને જ સંદેશા પહોંચાડી શકાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બહુ દૂરના ભાગમાં સમાચાર પહોંચાડતાં દિવસો અને મહિના વહી જતા, તેને બદલે આજે તો જરૂરી અને બિનજરૂરી એવા સમાચાર થોડાક કલાકમાં આખી દુનિયામાં ફરી વળે છે. માણસની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો યંત્રોની મદદથી પહેલાં કરતાં આજે ઘણું વધારે કામ આપી શકે છે. નરી આંખે જોઈ શકાય તે કરતાં સૂક્ષ્મદર્શકથી અને દૂરદર્શકથી માણસ કાંઈ નહિ તો દસ લાખ ગણું વધારે જોઈ શકે છે. ધ્વનિવર્ધક તેમ જ ધ્વનિવાહક (માઇક્રોફોન) મારફત માણસ પોતાનો અવાજ હજારો માઈલ દૂર પહોંચાડી શકે છે, અને કોઈ ઉસ્તાદના ગાનના સૂર એટલે જ દૂરથી તેના કાન ઝીલી શકે છે. બીજા કોઈ સાધન વિના માણસ બહુ બહુ તો પોતાની આંગળીના નખ જેટલી જાડાઈ માપી શકે, પણ 'ઇલેક્ટ્રોન ટ્યૂબ માઇક્રોમિટર'થી એક ઇંચના કરોડમા ભાગ જેટલી જાડાઈ પણ માપી શકાય છે. માણસ હાથ વડે મિનિટના બહુ બહુ તો પચીસ શબ્દો લખી શકે પણ 'રોટરી પ્રેસ'ની મદદથી એ બે લાખ શબ્દો છાપી શકે છે. પોતાની પીઠ ઉપર બહુ બહુ તો પાંચ મણ બોજો માણસ ઊંચકી શકે અને તેટલો બોજો લઈને માંડ થોડાં ડગલાં તે ચાલી શકે, પરંતુ ફેરવી શકાય એવા યાંત્રિક ઊંટડાની મદદથી ચારસો ચારસો ટન જેટલું વજન સહેલાઈથી ઊંચકી શકાય છે, અને યંત્રની જેવી ગોઠવણ હોય તે પ્રમાણે તેટલે દૂર તે લઈ જઈ શકાય છે. માણસ પોતાની મુક્કીથી એકાદ બીજા માણસને ઉથલાવી પાડી શકે, પરંતુ લોખંડના યાંત્રિક હથોડાથી ત્રણ ફૂટ જાડું લોઢું જાણે તે મુલાયમ માટી હોય તેમ છૂંદી નાખી શકાય છે. વજનદાર પથ્થરને ઊંચકીને માણસ સોબસો ફૂટ દૂર ફેંકી શકે, પણ યાંત્રિક તોપનું કેવળ બટન જ દાબવાથી લગભગ એક ટન વજનનો લોઢાનો ગોળો સાઠ સાઠ માઈલ સુધી ફેંકી શકાય છે. યાંત્રિક રચનાવાળું, હવા ભરેલું બખ્તર પહેરી માણસ સમુદ્રને તળિયે ડૂબકી મારી ત્યાં ખુશીથી શ્વાસોચ્છ્વાસ લઈ શકે છે. વળી એવાં બખ્તર પણ આવે છે જેમાં હવા લેવાની વ્યવસ્થા હોવા ઉપરાંત જેના ઉપર ગરમીની બિલકુલ અસર થતી નથી; એવાં બખ્તર પહેરીને માણસ જ્વાળામુખીમાં ઊતરી ત્યાં પણ શ્વાસ લઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે માણસે પોતાની જોવાની, સાંભળવાની, દોડવાની, તરવાની, ડૂબકી મારવાની, બોજો ઊંચકીને ફેરવવાની, વજન ફેંકવાની એમ અનેક શક્તિઓ કોઈ પ્રાણીએ સ્વપ્ને પણ ખ્યાલ નહિ કર્યો હોય તેટલી વધારી મૂકી છે.

અને માણસનાં સુખસગવડની તથા મોજશોખની તરેહ તરેહની વસ્તુઓ મોટા જથ્થામાં બને છે અને દુનિયાને એક છેડેથી બીજે છેડે સહેલાઈથી પહોંચાડી શકાય છે તે પણ યંત્રના જ પ્રતાપ છે. પતરાંની, કાચની, ચિનાઈ માટીની, રબરની, સેલ્યુલોઇડની, કચકડાની, હાડકાંની, એમ જાતજાતની વસ્તુઓથી શહેરનાં બજારો ખડકાયેલાં દેખાય છે અને એ વસ્તુઓ ગામડે ગામડે પણ પહોંચી ગઈ છે. કેટલીયે વસ્તુઓ જે પહેલાં મોટા મોટા બાદશાહને પણ દુર્લભ અથવા અલભ્ય હતી તે આજે સાધારણ માણસો માટે રોજના વપરાશની થઈ ગઈ છે.

પહેલાં જ્યારે કોઈ પ્રદેશમાં દુકાળ પડતો ત્યારે હજારો અને લાખો માણસો ભૂખે મરી જતાં. આજે દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં તો શું પણ દુનિયાને બીજે છેડે આવેલા દેશમાંથી પણ દુકાળવાળા પ્રદેશમાં અનાજ પહોંચાડી શકાય છે.

અને ઝડપથી તથા સગવડ અને આરામથી પ્રવાસ કરવાનાં સાધનો કેટલાં વધ્યાં છે! માણસ પાસે પૈસા હોય તો આખી દુનિયાનો પ્રવાસ થોડા દિવસમાં એ કરી શકે છે અને પ્રવાસથી મળતાં જ્ઞાન, અનુભવ અને આનંદનો તે લાભ લઈ શકે છે.

અને લડાઈનાં સાધનોમાં કેટલો બધો વધારો થયો છે! પહેલાં તો લશ્કરોને સામસામા ગોઠવાઈને અથવા મોરચા બાંધીને લડવું પડતું. પણ આજે દસ દસ માઈલ દૂર રહીને પણ લડી શકાય છે. આજની જબરી તોપો આગળ ગમે તેવો કિલ્લો સુરક્ષિત નથી, અને વિમાનોની શોધ પછી તો ગમે તેવો દુર્ગમ પહાડી પ્રદેશ પણ સલામત નથી.

પરંતુ આટઆટલી સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા છતાં મનુષ્યજાતિના સુખની માત્રામાં તેથી વધારો થયો છે કે કેમ એ વિષે વિચારકો શંકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાવે છે. માણસજાતના ઉપયોગની આટઆટલી વસ્તુઓના ઉત્પાદન છતાં દુનિયામાં કંગાળ લોકોની સંખ્યા તો જાણે વધતી હોય એમ દેખાય છે. ભારે શ્રીમંત તથા મોટા ઉદ્યોગપ્રધાન દેશોમાં પણ ભયંકર એકારીએ કાયમનું ઘર કરી દીધું જણાય છે. યંત્રકૌશલ્યમાં પછાત તથા ગરીબ દેશોના લોકોની હાડમારીની તો વાત જ શી કરીએ? કુદરતની સાધનસંપત્તિ અને શક્તિઓને આટઆટલી ઉપયોગમાં આણ્યા છતાં દુનિયામાં હજારો અથવા લાખો લોકો રોજ ભૂખે મરતાં અથવા પહેરવાઓઢવાનાં કે આશ્રયનાં સાધન વિનાનાં રખડતાં થયાં છે. યંત્રોનો લાભ લેવા જતાં માણસની નૈસર્ગિક શક્તિઓનો પણ હ્રાસ થયો છે અને થતો જાય છે. આમ પોતાની સુખશાન્તિનો માણસને અત્યાર સુધી જે ભોગ આપવો પડ્યો છે અને હજી માણસ પાસે જે ભોગો યંત્રો માગી રહ્યાં છે તે જોતાં, યંત્રોનો ઉપયોગ વધાર્યે જવો અને આપણા જીવનમાં યંત્રો સાર્વત્રિક કરી નાખવાં એમાં જનસમાજની પ્રગતિ અને કલ્યાણ છે, કે પછી યંત્રોની કાંઈ મર્યાદા આંકવાની જરૂર છે એ પ્રશ્ન વિચારવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

યંત્ર કોને કહેવું?

યંત્રોના લાભાલાભનો વિવેક કરી તેની મર્યાદા નક્કી કરવાનો પ્રયત્ન શરૂ કરતાં પહેલાં યંત્ર કોને કહેવું એ વિચારી લેવાની જરૂર છે. બીજાં પ્રાણીઓ કરતાં માણસની એક મુખ્ય વિશિષ્ટતા એ છે કે પોતાની કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો ઉપરાંત બીજાં સાધનોનો ઉપયોગ તે પોતાના વ્યવહાર માટે કરી શકે છે. બીજાં પ્રાણીઓ પોતાના નખ, દાંત, ચાંચ, શીંગડાં, પૂંછડી વગેરેથી જે ક્રિયાઓ કરે છે તે ક્રિયાઓ કરવા માટે માણસે અનેક સાધનો યોજ્યાં છે. કોદાળી, પાવડો, છરી, કરવત, વાંસલો, હથોડો, તકલી, રેંટિયો, સાળ વગેરે સાધનોને જો આપણે યંત્રો કહીએ તો એવાં યંત્રો તો માણસ હજારો વર્ષોથી વાપરતો આવ્યો છે. આપણે તો જે યંત્રોનો વિચાર કરવો છે તે છેલ્લાં દોઢસો વરસથી સમસ્ત જગતમાં જેણે મોટી ક્રાન્તિ કરી છે તે યંત્રોનો. હજારો વર્ષોથી ઓજારો વાપરવા છતાં માણસની રહેણીકરણીમાં છેલ્લાં દોઢસો વરસમાં જેટલા ફેરફારો થયા છે તેટલા તે પહેલાંનાં દોઢ હજાર વર્ષમાં પણ નથી થયા. એટલે પેલાં સાધનો જેને ઓજારો અથવા હથિયારો કહેવામાં આવે છે તે અને યંત્રો વચ્ચેનો ભેદ સમજી લેવો જોઈએ.

મિ. સ્ટુઅર્ટ ચેઝ પોતાના 'મનુષ્યો અને યંત્રો' ('મેન ઍન્ડ મશીન્સ' પા. ૨૪) નામના પુસ્તકમાં યંત્રની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે:

"Any non-living contrivance to extend or modify the power of the body, or to refine the perception of the senses. Its commonest function is to transform random energy into disciplined energy."

"શરીરની શક્તિને વિસ્તૃત અથવા તો મર્યાદિત કરનારી અથવા તો ઇન્દ્રિયોની ગ્રહણશક્તિને વધારે સૂક્ષ્મ કરનારી કોઈ પણ નિર્જીવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચના, એ યંત્ર. છૂટીછવાઈ રહેલી શક્તિને સંગઠિત શક્તિમાં ફેરવી નાખવી એ એનું મુખ્ય કામ."

આ વ્યાખ્યામાં બધી જાતનાં ઓજારો તથા બહુ જ ચોક્કસ માપ અને નોંધ લેવાની બધી યંત્રરચનાઓનો સમાવેશ થાય છે.

પરંતુ આ વ્યાખ્યાથી પહેલાંના યુગ કરતાં અત્યારનો આ યંત્રયુગ, જેમાં કેટલીયે નવીન અને અપૂર્વ ઘટનાઓ બની રહી છે તે, કેવી રીતે જુદો પડે છે તે સ્પષ્ટ થતું નથી. યંત્રની વ્યાખ્યા ગમે તે આપો, એક વસ્તુ ચોક્કસ છે કે, આપણી હાથસાળ, લુહારની ભઠ્ઠી, કુંભારનો ચાક, સ્થળ તથા જળ ઉપરનાં આપણાં વાહનો — એ બધાં આપણાં ઓજારો તથા સાધનોને જળની, વરાળની કે વીજળીની, એવી કોઈ ભૌતિક શક્તિથી આપણે ચલાવવા લાગ્યા ત્યારથી નવો યુગ શરૂ થયો છે.

હેનરી ફૉર્ડ કહે છે કે :

" કુદરતનાં બળોમાંથી મળતી શક્તિને ઉપયોગમાં લેવાની આવડત એ આ નવી આધિભૌતિક સંસ્કૃતિનો પાયો છે. યંત્ર તો આ શક્તિનો ઉપયોગ કરવાનું માત્ર એક સાધન છે. આપણામાંના ઘણા મોટરને શક્તિનો ઉપયોગ કરનારું એક સાધન ન ગણતાં સ્વતંત્ર શકિત જ ગણવાની ભૂલ જેમ કરે છે, તેમ જ બીજાં યંત્રો વિષે પણ બને છે. યંત્રો તો કુદરતની શકિતને ઉપયોગમાં લેવાનાં કેવળ સાધનો જ છે. આપણે આ યુગને યંત્રયુગ કહીએ છીએ, પણ ખરી રીતે તો જે યુગમાં આપણે પ્રવેશ કરીએ છીએ તેને ભૌતિક શક્તિનો યુગ કહેવો જોઈએ." ('મેન ઍન્ડ મશીન્સ' પા. ૨૫.)

'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' (૧૧મી આવૃત્તિ પુ. ૧૭ પા. ૨૩૭)માં યંત્રનો અર્થ નીચે પ્રમાણે આપ્યો છે :

"Any device or apparatus for the application of force to a specific purpose."

"કોઈ ખાસ કામ કરવા માટે બળનો ઉપયોગ કરવા અથવા તેનું રૂપાન્તર કરવા યોજવામાં આવેલી યુક્તિ અથવા રચના."

ફૉર્ડના કહેવા પ્રમાણે તો એમ થાય કે, આપણાં જે ઓજારોને કુદરતમાંથી મેળવેલી કોઈ પણ શક્તિ — જેવી કે વાયુની, જળની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરાળની કે વીજળીની — લગાડવામાં આવે તે યંત્ર થાય. ઉદાહરણાર્થ, પુરાણી ઢબે ફેરવવામાં આવતો સંઘાડો તે ઓજાર, પણ ઉપર જણાવેલી કોઈ શક્તિથી ચાલતો લેથ તે યંત્ર. પણ આ વ્યાખ્યા પ્રમાણે, જે વસ્તુ માણસની કે પશુની શક્તિથી ચાલે તેને ઓજાર કહીએ તો બાઈસિકલ, ટાઈપરાઈટર, સીવવાના સંચા, પગે ચાલતા લેથ, ઘડિયાળ, હાથના પંપ એ બધાં યંત્ર નહિ કહેવાય. પણ એમને ઓજાર કહેવા કોણ તૈયાર છે ? દળવાની ઘંટીને અથવા પાણી ખેંચવાના પંપને નાનું ઑઇલ એંજિન લગાડવાને બદલે બળદથી ચલાવીએ તો તે કાંઈ યંત્ર મટી જઈને ઓજાર બની જાય ? વળી સૂક્ષ્મદર્શકને, દૂરબીનને, ફાઉન્ટન પેનને, સેફ્ટી રેઝરને, વાળ કાપવાના અથવા પેનસિલ છોલવાના સંચાને, પિયાનોને, હાર્મોનિયમને, ગ્રામોફોનને યંત્રો કહીશું કે ઓજાર ?

ત્યારે આપણે બીજી એક કસોટી લગાડીને યંત્રો અને ઓજારો વચ્ચેના ભેદનો વિવેક કરવાનો પ્રયત્ન કરીએ. યંત્રની મદદથી કોઈ પણ વસ્તુ તૈયાર કરવામાં માણસને યંત્રની રચના સમજી લઈ તે યંત્રને ચાલુ કરતાં આવડવા ઉપરાંત વિશેષ આવડતની જરૂર નથી પડતી, જ્યારે ઓજાર વડે કામ કરતાં અમુક પ્રકારના વિશેષ હસ્તકૌશલ્યની અપેક્ષા રહે જ છે. યાંત્રિક પીંજણ ઉપર પીંજવાનું હોય તો માણસને યંત્રને ચાલુ કરી અમુક જગ્યાએથી રૂ ઓરવા ઉપરાંત વિશેષ કશું કરવાપણું નથી હોતું. એ પીંજણ ભૌતિક શક્તિથી ચાલે કે હાથે ચાલે એ પ્રશ્ન ગૌણ છે. એવી પીંજણ યંત્ર જ કહેવાશે. તે ચાલુ કરીને એક છેડેથી રૂ ઓરવા માંડશો એટલે બીજે છેડેથી પીંજાયેલો પોલ અથવા તેમાં વિશેષ વ્યવસ્થા હશે તો તૈયાર પૂણી પણ નીકળશે. પરંતુ હાથપીંજણ ઉપર પીંજતાં તો એ પીંજણને કેમ પકડવી, ગોટીલો ક્યાં અને ક્યારે ક્યારે મારવો, ગોટીલો મારતી વખતે પીંજણને હાથમાં કેવી રીતે સમતોલ રાખવી એ બધું પીંજનારને શીખવું પડશે, અને તેની હથોટી બેસી જશે ત્યારે જ તે સારું પીંજી શકશે. હાથ-રેંટિયા ઉપર કાંતતાં પૂણી પકડવાની તથા તાર ખેંચવાની આંગળાંની ચાલાકી ઉપર સૂતરનો આધાર રહેશે; જ્યારે યાંત્રિક રેંટિયાને તો અમુક જગ્યાએ પૂણી લગાડી એટલે યંત્રની ગોઠવણ પ્રમાણે અમુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંકનું સૂતર કંતાશે. આમ ઓજાર ઉપર કામ કરતાં માણસે વિશેષ કૌશલ્ય કેળવવું પડે છે અને તેથી ઓજાર ઉપર માણસને કાબૂ પણ વિશેષ રહે છે. એકની એક જ પીંજણ વડે માણસ બહુ ઝીણું પણ પીંજી શકે અને જાડું જાડું પણ પીંજી શકે. એકના એક જ રેંટિયા ઉપર એ ને એ જ ત્રાક રાખીને દસ આંકનું સૂતર પણ કાઢી શકે અને ચાળીસ કે પચાસ આંકનું પણ કાઢી શકે. પણ યંત્ર ઉપર બનાવવામાં આવતા માલમાં વિવિધતા આણવી હોય તો માણસ યથેચ્છ તેમ કરી શકતો નથી; યંત્રને આધીન રહીને જ તેને કામ કરવું પડે છે.

પરંતુ આ કસોટીએ આપણે બધે નહિ લાગુ પાડી શકીએ. બાઇસિકલને સૌ યંત્ર ગણે છે, પણ તે વાપરવા માટે વિશેષ કૌશલ્યની અપેક્ષા છે અને ઉતાવળી અથવા ધીમી ચલાવવામાં બેસનાર પોતાનો કાબૂ પણ યથેચ્છ રાખી શકે છે.

એટલે માણસે યોજેલું કોઈ પણ સાધન ઓજારને બદલે યંત્ર ક્યારે કહેવાય તેની શાબ્દિક વ્યાખ્યા બાંધવી અતિશય કઠણ, લગભગ અશક્ય જણાય છે. છતાં આપણે કઈ વસ્તુનો વિચાર કરવો છે એ તો સ્પષ્ટ જ છે. જે ચલાવવા માટે ભૌતિક શક્તિનો ઉપયોગ કરવો પડે છે અને મોટાં કારખાનાં કાઢવાં પડે છે તેનો વિચાર આપણે કરવાનો છે. ત્યાં કામ કરવા માટે માણસને પોતાનું ઘર છોડી જવું પડે છે અને નક્કી કરેલા વખત સુધી રોકાઈ જવું પડે છે. કયો માલ બનાવવો, કેવી રીતે બનાવવો, તેને માટે કાચો માલ ક્યાંથી લાવવો, તૈયાર થયેલો માલ ક્યાં વેચવો વગેરેનો વિચાર ત્યાં કામદારને કરવાનો નથી હોતો. જેના ઉપર કામદારને કામ કરવાનું છે તે બધાં સાધનો ઉપર કામદારની ત્યાં માલકી નથી. આવાં કારખાનાં, રેલવે, સ્ટીમરો, વિમાનો, લડાઈનાં મોટાં શસ્ત્રાસ્ત્રો એનો આપણે વિચાર કરવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

યંત્રના આરંભની કહાણી

સૌથી પહેલાં મોટાં કારખાનાં ઇંગ્લંડમાં નીકળ્યાં. તે પહેલાં કારખાનાં સાવ નહોતાં એમ તો ન કહેવાય. પ્રાચીન કાળમાં ઇજિપ્ત અને મેસોપોટેમિયામાં કારખાનાં હતાં અને યંત્રયુગની આગમચ ઇંગ્લંડમાં પણ કારખાનાં હતાં. જ્યાં માલિક અથવા મૂડીદાર કાચો માલ તથા ઓજારો પોતાના મકાનમાં રાખી તેના વડે તૈયાર માલ બનાવવા મજૂરોને રોકે ત્યાં કારખાનું ઊભું થાય જ છે. યંત્રયુગ પહેલાંનાં કારખાનામાં પણ સખત વૈતરું કરાવવામાં આવતું અને રોજી પણ બહુ ઓછી આપવામાં આવતી. પણ એ કારખાનાંમાં ભૌતિક શક્તિથી ચાલતાં યંત્રો નહોતાં. યંત્રો હતાં ત્યાં પણ નાનાં નાનાં હતાં અને તે માનવ-શક્તિથી જ ચાલતાં, એટલે એ કારખાનાં આજના જેવાં વિરાટ સ્વરૂપી નહોતાં. વળી તેમની સંખ્યા પણ મોટી નહોતી. એ કારખાનાં બહુ થોડાં અને નાનાં હતાં તેથી તેનાં અનિષ્ટોનો વ્યાપ પણ નાનો હતો. પણ ભૌતિક શક્તિથી ચલાવી શકાય તેવાં યંત્રોની શોધ થતાં જ ઇંગ્લંડમાં મોટમોટાં કારખાનાં નીકળ્યાં અને તેણે ભયંકર ક્રાંતિ કરી. એ ક્રાંતિની ચક્કીમાં કામ કરનારો મજૂર ખરેખરો પિસાયો. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ઇંગ્લંડનાં કારખાનાંમાં કામ કરતા મજૂરોની દુર્દશાનું વર્ણન રોમાંચ ખડાં કરે એવું છે.

યંત્રો દ્વારા થતા ઉત્પાદનથી માલ એટલો સસ્તો પડવા લાગ્યો અને તેની માગ એટલી વધી પડી કે શરૂઆતમાં તો મજૂરોને વધારે વધારે રોજી આપીને પણ રોકવામાં આવ્યા. અને રેલવે દાખલ થતાં તો મજૂરોની માગ બેશુમાર વધી પડી. કારખાનાંમાં તથા રેલવેના કામમાં સારી રોજી મળવા લાગી એટલે ખેડૂતોનાં ટોળેટોળાં પોતાની ખેતી અને ગૃહઉદ્યોગો છોડીને કારખાનાંવાળાં શહેરોમાં ઊતરી પડ્યાં. ખેતીનો ધંધો બિલકુલ છોડી દઈને, મિલોમાં બનતો તૈયાર માલ આખી દુનિયાને પૂરો પાડવા માટે આખી દુનિયાનું કારખાનું બનવાનું બીડું ઇંગ્લંડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝડપ્યું. યંત્રોથી બેકારી પેદા થાય એવો યંત્રો સામે જે તાત્ત્વિક વિરોધ હતો તે નવા નવા ધંધા નીકળતાં અને તેમાં નવું નવું કામ મળતાં ઇંગ્લંડ પૂરતો તો જાણે ખોટો જ ઠર્યો. જ્યાં ઇંગ્લંડનો તૈયાર માલ જતો હતો ત્યાંના ખેડૂતોની અને કારીગરોની શી દશા થતી હતી તે જોવાની કોઈને, ખાસ કરીને ઇંગ્લંડને તો, ફુરસદ જ નહોતી. બીજા દેશની દશાનું તો ઠીક, પણ પોતાને ત્યાં યંત્રોએ જે કેર વર્તાવવા માંડ્યો હતો તે તરફ પણ તે જોઈ શક્યું નહીં. વસ્તુઓના ભાવ ઘટ્યા, એજન્ટો અને શેરહોલ્ડરોને મોટા નફા મળવા લાગ્યા, બજારમાં નાણાં વધુ પ્રમાણમાં ફરતાં થયાં, અને માણસે પહેલાં જોઈ કે જાણી પણ ન હોય તેવી તેવી વસ્તુઓ લોકોને વાપરવા મળતી થઈ ગઈ. લૅન્કેશાયર અને મૅન્ચેસ્ટર જે નાનાં ગામડાં જેવાં હતાં તે દસ વર્ષમાં તો મોટાં શહેર બની ગયાં. પરંતુ મૃગજળ જેવી આ ઊજળી ઉષા ઉપર થોડા જ વખતમાં કાળું વાદળું ઊતરી આવ્યું. ગામડાંનાં શહેર તો બન્યાં, પણ એ શહેરની વધતી જતી વસ્તી માટે રહેવાનાં ઘરોની, પાણીની, દીવાબત્તીની કે સ્વચ્છતા સાચવવાની કશી જ સગવડો નહોતી, અને તે માટે કેટલાય વખત સુધી કશા વ્યવસ્થિત પ્રયત્નો પણ ન થયા. કારણ, તે વખતે વ્યક્તિના સંપૂર્ણ સ્વાતંત્ર્યની ફિલસૂફીનું સામ્રાજ્ય ચાલતું હતું. દરેક માણસનો સ્વભાવ જ એવો છે કે તે પોતાનો સ્વાર્થ સાચવી લે, અને સૌ પોતપોતાનો સ્વાર્થ સાચવે તો પરિણામે આખા જનસમુદાયનો સ્વાર્થ આપોઆપ સચવાય; માટે કોઈ પણ વ્યક્તિની પ્રવૃત્તિની આડે ધર્મના, રાજ્યના કે સમાજના કોઈ નિયમે કે બંધને આવવાની જરૂર નથી. એ, એ ફિલસૂફીનો સાર હતો. 'ગૂઢ શક્તિ'થી જગતનો વ્યવહાર એવી રીતે ચાલે છે કે, વ્યક્તિની સ્વતંત્ર પ્રવૃત્તિની બાબતમાં સમાજ બિલકુલ દખલ ન કરે અથવા ઓછામાં ઓછી દખલ કરે તો આખા સમાજનું વધારેમાં વધારે હિત આપમેળે જ સધાય, એવું ઍડમ સ્મિથનું કથન વેદવાક્ય મનાતું.

પરિણામ એ આવ્યું કે મૅન્ચેસ્ટરમાં બે લાખ માણસની વસ્તી થઈ ગઈ છતાં શહેરમાં એક પણ સાર્વજનિક બાગ કે રમવાનું મેદાન નહોતું. દક્ષિણ વેલ્સમાં થોડાક માણસો ધનાઢ્ય થઈ પડ્યા, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરોને તો પીવાનું પાણી લેવા એક માઇલ દૂર જવું પડતું અને હાથમાં ડોલ પકડીને આખી રાતની રાત હારમાં ઊભા રહેવું પડતું. એ સમૃદ્ધ પ્રદેશના મુખ્ય શહેરમાં પણ પાણી માટેની કશી સાર્વજનિક વ્યવસ્થા નહોતી, તેમ નહોતી કશી બત્તીની કે ગટરની વ્યવસ્થા. વેલ્સના લોકોને નદીનું પાણી જેવું મળે તેવું પીવું પડતું અને તેથી એ પ્રદેશમાં મરણપ્રમાણ ત્રણ ગણું વધી ગયું.

જ્યાં પાણીની જ જોગવાઈ ન હોય ત્યાં બાળકોની કેળવણી માટે શાળા અથવા તો લોકોનાં દિલ બહલાવવા માટેના બાગબગીચા કે એવાં બીજાં કશાં સાધનોની તો વાત જ શી? કોઈક ભલા મિલ-માલિક તરફથી રવિવારે એટલે રજાને દિવસે ચાલતી શાળા ક્યાંક રડીખડી જોવામાં આવે, તે સિવાય મજૂરો કે તેમનાં બાળકો માટે ભણવાનાં કશાં જ સાધન નહોતાં. સ્વચ્છ, સુવાસિત અને રમ્ય ગ્રામપ્રદેશોમાં કારખાનાં દાખલ થતાં, તે પ્રદેશો ગંદા અને વરવા બની ગયા. ત્યાં નવી વસ્તી માટે જે નવાં મકાનો બંધાયાં તેમાં ન મળે કોઈ જાતની યોજના, ન મળે કોઈ જાતની સગવડો. ભાડાં ખાવા માટે લોકો રહેવાનાં ઘોલકાં ઊભાં કરવા લાગ્યા. તેમાં હવાઅજવાળાનું તો નામનિશાન ન મળે. એક એક નાની ઓરડીમાં કેટલાંય કુટુંબો ખડકાઈ ને પડી રહેતાં. પરિણામે ક્ષય, ગાંડપણ, અનેક પ્રકારની શારીરિક અને માનસિક વિકૃતિઓ, એ બધું વધવા લાગ્યું. રોગચાળા ફાટી નીકળવાનું તો રોજનું થઈ પડ્યું. રેડક્લિફની કાપડની મિલોમાં ગરીબ લોકોમાં એક જાતનો ઝેરી, ચેપી તાવ મહિનાઓ સુધી ચાલ્યો હતો.

કારખાનાંનાં મકાનો પણ રેઢિયાળ જ બંધાતાં; નીચી બાંધણી, નાની સાંકડી બારીઓ અને હવાઅજવાળાની કોઈ જાતની વ્યવસ્થા નહીં. મજૂરોમાં એ ભાગનાં તો બાળકો અને સ્ત્રીઓ. ત્યાં અનીતિની તો વાત જ ન પૂછો. "દરેક માણસનું કારખાનું એ જાણે તેનું અંતઃપુર." સ્ત્રીમજૂરોને પોતાની નોકરી કાયમ રાખવા માટે પોતાની જાત વેચવી પડતી. મજૂરીના દર પણ શરૂઆતનો થોડો વખત વધારે રહ્યા. પછી તો ઘણાં માણસો મજૂરી કરવા આવવા લાગ્યાં એટલે દર ઘટવા માંડ્યા. કારખાનાંમાં મજૂરોને આરામ લેવા માટે બેસવાની કે હાથમોં ધોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે પાણીની કે નાસ્તો કરવા અથવા ખાવા બેસવા માટેની કશી જ વ્યવસ્થા ન મળે. યંત્રોમાં થતા અકસ્માત અટકાવવા માટે સલામતીની પણ કોઈ જાતની રચના ન મળે. અકસ્માતોને લીધે મરણ અથવા કાયમની અપંગતા નીપજે એવી ઈજાઓ તો સર્વસાધારણ હતી. અને અકસ્માતથી અપંગ થયેલા માણસને અથવા તે મરી ગયો હોય તો તેના આશ્રિતોને કશી નુકસાની કે બદલો આપવાની કશી વ્યવસ્થા કાયદામાં નહોતી.

ખાણોમાં તો કારખાનાં કરતાં પણ સ્થિતિ વધારે ત્રાસજનક હતી. પૃથ્વીના પેટમાં ઊંડે ઊંડે સ્ત્રીઓને બારથી સોળ કલાક કામ કરવું પડતું. પશુઓની જેમ જોડાઈને ભાંખડીએ ચાલી કોલસાની ભરેલી ગાડીઓ તેઓ ખેંચતી. એક ભંડારિયામાંથી બીજા ભંડારિયામાં ગાડીઓ જાય ત્યારે બારણાં ઉઘાડવા અને પછીથી બંધ કરવા ચાર ચાર અને પાંચ પાંચ વરસનાં કુમળાં બાળકોને રાખવામાં આવતાં. ચીમની સાફ કરવા માટે તો અંદર ઉતારી શકાય એવાં નાનાં કદનાં બાળકોને ચોરીથી ઉપાડી જવામાં આવતાં. કોઈ વાર ચીમનીમાં રાખથી ગૂંગળાઈને અથવા દાઝીને તેઓ મરી પણ જાય. તેમને નાહવાધોવાનું તો હોય જ નહિ, અને ખાવાનું પણ કૂતરાંની માફક ફેંકવામાં આવે. વળી તેમને ડામરમાં કામ કરવાનું હોઈ તેઓ કૅન્સરનો ભોગ પણ થઈ પડતાં.

જે. એલ. અને બાર્બરા હૅમન્ડે એ વખતની સ્થિતિનું ચિત્ર નીચેની સાહિત્યપ્રસિદ્ધ કંડિકામાં દોર્યું છે :

"ઇગ્લંડને નફો જોઈતો હતો, તે એને પેટ ભરીને મળ્યો. નફામાં તેને ઘણું મળ્યું. શહેરોને ધૂળનો, ધુમાડાનો, ગંદાં ધોલકાંનો, સડાનો, અજ્ઞાનનો, નિરાશાનો એમ નફો જ નફો મળ્યો. કૃષિ-સંસ્કૃતિમાંથી યંત્રઉદ્યોગની સંસ્કૃતિમાં કૂદી પડવાનું આખરી અને અધીરું પગલું પ્રજાએ ભર્યું, અને આખી પ્રજાના સામાજિક, નૈતિક અને બૌદ્ધિક જીવન ઉપર કુદરતનો શાપ ઊતર્યો. લોકોને નવાં ઊભાં થયેલાં શહેરોમાં રહેવા જવું પડ્યું, ત્યાં એમને માટે એવું 'ઘર' નહોતું જ્યાં સૌંદર્ય, સુખ, આરામ, જ્ઞાન, ધર્મ — એવી માણસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનને સંસ્કારી બનાવનારી કોઈ પણ વસ્તુ હોય. આ નવું 'ઘર' તો લુખ્ખું અને ક્લેશમય હતું. ત્યાં કોઈ જાતના આનંદઉત્સવો નહોતા, હવા અને પ્રકાશ નહોતાં, હાસ્ય અને વિનોદ નહોતાં. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ત્યાં વૈતરું કરતાં, પેટ ભરતાં અને પડી રહેતાં. મોટા જનસમુદાયની આ દશા ત્યાં હતી. દુઃખ અને ક્લેશની કાળી છાયા નીચે તેમનાં જીવન વ્યતીત થતાં."

એક તરફથી રોટલા માટેની પરાધીનતા, કંગાલ રોજી, બેકારી, સખત વૈતરું, કંટાળો આવે એવાં કામ, પૂર્વે નહિ કલ્પી હોય તેવી મહેનત અને જુલમ, નવા નવા ચેપી અને ઊડતા રોગો, અકસ્માતો, ઝડપથી વધતું જતું મરણપ્રમાણ, સ્ત્રીઓ તથા બાળકોનાં આરોગ્ય તથા નીતિનો વિનાશ, રહેવાનાં ગંદાં ઘોલકાં, બરાકો, ભંડકિયાં અથવા માળિયાં, પાર વિનાનો ઘોંઘાટ, ગંદકી અને ધુમાડો, ત્રાસ ઊપજે એવી વરવી જગ્યામાં કામ કરવાનું અને રહેવાનું, ગ્રામજીવનના આનંદ વિનોદ અને સંસ્કૃતિનો અભાવ અને તે બધાની અવેજીમાં મોટું મીડું એ સ્થિતિ હતી.

ત્યારે બીજી તરફથી, કાપડના તાકાના મોટા ઢગલા, વધતા જતા વેપારની ધમાલ, નવી નવી શોધો કરવાનો ધો, ઇંગ્લંડની રહીસહી ખેતી નિભાવી શકે તે કરતાં વધતી જતી વસ્તી અને ગણ્યાગાંઠ્યા માણસો પાસે તેઓ જીરવી ન શકે તેટલું ધન અને સત્તા, એ સ્થિતિ હતી.

યંત્રથી જે શક્તિ વધી, ઉત્પન્ન વધ્યું તેથી લોકોનું વૈતરું ઓછું થવાને બદલે અને તેની રહેણીનું ધોરણ સુધરવાને બદલે દરિયાપારનો ખોટો, અન્યાયી અને શોષક વેપાર વધ્યો. પરિણામે દુનિયામાં કંગાલ જીવન ગાળતો એક મોટો વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

પરંતુ છેવટે આ સ્થિતિમાં મહામુસીબતે કાંઈક સુધારા થયા. કારખાનાંના કાયદાથી કામના કલાક ઓછા થયા, અમુક વયથી નાનાં બાળકોને કામે રાખવાની મનાઈ થઈ, કારખાનાં તથા ખાણોના આરોગ્યમાં સુધારા થયા, યંત્રોમાં અકસ્માતો ન થાય તે માટે સલામતીની યોજનાઓ થઈ. અકસ્માતથી અપંગ થયેલાં તથા કામ કરવા અશક્ત થયેલાં માટે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની યોજનાઓ થઈ, સ્ત્રીઓને સુવાવડને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગે કામમાંથી રાહત આપવાની વ્યવસ્થા થઈ. જોકે આ બધા માટે મજૂરોને કાંઈ ઓછું લડવું કે સહન કરવું પડયું નથી. દરેક સુધારા વખતે, જો કાયદો વચ્ચે પડશે તો ઇંગ્લંડની આબાદીને ધક્કો પહોંચશે, બાળકોની મજૂરીની મનાઈ કરશો તો ધંધામાં પોસાણ નહિ રહે અને ઉદ્યોગ પડી ભાંગશે, વગેરે દલીલો તો આવતી જ. માટે ચાલે છે તેમ ચાલવા દો, સૌ પોતપોતાનો સ્વાર્થ સાચવી લેશે અને પેલી 'ગૂઢ શકિત'થી બધું આપોઆપ સરખું થઈ જશે, એ ફિલસૂફી આગળ કરવામાં આવતી. છતાં લોકોના પ્રકોપને શાન્ત પાડવા કાયદા થયા. અમલદારોએ ખબરદારી રાખીને કાયદાને માત્ર પોથીમાંનાં રીંગણાં ન રહેવા દેતાં તેનો અમલ કરાવ્યો અને મજૂર મહાજનોએ પોતાના હિતના રક્ષણ અર્થે મજૂરોને સંગઠિત કરી મૂડીદારો સામે બાખડી બાંધી.

છતાં સને ૧૮૫૦થી તે આજ સુધીમાં ઇંગ્લંડમાં તથા બીજા દેશોમાં જે સુધારા થયા છે, તેથી યંત્રોના પ્રથમ આક્રમણે સમાજમાં જે કાળો કેર વર્તાવ્યો હતો તે સ્થિતિ સહેજસાજ સુધરવા ઉપરાંત કશું વિશેષ થયું છે એમ રખે કોઈ માની લે. હજી દુનિયામાં ઘણા દેશોમાં એની એ જ આર્થિક પરાધીનતા, લાંબો વખત સખત વૈતરું, બાળકોનો મજૂર તરીકે ઉપયોગ, ગંદાં ઘોલકાં, યંત્રોના અકસ્માત, કારખાનાંમાંની અનારોગ્ય અને અનીતિમય દશા, જીવનની પ્રાથમિક હાજતો માટેની સગવડોનો પણ અભાવ, એ બધું છે જ. લેંકેશાયર અને મૅન્ચેસ્ટરમાં પહેલાં જેવી દશા હતી તેવી જ દશા આજે જાપાનમાં, ચીનમાં અને આપણા દેશમાં પણ ઘણી જગ્યાએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

યંત્રે ઊભી કરેલી પરિસ્થિતિ

અત્યારે યુરોપમાં અને પૂર્વ એશિયામાં જે યાદવાસ્થળી જામી છે અને જે આખી દુનિયાને ઘેરી વળવાની ધમકી આપી રહી છે* તેનાં કારણમાં અમુક કરતાકારવતા બળવાન માણસોનો ધન અને સત્તાનો લોભ તથા મદ તો છે જ, પણ એ લોભ અને મદની જે અમર્યાદ વૃદ્ધિ થઈ શકી છે તેમાં બહુ મોટું સાધન યંત્ર છે. યંત્રોદ્યોગોને લીધે ઇંગ્લંડની સામ્રાજ્યસત્તા તથા ધનસંપત્તિ વધી તે જોઈ બીજા દેશો પણ તેની હરીફાઈમાં ઊતર્યા અને યંત્રવિદ્યામાં એટલી પ્રગતિ કરી કે તેની આગળ ઇંગ્લંડ ઝાંખું પડવા માંડ્યું. યંત્રઉદ્યોગનું એક મોટું લક્ષણ એ છે કે તેમાં એકસરખો માલ ઢગલાબંધ તૈયાર થાય છે. પોતાના દેશને પૂરો પડી રહે એના કરતાં પણ વધારે માલ તૈયાર થાય એટલે તે વેચવા માટે બજાર શોધવાં પડે છે, અને એ બજારમાં બીજો દેશ પોતાનો માલ ખપાવવા ન આવી શકે એટલા માટે ત્યાં પોતાની રાજ્યસત્તા જમાવી બજાર કબજે કરવામાં આવે છે.

યંત્રોએ આપણી આખી અર્થવ્યવસ્થા ફેરવી નાંખી છે, અને તેને લઈને સમાજમાં તથા રાજ્યપ્રકરણમાં ભારે ઊથલપાથલ થઈ છે. મોટાં યંત્રોની શોધ થઈ તે પહેલાં, માણસને જેમ જેમ જરૂરિયાતો વર્તાતી તેમ તેમ પોતાની જાતમહેનત અને હાથકારીગરીથી તે એ પૂરી પાડતો. કપડાં, જોડા, વાસણકૂસણ, ઘરવખરી, રાચરચીલું, સુખ-સગવડ અને એશઆરામની વિવિધ વસ્તુઓ — એ બધી જોઈતા પ્રમાણમાં જ બનાવવામાં આવતી. કારીગરને તમારે જોઈતી વસ્તુની વરદી તમે આપી આવો ત્યાર પછી તે પ્રમાણે તે માલ બનાવે. પણ યંત્રને માણસની જરૂરિયાત કેટલી છે તેની સાથે નિસબત નથી હોતી. તમે કારખાનું કાઢ્યું એટલે સાંજ પડ્યે અમુક માલ તૈયાર થાય જ. એટલો માલ તૈયાર ન કરો તો કારખાનું પોસાય નહિ. લોકોને એ

* હવે તો ઘેરી વળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુઓનો ખપ હોય કે ન હોય, તેમની માગ હોય કે ન હોય, યંત્રરૂપી બાગરાભૂતને કામ જોઈએ એટલા માટે કારખાનું ચલાવી તમારે માલ કાઢવો જ જોઈએ. યંત્રનો સ્વભાવ જ વધુ ને વધુ મોટા પાયા ઉપર ગોઠવાવાનો છે. યંત્રની શરૂઆત થતાં જ દુનિયાની જે અસલ જરૂરિયાત હતી તેટલો માલ તો થોડા જ સમયમાં તૈયાર કરીને તેણે ફેંકવા માંડ્યો. બીજી તરફથી વધુ માલ ઉત્પન્ન કરવાની તેની શકિત વધતી ગઈ. વળી ત્રીજી તરફથી તેણે હાથકારીગરના પેટ ઉપર પગ મૂકયો અને અનેક લોકોને ધંધા વિના રઝળતા કરી મૂકયા. એટલે એકંદરે લોકોની ખરીદશકિત ઘટતી ગઈ. પરિણામે છત અને ખપનો મેળ બેસાડવાનું મુશ્કેલ પડવા માંડયું. યંત્રઉદ્યોગવાળા દેશોને પોતાને ત્યાં તૈયાર થયેલા માલ માટે ઘરાક મેળવવાની મુશ્કેલી પડવા માંડી અને આખી દુનિયામાં તેઓ ફાંફાં મારવા લાગ્યા. પોતાને ત્યાં તૈયાર થયેલા માલની જોગવાઈ કોઈ પણ રીતે કરવા માટે પછાત ગણાતા દેશોમાં જઈ ત્યાં લોકોને પહેલાં કદી વર્તાઈ પણ ન હોય એવી જરૂરિયાતો તેમનામાં વધારવા તેમણે કોશિશ કરવા માંડી. પણ આ જરૂરિયાતો એવી નહોતી જેના વિના જીવનનિર્વાહ ચાલી ન શકે. સારી રીતે જીવનનિર્વાહ કરવા માટે જે પૌષ્ટિક ખોરાક જોઈએ, સાદાં કપડાં જોઈએ, સુઘડ ઘર જોઈએ તે લઈને આ યંત્રઉદ્યોગવાળા સુધરેલા ગણાતા દેશના વેપારીઓ પછાત ગણાતા દેશમાં નથી પેઠા. એ લોકો તો જાતજાતનાં ફેન્સી કાપડ, શરીર-શણગારની અનેક ફેન્સી વસ્તુઓ, જાત જાતની દવાઓ અને જાત જાતના દારૂ, એવું એવું લઈને દુનિયામાં ફરે છે; અને પછાત ગણાતા દેશોના લોકોને એ વસ્તુઓના વાપરની ટેવ પાડી એ દેશોને પોતે સુધાર્યા એવો દાવો કરે છે. ઇંગ્લંડે એ જ રીતે હિંદુસ્તાનને સુધાર્યું, યુરોપના દેશોએ આફ્રિકાને તથા અમેરિકાને સુધારવા ત્યાંના પ્રદેશ વહેંચી લીધા, અને એબિસિનિયાને સુધારવા ઇટાલીને તેના ઉપર ચડાઈ કરવી પડી. ગોરા લોકો ઉપર દુનિયાને સુધારવાની આવી પડેલી આ ફરજનું ભાન જાપાન યંત્રઉદ્યોગમાં આગળ વધ્યું એટલે તેને પણ થયું. અને ચીનને સુધારવા એ મથી રહ્યું છે! ટૂંકમાં દુનિયા ઉપર જે યુદ્ધો ચાલી રહ્યાં છે અને જેનાં વાદળ વધુ ને વધુ ઘેરાતાં જાય છે તેનું મૂળ યંત્રઉદ્યોગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે જોઈએ તે કરતાં વધારાપડતો માલ ઉત્પન્ન થાય છે, એ જ છે. એ માલની નિકાસ કરવા માટે દેશપરદેશનાં બજારો કબજે કરવા આગળ વધેલા દેશો વચ્ચે ચાલી રહેલી હરીફાઈને લીધે, મોટાં મોટાં રાજ્યો હજી વધુ મોટી અથડામણમાં ક્યારે આવી પડશે એનો કશો ભરોસો નથી.

અને અત્યારની યુદ્ધપદ્ધતિમાં વિજ્ઞાનની શોધો અને વિવિધ પ્રકારનાં યંત્રોના ઉપયોગને પરિણામે જે ક્રાન્તિકારી ફેરફારો થયા છે તેથી તો આડો આંક વળી ગયો છે. જૂનાં શસ્ત્રાસ્ત્રો જેવાં કે તલવાર, ભાલા, તીરકામઠાં અને બંદૂકો દરેક માણસને સુલભ રહેતાં. તેની સામેનાં બચાવનાં સાધનો જેવાં કે ઢાલ, બખ્તર, ખાઈઓ, કિલ્લા એનો આશ્રય પણ સૌ લઈ શકતાં. આજનાં લડાઈનાં સાધનોમાં મશીનગનો, વિમાનો, ટૅન્કો* વગેરે એવાં છે કે જે મોટી મોટી સરકારો પાસે જ હોઈ શકે. નવાં સાધનોથી સજ્જ થયેલા સરકારના નાના સરખા લશ્કર સામે પ્રજાવર્ગનાં લાખો કે કરોડો માણસો પણ ભેગાં થઈને કશું કરી શકે નહિ. એટલે કોઈ પણ દેશમાં આજે આમવર્ગ સ્વાતંત્ર્ય ભોગવી શકતો નથી. પ્રજાતંત્રની વાતો કેટલાક દેશો કરે છે પણ વસ્તુતઃ દરેક દેશમાં લશ્કરતંત્ર જ ચાલે છે.

અને અત્યારે ખરાબી એ રીતે થઈ રહી છે. લડાઈ માટેનાં કારણો પણ વધ્યાં છે અને લડાઈમાં સંહાર અને વિનાશ પણ વધ્યો છે. છેલ્લા ૧૯૧૪થી ૧૯૧૮ના યુરોપીય મહાયુદ્ધ વખતે જે સંહાર થયો હતો તેના આંકડા વાંચી આપણે આભા બની જઈએ છીએ. પરંતુ ત્યાર પછી જે શોધો થઈ છે — ખાસ કરીને વિમાનની કરામતમાં તથા તે દ્વારા ઊંચે આકાશમાંથી બૉમ્બ ફેંકવાની તથા ઝેરી વાયુઓ છોડવાની બાબતમાં — તે જોતાં ફરી મોટું યુદ્ધ થાય તો કેટલો વિનાશ અને સંહાર થાય તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. લંડન જેવા

---

* મોટર પાવરથી ચાલતું પોલાદની પેટીના જેવું વાહન. તેમાં તોપો રાખવામાં આવે છે અને સૈનિકો પણ રહી શકે છે. ગમે તેવી ખાડાટેકરાવાળી અને ઝાડીઝાંખરાંવાળી જમીનમાં પણ તે ચાલી શકે છે. લડાઈમાં ગમે ત્યાં ફેરવી શકાતા કિલ્લાનું કામ તે કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા શહેરમાં કોઈ જીવજંતુ પણ બચવા ન પામે એવો તેનો સર્વનાશ કરવો હોય તો તે માટે પચાસ ટન ગૅસ પૂરતો ગણાય છે. બસો વિમાનો બહુ જ સહેલાઈથી એટલો ગૅસ બૉમ્બ દ્વારા છોડી શકે. અને આટલાં વિમાનો કોઈ શહેર ઉપર હુમલો કરે તો તેની સામે બચાવ કરવાનાં સાધન નહિ જેવાં છે. વિમાનોને તોડી પાડનારી તોપો રાખવામાં આવે છે ખરી. પણ લગભગ સો ચોરસ માઈલના વિસ્તારમાં પેલાં વિમાનો આમતેમ ફરતાં હોય ત્યાં એ તોપો શું કરી શકે? કલાક બે કલાકની અંદર તો આખું શહેર સાફ કરી નાખી પેલાં વિમાનો પાછાં ચાલ્યાં જઈ શકે. એટલી વારમાં આ તોપો બહુ મથે તો બેચાર વિમાનો તોડી પાડી શકે. વળી આકાશમાં પંખીઓની માફક ઊડતાં આવતાં દુશ્મનોનાં વિમાનોને રોકવા માટે સામાં ગમે તેટલાં વિમાનો હોય તો પણ આકાશમાં જ્યાં કોઈ જાતનો અંતરાય નહિ ત્યાં પેલાં વિમાનો ગમે ત્યાંથી નજર ચુકાવીને દાખલ થઈ જઈ શકે.

દુશ્મનો તરફથી ઝેરી વાયુ છોડવામાં આવે ત્યારે તેની સામે રક્ષણ માટે પહેરવાના બુરખા નીકળ્યા છે. પણ કેટલાક ઝેરી વાયુ તો એવા હોય છે કે તેની સામે બુરખા કશા જ કામમાં આવતા નથી. વળી બૉમ્બ મારફત રોગનાં જંતુઓ છોડી શકાય છે.

લડાઈનાં સાધનોમાં હુમલાનાં અને વિનાશનાં સાધનોની શોધ અને ખિલવણી જેટલી થઈ છે તેના પ્રમાણમાં બચાવનાં સાધનોની શોધ અને ખિલવણી કાંઈ જ થઈ શકી નથી. પહેલાંની લડાઈઓમાં પ્રત્યક્ષ ભાગ લેનારા જ ઘાયલ થતા અથવા મરતા. પણ લડાઈની આ નવી પદ્ધતિની ખાસિયત એ છે કે લડાઈની સાથે જેમને કશી જ લેવાદેવા ન હોય તેવાં બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ અને બીમારો કોઈ જ આમાં સુરક્ષિત નથી હોતું, કોઈના ઉપર હુમલાનો નિષેધ નથી. સ્પેનમાં* અને ચીનમાં આજે આ પ્રકાર પ્રત્યક્ષ ચાલી રહ્યો છે.

પણ આ બધાનો દોષ એકલા યંત્રને શું કામ દઈએ? યંત્ર તો એક સાધન છે. આ મહામારીનું મુખ્ય કારણ તો પ્રજાઓ — ના રે, પ્રજાઓનું તો માત્ર નામ દેવામાં આવે છે, ખરી રીતે તો

* આ પ્રકરણ યુદ્ધ ફાટી નીકળ્યા પહેલાં લખેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડીદારો અને સત્તાધારીઓ — ના સંકુચિત સ્વાર્થ અને એકબીજા પ્રત્યેના રાગદ્વેષ છે. પ્રજાઓને દોરનારા અથવા પ્રજાઓ ઉપર સત્તા ચલાવનારા કર્તાપુરુષોનાં હૃદય શુદ્ધ થાય તો વૈજ્ઞાનિક શોધો અને યંત્રો દ્વારા ઉત્પન્ન થયેલી શક્તિનો સદુપયોગ પણ થઈ શકે. આજે દુનિયામાં એક અબજ અશ્વબળ જેટલી ભૌતિક શક્તિ વપરાય છે. પણ એ એક અબજ અશ્વો આજે તોફાને ચડેલા છે. એ ભૌતિક શકિતને નાથવા માટે અને તેને મર્યાદામાં રાખવા માટે માણસ વધુ ઊંચા પ્રકારની નૈતિક અને આધ્યાત્મિક શક્તિ બતાવે તો એ શક્તિ દ્વારા જગતનું સુખ વધારી પણ શકાય.

૫

બેકારી

યંત્રે જે પરિસ્થિતિ ઊભી કરી છે તેમાં સૌથી કારમી પરિસ્થિતિ તે આજની જગદ્વ્યાપી બેકારીની છે. યંત્રને લીધે મજૂરીની બચત થાય ખરી, પણ એ બચતને પરિણામે કરોડો લોકો કામ વિનાનાં અને તેથી ભૂખે મરતાં થઈ જાય ત્યારે એ બચત શા કામની? અને એ વાત તો નક્કી છે કે દરેક નવા યંત્રની શોધ અમુક પુરુષો અને સ્ત્રીઓને કામધંધા વિનાનાં તો કરી જ મૂકે છે. રેંટિયા અને સાળોની મિલો શરૂ થતાં, એ ધંધામાંથી રોજી મેળવનારાં કરોડો સ્ત્રીપુરુષો ધંધા વિનાનાં થઈ ગયાં એ આપણા દેશના પ્રત્યક્ષ અનુભવની વાત છે. આજે એક ગામડામાં દળવાનો કે ખાંડવાનો સંચો દાખલ થાય એટલે સેંકડો દળનારીઓ અને ખાંડનારીઓ બેકાર પડી જાય છે. તેલની મિલ દાખલ થાય કે ઘાણીઓવાળા બધા ઘાંચી અને તેમના બળદ બેકાર પડે. કૂવા ઉપર પમ્પ મૂકવામાં આવે એટલે બળદ ને કોસનું કામ ન રહે. માલ વહી જવા માટે મોટર લૉરીઓ વાપરવામાં આવે એટલે બળદગાડાનો ઉપયોગ ઓછો થાય. ખેતીના બીજા કામ માટે બળદ તો રાખવો જ પડે છે. એ કામમાંથી ફાજલ પડે ત્યારે કોસે

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા ગાડે જોડીને તેનો ઉપયોગ થઈ શકતો, તે પમ્પ અને મોટર-લૉરી આવ્યાં એટલે ઓછો થયો. અને છતાં બળદને નિભાવવા તો પડે જ. આપણા દેશમાં જ્યાં ખેડૂતો પોતાના ઘરમાં તથા ગામડામાં ચાલતા હાથઉદ્યોગો મારફત પોતાની બધી જરૂરિયાતો પૂરી પાડી લેતા, ત્યાં બીજા દેશમાંથી તથા આપણા પોતાના દેશની મિલોમાંથી તૈયાર માલ આવતો થતાં આપણા ગામડાના ધંધા પડી ભાંગ્યા છે અને તેને લીધે ખેડૂતવર્ગને વરસમાં ચાર અથવા પાંચ મહિના જેટલો વખત બેકાર બેસી રહેવું પડે છે.

આની સામે એમ કહેવામાં આવે છે કે જૂના ધંધા ગયા તો યંત્રોને કારણે બીજા નવા ધંધા ઊભા થયા છે. કેટલાયે લોકો શહેરની મિલોમાં, કપાસનાં જિનોમાં તથા રેલવેમાં મજૂરી કરવા જાય છે. વળી જ્યાં જ્યાં રેલવે દાખલ થાય છે ત્યાં ત્યાં બીજા પણ ઘણા નવા ધંધા જાગે છે. યંત્રોને લીધે વસ્તુઓ જેમ જેમ સસ્તી બનતી જાય છે તેમ તેમ લોકો એ વસ્તુઓને પોતાની જરૂરિયાત બનાવી દઈ વાપરતા થાય છે અને ખરીદતા જાય છે. તેને પરિણામે પણ નવા ધંધા જાગે છે.

આ પ્રમાણે બનતું ક્યાંક ક્યાંક જોવામાં આવે છે ખરું. પણ આ બાબતમાં ઝીણવટથી તપાસ કરીએ તો માલૂમ પડે છે કે જેમ જેમ મોટાં કારખાનાં નીકળતાં જાય છે તેમ તેમ જૂના ધંધામાંથી એટલા બધા મોટા પ્રમાણમાં માણસો બેકાર પડવા માંડે છે કે ગમે તેટલા નવા ધંધા નીકળતા હોય છતાં તેમાં બધાનો સમાસ થઈ શકતો નથી. બેકાર પડનારાની સંખ્યા કરોડોની હોય છે ત્યારે નવા ધંધા તો હજારોની અને બહુ બહુ તો લાખની સંખ્યામાં માણસોને કામ આપી શકે છે.

કેટલાક અર્થશાસ્ત્રીઓ કહે છે કે પહેલાં જ્યારે લોકો મોટે ભાગે પોતાને જોઈતી વસ્તુઓ પોતે જ બનાવી લેતા ત્યારે વેપાર અને વણજાર એટલે એક જગ્યાએથી બીજી જગ્યાએ માલ લઈ જવાનું, એ બહુ ઓછાં હતાં. આ યંત્રયુગમાં વેપારનું પ્રમાણ બહુ વધી ગયું છે તેમાં, અને રેલવે, સ્ટીમર વગેરેના વણજારમાં ઘણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો રોકાય છે. માલ કારખાનામાંથી નીકળી ઘરાકને ઘેર પહોંચે તેને અંગે જેટલી ક્રિયાઓ થાય છે તે બધી જો ગણીએ તો એક એક ઉત્પાદક દીઠ એક એક માણસ આ વેપારવણજમાં રોકાય છે. અને કેટલાક માલમાં તો ઉત્પાદક દીઠ બે બે માણસો તેને લગતા વેપાર-વણજમાં રોકાયેલા જોવામાં આવે છે. આ ગણતરી ખરી હોય તો પણ પેલો લાખો અને કરોડોનો તફાવત તો રહે જ છે. જ્યાં દસ માણસનું કામ એકથી થતું હોય ત્યાં એકને બદલે બે માણસ રોકાય એમ ગણો તો પણ આઠ તો બેકાર પડે જ પડે.

વળી યંત્રઉદ્યોગોને લીધે વસ્તુઓનું ઉત્પાદન વધ્યું અને લોકોની જરૂરિયાતો પણ વધી. પરંતુ એ જ યંત્રઉદ્યોગોએ ઊભી કરેલી બેકારીને લીધે સમાજની ખરીદશક્તિ તો દિન પ્રતિદિન ઘટતી જ જાય છે. નવી નવી શોધોને પરિણામે જે નવી વસ્તુઓ બજારમાં આવીને પડે છે તે ખરીદવાની લોકોની શક્તિ દિનપ્રતિદિન ઓછી થતી જાય છે. ઉત્પાદન શક્તિ અને ખરીદશક્તિની હરીફાઈમાં ખરીદશક્તિ ક્યાંય પાછળ પડી ગઈ છે. અત્યારે આખી દુનિયામાં બેકારી અને કંગાલિયત એટલાં વધી પડ્યાં છે કે, આખી દુનિયાને લાગુ પડેલો મહારોગ બેકારીનો અને કંગાલિયતનો છે એમ કહીએ તો કશું ખોટું નથી.

આનો એક ઉપાય એ સૂચવવામાં આવે છે કે કોઈ પણ યંત્ર વાપરવાની પરવાનગી આપતા પહેલાં એક કમિટી નીમવી જોઈએ. મજૂરોની રોજી ઉપર, તેમની બીજી પરિસ્થિતિ ઉપર, તથા હાથકારીગરી અને કળા ઉપર એ યંત્રની શી અસર થશે તથા તેનાં બીજાં સામાજિક અને આર્થિક પરિણામો કેવાં આવશે તે વિષે એ કમિટી પુરાવો લે. એ યંત્ર દાખલ કરવાથી કોઈ પણ વર્ગ બેકાર પડતો હોય તો તે આપત્તિનું નિવારણ કરી શકાય એવી યોજના એ કમિટી સૂચવે, અને એ યોજના અમલમાં મુકાય ત્યાર બાદ જ યંત્ર વાપરવાની પરવાનગી આપવામાં આવે.

બીજી દલીલ એમ રજૂ કરવામાં આવે છે કે આ બેકારી આપત્તિરૂપ તો એટલા માટે લાગે છે કે યંત્રો થોડા લોકોની માલકીનાં છે અને એ લોકો પોતાના નફા માટે એ ચલાવે છે. જો યંત્રો સામાજિક માલકીનાં કરી નાખવામાં આવે અને તેના ઉપર લોકોને જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું જ ઉત્પાદન કરવામાં આવે તથા જેટલાને જરૂર હોય તેટલાને ફાળે પડતું કામ આપવામાં આવે, તો પરિણામે બેકારી ન રહે પણ લોકોને જોઈએ તેટલી નવરાશ મળે.

ત્રીજી યોજના એ છે કે જેટલાં કામો સહેજે માણસ પોતાને હાથે કરી શકે એમ છે તેવાં કામો માટે મજૂરી બચાવનારાં મોટાં યંત્રોનો ઉપયોગ ન કરવો. જે મજૂરી માણસને ભારે કષ્ટદાયી હોય તેને માટે જ યંત્રોનો ઉપયોગ થાય. ગાંધીજીની ગ્રામઉદ્યોગની પ્રવૃત્તિ પાછળ આ યોજના અને ભાવના છે. આ ત્રણે વસ્તુનો વિચાર આપણે આગળ ઉપર કરીશું. કારણ, તેની વિગતવાર ચર્ચામાં ઊતરતા પહેલાં યંત્રોની માણસના જીવન ઉપર, સ્વભાવ ઉપર અને કળાકૌશલ્ય ઉપર શી અસર થઈ છે તે વિચારી જવું આવશ્યક છે.

૬

કામદારોનાં શરીર અને મન ઉપર થતી અસર

મોટાં કારખાનાંમાં બંધિયાર તથા ગરમ થઈ ગયેલી હવામાં અને ધમધમ થતા અવાજ વચ્ચે કલાકો સુધી એકધારું કામ કરવાને લીધે કામદારોના જ્ઞાનતંતુને બહુ સખત તાણ પડે છે, તેમનાં શરીર કંતાઈ જાય છે અને પરિણામે તેમનું આવરદા ટૂંકું થાય છે એ હકીકત કારખાનામાત્રને માટે સર્વસામાન્ય છે. પણ યંત્ર ઉપર કામ કરવાથી જ માણસ મોટે ભાગે તે યંત્રના જેવો શી રીતે બની જાય છે તેની કેટલીક વિગતો અહીં આપીશું.

અમેરિકાના એક મોટર બનાવવાના કારખાનાનો આ દાખલો છે.

એક ઓરડામાં કાણાં પાડવાના સંચા—વીણાં (પન્ચિંગ મશીન્સ) ગોઠવેલાં છે. દરેક સંચાની આગળ એક મજૂર ઊભો ઊભો લોખંડના ટુકડા તેમાં મૂકે છે. એ સંચાની સાથે એક ‘લીવર’ ગોઠવેલું છે. આ લીવરની સાથે માણસનું કાંડું એક સાંકળથી બાંધેલું છે. વીણું—પંચ જેવું નીચું ઊતરે કે લીવર પાછું હઠી જાય છે અને તેની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ પણ પાછો ખેંચાય છે. જો માણસને બહાર જવું હોય તો આખો સંચો અટકાવવો પડે છે. મુકાદમ આવીને સાંકળ છોડે છે. લાંબા ઓરડામાં સંચા, લીવરો અને તેની સાથે જોડાયેલા માણસો જોવામાં આવે છે. લોખંડનો ટુકડો સંચામાં મુકાય, તેમાં કાણું પડે, લીવર પાછું હઠે, હાથ પાછો ખેંચાય, ફરી વળી એ જ પ્રમાણે, એમ નિરંતર ચાલ્યા જ કરે છે. માણસ જેવા માણસને જડ યંત્રના જ એક જડ ભાગ જેવો બનાવી નાખનાર આના જેવી બીજી કોઈ કરામત હોઈ શકે ખરી? અહીં એ નોંધવું જોઈએ કે આ માણસોનાં કાંડાં સાંકળોથી બાંધેલાં હોય છે તેમાં હેતુ તો માણસની સલામતીનો અને તેથી દયાનો જ હોય છે. પોતાની મેળે હઠી જાય એવા લીવરની રચના નહોતી શોધાઈ તે પહેલાં ઘણા માણસોની આંગળીઓ અને કોઈ વાર આખો હાથ વીણાની નીચે આવી જતાં. હવે તો વીણું નીચે ઊતરે ત્યારે લીવર આપોઆપ પાછું હઠી જાય છે અને તેની સાથે હાથ પાછો ખેંચાઈ જાય છે . . . .

ફૉર્ડની મોટરકારના જુદા જુદા ભાગને જોડવા માટેની જુદી જુદી ક્રિયાઓ એક લાંબી હારમાં કરવામાં આવે છે. એ લાઈન ઉપર એક મિનિટના છ ફૂટની ઝડપે કામ ચાલે છે. આખી મોટરને તૈયાર કરી ચાલુ કરવા સુધીનું કામ જુદી જુદી ૪૫ ક્રિયાઓમાં વહેંચી નાંખેલું હોય છે. પહેલે મથકે મોટરના ચોકઠાને 'મડગાર્ડ'ના બ્રૅકેટ લગાડવામાં આવે છે. દસમે મથકે મોટર ઊભી થાય છે. જે માણસ બોલ્ટ (પેચવાળો અને એક તરફ માથાવાળો ખીલો) ચઢાવે તેને ચાકી ચડાવવાની નહિ, અને જે માણસ ચાકી ચડાવે તેને તેના પેચ ફેરવી ટાઈટ કરવાની નહિ. એ ક્રિયાઓ જુદા જુદા માણસો કરે છે. એક માણસ બોલ્ટ જ ચડાવ્યાં કરે, બીજો માણસ તેના ઉપર ચાકી જ ચડાવ્યાં કરે, ત્રીજો માણસ તેના પેચ ફેરવીને ટાઈટ જ કર્યાં કરે, એ પ્રમાણે ચોત્રીસમે મથકે મોટરમાં પેટ્રોલ ભરવામાં આવે છે. ચુંવાળીસમે મથકે રેડિયેટરમાં પાણી ભરવામાં આવે છે અને પિસ્તાળીસમે મથકે આખી મોટર ચાલુ થઈને રસ્તા ઉપર આવીને ઊભી રહે છે. કામદારને આટલી ઝડપથી એક જ જાતનું કામ કર્યાં કરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય ત્યાં તેના શરીર અને મન ઉપર શી અસર થાય એ વિચારવાનું છે.

કારખાનામાં નહિ પણ બહાર ખુલ્લામાં કામ કરવાનું હોય એવા કામનો એક દાખલો લઈએ. મોટું જબરું એંજિન આખી ટ્રેનને લઈને પચાસ કે સાઠ માઈલની ઝડપે ભખભખ કરતું દોડતું હોય છે. વરાળનું જોર એકસરખું કાયમ રાખવા માટે સખત આગ ચાલુ રાખવી પડે છે. આખું એંજિન ધમધમી રહ્યું હોય છે અને બૉઈલરમાં કોલસા પૂરનાર માણસનું શરીર પણ એ એંજિનના ધમધમાટની સાથે જ ધ્રૂજી ઊઠેલું હોય છે. આ ઉપરાંત તેને માથે ભારે જવાબદારી અને જોખમ તો છે જ. સામાન્ય રીતે યંત્રોમાં જેટલા અકસ્માત થાય છે તે કરતાં રેલવે એંજિનમાં કોલસા પૂરનારામાં અકસ્માતથી થતું મરણપ્રમાણ નવ ગણું વધારે છે. અને તેમનું આયુષ્ય પણ બહુ ટૂંકું થઈ જાય છે. તેઓ ઘણી વાર ક્ષયના ભોગ થઈ પડે છે કારણ તેમને વખતોવખત અતિશય બદલાતા હવામાનમાં રહેવાનું હોય છે. કોલસાનો જે બોજો તેમને ઉઠાવવાનો હોય છે અને જે ઝડપથી તેમને કામ કરવાનું હોય છે તેથી તેમને ઘણી વાર હૃદયરોગ પણ થાય છે. અને હજી એંજિનો તો કદમાં અને શક્તિમાં મોટાં ને મોટાં જ થતાં જાય છે. માણસના સ્નાયુઓ અને છાતી ખમી શકે તે કરતાં ઘણી વધારે તાણ તેમાં કોલસા પૂરનાર ઉપર પડે છે.

એ વાત સાચી છે કે આવી રીતે માણસના શરીર તથા મનને જડ કરી નાખે અને તેને વહેલો યમને ઘેર પહોંચાડી દે એવાં કામો બધા જ મજૂરોને કરવાનાં નથી હોતાં. આવાં કામો માટે સ્વયંચાલક યંત્રો શોધાતાં જાય છે. છતાં હજી મોટા ભાગના મજૂરોને, — કારખાનાં અને ખાણોમાં કામ કરતા મજૂરોમાંથી અડધા કરતાં વધારે મજૂરોને, — આવું એકધારું, કંટાળો ઊપજે એવું, મનને તથા આત્માને જડ કરી નાખે એવું, અને શરીરને નુકસાન પહોંચાડે એવું કામ કરવાનું આવે છે.

આથી ઊલટું, કેટલાક ધંધા એવા પણ છે જેમાં માણસમાં હિંમત, સાહસ, ખુશમિજાજ એવા ગુણો ખીલે છે. અમેરિકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગગનચુંબી ઇમારતોમાં ખૂબ ઊંચે ચડીને જીવને જોખમે જેમને કામ કરવાનું હોય છે તેઓ ભારે મોજી અને દિલદાર હોય છે. કામ કરતાં કરતાં અકસ્માતથી કેટલાયે મરે છે, પણ જીવે છે ત્યાં સુધી લહેરથી જીવે છે. છતાં એક વસ્તુ નક્કી છે કે યંત્ર અથવા કામના પ્રકાર અનુસાર તેની સાથે સંબંધ ધરાવતા માણસનો સ્વભાવ બંધાય જ છે. મોટર હાંકનારાઓને જોશો તો તેમનો સ્વભાવ બરાબર મોટર જેવો જ દેખાશે. ઉતાવળ, ધમાલ, ઉછાંછળાપણું, રસ્તે ચાલનારાઓ વિષે બેપરવાઈ અને તેમની કનડગત એ બધું જે મોટરમાં રહેલું છે તે મોટર હાંકનારમાં પણ સારી રીતે પ્રતિબિંબિત થાય છે.

કેટલાક ધંધા શરીરને વિશેષ નુકસાન કરનારા હોય છે અને તેમાં મરણપ્રમાણ બીજા કરતાં વધુ આવે છે. સૌથી નુકસાનકારક ધંધો દારૂ ગાળનારા અને વેચનારાનો ગણાય છે. આખી વસ્તીના સરેરાશ મરણપ્રમાણ કરતાં આ ધંધો કરનારાનું મરણપ્રમાણ અઢી ગણું વધારે છે. ટીનની ખાણમાં કામ કરનારા તથા ધાતુને છોલીને દાગીના ઉતારવાનું કામ કરનારાના શ્વાસમાં તેનાં રજકણ જાય છે, તેથી તેમનું મરણપ્રમાણ પણ સરેરાશ કરતાં બમણું વધારે હોય છે. ટીનની ખાણમાં જેઓ શારવાના સંચા — ડ્રિલ — ઉપર કામ કરે છે, તેઓ લગભગ બધા જ ક્ષયથી મરે છે. કોલસાની ખાણમાં કામ કરનારનાં ફેફસાં કાળાં થઈ જાય છે. શહેરોની ગટરોમાં કામ કરતા મજૂરોનો ધંધો પણ બહુ જ અનારોગ્ય છે, જોકે તેમને કોઈ સંચા ઉપર કામ કરવાનું હોતું નથી. છતાં બહુ મોટાં શહેરો યંત્રોનું પરિણામ હોઈ આ લોકો માટે યંત્રોની જવાબદારી પરોક્ષ રીતે પણ ગણાય તો ખરી જ.

સૌથી વધારે પ્રાણહારક વસ્તુઓ બે છે — દારૂ અને ધૂળ તથા ધુમાડો. અને આ બંને વસ્તુઓ કારખાનાંમાં કામ કરતા મજૂરોના જીવન સાથે જાણે જડાઈ ગયેલી ન હોય એવી છે. ધૂળ અને ધુમાડો યંત્રની સાથે આવે છે, અને દારૂ યંત્રને લીધે આવે છે.

યંત્રોમાં થતા અકસ્માતની બાબતમાં અમેરિકન એંજિનિયરિંગ કાઉન્સિલ તપાસ કરીને એવા નિર્ણય ઉપર આવી છે કે, જોકે સને ૧૯૨૦ પછી માલના ઉત્પાદનના પ્રમાણ સાથે સરખાવતાં અકસ્માતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ ઘટ્યું છે ખરું, પણ કુલે અકસ્માતો તો સંખ્યા તેમ જ ભયંકરતા બંનેમાં વધતા જ જાય છે. એ કાઉન્સિલ કહે છે કે હાથકારીગરીનું કામ બહુ સલામત હતું, પણ તેનું સ્થાન યંત્રોએ લીધું છે. કુલ મજૂરો દીઠ અકસ્માતની સંખ્યા ગણીએ તો જ્યાં યંત્રોનો ઉપયોગ નથી થતો તેના કરતાં યંત્રો વપરાય છે ત્યાં અકસ્માતની સંખ્યા તેમ જ ભયંકરતા બન્ને વધારે છે. સ્વયંચાલક યંત્રો વધતાં જાય છે ખરાં, પણ જ્યાં સમારકામ કરવાનું હોય ત્યાં એવાં યંત્રો ન જ ચાલે, તેમાં તો માણસોની જ જરૂર પડે, અને તે કામો સ્વભાવે જ જોખમકારક હોય છે. છતાં કામદારોની સલામતીની હિલચાલ હવે વધતી જાય છે એટલે અકસ્માતનું પ્રમાણ ઘટતું જશે એવી આશા રાખીએ.

ઉદ્યોગપ્રધાન દેશોમાં કામદારોમાં માનસિક રોગોનું પ્રમાણ વધ્યું છે કે કેમ તેના પૂરતા આંકડા હજી કાઢવામાં આવ્યા નથી. ભલે આપણી પાસે આંકડા ન હોય પણ દાક્તરો કહે છે કે, ઇસ્પિતાલોમાં બાકીના બીજા બધા કેસો માટે કુલ જેટલા ખાટલા જોઈએ તેટલા ખાટલા માનસિક રોગના દરદીઓ જ એકલા આજકાલ રોકે છે. અને કેવળ યંત્રો ઉપર કામ કરનારામાં માનસિક રોગ વધ્યા છે એમ નથી. યંત્રયુગને લીધે આખા સમાજ ઉપર જે અસર થઈ છે તેથી પણ માનસિક રોગનું પ્રમાણ વધ્યું છે. ઘણા માનસિક રોગો તો બેકારીને લીધે થાય છે, અને બેકારી એ આ યંત્રયુગનું સીધું અને મોટું પરિણામ છે. બેકાર માણસ ઘેર બેઠો બેઠો જ ચિંતાથી એટલો તવાઈ જાય છે કે તેનું મગજ નબળું પડી જાય છે. એટલે આ પરિણામ પ્રત્યક્ષ કરતાં પરોક્ષ વધારે છે. સુધરેલા દેશોમાં આત્મહત્યાનું પ્રમાણ તો દિન પ્રતિદિન વધતું જ જાય છે, તે પણ માનસિક નબળાઈને લીધે જ છે.

યંત્રોથી જ માનસિક રોગ વધતા હોય કે ન હોય પણ મનને જડ કરી નાખવાનો યંત્રનો સ્વભાવ તો છે જ, એ વસ્તુની કોઈ ના પાડી શકે એમ નથી. જેમ માણસને બુદ્ધિ ચલાવવાની ઓછી જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે અથવા બિલકુલ જરૂર જ ન પડે તેમ એ યંત્ર વધારે સુધારાવાળું એમ મનાય છે.

ફ્રેડરિક ડબ્લ્યુ. ટેલર કહે છે: (મેન ઍન્ડ મશીન્સ પા. ૧૫૮)

"કોઈ પણ કારખાનામાં ઉત્તમ અથવા આદર્શ વ્યવસ્થા એ ગણાય કે કામ એટલું બધું સાદું અને અને સરળ કરી નાખવામાં આવે કે કેળવાયેલા ગોરીલાથી પણ તે થઈ શકે."

ડૉ. હરમાન ફ્રેન્ક એવા અભિપ્રાયનો છે કે: (એ જ પુસ્તક પા. ૧૫૮)

"કારખાનામાં ઘણા કામદારોનો મનોવિકાસ રોકાઈ જાય છે અને તેમનું વ્યક્તિત્વ નાશ પામતું જાય છે. નિર્ણયશક્તિ, હૈયાઉકલત અને આપઅક્કલ — એને તો ઇરાદાપૂર્વક મારી નાખવામાં આવે છે. કામદારને સંચા ઉપર એકની એક ક્રિયા એવી રીતે સતત કર્યા જ કરવાની હોય છે કે, જૂના વખતના હલેસાં મારનાર ગુલામો (ગૅલી-સ્લેવ્સ)ના કામ જેવું તે કંટાળાભરેલું થઈ પડે છે, અને કામદારોની હોશિયારી, વિવેકબુદ્ધિ અને જવાબદારીની વૃત્તિ તેથી મરી જાય છે."

પણ હેન્રી ફ્રૉર્ડ તો આ વસ્તુસ્થિતિ જુદી જ દૃષ્ટિએ નિહાળે છે. તે કહે છે: (એ જ પુસ્તક પા. ૧૫૮)

"કામદારને એકની એક જ ક્રિયા સતત કરવી પડે એ તો ખાસ જરૂરનું છે, કારણ તેમ ન થાય તો ટેવ પડી જવાથી અનાયાસે જે ઝડપ આવી જાય છે અને જેને લીધે વધારે રોજી આપવા છતાં વસ્તુની કિંમતમાં ઘટાડો કરી શકાય છે તે બની શકે નહિ. આપણાં કારખાનાંમાં કેટલાંક કામ અતિશય એકધારાં અને કંટાળાભરેલાં છે ખરાં, પણ કેટલાક માણસો એવા પણ હોય છે જેઓ એવાં એકધારાં કામો જ કરી શકે. ઘણાં માણસોને વિચાર કરવાની તસ્દી લીધા વિના આજીવિકા મેળવવી હોય છે. એવાં માણસોને તો જેમાં બુદ્ધિ ન ચલાવવાની હોય એવાં કામ આશીર્વાદ સમાન છે. અમારે તો બુદ્ધિવાળા માણસોની ઘણીયે જરૂર છે, પણ બુદ્ધિવાળા માણસો લાંબો વખત એકની એક ક્રિયા એકસરખી કર્યા જ કરવાની હોય એવાં કામમાં રહેતા જ નથી. અમારાં કારખાનાંમાંના ઘણાં વરસના અનુભવમાં અમને તો એમ જણાયું નથી કે એકની એક ક્રિયા એકસરખી કર્યા કરવાથી માણસને નુકસાન થતું હોય. ઊલટું, વિવિધતાવાળાં કામો કરનારા કામદારો કરતાં આવા કામદારોનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે. અને જો માણસને કામ અનુકૂળ ન આવતું હોય તો તે કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ છોડી દે. પણ અમારાં કારખાનાંમાં બે ટકા માણસો જ કામની ફેરબદલી કરે છે."

'જો માણસને કામ અનુકૂળ ન આવતું હોય તો છોડી દે' એમ કહેવું તો સાવ સહેલું છે. ફૉર્ડના પોતાના કારખાનામાં કામની ફેરબદલી કરવાની અનુકૂળતા પણ કદાચ હશે. પરંતુ જ્યાં વિકલ્પ ન ગમતું કામ કરવાનો અથવા ભૂખે મરવાનો હોય ત્યાં કામદાર શું કરી શકે? અને જેણે લાંબા વખત સુધી એક જ જાતનું કામ કર્યાં કીધું હોય તેને બીજું કામ આવડે પણ ક્યાંથી?

યુનાઇટેડ સ્ટેટ્સના ફેડરલ ઍન્ડ સ્ટેટ લેબર ડિપાર્ટમેંટ્સે કેટલીક વીમા કંપનીઓના સહકારથી ન્યૂયૉર્કનાં કારખાનાંમાં થતા અકસ્માતો સંબંધી તપાસ કરી હતી. ગોરીલા જેટલા જ માનસિક વિકાસવાળાં માણસો એકસરખું અને જેમાં અક્કલ ચલાવવાની ન હોય તેવું કામ કરવાથી સુખી સ્થિતિમાં રહેતાં હશે, એવી કલ્પના કરી રખેને આપણે રાજી થઈએ તેટલા માટે તેમણે ચેતવણી આપી છે કે:

"એકસરખાં કર્યાં કરવાનાં કામનો કંટાળો એ ઘણી જીવલેણ ભૂલોને માટે જવાબદાર છે. જે પુરુષો તથા સ્ત્રીઓને આવાં એકસરખાં કામ સોંપવામાં આવે તે તેમાં રહેલા કંટાળાનો બોજો ઝીલી શકે એવાં છે કે કેમ તેની ખાતરી માલિકોએ કરી લેવી જોઈએ."

ડેટ્રૉઇટ (ફૉર્ડનાં કારખાનાંવાળું શહેર)ના મજૂરોની સ્થિતિનું પૃથક્કરણ કરતાં આર. એલ. ક્રુડન એવા નિર્ણય ઉપર આવે છે કે:

"એકસરખા કામના કંટાળાથી કામદારના માનસને કદાચ નુકસાન નહિ પહોંચતું હોય, પણ માણસમાં નવું કામ ઉપાડવાની જે સૂઝ હોય તેને તો એ ગૂંગળાવી જ નાખે છે. તેની અસર આપણા ઉદ્યોગોના વિકાસ ઉપર પણ પડ્યા વિના રહેવાની નથી જ. ચપળ બુદ્ધિવાળા ઘણા માણસોએ એમ જણાવ્યું છે કે આઠ કલાકના કારખાનાના કામ પછી તેઓ વાંચવાનું કે વિચારવાનું કામ કરી શકતા નથી."

આવાં એકધારાં કામ માણસમાં જડતા આણે છે તેનો એક પુરાવો એ પણ છે કે કારખાનાની ધમાલમાં કામ કર્યા પછી દિલ બહલાવવા માટે કોઈ શાંત કે સૌમ્ય મનોરંજન તેમને આકર્ષી શકતું નથી. લાગણીઓને ખૂબ ઉત્તેજિત કરી શકે એવી વસ્તુઓ — જોરદાર નાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ્યપાન, જેથી મન અને હૃદય ખળભળી ઊઠે એવા સિનેમાના દેખાવો અથવા મારી મૂકેલી મોટરમાં ફરવું — આવું જ કાંઈ તેમનાં દિલને આસાએશ આપી શકે છે.

કામદારોને થતા શારીરિક અને માનસિક નુકસાન ઉપરાંત, અમુક ધંધા કરવાને કારણે તેમની સામાજિક વૃત્તિઓ બુઠ્ઠી થઈ જાય છે એ નુકસાન બહુ ભારે છે. સાર્વજનિક કાર્યોમાં ભાગ લેવાનું તેમને મન જ થતું નથી, અને એ રીતે તેઓ સમાજને બોજારૂપ થઈ પડતા હોઈ સમાજમાં સ્વતંત્ર પ્રજાજન તરીકે તેમની પ્રતિષ્ઠા રહેતી નથી.

પણ કેટલાક એવી દલીલ કરે છે કે કારખાનાંમાં કંટાળાભરેલી એક જ ક્રિયા કરવાને લીધે જે માનસિક જડતા આવી જાય છે તેનો બદલો, જ્યારે યંત્રોથી થતા વધુ ઉત્પાદનને લીધે કામદારને ઓછા કલાક કામ કરવાનું થશે અને નવરાશનો વખત કેળવણી અને સંસ્કારિતા મેળવવામાં તે ગાળી શકશે ત્યારે તેને મળી રહેશે. મજૂરને બજારી વસ્તુના જેવો ન ગણતાં, તેને માનવ અધિકારો આપવામાં આવે, અને કારખાનાં નફાને માટે નહિ પણ સમાજના હિતને અર્થે ચલાવવામાં આવે તો એવો સંભવ પણ છે કે મજૂરે જે ગુમાવ્યું છે તે કરતાં તે વધુ મેળવે. પણ બીજી તરફથી એવું બનવાનો સંભવ વધારે પ્રબળ છે કે કારખાનાનું કામ કામદારની કેળવણી તથા સંસ્કારિતા મેળવવાની અને નિર્દોષ મનોરંજનથી ચિત્તને પ્રફુલ્લિત કરવાની તેની શક્તિ જ કુંઠિત કરી નાખે. આ વિષે આર્થર પેન્ટી પોતાના 'પોસ્ટ–ઇંડસ્ટ્રિયાલિઝમ' નામના પુસ્તકમાં લખે છે :

"સાચા આનંદનું મૂળ ખરી મહેનતમાં રહેલું છે. મહેનત જો ખરાબ પ્રકારની હોય તો તેની અસર ત્યાર પછીની નવરાશ ઉપર પડે જ છે. માણસને નવરાશનો ઉપયોગ કરવાની ખોટી જ રીતો સૂઝે છે કારણ માણસ જ્યારે યંત્ર જેવો બની જાય છે, અથવા તો એવી મહેનત તેને કરવાની આવે છે જેમાંથી તેને આનંદ કે તૃપ્તિ નથી મળતી, ત્યારે તેના જીવનનો ઝરો જ કલુષિત થાય છે. કારણ માણસના જીવનનો બહુ મહત્ત્વનો ભાગ એ તેનો ધંધો અથવા તેનું કામ છે. કામના કલાક ઓછા કરીને ચાર કે છ કરવામાં આવે તેથી કશું વળવાનું નથી. કામના પ્રકારને લીધે જે કલુષિતતા જીવનમાં આવવાની તે તો આવવાની જ. કારખાનાંમાં એવી પરિસ્થિતિ પ્રવર્તે છે કે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ સારો રહી જ નથી શકતો. એક પ્રકારનું ચાંચલ્ય અથવા ધાંધલિયાપણું તેના જીવનમાં પેસી જાય છે, જેની અસરથી તેની બધી જ નૈસર્ગિક વૃત્તિઓ બગડી જાય છે. તેને હંમેશાં કંઈક ધમાલની, ઉત્તેજનાની, ખળભળાટની વાંછના રહ્યાં કરે છે. જ્યાં સુધી તેનામાં શક્તિ અને જોમ હોય છે ત્યાં સુધી તો તેની આ ધમાલ માટેની વાસના જુગાર, મદ્યપાન અને દુરાચારનું રૂપ લે છે. પરંતુ પોતાના કામમાંથી નીપજતા થાકને લીધે તેની શક્તિ ઉત્તરોત્તર ક્ષીણ થતી જાય છે. પછી જાતે કશી પ્રવૃત્તિ કરીને તે આનંદ મેળવી શકતો નથી. પણ કોઈ તેને આનંદ કરાવે એટલી જ તેની વાસના રહે છે. છેવટે તે સિનેમાનો આશ્રય લે છે. આનંદવિનોદના બધા પ્રકારોમાં આ એક એવો છે જે તેમાંથી આનંદ મેળવનારમાં ઓછામાં ઓછી શક્તિ અને બુદ્ધિની અપેક્ષા રાખે છે. લાંબે ગાળે એટલે એકબે પેઢી પછી તો એવી સ્થિતિ આવી રહે છે કે સંચા ઉપર કામ કરનારમાં સંચા મારફત જ આનંદવિનોદ મેળવવાની માગ ઊભી થાય છે. અને એમ જ બને. કારણ, સંસ્કારિતા એ સમસ્ત જીવનથી નિરપેક્ષ એવી કોઈ વસ્તુ નથી. ભૂતકાળની મહાન સંસ્કૃતિઓ માણસની રોજની પ્રવૃત્તિના સજીવ અંગરૂપ હતી. લોકોની ઊંચા પ્રકારની મહેનતમાંથી એ નિર્માણ થઈ હતી. અને એ સંસ્કૃતિ પાછી માણસના મન ઉપર એવી રીતે અસર પાડતી કે તેમાંથી જીવનમાં વધારે ઉચ્ચ આદર્શો પ્રગટ થતા . . . માણસનું રોજનું કામ જે સંસ્કારિતાને છિન્નભિન્ન કરી નાખે એ સંસ્કારિતા કેવળ કેળવણીના સાધનથી આણવી અશક્ય છે. તેથી જ આધુનિક સંસ્કૃતિમાં એક નાનો વર્ગ અને બાકીનો એક મોટો વર્ગ, એ બેની વચ્ચે અપાર અંતર પડ્યું છે. જીવનને સંસ્કારિતા સાથે જોડનારી સાંકળો જ તૂટી ગઈ છે, અને માણસ જ્યાં સુધી યંત્રનો ગુલામ રહેશે ત્યાં સુધી એ ફરી સંધાઈ શકાવાની નથી.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

કળાકૌશલ્ય ઉપર અસર

યંત્રોના આક્રમણથી દુનિયામાં બધેથી કળાકૌશલ્ય ઓછું થતું જાય છે એમ ઘણા કળાકોવિદોનું માનવું છે. પ્રાચીન કળાધરો અને કારીગરોનો વર્ગ આજે કંગાલ દશામાં છે, તથા પાયમાલ થઈ રહ્યો છે, એ તો નરી આંખે જોઈ શકાય છે. વણકર, સોની, કંસારા, રંગારા, સુથાર, લુહાર, સલાટ, શિલ્પી, ભરતગૂંથણ કરનારા અને બીજા વિવિધ પ્રકારનું નકશીકામ કરનારા એ સૌને યંત્રોની હરીફાઈને કારણે પ્રથમ તો પોતાની વસ્તુઓના ભાવ ઘટાડવા પડ્યા. એટલેથીયે હરીફાઈમાં ટકાયું નહીં એટલે કોઈ પણ રીતે ગુજરાન જોગું મેળવવા તેમણે પોતે તેમ જ તેમની સ્ત્રીઓ અને બાળકોએ તનતોડ વૈતરું કરવા માંડ્યું. સવારે વહેલાં ઊઠી મોડી રાત સુધી કામ કરવા માંડ્યું. છતાં તેમનું ન ચાલ્યું. તેમના બનાવેલા માલ માટે માગ જ ન રહી એટલે ભૂખે મરી તેઓએ ધંધો છોડ્યો. આપણા વણકર, કુંભાર, કંસારા, છીપા, સલાટ, શિલ્પી એમના હસ્તકૌશલ્યનો યંત્રોને પરિણામે જે નાશ થઈ રહ્યો છે તે યંત્રોનું માઠામાં માઠું પરિણામ છે. એ કળાકારીગરી એક વાર દુનિયામાંથી ગયા પછી તેના પુનર્જીવન માટે કશો ઉપાય રહેવાનો નથી. પરંતુ આની સામે યંત્રવાદીઓ કહે છે કે, જૂની ઢબના હસ્તકૌશલ્યનો નાશ થયો હોય તો પણ, તેને સ્થાને યંત્રોને લીધે નવી ઢબનું હસ્તકૌશલ્ય આવે છે ને? મોટાં એંજિનો અને યંત્રોની યોજના વિચારી કાઢવી, તેના જુદા જુદા ભાગને બરાબર ગોઠવી યંત્રો ઊભાં કરવાં, યંત્રમાં કાંઈ ખામી રહી હોય તો તે શોધી કાઢીને સુધારવી, યંત્રનું સમારકામ કરવું એ બધામાં કાંઈ ઓછા કૌશલ્યની જરૂર પડતી નથી. અને કળાની વાત કરતા હો તો અત્યારની સુંદર, મજબૂત અને ભારે સગવડોવાળી આગબોટો તથા સુશોભિત મોટરકારો યંત્રો દ્વારા જ બને છેને? તેની યોજનામાં, તેના ઘાટમાં, તેના શણગારમાં કળા નથી હોતી શું? નવી ઢબના સુશોભિત બંગલાઓ જુઓ. તેમાંનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિમેંટ કૉંક્રીટનું કામ, તેમાંના બનાવટી પથ્થરો, લોખંડનાં ચોકઠાં, નવી ઢબની છતો, સુંદર બારીબારણાં એ બધામાં કળાકૌશલ્ય નથી શું? યંત્રશાસ્ત્રીઓનો તો એવો દાવો છે કે યંત્રવિદ્યાનો બરાબર વિકાસ થવા દો, પછી સ્થાપત્ય તથા યોજનાની વિવિધતા તેમ જ તરેહ તરેહની ભાતો એ બાબતમાં ઘણી નવી નવી કળાઓ તે નિર્માણ કરશે.

યંત્રશાસ્ત્રીઓની આ વાત માની લઈએ તો પણ આ હકીકત તો રહે જ છે કે નવીન યોજના અથવા શોધ કરવાના કામમાં તેમ જ જેમાં ખાસ કૌશલ્યની અપેક્ષા હોય એવાં યંત્ર ઉપરનાં કામમાં બહુ થોડાં માણસો રોકાય છે. મોટા જનસમુદાયને તો સંચો ચાલુ કરી તેના ઉપર ઊભા જ રહેવાનું હોય છે, અને તેમાં કશી ભારે આવડતની જરૂર નથી હોતી. એવા કામદારમાં તો મૂળનું કાંઈ કે કૌશલ્ય હોય તો સંચા ઉપર એકધારું કામ કરતાં તે મરી જાય છે. હાથસાળ ઉપર કામ કરનાર વણકરમાં જે કળાકૌશલ્ય હોય છે તેમાંનું કશુંયે શું યંત્રસાળ ચલાવનાર બાઈ કે છોકરામાં હોય ખરું? લહિયામાં જે કળા કે કૌશલ્ય હોય તેની અપેક્ષા ટાઇપિસ્ટમાં રાખી શકાય ખરી?

હા, કેટલાંક યંત્રો એવાં હોય છે ખરાં જે ચલાવવામાં ખાસ કૌશલ્યની આવશ્યકતા હોય છે. એંજિન ડ્રાઇવર, મોટર હાંકનાર, વિમાન ચલાવનાર, અધ્ધર રહેતી ઊંચી સીડી ઉપર ચઢીને ત્યાં ઊભો ઊભો કામ કરનાર — એ લોકોમાં ભારે ચપળતા અને ખબરદારી જોઈએ. તેમના કામમાં જોખમ પણ ઘણું હોવાથી એક પ્રકારની સાહસવૃત્તિ અને બહાદુરી પણ તેમનામાં કેળવાય છે.

એટલે યંત્રની કળાકૌશલ્ય ઉપર થતી અસર નક્કી કરવામાં યંત્રો અને ઓજારો વચ્ચેનો ભેદ પાડવામાં જે સિદ્ધાન્ત આપણે લાગુ પાડ્યો હતો તે સિદ્ધાંત લાગુ પાડી શકાય. જ્યાં કામદારને યંત્રને આધીન રહેવાનું હોય છે ત્યાં તેનું કૌશલ્ય માર્યું જાય છે. જ્યાં કામદારને યંત્ર ઉપર કાબૂ રાખવાનો હોય છે ત્યાં તેનું કૌશલ્ય ટકી રહે છે અને કેટલીક વાર વધે પણ છે. પણ હકીકત એ છે કે યંત્ર ઉપરનાં કામોમાં કૌશલ્યને મારી ન નાખે એવાં કામો બહુ થોડાં હોય છે. જેમ જેમ યંત્રનો વિકાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો જાય છે તેમ તેમ બુદ્ધિ ચલાવ્યા વિના જડવત્ કામ કરવાનું વધતું જાય છે. મકાન બાંધકામનો દાખલો લઈએ. આ કામ એવું છે કે તેમાં યંત્રને ઓછામાં ઓછો અવકાશ હોય. છતાં મકાનને લગતા એટલા બધા ભાગો યંત્ર દ્વારા બનેલા તૈયાર આવવા માંડ્યાં છે — બારીબારણાંનાં ચોકઠાં, ભાતભાતની છતો, લાદીઓ, કઠેરા વગેરે — કે કડિયા અને સુથારને તો કારખાનામાંથી આવતા તૈયાર ભાગોને જોડવાનું કામ જ કરવાનું રહે છે.

પણ ધારો કે આ બધું યંત્રો દ્વારા બનાવતાં પણ કામદારનું કૌશલ્ય સચવાઈ રહેલું હોય, તો પણ આ નવા યંત્રકારીગર અને જૂના હાથ-કારીગરના કૌશલ્યમાં બહુ મોટો તફાવત છે. નવો યંત્રકારીગર વસ્તુનો એક ભાગ જ બનાવવાની ક્રિયામાં કુશળ થાય છે, જ્યારે જૂનો હાથકારીગર એ વસ્તુના બધા ભાગ બનાવી જાણતો. એક જ પેટાક્રિયામાં નિષ્ણાત થયેલા માણસની બુદ્ધિનો સર્વાંગી વિકાસ નથી થતો અને તેને વ્યવહારમાં ઘણી વાર અપંગતા અનુભવવી પડે છે. પોતાના યંત્ર કે ઓજારની મદદથી એક જ ક્રિયા તે બહુ જ ઝડપથી અને સફાઈથી કરી શકે, પણ યંત્ર ઉપલબ્ધ ન હોય ત્યારે એનું કશું જ ચાલી શકતું નથી. પોતાની આસ-પાસની કુદરતી પરિસ્થિતિમાંથી સાધનો ઊભાં કરી પોતાની જરૂરિયાતો નિપજાવી લેવાની માણસની શક્તિનો આ યંત્રયુગમાં છેક જ હ્રાસ થઈ ગયો છે. એક લેખક કહે છે કે મેફ્લાવર વહાણમાં અમેરિકાને કિનારે ઊતરેલાં સો માણસોનો દાખલો આ બાબતમાં બહુ વિચારવા જેવો છે. તેઓ ત્યાં જઈ એકદમ એક સ્વયંસંપૂર્ણ સમાજની સ્થાપના કરી શક્યાં અને પોતાની સાથે આણેલી સંસ્કૃતિને ત્યાં વિકસાવી. આજે તમે દુકાનદારો, ટાઇપિસ્ટો, વકીલો, દાકતરો, મિલકામદારો, કારકુનો, દલાલો, મોટર ગૅરેજવાળાઓ — એવા બધા સોએક માણસનું ટોળું જંગલી પણ ફળદ્રુપ કિનારા ઉપર ઉતારો. એમ જ લાગે છે કે એ બધા દુઃખી દુઃખી થઈ જાય. આ કારણે જ ઑસ્ટિન ફ્રીમેન બહુ જોરપૂર્વક કહે છે કે, હાથકારીગરી ગુમાવી બેસીને, વિપુલ સાધનસામગ્રી વિના કુદરતી પરિસ્થિતિ સામે ટકી રહેવાની અને તેના ઉપર વિજય મેળવવાની શક્તિ ગુમાવી બેસીને, માણસજાત અપંગ બનતી જાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યત્વમાં ઊતરતી થતી જાય છે, આપણી ઇન્દ્રિયોની શક્તિનો હ્રાસ થતો જાય છે.

વળી હાથકારીગરના અને યંત્રકારીગરના કામમાં જે તફાવત રહેલો છે તેની બન્નેના માનસ ઉપર જે અસર થાય છે તે વધારે મહત્ત્વની છે; જૂનો હાથકારીગર પોતાના કૌશલ્યથી તૈયાર થતી વસ્તુ આખી પોતાની નજર સામે જોઈ શકતો. પોતાના કામમાંથી જ તે એક પ્રકારની તૃપ્તિ અનુભવતો. પરંતુ યંત્ર દ્વારા માલ તૈયાર કરવાની પદ્ધતિ જ એવી છે કે તે તૈયાર કરવામાં ભાગ લેનાર કારીગર ઉત્પન્ન થયેલી વસ્તુ મહિનાઓ સુધી ન જોઈ શકે અથવા બિલકુલ ન જોઈ શકે. એવું પણ બને કે જેમાં ભારે કારીગરીની જરૂર હોય એવું કામ તેને કરવાનું હોય, પણ તે એક આખી વસ્તુનો બહુ નાનો ભાગ હોય; એટલે તે જ્યારે કામ કરતો હોય ત્યારે આખી વસ્તુનું સમગ્ર ચિત્ર તેની આંખ સામે ન હોય, તેમ આખી વસ્તુમાં પોતે બનાવેલો ભાગ ક્યાં ગોઠવાય છે તેની પણ તેને ખબર ન હોય. આમ પોતાના કામનું ફળ જોવાથી મળતી તૃપ્તિ તેને બહુ મોડી મળે છે અથવા મળતી જ નથી. કામ અને તેના ફળનું જે મનોગત ઐક્ય પહેલાંના ધંધાઓમાં રહેતું તેનો યંત્રે વિચ્છેદ કરી નાખ્યો છે. વળી હાથકારીગરીથી ચાલતી પહેલાંની ઉત્પાદન–પદ્ધતિમાં મહેનત, આરામ, કળાનો આનંદ, પોતાની મહેનતનું ફળ પ્રત્યક્ષ થતાં અનુભવાતી તૃપ્તિ, એ બધાનો જે સુયોગ હતો તે કામદારના જીવન-વિકાસમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવતો. પણ આજે તો દરેક કામદારને એક જ પેટાક્રિયામાં નિષ્ણાત થવાનું હોવાને લીધે અને કાયમ એક જ પ્રકારનું કામ કર્યા કરવાનું હોવાને લીધે એ લાભ તેને મળતો નથી.

એ જ રીતે સંચા ઉપર કામ કરનારો કારીગર જ્યારે દૂરના બજાર માટે, એ વસ્તુ વાપરનાર કોણ હશે તે વિષે કશું જાણ્યા કર્યા વિના, નક્કી કરેલાં બીબાંની અથવા ઘાટની વસ્તુ બનાવ્યે જાય છે ત્યારે પોતાના કામમાં કશો રસ લેવાપણું તેને હોતું નથી. પણ વસ્તુ વરદી મુજબ બનાવવાની હોય, વરદી આપનાર ઘરાકે પોતાની વિશેષ અભિરુચિ પ્રમાણે વસ્તુ અમુક ઘાટની અથવા ઢબની બનાવવાની સૂચના આપી હોય અને કારીગરને ખબર હોય કે પોતાની કળાની કદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવાની છે ત્યારે એને એ વસ્તુ બનાવવામાં જે ઉત્સાહ અને આનંદ રહે છે તે યંત્ર-કારીગરને હરગિજ મળી શકતો નથી. આ બાબતમાં હોબ્સન નામના લેખકના 'વર્ક ઍન્ડ વેલ્થ' નામના પુસ્તકમાંથી (પા. ૭૫-૭૬) નીચેના ફકરા અહીં નોંધવા જેવા છે:

"જે ઘરાકો પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસવા ઇચ્છતા નથી અને પોતે કેવાં કપડાં પહેરવાં, કેવા ઘરમાં રહેવું, કેવું ફર્નિચર વાપરવું તથા કેવો માલ ખરીદવો એની ખાસ અભિરુચિ અને આગ્રહવાળા હોય છે, તેઓને કદી યાંત્રિક મજૂરી દ્વારા થયેલાં કામોથી સંતોષ થતો નથી. કારીગર અમુક પ્રકારનું કૌશલ્ય બતાવે, ચીવટ રાખે, ખાસ અભિરુચિ દર્શાવે અને પોતાનો વિવેક પણ વાપરે ત્યારે સંસ્કારી ઘરાકની લાગણી સંતોષાય છે. એનો અર્થ એ થયો કે તેમને યાંત્રિક મજૂરની મજૂરી નથી ખપતી, પણ કારીગરનું કૌશલ્ય જોઈએ છે. કળાના સંપૂર્ણ અર્થમાં એ કૌશલ્ય સર્જનાત્મક ન પણ હોય છતાં પોતાની અભિરુચિ પ્રમાણે પસંદગીનાં અને કાંઈક નવીન નિર્માણ કરવાની વૃત્તિનાં ખાસ તત્ત્વો તેમાં રહેલાં જ હોય છે.

"ઘરાકના સંસ્કારી વ્યક્તિત્વમાંથી તેને માટે શ્રમ કરનારમાં પણ એ જાતનું વ્યક્તિત્વ ખીલે છે. શ્રમને કારણે માણસને જે ઘસારો પહોંચે તે ઓછો કરવામાં આ વસ્તુ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. આજનાં કારખાનાંઓમાં બનતા બહુ ઓછી જાતના માલમાં કારીગરના આવા વ્યક્તિત્વને ખીલવનારાં તત્ત્વો હોય છે."

યંત્ર-ઉદ્યોગોએ બહેનોના જીવન ઉપર જે અસર પાડી છે તે પણ વિચારવા જેવી છે. ઘરગથ્થુ જરૂરિયાતની મોટા ભાગની ચીજો હવે કારખાનામાં બનેલી તૈયાર મળે છે. પહેલાં ઘરના વાપરની તથા શણગારની નાનીમોટી લગભગ બધી જ વસ્તુઓ બહેનો ઘરમાં બનાવી લેતી. બજારમાંથી તૈયાર વસ્તુઓ આવતાં બહેનોનું આ કૌશલ્ય નાશ પામ્યું છે અને તેમના જીવનમાં એક જાતનું ખાલીપણું આવી ગયું છે. આ સ્થિતિ ખાસ કરીને ખાધેપીધે સુખી એવી મધ્યમ વર્ગની સ્ત્રીઓની થઈ છે. એ વર્ગની અસંખ્ય બહેનો આજે કામકાજ વિનાની અને વધારાપડતી નવરાશને લીધે કજિયાળુ અને કુથલીખોર સ્વભાવની બનતી જાય છે. આની સામે એમ કહી શકાય કે આ વર્ગની સ્ત્રીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરકામમાંથી વખત મળે એટલે સાર્વજનિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો તથા બીજો ધંધો કરવાનો તેમને અવકાશ મળે. પણ પોતાને મળતી નવરાશનો આવો લાભ લેનારી સ્ત્રીઓની સંખ્યા, આપણા દેશમાં જ નહિ, પણ આખી દુનિયામાં હજુ બહુ નાની છે. જેમને વાંચતાં આવડે છે તે બહુ બહુ તો નવલકથાઓ અને વાર્તાઓ વાંચ્યાં કરે છે. એકંદરે પોતાની આવડત હોશિયારી ગુમાવીને અપંગ અને નવરી બનેલી સ્ત્રીઓની સંખ્યા બહુ મોટી છે.

યંત્રો દ્વારા આજે બનતી તરેહ તરેહવાર વસ્તુઓમાં કળાકાર અથવા કારીગરની કુશળતા નથી હોતી, તેનાં આંગળાંની ચપળતાને તેમાં ભાગ ભજવવાનો નથી હોતો એ ખરું, છતાં યંત્રોને લીધે એટલી બધી જાત જાતની વસ્તુઓ તૈયાર થાય છે કે લોકોને માટે તે વાપરવામાં પસંદગીનું ક્ષેત્ર વિશાળ થયું છે અને એ રીતે લોકોનાં શોખ અને અભિરુચિઓ કેળવાય છે, એવો દાવો એક તરફથી કરવામાં આવે છે. બીજી તરફથી એમ પણ કહેવામાં આવે છે કે, એક જ ઢબના માલની જાહેરાતનું તથા અમુક એક ઢબની અભિરુચિ અને અભિપ્રાયો કેળવનારું છાપેલું સાહિત્ય મોટા જથામાં બહાર પડતું હોવાથી, આખી દુનિયામાં વિવિધતા તૂટતી જાય છે અને એક પ્રકારની એકરૂપતા આવવા માંડી છે. આખી દુનિયામાં રીતભાત, પહેરવેશ, ફેશન — એ બધામાં જાણે એકતા આવવા માંડી છે. પરંતુ આ એક-રૂપતા ઝાઝો સમય ટકતી નથી. અમુક એક કાળે આખી દુનિયામાં એક પ્રકારની એકરૂપતા જોવામાં આવે, પણ થોડા જ સમય પછી વળી પાછી અભિરુચિ અને ફેશન બદલાઈ જાય અને બદલાય ત્યારે આખા જગતની બદલાય. આખી દુનિયામાં બીજા પ્રકારની એકરૂપતા આવી જાય. પણ અભિરુચિ અને ફેશનના વારંવાર થતા આવા ફેરફારથી વસ્તુઓનો બગાડ બહુ થાય છે. જે ફેશન ચાલુ થાય એ ફેશનનો માલ ચાલુ કારખાનાં પૂરો ન પાડી શકે એટલે તે બનાવવા નવાં કારખાનાં ઊભાં થાય. પણ એ નવાં કારખાનાં માંડ ચાલુ થયાં હોય એટલામાં તો જૂનાં કારખાનાંવાળા જેમણે ઠીક કમાઈ લીધું હોય તેઓ ફેશન બદલે. ફેશનની આમ વખતોવખત થતી ફેરબદલીથી કારખાનાંવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા દુકાનદારો પાયમાલ થઈ જાય છે અને લોકો પાસે પણ જૂની થયેલી ફેશનનો માલ પડ્યો રહે છે તે નકામો જાય છે.

આ નવા યંત્રમય સુધારાએ હિંદુસ્તાનની કળા અને કારીગરી ઉપર કેવી અસર કરી છે તે વિષે ડૉ. આનંદકુમાર સ્વામીના 'આર્ટ ઍન્ડ સ્વદેશી' એ નામના પુસ્તકમાંથી કેટલાંક વચનો ટાંકી આ ચર્ચા આપણે સંકેલીશું: -

"તમારી ચોતરફ દૃષ્ટિ નાખો અને અર્વાચીન હિંદમાં આવેલી અસંસ્કારિતાનો વિચાર કરો. સુશોભિત બેડાંનું સ્થાન ઘાસલેટના ડબાએ લીધું છે. ટિનનાં પતરાં આપણાં ઘરોને છાઈ રહ્યાં છે. વિદેશી પોશાકની કઢંગી અનુકૃતિઓ આપણાં શરીરને પીડી રહી છે. કાંઈક પોલીસની ચાલીઓ જેવાં અને કાંઈક ગામ બહાર બાંધેલા સરકારી બંગલા જેવાં વિચિત્ર ઘરોમાં આપણે રહીએ છીએ. યુરોપની દરિયાકિનારાની હોટેલોમાં હોય તેવાં કાચનાં ઝુમ્મરો, આરસપહાણને બદલે ચળકતી લાદીઓ, અને પત્રો તથા પુષ્પોને બદલે કાગળનાં બનાવટી ફૂલો આપણાં દેવસ્થાનોનો શણગાર થઈ રહ્યાં છે. સંગીત તરફનો આપણો પ્રેમ અને ભક્તિ હારમોનિયમ અને ગ્રામોફોન દ્વારા વ્યક્ત થાય છે. આ બધી વસ્તુઓ આપણા અંતરમાં પ્રવેશ પામેલા કોઈ મહાન રોગનું સૂચક છે." (પા. ૩)

"દેશી કારીગરીના નાશનું અને તેના પુનરુજ્જીવનમાં પડતી અડચણનું મુખ્ય કારણ એ છે કે આપણામાં કળાની સાચી સમજ જ રહી નથી. હિંદી સંગીતની આપણે અવગણના કરી એટલે વંશપરંપરાથી વાદ્યો બનાવવામાં રોકાયેલા કુશળ કારીગરો આજે ભૂખે મરે છે. સંગીતશાસ્ત્રીઓનો તો કોઈ ભાવ જ પૂછતું નથી. વીસ લાખ રૂપિયાનાં પરદેશી વાદ્યોની આપણે દર વરસે આયાત કરીએ છીએ. આનાથી દેશને બેવડું નુકસાન થાય છે, અર્થનું તેમ જ કળાનું. આપણે કેવળ પૈસા જ ગુમાવતા નથી, પણ વાદ્યો બનાવવાની શક્તિવાળા નિપુણ કળાનાયકો પણ ગુમાવીએ છીએ. હિંદુસ્તાનમાં એક કરોડ રૂપિયાનાં ગ્રામોફોન અને હારમોનિયમ ખરીદવાની શક્તિ હોય તો પણ આ કીમતી માનવશક્તિનું નુકસાન તો રહેવાનું જ." (પા. ૪-૫)

"આ જ સ્થિતિ આપણા વણકરોની છે. દેશી રંગો અને ભાતોની ખૂબી લોકો સમજતા નથી, અને તેથી તેને ચહાતા પણ નથી. પરિણામે વણકરોનો ધંધો ભાંગી પડ્યો છે, અને તેમને દેશના ૭૦ ટકા માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમાંથી પોતાનું અડધું પેટ ભરે છે એવા ખેતીના ધંધામાં જ અથવા બીજા ધંધામાં ભીડ કરવી પડે છે. જે ઉત્તમ કારીગરી હાથની સાળ ઉપર થઈ શકે છે તે કદી પણ સંચાઓથી બની શકે નહિ. પણ આપણે આ વાત સમજી શકતા નથી, અને માત્ર ટૂંકી નજરવાળી અર્થનીતિથી દોરાઈએ છીએ. પોતાના ઘરમાં, કુટુંબીઓની વચ્ચે અને તેમની મદદથી કામ કરનાર સાળવીને પાયમાલ કરી રાક્ષસી શક્તિથી ચાલતાં યંત્રો ઉપર કુમળાં બાળકો પાસે અનારોગ્ય વાતાવરણમાં સખત મજૂરીનાં કામ કરાવવા આપણે તૈયાર થઈએ છીએ, અને એમ કરી મેન્ચેસ્ટરનાં બધાં અનિષ્ટો આપણા દેશમાં લાવીએ છીએ. ઇંગ્લંડની સ્થિતિ વિષે કહેવાય છે તે સાંભળો: 'છ સૈકા પહેલાં આખા ઇંગ્લંડ અને વેલ્સમાં જેટલાં માણસો રહેતાં તેટલાં આજે માત્ર તેનાં મોટાં શહેરોમાં ભરાયાં છે! તેમની સ્થિતિ વધારે ખરાબ છે. તેમનાં ઘરો વધારે અંધારાં અને ગંદાં છે. તેમનું ભાવિ મધ્યકાલીન ગરીબમાં ગરીબ ખેડૂત અને હલકામાં હલકા મજૂર કરતાંયે વધારે નિરાશાજનક છે.' આપણને સાંભળીને આશ્ચર્ય થશે કે ઇંગ્લંડના દસમા ભાગના વતનીઓ કારખાનાંમાં, કેદખાનાંમાં કે પાગલખાનાંમાં મરી જાય છે." (પા. ૫-૬)

"એક વખત મિરઝાપુરની શેતરંજીઓ તેના પાકા સુંદર રંગને માટે મશહૂર હતી. પણ આજે તે હલકા રંગ અને હલકી બનાવટ માટે વખોડાય છે. આ એનીલાઈન રંગોને અને પરદેશી નમૂનાઓને જ આભારી છે. માત્ર થોડાં વરસ ઉપર જ જે ધંધો પુષ્કળ ખીલે એવી આશા હતી તે આજે પડી ભાંગ્યો છે. લોકોના શોખમાં ફેરફાર થવાથી અને ખરી કળા સમજવાની શક્તિ નાશ પામવાથી હજારો લોકોના પેટ પર પગ પડ્યો છે..." (પા. ૬)

"સોંઘાપણાની હરીફાઈ હિંદી પ્રજાનો આત્મા હણી લેશે. કારણ કે કળા વિનાનો ઉદ્યમ એ કેવળ પશુતા છે..." (પા. ૭)

"વળી અર્થલાભનો વિચાર આખા રાષ્ટ્રની દૃષ્ટિએ કરીએ તો લાંબો વખત ટકનારી થોડી વસ્તુઓ, જલદી નાશ પામનારી ઘણી વસ્તુઓ કરતાં હજાર ગણી સસ્તી છે. પાંચસો વરસ ટકે એવું મકાન બાંધનાર કારીગર પચાસ વરસમાં ભાંગી પડે એવા મકાન બાંધનાર કરતાં રાષ્ટ્રની સંપત્તિમાં વિશેષ ઉમેરો કરે છે. તે જ પ્રમાણે બેત્રણ પેઢીઓ ટકી શકે એવું કાપડ વણનાર વણકર હરહમેશ નવું નવું કાપડ લેવડાવનાર વણકર કરતાં પોતાના દેશને વધારે ફાયદો કરે છે. આપણે બહુ વસ્તુઓ વાપરતા થઈએ તેમાં કાંઈ સુધારો નથી. જે વાપરીએ તે ઊંચી જાતનું અને સુંદર હોય એમાં સુધારો છે." (પા. ૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

મજૂરીનો બચાવ કે બગાડ

યંત્રોનો મોટામાં મોટો દાવો એ છે કે તેની મદદથી ઘણા માણસોનું કામ થોડા માણસો કરી શકે છે. મજૂરી બચાવનારાં આ યંત્રો સાચેસાચ કેટલી મજૂરી બચાવે છે તે તપાસીએ.

મજૂરીનો બચાવ કરીને યંત્રો માણસોને કાયમને માટે અથવા કેટલાક વખતને માટે, પૂરેપૂરા અથવા ઓછાવત્તા પ્રમાણમાં કામધંધા વિનાના કરી મૂકે છે તે આપણે જોઈ ગયા છીએ. જ્યારે યંત્રોથી આટલી ભયંકર બેકારી થતી હોય, ત્યારે તેને લીધે થોડીઘણી મજૂરીનો બચાવ થતો હોય તેને આખા સમાજની દૃષ્ટિએ લાભ શી રીતે કહી શકાય? બેકાર થયેલાં માણસોને રોટલો મેળવવા માટે જે હાડમારી ભોગવવી પડે છે, બેકારી દરમ્યાન જે માનસિક વ્યથા અનુભવવી પડે છે અને એક કામમાંથી બીજા કામમાં ગોઠવાતાં જે હાલાકી વેઠવી પડે છે તે જો ગણતરીમાં લઈએ તો મજૂરીમાં થયેલો પેલો બચાવ તો ક્યાંય તણાઈ જાય છે. મહેનત ખરી રીતે બચી તો ત્યારે કહેવાય જ્યારે એને પરિણામે કામદારોને વધારે આરામ મળતો હોય, વધારે શાંતિ મળતી હોય, વધારે નિરાંત અને સલામતી મળતી હોય અને સંસ્કારી જીવન ગાળવાની વધારે તકો મળતી હોય. આ કસોટીએ આ પ્રશ્નનો આપણે વિચાર કરીએ તો યંત્રયુગની પહેલાં કામદારોને જે આરામ અને આસાએશ મળતાં તેમાં આટઆટલાં યંત્રોએ આવીને છાંટાભાર વધારો કે સુધારો કર્યો નથી.

યંત્રો બહુ બહુ તો એટલું કરી શકે કે અત્યારે આપણે જેટલી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેટલી વસ્તુઓ અડધા સમયમાં ઉત્પન્ન કરી શકે, અથવા અત્યારે કરવામાં આવે છે એટલો ને એટલો સમય કામ કરવામાં આવે તો બમણી વસ્તુ ઉત્પન્ન થાય. પણ તેનો લાભ સમાજને ત્યારે જ મળે જ્યારે આખી અર્થવ્યવસ્થા સમાજના બધા જ વર્ગોના કલ્યાણની દૃષ્ટિએ રચાય. પણ આજે તો યંત્રોએ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન વધાર્યું છે તે એશઆરામની અને ભોગવિલાસની ચીજોનું જ વધાર્યું છે. તેનો ઉપભોગ બહુ થોડા માણસો કરે છે અને તે ઉત્પન્ન કરવાનો બોજો ઘણા માણસો ઉપર પડે છે. બાકી બહુજનસમાજ માટે ખોરાકની, કપડાંની અને રહેવાનાં ઘરની વ્યવસ્થામાં તો સુધારો થવાને બદલે ઠીક ઠીક બગાડો થયો છે.

યંત્ર મારફત ઉત્પાદન કરવામાં દસ માણસની જગ્યાએ એક માણસથી ચાલે એ વાત સાચી માનીએ, પણ યંત્રોત્પાદન માટે જે ભારે ખટાટોપ ઊભો કરવો પડે છે તેમાં ખર્ચાતી મજૂરીનો પણ સાથે સાથે વિચાર કરવો જ જોઈએ. યંત્રો, બોઇલરો તથા એંજિનો બનાવવામાં, તેમાં વપરાતો કોલસો અથવા તેલ લાવવામાં, તથા તેનાં કારખાનાં માટે મોટાં મકાનો બાંધવામાં, તથા તેની મરામત કરી હમેશાં તેને સારી સ્થિતિમાં રાખવામાં ઠીક ઠીક મજૂરી ખર્ચાય છે. પહેલાં માણસનું રહેવાનું અને કામ કરવાનું મકાન એક રહેતું. આજે રહેવાનું મકાન અલગ અને કારખાનાનું અથવા ઑફિસનું મકાન અલગ, એમ બેવડાં મકાન બાંધવાં પડે છે.

મોટા ઉત્પાદકો એકબીજાની હરીફાઈમાં પોતાનો માલ ખપાવવા નવી નવી ફૅશનો સમાજમાં દાખલ કર્યે જ જાય છે. એ ફૅશનનો પ્રચાર કરવા તેઓ અઢળક ધન ખર્ચે છે. અને અમુક નવી ફૅશન સમાજમાં દાખલ થઈ અને લોકોની અભિરુચિ બદલાઈ એટલે જૂનો બધો માલ કારખાનાંની ગોદામમાં અથવા વેપારીની દુકાનમાં પડ્યો પડ્યો સડી જાય છે. વળી નવી ફૅશનના માલ માટે નવા સંચા અને નવાં કારખાનાં ઊભાં કરતાં જૂનાં કારખાનાં નકામાં પડે છે, અને તેની પાછળ ખર્ચાયેલી વસ્તુઓ તથા મજૂરી નકામી જાય છે.

યંત્રોત્પાદનનો બીજો એક મોટો બોજો આધુનિક શહેરોની રચના અને વ્યવસ્થાનો છે. આજકાલ શહેરોની વસ્તી અને તેના વિસ્તાર વધ્યે જ જાય છે. શહેરી જીવનની અસરો વિષે તો આગળ વિચાર કરીશું. અહીં તો એટલું જ જણાવીશું કે શહેરની સગવડ માટે કેટલીક મહેનત એવી ખર્ચવી પડે છે જે ગામડાંમાં ખર્ચવાની જ નથી હોતી. મોટાં શહેરો માટે પાણી કેટલાયે માઈલો દૂરથી આણવાનું હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરમાંનું ગંદું પાણી અને બીજો કચરો કેટલાયે માઈલો દૂર પહોંચાડવાનો હોય છે. તે ઉપરાંત સડકો, પુલો, ટ્રામો, મોટરબસો, લોકલ ટ્રેનો, દીવાબત્તી વગેરે માટે પુષ્કળ મજૂરી ખર્ચવી પડે છે. શહેરોમાં મકાનોનું બાંધકામ તો જાણે ચાલુ જ હોય છે. જૂનાં મકાનો તોડી પાડી નવાં મકાનો બંધાતાં જ હોય છે. જરૂરિયાત વધતાં રસ્તા પહોળા કરવા માટે પણ મકાનો તોડી પાડવાં પડે છે. શહેરોની જરૂરિયાતો પૂરી પાડનારી આ બધી વ્યવસ્થાને લીધે શહેરમાં રહેનારા લોકોને ઓછા શ્રમે કેટલીક સગવડો મળે છે એ વાત સાચી છે. પણ શહેરના નિભાવ માટેના કુલ શ્રમની જો ગણતરી કરીએ તો ગામડાંમાં રહેનારી એટલી જ વસ્તીની જરૂરિયાતો માટે જે શ્રમ વપરાય તે કરતાં શહેરની વસ્તી માટે અનેકગણો વધારે શ્રમ વપરાય છે. ગામડાં કરતાં શહેરમાં રહેણીનું ખર્ચ વધારે આવે છે તે ઉપરથી આ વધારાના શ્રમનો અંદાજ આપણે કાઢી શકીએ.

વળી આપણા જીવનમાં યંત્રની મદદ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ જીવન વધુ ને વધુ કૃત્રિમ અને સુંવાળું થતું જાય છે. યંત્રોની મદદથી થતા ઉત્પાદનમાં જે મજૂરી બચે છે તેનો દુરુપયોગ કેટલીક નાહકની વધારી મૂકેલી જરૂરિયાતો અને પ્રવૃત્તિઓમાં આપણે કરીએ છીએ. ગામડાં કરતાં શહેરમાં લોકોને કમાણી કાંઈક વધારે થાય છે, પણ બીજી તરફથી આગગાડીનાં તથા મોટરબસોનાં અને ટ્રામનાં ભાડાંમાં, તાર અને ટપાલના ખર્ચમાં, ઘરભાડાં તથા કરવેરા ભરવામાં, સિનેમા તથા નાટકતમાશામાં, હોટેલો તથા દવાદારૂમાં એટલું બધું ખર્ચ થઈ જાય છે કે જીવનને આવશ્યક પોષણ માટેના, જેવા કે દૂધ, ઘી, સ્વચ્છ ખોરાક, હવાઅજવાળાવાળાં સુઘડ ઘર વગેરેના ખર્ચ ઉપર મોટો કાપ મૂકવો પડે છે અને પરિણામે જીવનને ઘસારો વધારે પહોંચે છે.

યંત્રોત્પાદન માટે કેટલીક વધારાની ક્રિયાઓ કરવી પડે છે, જે નાના પાયા ઉપર ચાલતા ઉત્પાદનમાં હોતી જ નથી, તેની હવે આપણે ગણતરી કરીશું. કાચો માલ ભેગો કરવો, ભરી રાખવો, માલના ઉત્પન્નની જગ્યાએથી રેલવે કે વહાણ મારફત કારખાનામાં પહોંચાડવો, તેમ કરવા સારુ તે પૅક કરવો, કારખાનામાં વળી પાછું એ પૅકિંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોડવું, પૅકિંગ કરતાં તથા સ્થાનાન્તર કરતાં તેમાં દાખલ થયેલો કચરો સાફ કરવો તથા માલ ઉપર બીજી કાંઈ માઠી અસર થઈ હોય તો તે કાઢી નાખવી, તેમાંથી બનેલા તૈયાર માલનો સંગ્રહ કરી રાખવો, કાચા તેમ જ તૈયાર માલનો આગ, ચોરી તથા બીજી નુકસાની સામે વીમો ઉતરાવવો, તે જ પ્રમાણે સંચા અને મકાનોનો આગ સામે વીમો ઉતરાવવો, તૈયાર માલ ઘરાકને ત્યાં પહોંચાડવા માટે કાચા માલને એકઠો કરી કારખાનામાં લાવતાં જે ક્રિયાઓ કરી હતી તે બધી પાછી ફરી કરવી, માલની જાહેરાત કરવી, દલાલો, જથાબંધ વેપારીઓ, આડતિયાઓ તથા છૂટક વેચનારાઓ મારફત તે વેચવાની વ્યવસ્થા કરવી, તેને લગતી નાણાંની લેવડદેવડ માટે શરાફી પેઢીઓ તથા બેંકો ચલાવવી — આ બધી ક્રિયાઓમાં જે શ્રમ ખર્ચાય છે તે ગણતરીમાં લઈએ તો માલૂમ પડશે કે કેવળ ઉત્પાદનમાં થતી મજૂરીની બચતનો બહુ મોટો ભાગ આ ખાઈ જાય છે. આ ઉપરાંત સ્થાનાન્તર કરવાને લીધે, માલ ભરી મૂકવાને લીધે તથા વચગાળાના વેપારીઓના દગાને લીધે માલને સુધારી ન શકાય તેવું નુકસાન થાય છે તે તો જુદું જ.

આ બધાં ખરચ છતાં આપણે માની લઈએ કે હાથના ઉત્પાદન કરતાં યંત્રના ઉત્પાદનમાં એકંદરે ઓછે ખરચે માલ બનાવી શકાય છે. રેંટિયા ઉપર કાંતેલા સૂતરના હાથસાળ ઉપર વણેલા એક વાર કાપડ કરતાં મિલમાં વણેલા એક વાર કાપડની કિંમત હમેશાં જ સસ્તી પડે એમ પણ માની લઈએ. પણ એ ત્યારે જ બને જ્યારે કાપડ મોટા જથામાં પેદા કરવામાં આવે. બાકી મિલમાં થોડા જથામાં કાપડ બનાવવા જશો તો તે હાથે બનાવેલા કાપડ કરતાં મોંઘું પડશે. યંત્ર ઉપર તો જેમ માલ વધારે જથાબંધ બનાવવામાં આવે તેમ કિંમત ઓછી પડે. અને સમાજને એટલા બધા માલની સ્વાભાવિક જરૂરિયાત ન હોય તો પછી ખોટીખરી જાહેરાત દ્વારા, ચતુર અને લલચાવનારા વિક્રેતા (સેલ્સમૅન) તથા ફેરિયાઓ દ્વારા અને બીજી એવી અનેક યુક્તિપ્રયુક્તિઓ કરીને માલ લોકોના ગળામાં ઘાલવાની તદબીરો રચવી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ક્રિયા કેવી રીતે થાય છે તે સ્પષ્ટ કરવા મિ. જે. આર. સ્પ્રેગ નામના લેખકે બારણું ઠોકવા માટે લગાડવાનાં પિત્તળનાં કડાંનું એક દૃષ્ટાંત કલ્પ્યું છે. એક આવાં કડાં બનાવનારો ઘાટીલાં, સુંદર અને મજબૂત કડાં બનાવનાર તરીકે એટલા પ્રદેશમાં બહુ પંકાયેલો હતો. તે રોજનાં વીસ કડાં બનાવી શકતો. એક કડે તેને એક ડૉલર ખરચ લાગતું અને બે ડૉલરે તે વેચતો. ત્યાં એક કારખાનાવાળો આવી પહોંચ્યો. તેણે પોતાના કારખાનામાં જથ્થાબંધ કડાં બનાવવાની વ્યવસ્થા કરી અને પેલા હાથકારીગરને પોતાના કારખાનામાં રોકી લીધો. તેણે એક કડાનું પડતર ખરચ એક ડૉલર ઉપરથી ઉતારીને અડધા ડૉલર ઉપર આણ્યું. પણ તેના કારખાનામાં કડાંનું ઉત્પાદન રોજના એક હજારનું હતું અને એટલાં કડાં સ્થાનિક બજારમાં રોજ વેચાય તેમ નહોતું. એટલે આખા દેશમાં બધે પોતાનાં કડાં વેચવાની તેણે વ્યવસ્થા કરવા માંડી. આખા દેશમાં તેણે જાહેરાત કરી, પોતાનાં કડાં વેચનારા આડતિયાઓ અને ફેરિયાઓ રાખ્યા, એ કડાંના ગુણ અને લાભ વિષે ભાષણ કરનારાઓ અને ઘેર ઘેર ફરી પ્રચાર કરનારાઓ રાખ્યા, એ કડાંના પ્રદર્શનો ગોઠવ્યાં અને છેવટે રાષ્ટ્રીય કડાં સપ્તાહ પણ ગોઠવ્યું. આ બધી ઉત્સાહયુક્ત પ્રવૃત્તિ પાછળ તેણે ભારે ખરચ કર્યું, અને બધો હિસાબ કરતાં કંપનીને લાગ્યું કે એક એક કડું ચાર ચાર ડૉલરની કિંમતે વેચવામાં આવે તો જ પોસાય. પણ ચાર ડૉલરની કિંમત લોકોને બહુ ભારે પડી અને કડાંનો ઉપાડ થયો નહિ એટલે કંપની ફડચામાં ગઈ. ('મેન ઍન્ડ મશીન્સ' પા. ૧૯૯-૨૦૦.)

આ દાખલો તો કલ્પિત છે. પણ એક કારખાનાદારે અમેરિકાના 'આટલાન્ટિક' પત્રમાં પોતાનો જાતઅનુભવ આપ્યો છે. પોતાના કારખાનામાં ૧૯૨૬માં એક દાગીનો બનાવતાં બધો હિસાબ ગણતાં એક મજૂરની ૪૦ મિનિટ જેટલો વખત લાગતો. દાગીનાનું નામ તેણે નથી આપ્યું. ૧૯૨૮માં એ જ દાગીનો ૨૦ મિનિટ જેટલી મજૂરીમાં તૈયાર થવા માંડ્યો. પણ તેના હરીફો તેથીયે ઓછા વખતમાં એ વસ્તુ તૈયાર કરવા લાગ્યા. એટલે તેની વેચાણવ્યવસ્થાનું ખરચ બમણું વધ્યું અને પરિણામે તેને નુકસાનમાં ઊતરવું પડ્યું. પોતાનો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ ટાંકી તે એવા નિર્ણય ઉપર આવે છે કે હાલમાં ઉત્પાદનનું પ્રમાણ હદબહાર વધી ગયું છે. અને લોકો ઘણીયે બિનજરૂરી વસ્તુઓ વાપરતા થઈ ગયા છે. બીજી તરફથી બેકારીનું પ્રમાણ વધતું જ જાય છે. આપણી આખી આર્થિક ઇમારતને તૂટી પડતી બચાવવી હોય તો માણસ પોતાની ખેતી અને ગૃહઉદ્યોગો કરી સ્વયંસંપૂર્ણ થાય એ જ ઉત્તમ ઇલાજ છે.

માલ ખપાવવા માટે જાહેરાત, આડત વગેરેનાં ખર્ચ થાય છે તે ઉપરાંત તેને આકર્ષક બનાવવા સારુ જે મોટાં ખર્ચ થાય છે તેની તો અવધિ છે. હજામત કરવા માટેના સાબુની ગોટી અથવા લગડી એવી ડબ્બીઓમાં મૂકેલી આવે છે, જે ડબ્બીની કિંમત સાબુ કરતાં વધારે હોય અને સાબુ ખલાસ થઈ જાય એટલે એ ડબ્બી નકામી. સુગંધીદાર વેસેલીન જે ફેન્સી શીશીઓમાં ભરવામાં આવે છે તે શીશીની કિંમત અંદરના વેસેલીન કરતાં કેટલીયે ગણી વધારે હોય છે. આજકાલ પુષ્કળ ખપતી પેટન્ટ દવાઓનું પણ આવું જ છે. ઉપરના મોહક પૅકિંગ અને આકર્ષક શીશીની કિંમત જેટલી અંદરની દવાની કિંમત ભાગ્યે જ હોય છે. મોટા જથ્થામાં માલ ખપાવવા માટે આ બધી ટાપટીપ અને ભભકા પાછળ જે ખર્ચ થાય છે તે ખરું જોતાં એક મોટો બગાડ જ છે.

મહેનતમજૂરી બચાવનારાં સાધનો પણ સાચે જ કેટલી મહેનત-મજૂરી બચાવે છે, એ તપાસવા જેવું છે. મોટરનો દાખલો લઈએ. એ તો મહેનત તેમ જ વખત બચાવનારી જ વસ્તુ છે ને? પણ મોટર ટ્રકો બાદ કરીએ તો મોટરબસો અને ટૅક્સીઓનો લગભગ બેતૃતીયાંશ વપરાશ તો નકામો જ હોય છે. મોટર ન શોધાઈ હોત તો એ વપરાશ ન થયો હોત અને છતાં કામ અને આરામ અત્યારના જેટલાં જ મળ્યાં હોત. ગાડીમાં બેસીને દૂર ફરવા જવું, મિત્રોની મુલાકાતો લેવી, શહેરમાંથી પરામાં જવું અને ધીમે ધીમે વધુ દૂરના પરામાં જવું, આ આ બધું મોટરોને લીધે વધી પડયું છે. ધંધા અથવા ઉપયોગી અને જરૂરી કામને અંગે મોટરોનો ઉપયોગ થાય છે ખરો, પણ કામ માટે થાય છે તે કરતાં કામ ન હોવાને લીધે જે નવરાશ હોય છે તે ગમે તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી ગાળી નાખવા માટે મોટરનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે. આખા દિવસનું ઉપયોગી અને પૂરતું કામ કરનાર પોતાનું કામ પૂરું કરી રહ્યા પછી આરામ અથવા સહેલ માટે મોટરમાં ફરે એ ઠીક ગણીએ, પણ મોટરની એવી હકની સહેલ ભોગવનારા તો બહુ ઓછા હોય છે. મોટરોનો વધારે ઉપયોગ તો આયતારામો જ કરે છે. અને મોટર પાછળ તેની ગૅરેજો બાંધવી, ટાયરો બદલવાં, પેટ્રોલનો ધુમાડો કરવો, રસ્તા સારા રાખવા, મોટરો સાફ રાખવી અને સમારવી, એ બધાંનો બોજો મહેનતમજૂરી કરનાર વર્ગ ઉપર પડે છે. વળી મોટરની સહેલગાહો પણ મજૂરી કરનારા લોકોની મદદ વિના તો ગોઠવી જ નથી શકાતી.

ખોરાક, કપડાં અને આશ્રય એ જીવનાધાર વસ્તુઓ સૌને આવશ્યક પ્રમાણમાં મળતી થાય તેમાં યંત્ર જે કાંઈ ફાળો આપે તે આપણે આવકારપાત્ર ગણીએ, પણ તે સિવાયની પ્રવૃત્તિઓ માટે આજે જે નવી નવી તદબીરો રચાય છે તેને તો મોટરોની પાછળ થતા મજૂરીના બગાડની દલીલ ઘણે અંશે લાગુ પાડી શકાય એમ છે. રેડિયો, સિનેમા, ફોનોગ્રાફ, સિગરેટ, જાતજાતનાં કોસ્મેટિક, પાર વિનાની ચોપડીઓ અને છાપાં, એ બધાનાં ઉત્પાદનમાં જે સુધારો અને વધારો થયો છે તેનું જો બરાબર ઊંડા ઊતરીને પૃથક્કરણ કરીએ તો તેથી દુનિયાના મજૂરવર્ગ ઉપરનો બોજો વધેલો જ દેખાશે. મિ. સ્ટૂઅર્ટ ચેઝ તો કહે છે કે ટેલિફોનથી પણ મહેનતમજૂરી બચી છે કે કેમ એ શંકાસ્પદ છે. ટેલિફોનથી એક તરફથી તમે જેટલી મિનિટો બચાવો છો તેટલી જ બીજી તરફથી વધારે વિસ્તારમાં ગાંડાની માફક દોડધામ કરીને ગુમાવો છો.

એટલે બધી બાબતો જો બરાબર ગણતરીમાં લઈએ તો યંત્રો મારફત થતા ઉત્પાદનમાં એવી મજૂરી ભાગ્યે જ કશી બચે છે કે જેથી આખા જનસમાજ ઉપરનો બોજો ઓછો થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

કુદરતી સંપત્તિનો બગાડ

મજૂરી બચાવનારાં યંત્રો મજૂરીનો બચાવ કરવાને બદલે, એકંદરે જોતાં મજૂરીનો અને માલનો કેવો બગાડ કરે છે તે આપણે જોઈ ગયા. તે કરતાં પણ કુદરતી સાધનસંપત્તિનો જે ઝડપથી અને ગાંડી રીતે એ બગાડ કરી રહ્યાં છે તે તો ભયંકર છે. છેલ્લાં પંદરવીસ વરસમાં આપણે જેટલું તેલ વાપરી નાખ્યું છે તેટલું લાખો વરસ પહેલાં પૃથ્વીના પેટાળમાં તેનો સંચય થવા લાગ્યો ત્યારથી તે આજ સુધીમાં અગાઉ કદી વપરાયું ન હતું. માનવ ઇતિહાસના આરંભથી તે ઓગણીસમી સદીના અંત સુધીમાં જેટલું ખનિજ વપરાયું હશે તે કરતાં વધારે ખનિજ આપણે છેલ્લાં ચાળીસ વરસમાં વાપરી નાખ્યું છે.

આમાંનું અડધોઅડધ તો પૃથ્વીમાંથી કાઢતાં જ બગડ્યું છે, બીજો બહુ મોટો ભાગ તેને ઉપયોગમાં લેતાં વેડફાયો છે, અને બાકીનું પ્રત્યક્ષ ઉપયોગમાં જેટલું લેવાયું છે તેમાંનો પણ ઘણો મોટો ભાગ આપણે જોઈ ગયા તેમ નિરર્થક પ્રવૃત્તિઓમાં તથા વધારાની અને ઝાઝી ઉપયોગી નહિ એવી વસ્તુઓની બનાવટમાં વપરાયો છે. વરાળયંત્રની શોધ થઈ ત્યાં સુધી કુદરતની સાધનસંપત્તિના ભંડારના વ્યાજમાંથી જ માણસ પોતાનો નિર્વાહ કરતો આવ્યો હતો; પણ સને ૧૮૦૦ પછી તો પશ્ચિમની બધી જ પ્રજાઓએ ઉડાઉ દીકરાની માફક કુદરતની મૂડી ઉપર લૂંટ ચલાવવા માંડી છે.

કુદરતી સંપત્તિનો આ બગાડ કેટલો ભયંકર છે તેનો આપણને બરાબર ખ્યાલ આવે તે માટે તેના બે પ્રકાર આપણે સમજી લેવા જોઈએ: (૧) લઈ લીધા પછી ફરી પેદા થાય તેવી ચીજો, જેવી કે લાકડું; અને (૨) જેટલી લીધી તેટલી કાયમને માટે ઓછી થાય એવી ચીજો, જેવી કે ત્રાંબું અથવા લોઢું. આપણે જે વસ્તુઓનો બગાડ કરી રહ્યા છીએ તે વસ્તુઓનો બીજો એક પ્રકાર પણ આપણે સમજી લેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. પથ્થર, માટી વગેરે પદાર્થો એવા છે કે જે આપણને જોઈએ તેટલા જથ્થામાં મળી શકે છે, જ્યારે તેલ અને કોલસા જેવા પદાર્થોનો જથ્થો મર્યાદિત છે. યંત્રોનો મુખ્ય આધાર તેલ અને કોલસા ઉપર છે કારણ યંત્રોને ચલાવવા માટે જોઈતી શક્તિ તેલ અને કોલસામાંથી ઉત્પન્ન કરી શકાય છે. અને પશ્ચિમની પ્રજાઓ પાસેનો તેલ અને કોલસો એ બંનેનો જથ્થો ધીમે ધીમે ઘટતો જાય છે.

યુનાઇટેડ સ્ટેટ્સની પેટ્રોલિયમ કન્ઝર્વેશન બોર્ડે સને ૧૯૨૭માં જાહેર કર્યું હતું કે, તેલના નવા કૂવાની શોધ ન થાય અથવા અત્યારે જે પ્રમાણમાં યુનાઇટેડ સ્ટેટ્સ તેલ વાપરે છે તેના પ્રમાણમાં મોટો ઘટાડો તે ન કરે તો છ વરસમાં તેલ ખલાસ થઈ જશે. પરંતુ આ કહેવાયા પછી તેલના થોડાક નવા કૂવા જડ્યા છે, એટલે હજી કામ ચાલે છે. બીજો એક અંદાજ એવો છે કે યુનાઇટેડ સ્ટેટ્સનું તેલ પંદર કે વીસ વરસમાં ખલાસ થઈ જશે. બીજા દેશોમાં તેલના કૂવા ખોદાયા વિનાના પડ્યા છે ખરા, પણ અત્યારે જે દરે તેલ વપરાય છે તે દરે આવતી પેઢીને તેલની તંગી પડે તો નવાઈ જેવું નથી. અત્યારે દુનિયામાં અડધોઅડધ યંત્રો તેલના બળથી ચાલે છે. અને આપણી તેલ કાઢવાની પદ્ધતિ એવી છે કે તેલનું એક પીપ આપણા હાથમાં આવે તેટલામાં નવ પીપ તેલનો આપણે બગાડ કરીએ છીએ.

યંત્રના બધા ભાગો તેલથી બરાબર ચોપડાયેલા ન રહે તો તે ચાલે જ નહિ. પેટ્રોલિયમમાંથી સંચામાં પૂરવાનાં જે તેલો બને છે તેના ઉપર અત્યારનાં બધાં જ કારખાનાંનો આધાર છે. ખનિજ તેલોની અવેજીમાં તેટલા પ્રમાણમાં બીજાં તેલો સંચામાં પૂરવા માટે મળી શકે તેમ નથી. વનસ્પતિનાં તેલો વાપરવામાં આવે તો તે પેદા કરવા માટે એટલા બધા એકર જમીન રોકવી પડે કે પછી માણસના અને ઢોરના ખોરાક માટે બૂમ પડે.

પૃથ્વીના પેટાળમાં કોલસાની ખોટ નથી. પરંતુ કોલસા કોલસામાંયે ફેર છે. સારો ઉપયોગમાં આવે એવો કોલસો મેળવતાં વધુ ને વધુ મુશ્કેલી પડતી જાય છે. ઇંગ્લંડની ઘણી ખાણો તો એટલી ઊંડી ગઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાપાંઓમાં ચાળીસથી પંચોતેર ટકા જેટલી જગ્યા જાહેરખબરો રોકે છે. 'ન્યૂયૉર્ક ટાઇમ્સ' પત્રમાં હમેશ ૭૫ ટકા જેટલી જગ્યા જાહેરખબરો રોકે છે. ન્યૂયૉર્કના એક છાપામાં કાગળ માટે લાકડાનો જેટલો માવો જોઈએ તે માટે દર વરસે બે હજાર એકર જંગલ સાફ થઈ જાય છે. એવી પણ ગણતરી કાઢવામાં આવી છે કે ટપાલમાં જેટલી વસ્તુઓ પડે છે તેમાંનો ૮૦ ટકા ભાગ જાહેરખબરના સાહિત્યનો હોય છે. આમાંનો મોટો ભાગ વંચાયા વિના કચરાની ટોપલીમાં જ પડતો હશે. સને ૧૯૨૩માં એક કંપનીએ એક કરોડ વીસ લાખ ડૉલર જાહેરખબરોમાં ખર્ચ્યા હતા. તે જ વરસમાં એક ઇન્વેસ્ટમેન્ટ બૅન્કર્સ ઍસોસિયેશને ચાર કરોડ ડૉલર ખર્ચ્યા હતા."

આપણે જમીનનો જે કસ ચૂસી રહ્યા છીએ તે તેમાં ખાતર નાખીને અથવા તેને વાસલ રાખીને ફરી પાછો દાખલ કરી શકાય ખરો. પણ કપાસ તથા તમાકુ જેવા પાક તો જમીનમાંથી ખૂબ જ કસ ચૂસી લે છે. જે. રસલ સ્મિથ અમેરિકા વિષે કહે છે કે, "આપણે દુનિયાના બીજા દેશો કરતાં જમીનનો કસ વધારે લૂંટી રહ્યા છીએ અને તેમ કરીને આર્થિક પાયમાલીને નોતરી રહ્યા છીએ."

"જો કોઈ પણ સંસ્કૃતિ ચિરસ્થાયી થવા માગતી હોય તો તેણે પોતાની શક્તિનાં જમાઉધાર પાસાં સરખાં કરતાં શીખવું જ જોઈએ. અર્થાત જળ, વાયુ કે સૂર્યના અખૂટ શક્તિભંડારમાંથી દર વર્ષે જેટલી મેળવી શકાય તેટલી જ શક્તિ તેણે ખર્ચવી જોઈએ." ('ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર,' પા. ૨૪૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

માલમાં બગાડો તથા દગો

આપણે જોઈ ગયા છીએ કે યંત્રો મારફત બનાવવામાં આવતા માલમાં બહુ મોટો ભાગ તો વધારે પડતો અને નકામો હોય છે. આ ઉપરાંત યંત્રોત્પાદનનું બીજું ખરાબ પરિણામ એ આવ્યું છે કે માલની જાત ઉત્તરોત્તર હલકી થતી જાય છે. તેમાં અનિયંત્રિત હરીફાઈ એ મોટું કારણ તો છે જ. બીજું કારણ એ પણ છે કે અજાણ્યા ઘરાકને તથા અજાણ્યા બજારને માટે માલ તૈયાર કરનાર કારખાનાવાળાની દૃષ્ટિ અને ઓળખીતા ઘરાકની વરદી પ્રમાણે અથવા સ્થાનિક અને જાણીતા બજાર માટે માલ તૈયાર કરનાર કારીગરની દૃષ્ટિ, એ બે વચ્ચે ઘણો ફેર છે. કારખાનાવાળો જાતે કશી વસ્તુ બનાવતો નથી. એ તો કાચો માલ ખરીદ કરી મજૂરોને રોકી તેમની પાસે માલ તૈયાર કરાવી વેચનારો છે. એની મુખ્ય દૃષ્ટિ માલ ખપે છે કે કેમ તે જ જોવાની રહે છે. કારીગરને તો પોતાની કળા કે પોતાનો હાથ લજવાશે એની ચિંતા હોય છે, તેણે પોતાના પરિચિત ઘરાકને જવાબ આપવાનો હોય છે. કારખાનાવાળાને તો જ્યાં સુધી પોતાનો માલ બજારમાં વેચાયાં કરે ત્યાં સુધી માલની જાતની ફિકર રહેતી નથી. જ્યાં સુધી ઘરાક માલ ખરીદ કરતો બંધ ન થાય ત્યાં સુધી વસ્તુને સસ્તી કરી તેની ખપત વધારવા માટે અને તેમ કરી વધુ નફો મેળવવા માટે પોતાના માલની જાત તે ઉતારતો જ જાય છે. સારો માલ બનાવનારને આવા સસ્તા માલની હરીફાઈ કરવાનું પોસાતું નથી. એટલે તેને પણ પોતાના માલની જાત બગાડવી પડે છે. તેમ ન કરે તો તેને કારખાનું બંધ કરવાનો વખત આવે. એનું પરિણામ એ આવે છે કે બજારમાં સારો માલ આવતો જ બંધ થઈ જાય છે. ઘરાકને તો બજારમાં જે માલ આવે તેથી જ ચલાવી લેવું પડે છે. વળી માલ સસ્તો હોય એટલે ઘણી વાર તો હલકો માલ પણ તે હોંશે હોંશે લઈ જાય છે. એક વેપારીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સભા (ઍડ્વર્ટાઇઝિંગ ક્લબ) આગળ કહેલું કે, 'અમારી નીતિ પ્રથમ માલને આકર્ષક બનાવવાની, પછી તેને સસ્તો બનાવવાની અને છેલ્લે તેની જાતનો વિચાર કરવાની' હોય છે. અને આ વાક્યમાં કેવળ એ એક વેપારીનો જ નહિ પણ આખી વેપારી આલમનો મનોભાવ પ્રગટ થાય છે. આખું ધોરણ જ જ્યાં આવું હોય ત્યાં સારો, ટકાઉ, વિશેષ સગવડવાળો અને અસલી માલ બજારમાંથી હડતાઈ જાય અને તેનું સ્થાન તકલાદી, ખરાબ, નકલી અને નુકસાન કરનારો માલ લે તેમાં શી નવાઈ? ગમે તેટલા પૈસા ખર્ચતાં પણ બજારમાં ટકાઉ અને ચોખ્ખો માલ ન મળે એવી સ્થિતિ આવી ગઈ છે. તેથીયે વિશેષ નુકસાન તો એ થયું કે અત્યારના સુધરેલા માણસોના નિરક્ષર વડવાઓમાં માલની જાત, ટકાઉપણું અને અસલીપણા વિષે જે ઊંચી અભિરુચિ હતી તે આજના ભણેલા લોકોમાં પણ જોવામાં આવતી નથી. આંખને આંજી નાખે એવી જાહેરખબરો, મોહક પૅકિંગ અને વેચનારાઓની અનેક પ્રકારની લલચાવનારી યુક્તિપ્રયુક્તિઓ સાથે વિવિધ પ્રકારનો માલ તેમની સામે ગોઠવાયેલો હોય છે. વિવિધ દિશામાં ખેંચતી હજારો જાહેરખબરો જોઈને જ એ તો મૂંઝાઈ જાય છે. જેમ જેમ વાંચે તેમ તેમ તે વધારે ભુલાવામાં પડે છે. દરેક જાહેરખબર બીજાના નકલી અને તકલાદી અથવા હલકા માલથી ચેતતા રહેવાનું સૂચવે છે.

ખાવાની વસ્તુઓમાં તો ભેળ પાર વગરનો વધી ગયો છે. આપણા દેશમાં તો કોઈ પણ શહેરમાં અને હવે તો ગામડામાં પણ ઘી અને દૂધ ચોખ્ખાં મળી શકતાં નથી. તેલમાં પણ ભેળ થાય છે અને અનાજને બદલે બજારમાંથી આટો લાવવાનું વધતું જાય છે તેમ તેમાં પણ ભેળ થવા માંડ્યો છે. ટિનના ડબામાં પૅક થઈને આવતાં વિલાયતી બિસ્કિટ, મુરબ્બા વગેરેને આપણે ચોખ્ખાં માનીએ છીએ. પણ દાક્તરો તો કહે છે કે ટિનના ડબ્બા માંહેનો ખોરાક આંતરડાંને અને પાચનશક્તિને બગાડી નાખે એવો હોય છે.

ખાવાના માલમાં વેપારીઓ કેટલો ભેળ કરે છે તેનો ખ્યાલ ઇંગ્લંડની અદાલતમાં ચાલેલા એક કેસમાં પ્રગટ થયેલી નીચેની હકીકત ઉપરથી સારી રીતે આવે એમ છે. (એચ. જી. વેલ્સ કૃત 'ધ વર્ક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેલ્થ ઍન્ડ હૅપિનેસ ઑફ મૅનકાઇન્ડ' —પ્રકાશક વિલિયમ હેનમેન લિમિટેડ, લંડન, સને ૧૯૩૨ —પા. ૧૭૧)

" એક ખાટીમીઠીના પડીકા ઉપર ' શુદ્ધ ફળનો રસ અને કેવળ સાકર' એવી ચિટ્ઠી ચોડીને વેચનારી એક કંપની ઉપર ફરિયાદ થયેલી. તેમાં એવું સાબિત કરી બતાવવામાં આવ્યું હતું કે એ ખાટીમીઠીની બનાવટમાં ફળ કે સાકર એમાંનું કશું વાપરવામાં આવ્યું નહોતું. વેપારીઓ આજકાલ અસલ પદાર્થને બદલે તેને માટે ' માન્ય અવેજી' વાપરે છે. એ પણ એક ચતુરાઈભરેલો શબ્દપ્રયોગ છે. લીંબુના રસની અવેજીમાં ' સાઇટ્રિક ઍસિડ' અને સાકરની અવેજીમાં ' ગ્લુકોઝ' ' માન્ય અવેજી ' ગણાય છે. આ કંપનીએ તો પોતાને જોઈતો ' સાઇટ્રિક ઍસિડ ' બીજા વેપારી પાસેથી ખરીદેલો. ' સાઇટ્રિક ઍસિડ 'ની ' માન્ય અવેજી ' તરીકે ' ટાર્ટરિક ઍસિડ ' આપી શકાય એવો આ વેપારીનો ખ્યાલ હતો. વેપારી નીતિ તો. એટલે સુધી જાય છે કે ' ટાર્ટરિક ઍસિડ 'ની પણ હલકી બનાવટ કરી શકાય. એટલે પેલી ખાટીમીઠી બનાવનારી કંપનીને તો ટાર્ટરિક ઍસિડની ' માન્ય અવેજી 'માં બીજું જ કશું મળ્યું હતું. પોતે શું વાપર્યું છે તેની એ કંપનીને કશી ખબર જ નહોતી. સાઇટ્રિક ઍસિડ એટલે લીંબુનો ખારો (અમ્લ) અને ટાર્ટરિક ઍસિડ એટલે આંબલીનો ખારો (અમ્લ), પણ તે લીંબુ કે આંબલીમાંથી બનાવવામાં આવતા નથી. રાસાયણિક દૃષ્ટિએ તેમાં લીંબુ કે આંબલીનાં તત્ત્વો હોય એટલું જ. કોઈક બહુ હલકી વસ્તુઓમાંથી આ ખારા બનાવવામાં આવે છે. સાઇટ્રિક ઍસિડ કરતાં ટાર્ટરિક ઍસિડ સસ્તો બને છે. ગ્લુકોઝ એ સાકરનાં તત્ત્વોવાળો રાસાયણિક પદાર્થ છે. હાડકાંમાંથી નીકળતા ફૉસ્ફૅરિક ઍસિડમાંથી એ બનાવી શકાય છે. અદાલત તરફથી પૃથક્કરણ કરાવતાં એ ફૉસ્ફૅરિક ઍસિડ-માંથી બનાવેલો છે એમ માલૂમ પડ્યું. એટલે પેલી કંપનીએ તો જીભની મીઠાશની લાલચમાં પડેલાં પેલાં બિચારાં બાળકોને અવેજીનો અવેજી અને તેનોય અવેજી એવો પદાર્થ આપ્યો હતો. પડીકા ઉપર ચોડેલી ચિટ્ઠીમાં ઉપર દર્શાવેલા પેલા જુઠ્ઠા શબ્દો જ કેવળ નહોતા પણ તેના ઉપર તો એક મોટા અને પીળા લીંબુનું અને તેની સાથે પડછામાં બરાબર શોભે એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર લીલા પાંદડાનું ચિત્ર આપ્યું હતું. પ્રતિવાદી કંપનીએ એવી દલીલ કરી કે આ ચિત્ર તો એટલા માટે મૂકવામાં આવ્યું હતું કે તે જોઈને ખાનારને એ ખાટીમીઠીનો સ્વાદ ખરા લીંબુ જેવો છે એવો અનુભવ થાય. પરંતુ જુબાની એવી પડેલી હતી કે તેમાં લીંબુનો સ્વાદ જરાયે આવતો નહોતો. પ્રતિવાદીઓ તો એવી પણ દલીલ કરે કે તેટલા માટે ચિત્રની મદદની જરૂર વિશેષે કરીને! દારૂની જબરી સૂગવાળો કોઈ માણસ, જે આખો જન્મારો એ ઘાતક ઝેરથી દૂર ને દૂર ભાગ્યો હોય, તે જો આ ખાટીમીઠી ચાખવા જાય તો ગ્લુકોઝનો દારૂ અને સડેલાં હાડકાંમાંથી બનાવેલો અપાચ્ય પદાર્થ જ તેના પેટમાં જાય એ વિચાર અતિ દુઃખકર છે."

પોતાનાં બાળકોને હોંસે હોંસે જાતજાતની ખાટીમીઠી ગોળીઓ અને ટીકડીઓ લાવી આપનાર માબાપોએ ચેતવાનું છે.

આપણે ઊંડા ઊતરીને ચોકસાઈ કરીએ તો આવી જ કરુણ કથા અનેક જાતની દવાઓની અને માંદાઓને માટે સુપાચ્ય કહેવાતા ખોરાકોની આપણને મળી આવે.

૧૧

શહેરી જીવન

યંત્રોનો મોટામાં મોટો દાવો એ છે કે લોકોની સુખસગવડમાં તથા સુખાકારીમાં તેને લીધે ઘણો વધારો થયો છે. અવરજવરનાં સાધનોમાં, માલ લાવવા લઈ જવાનાં સાધનોમાં તથા સંદેશા મોકલવાનાં સાધનોમાં ખૂબ જ સુધારો અને સગવડ થયાં છે તેની ના પડાય એમ નથી. વળી વૈદકવિજ્ઞાનમાં થયેલી પ્રગતિને લીધે રોગના ઉપચાર તથા માવજતમાં પણ ઘણા સુધારા થયા છે. પરંતુ આ લાભ મોટે ભાગે શહેરમાં રહેનારા લોકોને જ મળે છે. એટલે ઉપરના દાવાનું ખરાપણું તપાસવા માટે આપણે શહેરમાં રહેતા લોકોનું જીવન જોવું જોઈએ, અને તેઓ કેટલી સુખસગવડો ભોગવે છે તે તપાસવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ પ્રકારની અને તરેહ તરેહવાર વસ્તુઓથી શહેરોનાં અને કસબાઓનાં બજારો ભરેલાં હોય છે ખરાં, પરંતુ શું બધા લોકોને પહેલાં કરતાં વધારે સારો અને પૌષ્ટિક ખોરાક મળતો થયો છે ખરો? ટાઢે મરતા લોકોની સંખ્યા ઘટી છે ખરી? અને વસ્તીના મોટા ભાગને સારાં ઘરોમાં રહેવાનું મળતું થયું છે ખરું? પશ્ચિમના દેશોમાં જ્યાં યંત્રોને લીધે વધારેમાં વધારે સુધારા થયા છે, ત્યાં મોટા ભાગના લોકોની સ્થિતિ તો ઊલટી વધારે ખરાબ છે. અમુક ઉપલા વર્ગના લોકોને વધારે સુખસગવડમાં રહેવાનું મળતું હોય તો તે તો યંત્રો મારફત પોતાના જ દેશના નીચલા વર્ગના લોકોનું તથા સુધરેલા ગણાતા દેશો બીજી પ્રજાઓનું શોષણ કરી શકે છે તેને જ આભારી છે. યંત્ર–સંસ્કૃતિની અસર નીચે આવેલા લોકોની સુખસગવડમાં વધારો થયો હોય તો તે એટલો જ છે કે જાત જાતનાં કૉસમેટિક, પેટન્ટ દવાઓ, સાબુ, લોશનો, ટૂથપેસ્ટો, હજામતના વિવિધ પ્રકારના સામાન, ફોનોગ્રાફ, રેડિયો, સિનેમા એવું એવું બધું વધ્યું છે. પણ તેની સાથે જ મજૂરોનાં ગંદાં ઘોલકાં, દારૂનાં પીઠાં, ગંદો અને અનારોગ્ય ખોરાક આપનારી હોટેલો અને વેશ્યાગૃહો પણ વધ્યાં છે. શહેરોમાં દાક્તરો અને ઇસ્પિતાલો ઘણી હોય છે, ત્યારે ગીચોગીચ વસ્તીને લીધે ત્યાં બીમારીનું પ્રમાણ પણ મોટું હોય છે અને વારંવાર રોગો ફાટી નીકળે છે તે જુદા. વળી શહેરોમાં ઘોંઘાટ અને અવાજનું પ્રમાણ તથા પ્રકાર કદી નહિ કલ્પાયા હોય એટલા વધી ગયા છે. કેટલાક વૈજ્ઞાનિકો તો એવો મત ધરાવે છે કે દિવસ અને રાત કાન ઉપર કર્કશ અવાજો સતત અથડાયાં જ કરતા હોવાથી પશ્ચિમની પ્રજા ધીરે ધીરે બહેરી થતી જાય છે. અતિશય અવાજને લીધે જ્ઞાનતંતુ ઢીલા પડી જાય છે. રસ્તા ઉપર વાહનોની અડફટમાં આવવાને લીધે થતા અકસ્માતોમાંના ઘણા જ્ઞાનતંતુઓની નબળાઈને આભારી હોય છે. વળી ધૂળ અને ધૂણીના ત્રાસને લીધે શહેરોમાં શ્વાસોચ્છ્વાસનાં દરદો પણ વધતાં જ જાય છે.

મોટા શહેરોમાં તો ઘણા લોકોને સૂર્યનો તડકો પણ મળતો નથી. સૂર્યના પ્રકાશનું માપ કાઢવાનું પણ યંત્ર નીકળ્યું છે, અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી એવી ગણતરી કરવામાં આવી છે કે લંડન શહેરમાં તેની ધૂણીને લીધે સૂર્યનો પ્રકાશ પચાસ ટકા ઓછો પ્રવેશ કરી શકે છે. અને તેના પ્રકાશમાંનાં અલ્ટ્રાવાયોલેટ કિરણો તો શહેરમાં બિલકુલ દાખલ જ થઈ શકતાં નથી. (સૂર્યના પ્રકાશનું પૃથક્કરણ કરતાં આપણે તેનાં સાત રંગવાળાં સાત કિરણો અલગ જોઈ શકીએ છીએ. પણ આંખથી જોઈ શકાય એવાં આ કિરણો ઉપરાંત તેના પ્રકાશમાં બીજાં અદૃશ્ય કિરણો પણ હોય છે. એમાંનાં જાંબલી રંગનાં કિરણો પછીનાં કિરણોને 'અલ્ટ્રાવાયોલેટ' જાંબલી રંગની પારનાં કિરણો કહે છે. એ કિરણો અદૃશ્ય હોય છે પણ તંદુરસ્તીને માટે બહુ જ ઉત્તમ ગણાય છે.)

આવી પરિસ્થિતિનું પરિણામ એ આવ્યું છે કે શહેરમાં રહેનારા લોકોનાં શરીર માંદલાં થવા લાગ્યાં છે. આપણે હવે શરીરની બાબતમાં પ્રગતિ નથી કરતા, એટલું જ નહિ પણ આપણા પૂર્વજો શરીર-વિકાસની જે કોટિએ પહોંચ્યા હતા તેનાથી આપણે ઘણા નીચે ઊતરવા માંડ્યું છે. બીજી તરફથી આપણાં ઓજારો, આપણાં યંત્રો અને આપણી ભૌતિક સાધનસામગ્રી વધુ ને વધુ વિકાસ પામતી જાય છે. આપણે જાણે એવું કર્યું છે કે વિકાસ પામવાનું કામ આપણે માથેથી ઉતારી નાંખી આપણી બાહ્ય સાધનસામગ્રીને માથે નાંખી દીધું છે. યંત્રવિજ્ઞાન અને બીજાં વિજ્ઞાનોએ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેથી અંજાઈ જઈ આપણે એવી ભાષા વાપરીએ છીએ કે આપણે પોતે જ જાણે વિકાસ પામતા જઈએ છીએ. પરંતુ ઊંડા ઊતરીને જોઈએ તો તેવું કશું નથી.

આપણા શરીરનાં જે જે અંગો જેટલા વેગથી ખોટાં પડતાં જાય છે તેટલા જ વેગથી તેની અવેજીમાં રસાયણવિદ્યા અને વૈદક-વિજ્ઞાન આપણને બાહ્ય સાધનો પૂરાં પાડવા તૈયાર છે. દાંતના, આંખના, નાકના, કાનના, ક્ષયના અને એવા એવા અનેકના ખાસ દાક્તરો, દવા વેચનારાઓ અને કૃત્રિમ અંગો અને સાધનો બનાવનારાઓ પોતાની બુદ્ધિશક્તિ વાપરી રહ્યા છે. નિર્બળ પડતી જતી આપણી પેઢીને ઓછી કિંમતે અને ઓછી મહેનતે મુક્તિનો માર્ગ બતાવી તેઓ લક્ષાધિપતિ થઈ બેસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ આધુનિકો તો કહે છે કે, "જો આપણાં અંગો અને તેની શક્તિમાં આવતી ક્ષીણતાને તથા ખામીઓને કૃત્રિમ ઉપાયો અને સાધનો વડે ભરી કાઢવા વિજ્ઞાન તૈયાર હોય, અને ભવિષ્યમાં તૈયાર હશે જ, તો પછી આ ઉભરાટો શા માટે? શા માટે નાહકની ચિંતા કરો છો?"

આ વિચાર આધુનિક જનસમાજનો મોટો ભાગ ચૂપચાપ ધરાવે છે અથવા ખુલ્લી રીતે દર્શાવે પણ છે. પરંતુ આપણે એ ભૂલી જઈએ છીએ કે જીવનના આનંદ — મોટામાં મોટા અને વધુ ટકી શકે એવા આનંદ — શરીર નીરોગી હોય અને શરીરનાં બધાં અંગો પોતપોતાના વ્યાપાર સ્વાભાવિક અને સરસ રીતે કરી શકતાં હોય તેમાં જ રહેલા છે. જે ક્ષણે આરોગ્ય ક્ષીણ થાય, કોઈ પણ અંગ વિકલ થાય અને શરીરવ્યાપાર સ્વાભાવિક રીતે ન ચાલે, તે જ ક્ષણે શરીર બોજારૂપ લાગે છે. કુદરતી દાંતથી ચાવીને ખાવું જેટલું સુખકર છે તેટલું કૃત્રિમ દાંતથી ખાવાનું ન જ હોઈ શકે. આપણને સ્વાભાવિક રુચિ હોય અને ખાવામાં જેટલો આનંદ આવે છે તેટલો આનંદ પાચક કે ઉત્તેજક ચૂર્ણો અને દવાઓને લીધે પરાણે ઉત્પન્ન કરેલી રુચિથી નથી આવતો. નરી આંખે જોવામાં જે આનંદ આવે છે તે ચશ્મા પહેરવામાં નથી જ આવતો. બાળકને ધવરાવતાં માતાને જે આનંદમય અનુભવ થાય છે તે અનુભવ શીશી વડે દૂધ પાતાં ન જ થાય. બિલકુલ બગડ્યા વિનાનાં પેઢામાં મજબૂત બેઠેલા કુદરતી દાંતોવાળું સાફ મોં, જેના ઉપર અપચાની છારી મુદ્દલ નથી એવી સાફ જીભ, સુવાસિત શ્વાસ અને નીરોગી તથા સ્વચ્છ શરીરમાંથી નીકળતી કુદરતી સુવાસ — જેણે આ નથી અનુભવ્યું તેણે શું શરીરસુખ માણ્યું છે?

વળી શરીરવ્યાપાર સ્વાભાવિક રીતે ન ચાલતો હોય ત્યારે આપણી જીવનશક્તિ અને આપણી બુદ્ધિ ઉપર પણ તેની અસર પડ્યા વિના રહેતી નથી. બૌદ્ધિક શક્તિઓમાં પૂર્વે સધાયેલા વિકાસથી માનવસમાજ આગળ નથી વધ્યો એવું કેટલાકનું માનવું છે. આપણા શરીરનાં વિવિધ અંગો અને તેના વ્યાપારો એકબીજા સાથે એટલાં બધાં સંકળાયેલાં છે અને એટલાં બધાં પરસ્પરાવલંબી છે કે એક અંગ અથવા તેના વ્યાપારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમતોલપણું નષ્ટ થતાં બીજાં અંગો અને તેના વ્યાપારો ઉપર અસર થયા વિના રહેતી જ નથી.

બાહ્ય સાધનસામગ્રીના ગમે તેટલા મોટા ખટાટોપ છતાં, અને વિજ્ઞાન તથા યંત્રોની મદદથી વૈદકશાસ્ત્રમાં થયેલી ભારે પ્રગતિ છતાં, શહેરમાં રહેનારાં માણસોનાં શરીર દિન પ્રતિદિન બાદલાં થતાં જાય છે તે આપણે જોઈ ગયા. પહેલાં જે રોગો અસાધ્ય ગણાતા તેના ઉપચાર આજે શોધાયા છે, અને કેટલાક રોગો તદ્દન મટાડી ન શકાય તો પણ તેની વેદના ઘણી ઓછી કરી શકાય છે એ વાત સાચી છે, પણ સમાજની સુખાકારીનું માપ રોગો મટાડવાની શક્તિ ઉપરથી નહિ પણ રોગો ઉત્પન્ન જ ન થાય એવી પરિસ્થિતિ ઉપરથી કાઢવું જોઈએ. એ રીતે જોઈએ તો આ યંત્ર-સંસ્કૃતિએ તો અનેક નવા રોગોને જન્મ આપ્યો છે અને લાખો માણસોને અનારોગ્ય હાલતમાં ફરજિયાત રહેવું પડે એવી પરિસ્થિતિ ઊભી કરી છે.

પણ ગામડાના ખડતલ માણસો કરતાં શહેરના લોકો શરીરની બાબતમાં ઊતરતા હોય તો પણ તેઓ ભણતરમાં અને અક્કલહોશિયારીમાં તો ચડિયાતા હોય છે ને? કાગળો બનાવવાની અને છાપખાનાની બાબતમાં યંત્રોએ સાધેલી પ્રગતિને લીધે જ્ઞાનનો પ્રચાર આજે બહુ થાય છે. ચોપડીઓ, પત્રિકાઓ, માસિકો અને વર્તમાનપત્રો શહેરમાં સંખ્યાબંધ નીકળે છે અને ત્યાંથી ગામડેગામડે પણ પહોંચે છે. વળી રેડિયોના સાધન દ્વારા તો ભાષણો અને સંગીત કોઈ પણ એક સ્થળેથી આખી દુનિયામાં એકસાથે ફેલાવી શકાય છે. આ બધી સગવડોને લીધે જ્ઞાનપ્રચારનો વ્યાપ પુષ્કળ વધ્યો છે. પણ આ સાધનોથી લોકોમાં સારા જ્ઞાનનો અથવા સુવિચારનો પ્રચાર થાય છે કે કેમ એ તપાસવા જેવું છે. વળી આ બધો પ્રચાર સદસદ્‌વિવેકશક્તિના વિકાસમાં અને વિચારની સંગીનતામાં કેટલો ફાળો આપે છે એ પણ તપાસવાની જરૂર છે. લખતાં વાંચતાં શીખેલાંનો મોટો ભાગ તો વર્તમાનપત્રોમાંથી હીન વૃત્તિઓને ઉશ્કેરે એવા પ્રસંગોના સમાચાર, અદાલતમાં ચાલતા 'સનસનાટી'ભર્યા મુકદ્દમાના અહેવાલો, સિનેમાની સચિત્ર જાહેરખબરો, ક્રિકેટની રમતોનાં પરિણામો, તથા દવાઓ અને શરીરસંસ્કાર (ટૉઇલેટ)ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થોની જાહેરખબરો વાંચે છે. (વર્તમાનપત્રોનો ધંધો જ આ વસ્તુઓ ઉપર ચાલે છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી). તેથી આગળ જાય તો આપણો 'સાક્ષર' (ગુજરાતી ભાષામાં થયેલા રૂઢ અર્થમાં નહિ પણ તેના શબ્દાર્થમાં — એટલે જેને લખતાંવાંચતાં આવડે છે તેવો) અશ્લીલ પ્રેમકથાઓ અને જાસૂસની ચાલાકીની વાર્તાઓ વાંચે છે. સંસ્કારિતા અને સદભિરુચિને પોષક એવું અભિજાત અને ગંભીર સાહિત્ય તો બહુ જ થોડા વાંચે છે. 'અનાસક્તિયોગ'ની પ્રસ્તાવનામાં ગાંધીજીએ યોગ્ય જ ચેતવણી આપી છે કે, 'આજે ગંદા સાહિત્યનો ધોધ વહી રહ્યો છે.' સમાજને તેમાંથી ઉગારી લેવાની જરૂર છે.

વળી જેવી રીતે યંત્રોએ તમામ માલ તૈયાર આપીને લોકોની હાથકારીગરીનો નાશ કરવા માંડ્યો છે, તેવી જ રીતે વર્તમાનપત્રો અને પુસ્તકો દ્વારા સૌને પોતપોતાની અભિરુચિ પ્રમાણે વિચારો અને અભિપ્રાયો તૈયાર મળતા હોવાથી, સ્વતંત્ર રીતે વિચાર કરવાની લોકોની શક્તિ પણ કુંઠિત થવા માંડી છે. બીજાના અભિપ્રાયો વાંચી લઈ પોપટની પેઠે બોલી બતાવનારા માણસો હોશિયાર દેખાય છે અને ગણાય છે ખરા, પરંતુ તેમની બરાબર પરીક્ષા કરતાં તેમનું છીછરાપણું તરત દેખાઈ આવે છે, અને તેમની અપંગતાની તો અવધિ છે.

શહેરનો ભણેલો અને હોશિયાર માણસ એટલે ઑફિસમાં કામ કરતો કારકુન કે મહેતો. એને શું શું આવડે છે તે જોઈએ. પોતાને ઘેરથી બસમાં, ટ્રામમાં કે લોકલમાં બેસી તે ઑફિસમાં જાય છે. તેને રેલવેનાં ટાઇમટેબલ વાંચતાં આવડે છે, કયે સ્થળે જવા કઈ ટ્રામ પકડવી તે આવડે છે, મોટરની કે એવા વાહનની અડફેટમાં ન આવી જવાય તેટલા ચપળ રહેવાનું આવડે છે, ચેતવણી આપનારી નિશાનીઓ સમજતાં આવડે છે, પોતાની જરૂરની વસ્તુઓ ઉપરના પૅકિંગનું લેબલ ઉકેલતાં આવડે છે, ટેલિફોન કરતાં આવડે છે, નળમાં પાણી ન આવતું હોય કે વીજળીનું સાંધણ બગડ્યું હોય તો ટેલિફોન ઉપાડીને ફરિયાદ કરતાં આવડે છે, ઘરમાં કશું બગડ્યું હોય તો સમારનારને બોલાવતાં આવડે છે, દુકાનદારને ત્યાંથી તૈયાર સીધું લઈ આવતાં આવડે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑફિસમાં નામું લખવાનું, ફાઈલો રાખવાનું, ટાઇપ કરવાનું કે એવું બીજું જે કામ પોતાને સોંપાયલું હોય તે કરતાં આવડે છે, અને પોતાને મળતા પગારની વ્યવસ્થા કરતાં આવડે છે. આટલું આવડ્યું એટલે એનું જીવન ચાલે છે. આ ઉપરાંત પણ થોડીઘણી બાબતો એ જાણે છે. છાપાં વાંચી દુનિયામાં બનતા બનાવો વિષે તે જાણે છે અને છાપાંવાળાઓએ દર્શાવેલા વિચારો તથા અભિપ્રાયો વાતચીતમાં પોતાના તરીકે બોલી બતાવતાં તેને આવડે છે. તે થોડી ઘણી કસરત પણ કરે છે, કારણ છાપાંમાં તેણે વાંચ્યું હોય છે કે બેઠકિયા કામ કરનાર માટે કસરત જરૂરની અને સારી વસ્તુ છે.

આપણા આ મહેતાને આખા મોટા તંત્રની એકાદ નાનીશી ક્રિયા કરવાની હોય છે, એટલે પોતે જે કામ કરે છે તેનો આખા મોટા તંત્ર સાથે શો સંબંધ છે તે ઘણે ભાગે તે જાણતો નથી હોતો. આવી રીતે જીવન ગાળતા માણસમાં કોઈ પણ નવું કામ આવી પડે તે કરવાની આવડત ન હોય, વ્યવહારકુશળતા ન હોય, આપઅક્કલ ન હોય, સ્વાવલંબન ન હોય તો એમાં કંઈ નવાઈ જેવું છે ખરું?

હવે યંત્રના પંજામાં ન આવી પડેલા સમાજમાં રહેનારા માણસનું જીવન તપાસો. એને હવા, ઋતુ, પાક, ઘાસ અને બીડ, પાળેલાં જાનવરો, ઉપયોગી થઈ પડે તેવાં ઝાડો, છોડ, વેલા, કપડાં તૈયાર કરવાની બધી ક્રિયાઓ, લુહારી, સુથારી, કડિયાકામ, પાણીનો સંગ્રહ કરવાનું તથા નિકાલ કરવાનું, પગલાં ઓળખવાનું, નિશાન તાકવાનું એવું એવું ઘણું કરવાનું હોય છે. એ બધું આવડે તો જ તેનું જીવન ચાલે. પોતાની સામે રોજ ને રોજ ઊભી થતી મુશ્કેલીઓનો તેને સામનો કરવાનો હોય છે અને તેમાંથી પણ તેને ઘણું જાણવાનું મળે છે. એટલું જ નહિ પણ તેને લીધે તે હિંમતવાન, આપઅક્કલવાળો, સ્વાવલંબી અને સ્વતંત્ર થાય છે.

જૂના જમાનાનો આવો પાવરધો માણસ ભૌતિક શક્તિથી ચાલતાં યંત્રોના આ જમાનામાં વિરલ થતો જાય છે. યંત્રોની મદદથી કેટલાંક કામો માન્યામાં ન આવે એટલી ચોકસાઈથી આપણે કરી શકીએ છીએ ખરા. પણ આપણી પાસે આ સાધનો ન હોય અને કોઈ વાર આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથપગ અને થોડાં સાદાં ઓજારોને જ આશરે આપણે આવી પડીએ તો એવા પ્રસંગને પહોંચી વળવાની શક્તિ આપણામાં નથી રહી. મેફ્લાવર વહાણમાં અમેરિકાને કિનારે ઊતરેલા પેલા સો ભગત હિજરતીઓનો દાખલો વિચારવા જેવો છે. તેઓ અજાણ્યા દેશને કિનારે ઊતરી પોતાની બધી વ્યવસ્થા કરી શક્યા અને તેમણે એક સ્વયંસંપૂર્ણ સમાજની સ્થાપના કરી. અને તેમાંથી એક મહાપ્રજા હસ્તીમાં આવી. આજે હવે વકીલો, દાક્તરો, શિક્ષકો, વેપારીઓ, દલાલો, કારકુનો, ટાઇપિસ્ટો, સંચા ઉપર કામ કરતા મિલકામદારો, ટર્નરો, ફીટરો, મોટર ડ્રાઇવરો એવા બધા શહેરી લોકોમાંથી સો માણસોને કોઈ ફળદ્રુપ પણ નવા દેશને કિનારે છોડી દો તો તેમનું શું થાય તે વિચારો. પરિણામ ન કલ્પી શકાય તેટલું કરુણ આવશે. આજના આપણા શહેરી લોકોને તો ખાવાનું, પહેરવાઓઢવાનું અને રહેવાનું શી રીતે પેદા થાય છે અને તૈયાર થાય છે તેની જ પૂરીપાધરી ખબર નથી હોતી. પછી એ જાતે ઉત્પન્ન કરી લેવાની તો વાત જ ક્યાં રહી? અમુક સાધનો સામે પડ્યાં હોય તેના ઉપર સોંપેલું કામ આપણે કરી જાણીએ છીએ. પણ એ સાધનોની મદદ વિના કુદરત પાસેથી આપણી જરૂરિયાતો મેળવી લેવાની શક્તિ આપણે ગુમાવી બેઠા છીએ. એ રીતે જોતાં માણસજાત અપંગ બનતી જાય છે. યંત્રવિદ્યામાં થતા વિકાસથી તથા બાહ્ય સાધનસામગ્રીમાં થતા વધારાથી અંજાઈ જઈ આપણે એવી ભાષા વાપરીએ છીએ કે આપણે વિકાસ પામતા જઈએ છીએ. પણ ઊંડા ઊતરીને જોઈએ તો જણાય છે કે માણસની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ હવે અટકી પડ્યો છે.

શહેરોમાં પાણીની, ગટરની, વીજળીની બત્તીની, ગૅસના ચૂલાની, ટ્રામ, બસ, લોકલ વગેરે વાહનવ્યવસ્થાની, ટેલિફોનની, જ્યારે જોઈએ ત્યારે મળી શકતા તૈયાર ખાણાપીણાની વગેરે સગવડો એટલી બધી હોય છે કે શહેરનું જીવન સુખમય દેખાય છે. એ બધી સુખસગવડ યંત્રોને આભારી છે એ વાત પણ સાચી. પરંતુ તેની સાથે જ આ બધા માટે યંત્ર ઉપર જે અવલંબન રહે છે તેમાં સલામતી કેટલી છે એ વિચારવા જેવું છે. આ બધી સગવડો માટે જમીનની ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ નીચે તારનાં દોરડાં તથા પાણીના, ગૅસના, વરાળના વગેરે નળો નાખેલા હોય છે. આ બધી સગવડોમાંથી એક પણ એવી નથી જેનો સંબંધ શહેરમાં વસનારાના જીવન સાથે અતિશય નિકટનો અને મહત્ત્વનો ન હોય. આ બધી રચનામાંથી એક તાર પણ થોડા સમયને માટે તૂટે અથવા એક નળ પણ ફાટે તો જીવનના આધારરૂપ વસ્તુ કે સગવડ વિના તત્કાળ અટકી બેસવું પડે છે, અને આ બધી સગવડના ઝરારૂપ વૉટર વર્ક્સ અથવા વીજળી કે ગૅસનું કારખાનું જો અટકે તો તો આખા શહેરમાં અંધારું થઈ જાય, ટ્રામો વગેરે વાહનવ્યવસ્થા અટકી પડે, પાણી વિના બૂમો પાડવી પડે અને શહેરમાં રોજ ને રોજ આવતી શાકભાજી, દૂધ તથા બીજી ખોરાકની વસ્તુઓ વિના ટળવળવું પડે. હકીકત એ છે કે બધાં જ મોટાં શહેરોમાં લોકો રોજનું શેર લાવીને શેર ખાનારા થઈ ગયા છે. એટલે આખું વ્યવહારતંત્ર નિયમિત ચાલ્યાં કરે તેના ઉપર જ શહેરી લોકોના જીવિતનો આધાર રહે છે.

આ આખી રચનાના તારો અને ચક્કરો એકબીજા સાથે એવાં સંકળાયેલાં છે કે એક તાર તૂટતાં અથવા એક ચક્કર અટકી પડતાં આખું તંત્ર અટકી પડે. અને આ બધા તારો અને ચક્કરોની આંટી-ઘૂંટીઓ સમજનારા તથા તેના ઉપર કાબૂ ધરાવનારા મૂઠીભર યાંત્રિકો જો આડા થઈ પોતાનાં કામ છોડી દે અથવા આ બધું ઝટ ન સમારી શકાય એવી રીતે બગાડી નાખે તો પણ શહેરની લાખોની વસ્તી લાચાર બની જાય.

આપણે યંત્રો વધાર્યે જ જઈએ છીએ પણ તેને લીધે માણસ-જાત કેવી પરાધીન અને લાચાર દશામાં આવી પડવાની છે તેનું એક બિહામણું ચિત્ર મિ. ઈ. એમ. ફૉર્સ્ટર નામના લેખકે પોતાના ‘ધી મશીન સ્ટૉપ્સ’ (‘યંત્ર અટકી પડે છે’) એ નામના પુસ્તકમાં દોર્યું છે. તે કહે છે :

“બની શકે તો તમારી નજર સામે મધપૂડાના ખાના જેવી એક છખૂણિયા ઓરડીની કલ્પના કરો. તેમાં પ્રકાશ માટે બારી કે બત્તી નથી, છતાં ઓરડી સૌમ્ય પ્રકાશથી ભરેલી છે. હવા આવવા માટે પણ બારી કે જાળિયું નથી, છતાં ઓરડીમાંની હવા તદ્દન તાજી છે અને જોઈએ તેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરમ કે ઠંડી કરી શકાય છે. ઓરડીમાં એકે વાદ્ય નથી, છતાં મધુર સંગીતનો ધીમો ગુંજારવ થઈ રહ્યો છે. ઓરડીની વચમાં એક આરામખુરશી છે અને તેની બાજુમાં એક નાનું મેજ પડેલું છે. આરામખુરશીમાં એક સ્ત્રી બેઠેલી છે. પાંચ ફૂટ ઊંચી અને ફિક્કા ગોરા ચહેરાવાળી એ બાઈ એ ઓરડીની માલિક છે . . . ઓરડીમાં સઘળે બટનો અને ચાંપો જોવામાં આવે છે. ખાવાનું મંગાવવું હોય તો અમુક બટન દાબવાનું, સંગીત સાંભળવું હોય તો બીજું, કપડાં પહેરવાં હોય તો ત્રીજું. ગરમ પાણીથી સ્નાન કરવું હોય તો તે માટે એક બટન છે. એ દાબો એટલે ઓરડીની ભોંયમાંથી એક આરસની કૂંડી ઉપર આવે છે. તેમાં સ્વચ્છ અને સુવાસિત ગરમ પાણી હોય છે. સાહિત્ય વાંચવું કે સાંભળવું હોય તો બટન દાબવાથી તેની વ્યવસ્થા પણ થાય છે, અને મિત્રો સાથે વાર્તાલાપ કરવાનાં બટન પણ તેમાં છે. ઓરડીમાં બીજું કશું નથી, છતાં ખુરશીમાં બેઠેબેઠે જ એ બાઈને દુનિયાની જે ચીજની જરૂર હોય એ ચીજ મળી રહે છે. પહેલાંના જમાનામાં આવી ઓરડીઓમાં સુખસગવડની અનેક વસ્તુઓ ખડકાયેલી રહેતી, પણ તેના અવશેષ તરીકે હવે તો માત્ર એક ચોપડી જ એ બાઈની બાજુએ પડેલા મેજ ઉપર છે. આ 'યંત્રની ચોપડી' છે. એ બાઈને ગરમી લાગે, ટાઢ વાય, શરીરે કાંઈ બેચેની લાગે, કોઈની સાથે વાત કરવી હોય, સંગીત સાંભળીને દિલ બહલાવવું હોય, અથવા બીજું કાંઈ પણ કરવું હોય તો એ ચોપડી હાથમાં લેવાની અને પોતાની જરૂરિયાત માટે કયું બટન દબાવવું એ તેમાંથી જોઈ લેવાનું..."

પછી તો માણસને કશી મહેનતમજૂરી કરવાની જ નહિ રહે. પૃથ્વીના પડ નીચે પૂરેપૂરાં સુખસગવડ અને આરામવાળાં તથા પૂરા હવાઅજવાળાવાળાં ભોંયરાંમાં લોકો રહી શકશે. સૂર્યના પ્રકાશની અને ખુલ્લી તાજી હવાની ખોટ પણ યંત્ર પૂરી પાડશે. પરંતુ આખી દુનિયાને આરામ અને સુખસગવડ આપનાર આ વિરાટ યંત્રરચનાની દેખરેખ રાખવાનું તથા વખતોવખત તેને સમારી તેલ પૂરી ચાલુ રાખવાનું કામ કોઈકને તો માથે રહે જ છે. એ લોકોની જીવનશક્તિ આ દિવ્યલોક જેવી પણ નૈષ્કર્મ્ય અવસ્થાને લીધે ધીમે ધીમે ક્ષીણ થતી જાય છે. તેમની વિદ્યાનાં સૂત્રો તેમની સ્મૃતિમાંથી ધીમે ધીમે સરકી જવા માંડે છે અને આખી યંત્રવિદ્યા વીસરાઈ જાય છે. એક દિવસ એવો ઊગે છે જ્યારે તમામ બત્તીઓ બુઝાઈ જાય છે; ફરી સળગાવતાં તે ઝાંખી પડી જાય છે; હવા આપનારા પંખા કચૂડ કચૂડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોલવા માંડે છે; સંગીત સંભળાતું બંધ થઈ જાય છે; રાસાયણિક ખોરાક પહેલાં જેવું પોષણ આપી શકતા નથી. પેલી પોથી હાથમાં લઈ ને લોકો તેની આરાધના કરવા મંડી પડે છે. પણ યંત્ર-ભગવાન તો તેલ માગે છે. તેલ ક્યાંથી લાવવું ? અંતે યંત્ર અટકી પડે છે અને મનુષ્યજાતિ પણ થોડાં ડચકાં ખાઈ કાળની અનંત ગુહામાં લીન થઈ જાય છે. ('મેન એન્ડ મશીન્સ' પા. ૧૧-૧૨)

અલબત્ત આ ચિત્ર કલ્પનામય છે. અને આની સામે વાંધો તો એ ઉઠાવી શકાય કે આવું ક્યાં બનવા બેઠું છે? આજ સુધી તો યંત્ર અટક્યું નથી. કોઈ મોટા શહેરનો વ્યવહાર પણ અટકી પડ્યો નથી. પણ આપણે યાદ રાખવું જોઈએ કે આ બધું હજી નવું નવું છે. તેની કસોટી થવાની હજી વારી જ આવી નથી. ભૂકંપ જેવા કુદરતના કોપ આગળ મોટાં શહેરોની શી દશા થાય તે માટે થોડાં વરસ ઉપર થયેલી ટોકિયોની દશા દૃષ્ટાંતરૂપ છે. સને ૧૯૨૬ની સાર્વત્રિક હડતાલ વખતે ઇંગ્લંડને આ દશાનો થોડો સ્વાદ ચાખવો પડ્યો હતો. યંત્ર અને વિજ્ઞાનમાં પારંગત એવા બે મોટા શસ્ત્રસજ્જ દેશો વચ્ચે યુદ્ધ ફાટી નીકળશે — હવે તો ફાટી નીકળ્યું છે — ત્યારે આ વસ્તુ આપણને વધારે સમજાશે. યંત્ર ઉપર વધારા પડતું અવલંબન રાખતા લંડન કે ન્યૂયૉર્ક જેવા શહેરને અથવા મુંબઈ જેવા શહેરને પણ જીવનનાં સાધનોથી વંચિત કરી વિવશ કરી મૂકવાં એ જેટલું સહેલું છે તેટલું ગામડાંને વિવશ કરવાં એ સહેલું નથી. રશિયાની મહાન ક્રાંતિ પછી યુરોપનાં બીજાં રાષ્ટ્રોએ તેને ઘેરો ઘાલી બહારની કોઈ પણ વસ્તુ તેને મળતી અટકાવી દીધી અને ત્યાંના આંતરકલહનો લાભ લઈ નવા ક્રાંતિકારી રાજ્યતંત્રને ઉથલાવી પાડવા ઇંગ્લંડ, ફ્રાન્સ અને અમેરિકાનાં લશ્કરો રશિયામાં ઊતરી પડ્યાં છતાં તેઓ ફાવી શક્યાં નહિ. તેનાં ઘણાં કારણોમાંનું એક મહત્ત્વનું કારણ એ છે કે, રશિયાનાં ગામડાં સ્વાવલંબી અને મોટે ભાગે સ્વયંસંપૂર્ણ હતાં. જેનો કબજો લેવાથી આખા રાષ્ટ્રનાં જીવનનાં સાધનો અટકાવી દઈ શકાય એવાં હુમલો કરવા લાયક મર્મસ્થાનો જ ત્યાં ન હતાં. યંત્રપ્રધાન દેશને એ રીતે ટકી રહેવું મુશ્કેલ થઈ પડે એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

નાણાંની ઉપાસના

યંત્રોત્પાદનને લીધે દુનિયાનો વેપાર બહુ વધી ગયો છે. યંત્રોદ્યોગમાં આગળ વધેલા દેશો બીજા દેશોમાંથી કાચો માલ ઢસડી જાય છે અને પછી પોતાને ત્યાં બનેલો તૈયાર માલ ત્યાં ખડકે છે, એમાં દુનિયાના મોટા ભાગના લોકો તો લૂંટાય જ છે. આ બધો વેપાર નાણાં દ્વારા ચાલે છે અને તેના હૂંડિયામણ વગેરેની આંટીઘૂંટી તો ભલભલા ન સમજી શકે એવી હોય છે. હૂંડિયામણના પ્રતિકૂળ દરથી હિંદુસ્તાનનો ખેડૂત કેટલાંયે વરસો થયાં લૂંટાયાં કરે છે એ વાત સુપ્રસિદ્ધ છે.

અર્થશાસ્ત્રમાં નાણાંનું સ્થાન વિનિમયના એક સાધન તરીકે તથા વસ્તુઓનું મૂલ્ય આંકનારા એક માપ તરીકે છે. પરંતુ વ્યવહારમાં આજે નાણું જ સર્વોપરી થઈ પડ્યું છે. નાણાંથી હરકોઈ વસ્તુ મળી શકે છે. બેંકમાં નાણાં અનામત હોય અને ખિસ્સામાં ચેકબુક હોય તો માણસનો સઘળો વ્યવહાર ચાલી શકે છે. તેથી નાણું એ કેવળ સાધન છે એ ભુલાઈ જઈને સાધ્ય તરીકે તેની પૂજા થવા લાગી છે. માણસને એમ લાગે છે કે તેના જીવિતનો આધાર જીવનમાં આવશ્યક સાધનો પેદા કરી લેવાની તેની આવડત અને શક્તિ ઉપર નહિ, પણ પોતાના કબજામાં યેન કેન પ્રકારેણ આવી પડેલાં નાણાં ઉપર છે. તેથી લોકો 'ભજ કલદારમ્'નો જાપ જપતા થઈ ગયા છે. લોકોમાં ધનવાંછનાની અને ધનોપાર્જનની વૃત્તિ બહુ જ પ્રબળ થઈ પડી છે. વસ્તુઓનું મૂલ્ય તે વસ્તુમાં રહેલી મનુષ્યને ઉપયોગી થવાની શક્તિ ઉપરથી અંકાતું નથી પણ બજારમાં તેની કેટલી કિંમત ઊપજશે એ ઉપરથી અંકાય છે. દુનિયાની આખી આર્થિક પ્રવૃત્તિનું ધ્યેય માનવસુખ ઉપરથી ખસી જઈ ધનસંપાદન ઉપર ચોંટ્યું છે. અને તેથી લોકો ખરા અર્થને છોડી ભભકભર્યા દેખાવો પાછળ દોડવા લાગ્યા છે. 'ઇકોનોમિક્સ ઑફ ખદ્દર' એ પુસ્તકમાં (પા. ૧૫૮) શ્રી. ગ્રેગ કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નાણું એ આર્થિક પ્રવૃત્તિને માપવાનું સુપ્રતિષ્ઠિત અને ઉપયોગી સાધન છે એ સ્વીકારી લઈએ તોપણ સંપત્તિને માપવા માટે એ ગજ પૂરતો છે એમ નહિ કહી શકાય. એ ગજ વડે સંપત્તિનું સાચું માપ હાથ નથી લાગતું; બીજાં માપો અને બીજી વસ્તુઓના વિચારની પૂરણી તેમાં કરવી પડે છે. માત્ર નાણાંમાં બધાંય મહત્ત્વનાં આર્થિક તત્ત્વોનો સમાવેશ નથી થઈ શકતો. સંપત્તિ પેદા કરવા માટે જે શક્તિ ખર્ચાય છે તેનું પૂરું માપ નાણાં વડે નથી થઈ શકતું. એટલું જ નહિ પણ સ્થાયી સંસ્કૃતિને આવશ્યક એવાં સામાજિક, માનસિક, નૈતિક અને સૌંદર્યવિષયક તત્ત્વો નાણાંથી માપી શકાતાં નથી.'

આપણા દેશના ખેડૂતને તો પોતે પકવેલા માલના બદલા માટે, તેમ જ પોતે જે માલ ખરીદ કરે છે તે માટે નાણાં એ અનુકૂળ સાધન નથી જ. આપણી સમાજવ્યવસ્થા તથા ખેતીની સ્થિતિ એવી છે કે નાણાંવ્યવહારની આંટીઘૂંટીમાં ફસાઈ જતાં ખેડૂત પાયમાલ થાય છે અને તેને બેકારી ભોગવવી પડે છે. પોતાને તથા પોતાનાં ઢોરને માટે ખાવાની વસ્તુઓ જોઈતા પ્રમાણમાં પેદા કરવાને બદલે જેનાં નાણાં ઊપજે એવા પાક તેને ઉત્પન્ન કરવા પડે છે અને એ પકવતાં પોતાને થયેલા ખર્ચ કરતાં પણ ઘણી વાર સસ્તે ભાવે એ તેને છેવટે વેચવા પડે છે. ઘણી વાર શહેરના બજારમાં જઈ શાકનાં ભરેલાં ગાડાં તેને નાંખી દેવાને મૂલે વેચવાં પડે છે, અથવા મફત હાલવી આવવાં પડે છે. આજે તો ખેડૂતની એવી દશા છે કે પોતે ઉત્પન્ન કરેલી વસ્તુઓ પોતે જ વાપરે એટલે કે પોતાનો ઘરાક પોતે જ બને તો તે લૂંટાતો બચે. પણ તેના ઉપર નાણાંનો પાશ એવો સજ્જડ બેસાડવામાં આવ્યો છે કે પોતાની વસ્તુઓ વેચ્યા વિના તેનો છૂટકો જ નથી હોતો. સરકારને જમીનમહેસૂલ, જમીનદારને ગણોત, શાહુકારને વ્યાજ, એ બધું તેને નાણાંના રૂપમાં આપવાનું હોય છે. આ ઉપરાંત કોરટકચેરીનાં કામમાં, રેલવે અને મોટરબસનાં ભાડાંમાં, દવાદારૂમાં તથા બીજી કારખાનામાં બનતી ચીજોમાં તેને પૈસા ખર્ચવાના હોય છે. અને ખેડૂતને ત્યાં કંઈ પૈસા પાકતા નથી. પૈસા તો ધનપતિઓ પાસે હોય છે. એટલે પૈસા માટે તેમના નચાવ્યા તેને નાચવું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી આ યંત્રોના જમાનામાં મોટા મિલઉદ્યોગોને વધારે પડતું મહત્ત્વ અપાય છે. એ ઉદ્યોગો સુધારવા અને ટકાવવા પાછળ સરકાર જેટલું ધ્યાન આપે છે અને જેટલો પૈસો ખર્ચે છે તેટલું ધ્યાન અને તેટલો પૈસો ખેતીના તથા તેને મદદગાર હાથઉદ્યોગો પાછળ નથી અપાતો અને નથી ખર્ચાતો. પરિણામે બજારો જાતજાતની ફૅન્સી વસ્તુઓથી ઊભરાય છે, પણ ખોરાકની ચીજોમાં વધારો થવા નથી પામ્યો. બીજી તરફથી મિલઉદ્યોગોમાં થતા મોટા નફાને લીધે જે ધનિકવર્ગ ઊભો થયો છે તેની સત્તા એના ધનના પ્રભાવે દુનિયામાં વધી પડી છે. નાણાંને જોરે જ એ ધનિક વર્ગ અને એની આસપાસનું મંડળ ખેડૂતોની કાંધ ઉપર ચઢી બેઠું છે. જૂના વખતમાં ખેડૂતના ઉપર એકલા જમીનદાર વર્ગનો જ બોજો હતો. આજે તેના ઉપર શાહુકાર, વેપારી, દલાલ, કારખાનાદાર વગેરે અનેક વર્ગનો બોજો પડે છે. અને એના મૂળમાં જોઈએ તો નાણાંવ્યવહાર એ મુખ્ય કારણ જણાય છે.

૧૩

નિવાર્ય અને અનિવાર્ય અનિષ્ટો

યંત્ર-ઉદ્યોગનાં પરિણામો વિષે બની શકે તેટલી બાજુએથી આપણે વિચાર કરી ગયા અને એ ઉપરથી વાચકોને જણાયું હશે કે યંત્રોથી સમાજને લાભ કરતાં હાનિ વધારે થઈ છે. પરંતુ યંત્રના હિમાયતીઓ તો કહે છે કે યંત્રોની બાબતમાં છેલ્લો નિર્ણય આપવાની સ્થિતિમાં આપણે હજુ આવ્યા નથી. હજુ યંત્રોમાં સુધારા થયે જ જાય છે, તેમ સમાજરચનામાં પણ ફેરફારો થયે જાય છે. એટલે યંત્રનાં અનિષ્ટોને નાબૂદ કરી યંત્રોની મદદથી માનવજાતિ ઉપરનો મજૂરીનો બોજો જરૂર હળવો કરી શકાશે. તેમની દલીલનો સાર આ છે:

યંત્રો અત્યાર સુધીમાં ત્રણ ક્રમમાંથી પસાર થયાં છે. પહેલા ક્રમમાં યંત્રોને ભૌતિક શક્તિ જોડીને ઉત્પાદન વધારવાનું આપણે કર્યું. તેમાં મજૂર તો કાયમ જ રહ્યો હતો અને મજૂરના કૌશલ્યનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલો હ્રાસ થયો ન હતો. બીજા ક્રમમાં માલ તૈયાર કરવાની આખી ક્રિયાના બહુ જ નાના નાના પેટાવિભાગો પાડી નાંખવામાં આવ્યા અને દરેક કામદારને એક જ પેટાકામ કરવાનું આવ્યું. તે માટે ખાસ આવડતની અપેક્ષા ન રહી. એટલે તદ્દન અણઘડ મજૂર તે કરી શકે એમ થયું. એકનું એક જ કામ તેને કાયમ કરવાનું હોય એટલે તેનામાં અમુક ઝડપ પણ આવી ગઈ. પણ કામદાર યંત્રના એક જડ ભાગ જેવો બની ગયો. હવે યંત્રોના વિકાસમાં ત્રીજો ક્રમ શરૂ થયો છે. પેલા અણઘડ મજૂરનું સ્થાન સ્વયંચાલક યંત્રે લેવા માંડ્યું છે. યંત્રોને લોઢાનાં આંગળાં અને હાથ વળગાડવામાં આવે છે; અને કાચો માલ સંચામાં ઓરવાનું, તૈયાર માલ કાઢી લેવાનું, તેને પૅક કરવાનું, એવાં બધાં કામો યંત્રો મારફત જ થાય છે. આ ક્રમમાં માણસને તો યંત્રની દેખરેખ રાખવાનું, કાંઈ બગડે કરે તો સમારવાનું અને કેટલાંક ઝીણાં અને નાજૂક કામો માટે યંત્રોને ગોઠવી લેવાનું રહે છે. આ કામ માટે સારું કૌશલ્ય જોઈએ, એટલે માણસને યંત્રના જડ ભાગ બનવાનું મટી જાય છે.

વળી નવી ઢબનાં કારખાનાંમાં હવે 'થાકની ફિલસૂફી' દાખલ થવા માંડી છે. એમાં માન્યતા એવી છે કે થાકને લીધે શરીર જ્યારે લોથ થઈ જાય છે ત્યારે લોથ થઈ ગયેલા ભાગોમાં અમુક જાતનાં ઝેર ઉત્પન્ન થાય છે. માટે કેટલો થાક ચઢે ત્યારે આવાં ઝેર ઉત્પન્ન થવા માંડે છે તે શોધી કાઢવું અને ઝેર ઉત્પન્ન થવા માંડે એટલો થાક લાગે તે પહેલાં જ કામદારને આરામ આપવો એ આવશ્યક છે. અમુક વખત આરામ લઈને તાજો થયા પછી વળી પાછો તે કામે ચડે. માણસ થાકી ગયા પછી પણ કામ કર્યાં જ કરતો હોય તે કરતાં તાજો થયેલો માણસ વધારે ઝડપથી કામ કરી શકે છે. એટલે કામ વધારે થાય છે. આવી રીતે કામ અને આરામની વહેંચણી બરાબર શાસ્ત્રીય રીતે કરવામાં આવે તો ઉત્પાદન જરા પણ ઓછું ન થાય અને કામદાર પણ થાકીને લોથ ન થઈ જાય. પહેલાંની કોઈ પણ સંસ્કૃતિમાં આવી યોજનાનો વિચાર કરવાનું કોઈને સ્વપ્નમાં પણ સૂઝ્યું નહિ હોય. જોકે આ પ્રયોગ હજુ આરંભદશામાં છે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સફળ અને વ્યાપક થયે કામદારોનાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જરૂર સુધરશે.

યંત્રોનો એક નિર્વિવાદ લાભ એ પણ થયો છે કે શરીર તૂટી જાય એવાં કેટલાંક સખત મહેનતનાં કામોમાંથી મનુષ્યને અને પશુને મુક્તિ મળી છે. આજથી પચીસ ત્રીસ વર્ષ ઉપર જ મુંબઈમાં ટ્રામને ઘોડા જોડવામાં આવતા. તે માટે ખાસ મજબૂત ઘોડા પસંદ કરવામાં આવતા. છતાં વરસ દોઢ વરસમાં એ ઘોડા તૂટીને નકામા થઈ જતા. દેલવાડાનાં દહેરાં જોઈને આજે આપણે ખુશ ખુશ થઈ જઈએ છીએ. પણ એ ઊંચા પહાડ ઉપર આરસપહાણ ચડાવતાં માણસોને અને પશુઓને કેટલું કષ્ટ વેઠવું પડ્યું હશે તેની કલ્પના કરવી જોઈએ. શહેરોમાં ઊંચી ઇમારતો બાંધવા માટે મોટી મોટી વજનદાર વસ્તુઓ ઊંચે ચડાવતાં અથવા ભરેલી આગબોટોને ખાલી કરતાં મજૂરોને પહેલાં જે સખત વૈતરું કરવું પડતું તે કામ હવે યંત્રો દ્વારા સહેલાઈથી થઈ શકે છે.

બીજી મોટી વાત એ છે કે અત્યાર સુધી યંત્રનાં જે અનિષ્ટો વર્ણવવામાં આવ્યાં તેમાંનાં ઘણાં યંત્રોનાં નથી, પણ યંત્રોના દુરુપયોગનાં છે. આજે યંત્રોનો કબજો મૂડીદાર વર્ગ પાસે છે. તેઓ સમાજની ખરી જરૂરિયાતની દૃષ્ટિએ નહિ પણ પોતાના નફાની દૃષ્ટિએ યંત્રો ચલાવે છે. જો યંત્રો આવા ધનલોભી અને નફાખોર વર્ગની ખાનગી માલિકીનાં મટી સામાજિક માલિકીનાં થાય, આખા સમાજની જરૂરિયાતોનું તેના મહત્ત્વના ક્રમમાં વર્ગીકરણ કરી એ પ્રમાણે ઉત્પાદનનું નિયમન કરવામાં આવે, કામદારવર્ગ સઘળા માનવ અધિકારો ભોગવતો થઈ જાય, ધનોપાર્જનની નહિ પણ આખા સમાજના કલ્યાણની દૃષ્ટિ યંત્રોના ઉપયોગમાં પ્રધાન રહે, તો અત્યાર સુધી ગણાવેલાં અનિષ્ટોમાંનાં ઘણાં દૂર થઈ જાય. ચાલુ અર્થવ્યવસ્થામાં વિચારપૂર્વક સુધારો કરવામાં આવે તો નીચેનાં અનિષ્ટોનું નિવારણ થઈ શકે એમ છે :

૧. સમાજની પ્રાથમિક અને મહત્ત્વની જરૂરિયાતોને બદલે એશઆરામની વસ્તુઓનું અતિશય વધુ પ્રમાણમાં ઉત્પાદન થાય છે અને તેને લીધે જે બગાડ થાય છે તે અટકાવી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ભેળવાળા ખોરાક, અને તકલાદી તથા નુકસાનકારક તેમ જ નકામી વસ્તુઓની બનાવટ બંધ કરી શકાય.

૩. માલ ખપાવવા માટે જાહેરખબરોનો ખર્ચ, આડતિયાઓ અને દલાલોનો નફો અને એવું બીજું બેહદ વધી ગયેલું વ્યવસ્થાખર્ચ ઓછું કરી શકાય.

૪. ઉત્પાદકો અને વેપારીઓ વચ્ચે ચાલતી અનર્થકારી હરીફાઈ નાબૂદ કરી શકાય.

૫. કારખાનાંમાં નાનાં બાળકો પાસે કામ કરાવવામાં આવે છે તે બંધ કરી શકાય. સ્ત્રીમજૂરોને વિશેષ સગવડો અને છૂટો આપવાની જરૂર છે તે આપી શકાય અને પુરુષમજૂરોની સ્થિતિ પણ સુધારી શકાય.

૬. મજૂરોનાં રહેવાનાં ઘોલકાં, તેની આસપાસની ગંદકી, મજૂરનાં બાળકોની કેળવણી, વગેરેમાં પણ સુધારો કરી શકાય.

૭. મજૂરીના કામના કલાક ઓછા કરી, બેકારીને ઘણે દરજ્જે ઓછી કરી શકાય.

ઉપર જણાવેલા સુધારા કરવા માટે આખી દુનિયાની આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં જબરી ક્રાન્તિ કરવી પડે. આમ છતાં કેટલાંક અનિષ્ટો તો યંત્રના મૂળમાં જ અને યંત્રના સ્વભાવમાં જ રહેલાં છે; સુધરેલાં યંત્રોથી કે નવી સમાજરચનાથી તે ટાળી શકાય એમ નથી. આપણે તે વિષે ચર્ચા કરી ગયા છીએ એટલે અહીં તેમનો નામનિર્દેશ જ કરીશું :

૧. યુદ્ધોમાં વિનાશક યંત્રોના દા. ત., ઍટમ બૉમ્બના ઉપયોગથી સર્વનાશનો ભય.

૨. અમુક નિષ્ણાત વર્ગ ઉપર આખા જનસમાજનું અવલંબન અતિશય ભયંકર અને જોખમકારક છે. યંત્રોની જે જટિલ રચના ઉપર આખા સમાજનો વ્યવહાર લટકી રહ્યો છે તે ક્યારે દગો દેશે તેનો ભરોસો નથી.

૩. શ્રમવિભાગના સિદ્ધાંતને વધારે પડતી હદે લઈ જવાથી માણસના કામમાંથી આનંદ અને કેળવણીનાં તત્ત્વ વિખૂટાં પડી ગયાં છે.

૪. પ્રાચીન કળાકૌશલ્યનો નાશ. તેની અવેજીમાં નવું યંત્રકૌશલ્ય આવ્યું છે ખરું, પણ માણસના સર્વદેશીય વિકાસ માટે તે પૂરતું નથી.

૫. યંત્રાધીન અર્થવ્યવસ્થાને લીધે જે નવો સમાજ અસ્તિત્વમાં આવતો જાય છે તેમાં લગ્ન, કુટુંબ, નીતિ તથા ધર્મની જગજૂની ભાવનાઓનો ઉચ્છેદ અનિવાર્ય દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. વીજળીની શક્તિનો ઉપયોગ કરવાથી કારખાનાં અને શહેરોની અનારોગ્ય સ્થિતિમાં ઘણો સુધારો કરી શકાય એમ છે. છતાં કોલસા વગર આપણે ચલાવી શકીએ એમ નથી ત્યાં સુધી ધુમાડાના ત્રાસમાંથી છૂટવાનો સંભવ નથી. વળી મોટાં યંત્રો, રેલવેઓ અને વિમાનોની સાથે ત્રાસજનક ઘોંઘાટ અનિવાર્ય છે.

૭. યંત્રસંસ્કૃતિનું એક અપરિહાર્ય લક્ષણ એ છે કે તેમાં જીવન ઉતાવળિયું, કોઈ જાતની નિરાંત અને શાન્તિ વિનાનું તથા ધાંધલિયું થઈ જાય છે. તેને લીધે માનસિક રોગોનું પ્રમાણ વધતું જ જાય છે.

૮. કેટલાક ઉદ્યોગો એવા છે કે જે કરનારને અમુક રોગ લાગુ પડે છે. આવા નવા રોગોની સંખ્યા પણ વધી છે.

૯. કુદરતની નિકટમાં રહેલા માણસમાં જે તંદુરસ્ત ખડતલપણું અને કોઈ પણ નવી પરિસ્થિતિને પહોંચી વળવાની સૂઝ હોય છે તેનો યંત્રસંસ્કૃતિમાં નાશ થાય છે.

૧૦. કુદરતની સાધનસંપત્તિની લૂંટ ચાલી રહી છે અને તેનો જે બગાડ થઈ રહ્યો છે તે એવો છે કે આપણે ભવિષ્યની પેઢીના મોંમાંથી કોળિયો કાઢી લેવા માંડ્યો છે.

૧૪

ઉપસંહાર

યંત્રો અને કારખાનાં ઉપર ખાનગી માલકી મટાડી દઈ તે સામાજિક માલકીનાં કરી નાખવામાં આવે તો પણ તેના ઉપર અંકુશ અથવા મર્યાદાની જરૂર છે, એ અત્યાર સુધી કરેલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે. યંત્રોના ઉપયોગ ઉપર અંકુશ મૂકવાની વાત કંઈ નવી નથી. યંત્રોત્પાદનના આરંભકાળમાં જ રસ્કિને તેનાં અનિષ્ટો સામે પોતાની વિચક્ષણ અને જોરદાર ભાષામાં ચેતવણી આપી હતી. ત્યાર પછી વિલિયમ મોરિસ અને સેમ્યુઅલ બટલરે પોતપોતાની સમર્થ ઢબે યંત્રોનાં અનિષ્ટો દુનિયાને દેખાડી આપવા પ્રયત્ન કર્યો. આપણા દેશમાં ગાંધીજીએ પોતાના 'હિંદ સ્વરાજ' એ વિલક્ષણ ગ્રન્થમાં સને ૧૯૦૮માં યંત્રોનાં અનિષ્ટો તરફ હિંદી દેશભક્તોનું ધ્યાન ખેંચ્યું. પરંતુ એ બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુકારો તત્કાળ તો અરણ્યરુદન જેવા નીવડ્યા. ગયા યુરોપીય મહાયુદ્ધમાં (સને ૧૯૧૪–૧૮) યંત્રોનો ઉપયોગ મોટા પ્રમાણમાં થયો અને તે દ્વારા ભયંકર ખૂનરેજી થતી જોવામાં આવી, ત્યારે જ યંત્રોના અવિચારી ઉપયોગમાં કેવાં ભયંકર જોખમ રહેલાં છે તેનો દુનિયાને કાંઈક ખ્યાલ આવ્યો. અને ત્યાર પછીનાં વીસ વર્ષમાં લડાઈનાં યાંત્રિક અને વૈજ્ઞાનિક સાધનો કેટલાં બધાં વિપુલ થઈ ગયાં છે તે ગયા યુદ્ધમાં આપણે જોઈ ગયા છીએ. હજી ત્રીજા યુદ્ધના ભયમાંથી આપણે મુક્ત નથી. તેનાં કારણોની બરાબર તપાસ કરીએ, તો તે આપણી અત્યારની અર્થવ્યવસ્થા, જે મોટે ભાગે યંત્રોત્પાદનમાંથી ફલિત થઈ છે અને યંત્રાધીન છે, તેમાં દેખાઈ આવે છે. યંત્રમાં થતી પ્રત્યેક સુધારણાની સાથે બેકારીનું પ્રમાણ વધતું જાય છે, અને તે એટલી હદે પહોંચ્યું છે કે તેમાંથી પ્રલયકારી ઉત્પાત મચ્યા વિના રહે જ નહિ.

એટલે સવાલ એ રહે છે કે યંત્ર ઉપર ક્યાં અંકુશ મૂકવો અને કેવી રીતે અંકુશ મૂકવો. પોતાના ‘પોસ્ટ–ઇન્ડસ્ટ્રિયલિઝમ’ નામના પુસ્તકમાં (પા. ૫૬) આર્થર પેન્ટી, જેને પોતે વ્યાવહારિક માને છે એવા કેટલાક અંકુશો સૂચવે છે :

‘હાલ તુરતને માટે એટલું તો કરી જ શકાય કે કોઈ પણ યંત્ર વાપરવાની પરવાનગી આપતા પહેલાં એ યંત્રની જાહેર તપાસણી થવી જોઈએ. તે માટે એક સમિતિ નીમેલી હોય, તે એ યંત્રના ઉપયોગથી મજૂરોની સ્થિતિ ઉપર, મજૂરોની રોજી ઉપર, તથા હાથકારીગરી અને કળા ઉપર શી અસર થશે તથા તેનાં બીજાં સામાજિક અને આર્થિક પરિણામો કેવાં આવશે તે વિષે પુરાવા લે. જો સમિતિને સંતોષ થાય કે અમુક યંત્ર દાખલ કરવાથી સમાજને લાભ થાય એમ છે, તો જ તે દાખલ કરવાની તે રજા આપે. એ યંત્ર દાખલ કરવાથી જો કોઈ મજૂરો બેકાર પડતા હોય તો એમના ગુજરાનની જવાબદારી એ નવી શોધથી જેમને લાભ થવાનો હોય તેમના ઉપર નાખવામાં આવે. સમાજ ઉપર મૂકવામાં આવતા અંકુશોની પાછળ વિચારસરણી એ હોય છે કે જે લોકોનો હેતુ ખરાબ હોય તે લોકોને પોતાનાં કૃત્યોથી સમાજને નુકસાન પહોંચાડતા રોકવા જોઈએ. તેમ જ શુભ હેતુથી પરંતુ અજ્ઞાનને લીધે જેમનાં કૃત્યોથી સમાજને સરવાળે હાનિ થતી હોય તેવા લોકોને પણ એ કૃત્યો કરતા અટકાવવા જોઈએ. યંત્રો ઉપર પણ ઉપર જણાવ્યા તેવા અંકુશો મૂકવાની માગણી આ ન્યાયને અનુસરીને જ છે.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સૂચના લાગે છે તો બહુ વ્યવહારુ અને આકર્ષક, પણ, સવાલ એ રહે છે કે આવી રીતના અંકુશો મૂકવાની સત્તા આજના કોઈ પણ સમાજમાં કે રાષ્ટ્રમાં કોઈ પણ તંત્ર ધરાવે છે ખરું? અથવા, બીજી રીતે કહીએ તો, કોઈ પણ સત્તાધારી તંત્ર એટલે કે કોઈ પણ સરકાર આવા અંકુશો મૂકવા તૈયાર થાય એમ છે ખરી?

યંત્રનાં અનિષ્ટોમાંનાં ઘણાં, યંત્રો ઉપરની ખાનગી માલકીને આભારી છે. એ ખાનગી માલકી નાબૂદ કરી તમામ ઉત્પાદન એકાદ વર્ગના નહિ પણ આખા જનસમાજના હિતની દૃષ્ટિએ કરવાનો પ્રયોગ રશિયામાં ચાલી રહ્યો છે. સંભવ છે કે ત્યાં આજે બેકારી બિલકુલ ન હોય અથવા બહુ ન હોય. પણ આ વસ્તુ ત્યાં એવી રીતની જબરદસ્તીથી થયેલી છે કે ત્યાંના લોકો અત્યારે સ્વતંત્ર અને સુખી છે કે કેમ એ વિષે ભારે શંકા છે. વળી ત્યાંનું તંત્ર ટકાવી રાખવા માટે જે દખલ અને ત્રાસ ત્યાં સતત ચાલુ જ હોવાનું આપણે સાંભળીએ છીએ તે જોતાં ત્યાંની વ્યવસ્થા સ્થિર થઈ છે એમ કહી શકાય નહિ. એટલે યંત્રની મર્યાદા શોધવામાં અને નક્કી કરવામાં પેન્ટીએ સૂચવ્યા છે એવા બાહ્ય અંકુશો આપણને બહુ કામમાં નહિ આવે.

કોઈ પણ જડ વસ્તુ, એ વસ્તુ તરીકે સારી કે ખરાબ હોઈ શકતી નથી; તેના ઉપયોગ પરત્વે જ તે સારી કે ખરાબ થાય છે. અને યંત્ર પણ જડ વસ્તુ હોઈ તેને એ જ ધોરણ લાગુ પડે છે. કુહાડી એ માણસનું પહેલામાં પહેલું અને મોટામાં મોટું ઓજાર. તેનાથી માણસે જંગલો સાફ કર્યાં, અને તેનાથી જ પરશુરામે એકવીસ વાર પૃથ્વી નક્ષત્રી કરી! પણ તેથી આપણે કુહાડીનો દોષ કાઢી શકતા નથી. લોઢું લઈને માણસે હળની કોશ બનાવી, અને તરવાર પણ બનાવી, એ રસ્કિનનું ઉદાહરણ સુપ્રસિદ્ધ છે. આજે વિમાન દ્વારા પ્રવાસ કરી શકાય છે અને ટપાલ પહોંચાડી શકાય છે, તેમ તે દ્વારા બોમ્બ ફેંકીને અથવા ઝેરી વાયુ છોડીને તદ્દન નિર્દોષ માણસોનો સંહાર પણ કરી શકાય છે. જંતુવિદ્યાનો ઉપયોગ માણસ રોગના નિવારણ માટે જેમ કરે છે તેમ દુશ્મન ગણાતા દેશમાં રોગ ફેલાવવા માટે પણ કરે છે. દુઃખની વાત એ છે કે આવાં બધાં સાધનોનો અને જ્ઞાનનો ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસજાતના સુખ માટે થવાને બદલે માણસજાતના પીડનને માટે વધારે પ્રમાણમાં થાય છે. દુનિયાના બધા જ મહાન પુરુષો આજે કહી રહ્યા છે કે માણસજાતે આજે ભૌતિકશાસ્ત્રમાં જેટલી પ્રગતિ કરી છે તેટલી નીતિમાં અથવા અધ્યાત્મમાં નથી કરી. યંત્રવિદ્યા અને વિજ્ઞાનમાં માણસ આજે ખૂબ આગળ વધ્યો છે; પણ સમભાવ, બંધુતા, નિર્લોભ, અવૈર, અહિંસા એવા સદ્ગુણોમાં તો જ્યાંનો ત્યાં હોય એમ જ જાણે દેખાય છે. યંત્રોની શોધ કરવામાં અને યોજના કરવામાં માણસે અદ્ભુત શક્તિનું દર્શન કરાવ્યું છે પણ તેના ઉપયોગમાં માણસની પાયરીએ પણ ન રહેતાં એ અસુર બન્યો છે.

પણ તેથી યંત્રવિદ્યા તથા વિજ્ઞાનમાં જે પ્રગતિ થઈ છે તે અટકાવી દેવી અથવા આ વિષયોમાં માણસે જે જ્ઞાન મેળવ્યું છે તે તેણે ભૂલી જવું એમ કહેવું વાહિયાત છે અને મિથ્યા પણ છે. ખરો ઉપાય એ છે કે માણસે કરેલી શોધોનો ઉપયોગ જનસમાજના કલ્યાણ અર્થે માણસ કરતો થાય એવો એને બનાવવો જોઈએ. અને તે ત્યારે જ થઈ શકે જ્યારે માણસજાતમાં સદ્વૃત્તિઓનો અને સદ્ગુણોનો વિકાસ થાય. એ કામ કેળવણીનું છે. દુનિયામાં કેળવણીનું તંત્ર અત્યાર સુધી ખોટી દિશામાં ચાલ્યું છે. દરેક દેશ શીખવે છે કે આપણો દેશ સૌથી સારો અને ચડિયાતો છે; આપણા દેશના ઉદ્યોગધંધા અને વેપાર વધવા જોઈએ, આપણો દેશ બળવાન અને ધનવાન થવો જોઈએ. આ બધી ખોટી કેળવણી છે. વળી જાતમહેનત નહિ કરનારા, ધનસંપત્તિ ધારણ કરનારા, વૈભવ માણનારા, તથા રાજદરબારમાં લાગવગ અને સત્તા ધરાવનારા લોકો પ્રતિષ્ઠિત અને બીજા અપ્રતિષ્ઠિત, એવા ખ્યાલો પેદા કરનારી કેળવણી પણ ખોટી કેળવણી છે. આવી ખોટી કેળવણીને બદલે જાતમહેનત, સાદાઈ, સહકાર, સહાયવૃત્તિ, નિર્લોભવૃત્તિ, નિર્વૈરવૃત્તિ એવા વ્યક્તિને તેમ જ સમાજને હિતકારી ગુણોનો વિકાસ સાધનારી કેળવણી દાખલ થવી જોઈએ. યંત્રો ઉપરના અંકુશ શોધવાને બદલે માણસમાં રહેલી સ્વાર્થની, લોભની, વેરની વૃત્તિઓ ઉપર અંકુશ મુકાય તો યંત્રો ઉપર આપોઆપ અંકુશ આવે અને તેની મર્યાદા પણ અંકાઈ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનો અર્થ એ થયો કે યંત્રોનાં અનિષ્ટો ટાળવા માટે અને તેના વિનાશકારી આક્રમણથી સમાજને બચાવી લેવા માટે આખા સમાજની પુનર્ઘટના નવેસરથી અને નૈતિક ધોરણે થવી જોઈએ. એ વસ્તુ રાજદંડથી નહિ થઈ શકે પણ લોકોને કેળવીને જ થઈ શકશે. આપણા દેશનો દાખલો લઈએ. મૅન્ચેસ્ટરની મિલોએ આપણા કાપડના મહાન ગૃહઉદ્યોગને તોડી નાખ્યો અને દેશવ્યાપી કંગાલિયત અને બેકારી પેદા કરી. આપણા હાથમાં રાજસત્તા હોત અને આપણે પરદેશી કાપડ ઉપર જકાત નાખત તો તેથી કાંઈ આપણો એ ગૃહઉદ્યોગ બચી શકત નહિ. કારણ, એ ગૃહઉદ્યોગને તો મૅન્ચેસ્ટરને બદલે આપણા દેશમાં ઊભી થયેલી મિલોએ તોડ્યો હોત. હજુ આજેય આખો દેશ ખાદી વાપરતો થાય તો મૅન્ચેસ્ટરની, જાપાનની કે આપણા દેશની બધી જ મિલો નકામી થઈ પડે અને કોઈના ઉપર પણ આક્રમણ કર્યા વિના દેશમાંથી કંગાલિયત અને બેકારી આપણે દૂર કરી શકીએ. અહીં ખાદીની સાથે બીજા ગ્રામઉદ્યોગો પણ ગણી લેવાના છે. આવું કરવા માટે કશા રાજદંડની જરૂર નથી. રાજદંડથી આખા દેશને ખાદી પહેરતો અને ગ્રામઉદ્યોગોનો આશ્રય લેતો કરી પણ ન શકાય. એ વસ્તુ તો કેળવણીથી જ થઈ શકે એમ છે. જે જે યંત્રો લોકોને બેકાર કરી નાખતાં હોય અને કંગાલ બનાવતાં હોય તે તે યંત્રોનો ત્યાગ કરી અથવા યંત્રોથી બનેલા માલનો બહિષ્કાર કરી હાથે બનેલા માલનો ઉપયોગ કરવા લોકોને સમજાવવું જોઈએ. એવો હાથે બનેલો માલ વેચાતો લેવો બધાને ન પોસાય, એટલે પોતાને જોઈતો માલ પોતે જ એટલે કે પોતાના ઘરમાં જ અથવા ગામમાં પરસ્પર સહકારથી બનાવી લેવાનું સમજાવવું જોઈએ. બીજી રીતે કહીએ તો, જે વસ્તુઓ માણસો પોતાના ઘરમાં અથવા ગામમાં હાથે બનાવી શકતા હોય તે વસ્તુઓ યંત્ર દ્વારા બનેલી ન વાપરવાની કેળવણી આપવી જોઈએ. અને વાપરનાર કોઈ નહિ મળે એટલે વસ્તુઓ યંત્ર દ્વારા ઉત્પન્ન પણ નહિ થાય. પછી તો જે વસ્તુઓ અનિવાર્ય આવશ્યક હોય અને જે મોટા પાયા ઉપર તથા યંત્રો દ્વારા જ બની શકે એવી હોય તેને માટે યંત્રોનો ઉપયોગ રહેશે. આ યંત્રની મર્યાદા થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જાતની મર્યાદાની મોટી ખૂબી એ છે કે તે લડાઈનાં કારણો નાબૂદ કરે છે, અથવા પૂરાં નાબૂદ ન કરે તો ખૂબ ઓછાં તો કરી જ નાખે છે. વસાહતો તથા બીજા દેશનાં બજારોના કબજાની હરીફાઈ એ અત્યારે લડાઈનું મોટામાં મોટું કારણ છે. પણ આ નવી અર્થ-વ્યવસ્થામાં આવી જાતની હરીફાઈને અવકાશ જ રહેતો નથી. અત્યારે મહાબળવાન ગણાતાં રાષ્ટ્રો — ઇંગ્લંડ, ફ્રાન્સ, રશિયા, જર્મની, ઇટાલી, જાપાન વગેરે — વચ્ચે મહાયુદ્ધ ફાટી નીકળ્યું છે* તે આ હરીફાઈને લીધે જ છે. બીજી તરફથી આજની યુદ્ધસામગ્રી એવા સ્વરૂપની છે કે યુદ્ધમાં ઊતરેલાં રાષ્ટ્રો ઉપરાંત બીજા કેટલાયે મુલકોનો સર્વનાશ તેમાં થાય છે. આ ભયમાંથી ઊગરવાને માટે પણ નવી અર્થવ્યવસ્થા આવશ્યક છે. એ અર્થવ્યવસ્થા લોભ અને આક્રમણના ધોરણ પર નહિ, પણ અલોભ અને પરસ્પર સદ્‌ભાવના ધોરણ ઉપર નિર્માણ થયેલી હોઈ યંત્રો દ્વારા ઉત્પન્ન થતી આજની યુદ્ધસામગ્રીઓ નકામી થઈ પડશે, અને એવી યુદ્ધસામગ્રીઓ તૈયાર કરવા માટેનાં યંત્રો પણ નહિ બનાવવાં પડે અને જનસમાજને કચડી નાખતો એક મોટો બોજો તેના ઉપરથી ઊતરી જશે.

---

* આ યુદ્ધ ખતમ થઈ ગયું છે અને તેનાં દુષ્પરિણામોથી આખી દુનિયા આજે પીડાઈ રહી છે તે પ્રત્યક્ષ અનુભવની વાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્રની મર્યાદા

ખંડ રજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં યંત્રનું સ્થાન

યંત્રની મર્યાદા વિષે આટલો વિચાર કર્યા પછી આપણા દેશમાં યંત્રનું શું સ્થાન છે અને ક્યાં તેની મર્યાદા આંકવાની જરૂર છે તેનો વિચાર કરીએ. આ વિષે કાંઈ પણ નિર્ણય ઉપર આવતા પહેલાં અત્યારે આપણી આર્થિક પરિસ્થિતિ કેવી છે અને કેવી અર્થવ્યવસ્થા આપણા દેશને અનુકૂળ આવે એવી છે એ સમજી લેવું આવશ્યક છે.

આપણો દેશ ખેતીપ્રધાન ગણાય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે બીજા ઉદ્યોગો આપણા દેશમાં ખીલ્યા જ નથી. છેક અઢારમી સદીના મધ્ય સુધી તો બીજા સૌ દેશો કરતાં ખેતી સિવાયના ઉદ્યોગોમાં પણ આપણો દેશ આગળ પડતો હતો. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં મોગલ સામ્રાજ્યના ક્ષય સમયે આપણા દેશમાં જે રાજકીય અંધાધૂંધી વ્યાપી તેનો લાભ લઈ અંગ્રેજોએ આપણા દેશનો વેપાર કબજે કરવા માંડ્યો. ઓગણીસમી સદીની શરૂઆતમાં આખા દેશમાં તેમની રાજ-સત્તા પણ જામી ગઈ. આ જ સમય વરાળશક્તિના ઉપયોગની શોધને લીધે ઇંગ્લંડમાં થયેલી ઔદ્યોગિક ક્રાન્તિનો હતો. એ ક્રાન્તિને પરિણામે ઇંગ્લંડ ખેતીવાડી છોડી દઈ આખી દુનિયાનું કારખાનું બન્યું. પોતાનાં કારખાનાંનો સસ્તો માલ આખી દુનિયાનાં બજારોમાં તેણે પહોંચાડવા માંડ્યો. જે ઇંગ્લંડે અઢારમી સદીમાં પોતાના ઉદ્યોગોના રક્ષણ અર્થે હિંદુસ્તાનથી પોતાને ત્યાં આયાત થતા માલ ઉપર ભારે જકાત નાખી હતી, તે જ ઇંગ્લંડ ઉદ્યોગ--વેપારમાં મોખરે આવ્યું એટલે ખુલ્લી વેપારનીતિનું હિમાયતી બન્યું અને હિંદુસ્તાન ઉપર પણ તેણે એ જ વેપારનીતિ ઠોકી બેસાડી. ઇંગ્લંડના યંત્ર-ઉદ્યોગોના માલની હરીફાઈમાં આપણા દેશનો હાથ-ઉદ્યોગનો માલ મોંઘો પડવા માંડ્યો એટલે આપણા ગૃહ-ઉદ્યોગો અને ગ્રામઉદ્યોગો ભાગવા માંડ્યા. ત્યારથી હિંદુસ્તાનને ઉત્તરોત્તર વધતા જતા પ્રમાણમાં ખેતી ઉપર આધાર રાખવાની ફરજ પડી છે. પહેલાં હિંદુસ્તાનનો ખેડૂત પોતાને જોઈતું અનાજ પકવી લેવા ઉપરાંત ખેતીમાંથી ફાજલ પડતા વખતમાં પોતાને જોઈતાં કપડાં તથા બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુઓ પણ બનાવી લેતો અને પોતાના વપરાશની બીજી ચીજો ગામડાંના કારીગરો પાસેથી તેને મળતી. પરંતુ, ગામડાંના આ કારીગરો ખેતીની મોસમમાં જ્યારે મજૂરોની ભીડ હોય ત્યારે ખેતીમાં પણ કામ કરતા. ખેડૂતના ગૃહઉદ્યોગ તથા ગામડાંના તેમ જ શહેરોમાંના હાથકારીગરીના ઉદ્યોગો યંત્ર–ઉદ્યોગો આગળ ટકી ન શકવાથી પડી ભાગતાં, ખેડૂતને ખેતીમાંથી ફાજલ પડતા વખતમાં કરવાના બીજા ધંધા ન રહ્યા, તેમ ગામડાના કારીગરો પણ ધંધા વિનાના થતાં ખેતી ઉપર જ પડવા લાગ્યા. આમ એકલી ખેતી ઉપર આધાર રાખનારા માણસોની સંખ્યા વધી. કેટલાંક શહેરોમાં મિલો સ્થપાવાથી તથા દેશમાં રેલવે નંખાવાથી થોડાક લોકોને રોજી મળી છે ખરી, પણ તેમની સંખ્યા નજીવી છે. સને ૧૮૯૧માં દેશની વસ્તીનો ૬૧ ટકા ભાગ ખેતી ઉપર ગુજરાન ચલાવતો. બાકીનાનું પોષણ બીજા ઉદ્યોગ–ધંધામાંથી થતું. પણ સન ૧૯૦૧માં ૬૫.૨ ટકા, સન ૧૯૧૧માં ૬૯.૮ ટકા, સન ૧૯૨૧માં ૭૦.૯ ટકા અને સન ૧૯૨૬માં ૭૩ ટકા જેટલી વસ્તીના નિર્વાહનું સાધન એકલી ખેતી રહ્યું છે. આપણા દેશના ઉદ્યોગો તૂટતા જાય છે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

ગૃહઉદ્યોગોમાંથી ખેડૂતની આવકમાં જે પૂર્તિ થતી તે બંધ પડવાથી તેની ગરીબાઈ દિનપ્રતિદિન વધતી ગઈ છે અને જોઈતી સાધનસામગ્રીને અભાવે ખેતીની નીપજ ઘટવા માંડી છે. આમ ખેડૂત ભમરાળા ચક્રમાં અટવાય છે. ખેતીનું ઉત્પન્ન ઓછું થાય તેથી ગરીબાઈ આવે. ગરીબાઈ આવે એટલે ખેતીમાં સુધારા કરવાનાં સાધન ન મળે, અને સાધન ન હોય એટલે ખેતીનું ઉત્પન્ન વળી પાછું ઘટે. દુનિયાના બીજા દેશો કરતાં આપણા દેશમાં ખેતીની સરેરાશ પેદાશ ઘણી ઓછી છે. વળી આપણા દેશમાં ખેડૂત દીઠ ખેતીની જમીનનું પ્રમાણ પણ ઘણું ઓછું છે. તેથી આજે એકલી ખેતીમાંથી ખેડૂતનું પૂરું થતું નથી. અને આવકનો બીજો ધંધો તેની પાસે રહ્યો નથી. જમીનમહેસૂલ ભરવા માટે તથા જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે રોકડ નાણાં જોઈએ તે પોતાના અને પોતાનાં બાળકોનાં મોંમાંથી કોળિયો કાઢી લઈને તેને મેળવવાં પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન ૧૯૩૧ની વસ્તીગણતરી મુજબ ૧૧ કરોડ ૭ લાખ માણસો "માત્ર ખેતી તથા ગોપાલનના કામમાં રોકાયલાં હતાં." હિંદુસ્તાનના પરિચયમાં આવેલા સઘળા શ્રદ્ધેય તેમ જ સમર્થ હિંદી અને અંગ્રેજ લેખકોની ગણતરી પ્રમાણે, હિંદુસ્તાનના ખેડૂતો વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ મહિના જેટલો વખત તદ્દન કામ વિનાના હોય છે. કેટલાક પ્રમાણભૂત ગ્રન્થકારો બેકારીનો સમય ચાર મહિનાનો ગણે છે. આ બધા જ લેખકો એક મતે કહે છે કે ખેતીની મોસમમાં પણ ખેડૂતને નવરાશનો સમય પુષ્કળ રહે છે. વર્ષમાં એક કે બે વખત જ થોડા દિવસો એવા આવે છે જ્યારે ખેડૂતના કુટુંબનાં બધાં જ માણસો કામમાં રોકાઈ ગયેલાં હોય છે, પણ ઘણા દિવસો એવા હોય છે જ્યારે કુટુંબનાં મોટા ભાગનાં માણસોને પૂરતું કામ નથી હોતું. આવા કામ વિનાના દિવસો લાગલાગટ હોતા નથી. વર્ષમાં કેટલાક દિવસો એવા હોય છે જ્યારે અડધો દિવસ અથવા એથીયે ઓછો વખત કામ હોય. એટલે બીજો ધંધો મળી શકતો હોય તોપણ તે ધંધો કરવા ખેડૂત પોતાનું ગામ છોડીને જઈ શકતો નથી. ખેતીનું બીજું કાંઈ કામ ન હોય ત્યારે પણ પોતાનાં ઢોર સાચવવાનાં તો હોય છે જ. એટલે પોતાના ગામમાં જ રહીને થઈ શકે તેવા અને જેમાં સતત રોકાણ ન હોય તેવા ધંધાની ખેડૂતને જરૂર છે. ઓછામાં ઓછી ગણતરી પ્રમાણે બેકારીના ત્રણ મહિના ગણીએ તોપણ ૧૧ કરોડ અને ૭ લાખ માણસોની ત્રણ મહિનાની બેકારી એટલે ૨ કરોડ ૯૪ લાખ માણસોની આખા વર્ષની બેકારી થઈ. આટલા માણસોની સંપૂર્ણ બેકારીનું નિવારણ કરવાનો પ્રશ્ન ખૂબ કઠણ તો છે જ, પણ ૧૧ કરોડ ૭ લાખની અનિયમિત રીતે વચ્ચે વચ્ચે આવતી બેકારીનો નિકાલ કરવાનું કામ તો એથીયે વધારે કઠણ છે. આવડા મોટા વિશાળ દેશમાં ફેલાયેલી આ ભયંકર બેકારી એ આપણા આર્થિક પ્રશ્નોમાં બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. યંત્ર-ઉદ્યોગોને લીધે જ ઉત્પન્ન થયેલી આ બેકારીના પ્રશ્નનો વિચાર આપણા દેશમાં યંત્રનું સ્થાન નક્કી કરવામાં અગ્રસ્થાને હોવો જોઈએ.

આના ઉપાય તરીકે બે પ્રકારના કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે. એક કાર્યક્રમ બધા જ ઉદ્યોગોને, બની શકે તેટલે દરજ્જે ખેતીને પણ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્ર દ્વારા ચલાવવાનો છે. યંત્રોદ્વારા ઉત્પાદનથી થોડી મહેનતે અને થોડા વખતમાં વધુ કામ થાય છે એ લાભ તો છે જ. અત્યારનાં બધાં અનિષ્ટોનું મૂળ યંત્રો નથી પણ યંત્રો ઉપરની ખાનગી માલકી અને ખાનગી વ્યક્તિઓ અથવા મંડળોના નફા માટેના ઉત્પાદનની મૂડીદારી પ્રથા એ છે. તમામ યંત્રો સામાજિક માલકીનાં કરી નાખવામાં આવે, અને નફા માટે નહિ, પણ આખા સમાજના લાભ માટે અને સમાજની જરૂરિયાત પ્રમાણે યોગ્ય નિયમન રાખીને ઉત્પાદન કરવામાં આવે તો અત્યારે દેખાતાં અનિષ્ટોમાંનાં ઘણાં નાબૂદ થાય. વળી યંત્ર દ્વારા ઉત્પાદનનું પ્રમાણ વધારી શકાય એટલે ગરીબી ટાળી શકાય અને જીવનનું ધોરણ પણ ઊંચું કરી શકાય. યંત્રો દ્વારા ઉત્પાદન થવાને લીધે જે વખત બચે તેથી લોકોને બેકાર બનાવવાને બદલે બધા જ લોકોના કામના કલાક ઘટાડી નાખવામાં આવે. થોડા સમયના કામમાંથી બધા લોકોને પૂરતી રોજી મળી રહે અને લોકોને નવરાશનો વખત મળે તે તેઓ જીવનને આનંદમય, સંસ્કારી અને સમૃદ્ધ બનાવે એવી અર્થેતર પ્રવૃત્તિઓમાં ગાળે. આ રૂડીરૂપાળી યોજના કલ્પનામાં સારી લાગે છે પણ તેને અમલમાં મૂકવાનું લગભગ અશક્ય છે તે વિષે, તેમ જ કેટલાંક અનિષ્ટો તો યંત્રના મૂળમાં જ રહેલાં છે તે વિષે, આપણે સામાન્ય રીતે વિચાર કરી ગયા છીએ. યંત્રોને સામાજિક માલકીનાં બનાવો તો પણ એ અનિષ્ટો ટાળી શકાય એમ નથી. યંત્રો દ્વારા ઉત્પાદન કરવા માટે કેન્દ્રિત વ્યવસ્થા-તંત્ર અનિવાર્ય છે અને વ્યવસ્થા-તંત્રને કેન્દ્રિત કરવું હોય તો તેની પાછળ જબરદસ્ત શાસન જોઈએ જ. અને કોઈ પણ મોટું શાસન સંગઠિત જબરદસ્તી અથવા હિંસા વિના ચાલી ન શકે. અને તેની પાછળ અહંકાર, દ્વેષ, લોભ એ બધા માનવજાતના રિપુઓ પોતપોતાનાં શસ્ત્રો લઈને હાજર થાય જ. આ પ્રકાર કેટલો નિષ્ફળ છે એ અત્યારે ચાલી રહેલા યુદ્ધમાં પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે. એ માર્ગે દુનિયામાં સુખશાન્તિ સ્થાપવાની આશા રાખવી વ્યર્થ છે.

વળી યંત્રોનો મોટો ખટાટોપ ઊભો કરવા માટે અઢળક મૂડી જોઈએ તે આજે આપણી પાસે નથી એ વિચાર પણ આપણે કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવા જેવો છે. આપણે જો મૂડી પરદેશથી લાવીએ તો એની પાછળ પરદેશની સત્તા પણ આવે જ. આપણા દેશમાંની જ અત્યાર સુધી નહિ શોધાયેલી અથવા નહિ ઉપયોગમાં લેવાયેલી સાધનસંપત્તિ દ્વારા મૂડીના પ્રશ્નને પહોંચી વળવાની આશા આપણે રાખીએ તોપણ એક ભારે કસોટીમાંથી તો આપણે પસાર થવું જ પડે. આખા દેશની બધી જરૂરિયાતો પૂરી પાડવા આપણે યંત્રો બનાવીએ, કારખાનાં ઊભાં કરીએ અને માલ તૈયાર કરવા માંડીએ ત્યાં સુધીના ગાળામાં એ બધાં કામોમાં રોકાયેલાં માણસોનો નિભાવ કરવો જોઈએ અને એ નિભાવ આપણી ખેતીની અત્યારની નીપજમાંથી કરવો રહ્યો. એટલે બોજો છેવટને હિસાબે તો આપણા ખેડૂતો ઉપર જ પડે. કંગાળ દશામાં આવી પડેલા આપણા ખેડૂતો એ બોજો ઉઠાવવાને શક્તિમાન છે કે કેમ એ વિચારવા જેવું છે. નવાં ઊભાં થતાં કારખાનાંનો વધારાનો બોજો આપણા ખેડૂતને માટે, મરવા પડેલા ઊંટની પીઠ ઉપરના છેલ્લા તરણા જેવો નીવડે એવો ભય છે.

બીજો કાર્યક્રમ એ છે કે આજે ગામડાં શહેરો દ્વારા ચુસાયાં જ કરે છે માટે તેમણે શહેરો સાથેનો આયાતનિકાસનો સંબંધ બને તેટલો ઓછો કરી નાખી પોતાની જરૂરિયાતોની બાબતમાં બને તેટલાં સ્વયંસંપૂર્ણ થઈ જવું. આમ કરવાથી જે અર્થતંત્ર ઉપર તેમનો કાબૂ નથી અને જે અર્થતંત્ર દ્વારા તેઓ શોષાયાં કરે છે તે અર્થતંત્રમાંથી તેઓ આપોઆપ મુક્ત થઈ જશે, અને તેમાંથી જ તેમની ગરીબાઈ તથા બેકારીના પ્રશ્નનો ઉકેલ આવશે. આ કાર્યક્રમમાં આપણને મૂડીનો પ્રશ્ન મૂંઝવતો નથી, કેન્દ્રિત અને સંગઠિત જબરદસ્ત શાસનનો ઉપદ્રવ કે ભય રહેતો નથી. આ કાર્યક્રમ સમજપૂર્વકના સ્વાવલંબનનો હોવાથી તેમાં લોકસ્વાતંત્ર્ય વધારે જળવાય છે. આપણા દેશમાં પરાપૂર્વથી ચાલતી આવેલી અર્થવ્યવસ્થાને અનુસરતો હોઈ, આ કાર્યક્રમ આપણા દેશને વધારે અનુકૂળ આવે એવો છે. પણ તેનો અર્થ એવો કોઈ ન કરે કે અમે યંત્રયુગની પૂર્વેના જમાનામાં એટલે કે બારમી કે પંદરમી સદીમાં આપણા દેશને કે આખી દુનિયાને લઈ જવાની વાત કરીએ છીએ. દુનિયાને યંત્રાધીન કરી નાખવાના નવા કાર્યક્રમમાં જગતનું કલ્યાણ નથી, એ પ્રતીતિથી જ આ કાર્યક્રમ ઉપર આપણે આવવાની જરૂર છે. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાર્યક્રમને અનુકૂળ આવે અને પોષક થાય એવી રીતે ભૌતિકવિદ્યાના અને યંત્રવિદ્યાના આપણને મળેલા જ્ઞાનનો પણ આપણે ઉપયોગ કરવો છે. આ કાર્યક્રમમાં યંત્રોનો એકાંતિક નિષેધ નથી. આપણે યંત્રાધીન ન થઈ જઈએ પણ જે યંત્રો આપણે રાખવાં પડે તે આધીન રહે એ રીતે આપણે કેટલાંક યંત્રો વાપરીએ ખરા.

ઉપર કલ્પ્યાં છે એવાં મોટે ભાગે સ્વયંસંપૂર્ણ ગામડાંમાં અથવા તો ગ્રામપ્રદેશોમાં યંત્રનું સ્થાન ક્યાં હશે? અને આપણા દેશમાં જે કારખાનાં છે તે આપણા દેશના ઉદ્દિષ્ટ અર્થતંત્રમાં કેટલે દરજ્જે અનુકૂળ અથવા પ્રતિકૂળ છે? એ પ્રશ્નો આપણે વિચારીએ.

યંત્રોના સર્વસામાન્ય અનિષ્ટોમાંથી આપણે ઊગરી જવું હોય અને યંત્રો દાખલ કરવા જતાં પરતંત્રતાની બેડી વધુ સજ્જડ થવાનો જે ભય છે તેનાથી આપણે બચવું હોય, તો એક મર્યાદા તો આપણે નક્કી કરી જ લેવી પડશે કે, જે માલ ખેડૂત પોતાના ઘરમાં તૈયાર કરી શકે તેમ હોય, તથા ખેડૂતના ઉપયોગનો જે માલ ગામડાંના કારીગરો પેદા કરી શકે એમ હોય તે માલ પરદેશથી લાવવો અથવા તે બનાવવા માટે આપણા દેશમાં મોટાં કારખાનાં કાઢવાં એ ઇષ્ટ અને હિતાવહ નથી. આ મર્યાદા જાળવીને યંત્રોનો ઉપયોગ કરવામાં આપણને ખાસ કશો બાધ ન હોવો જોઈએ. આ દૃષ્ટિએ આપણા જુદા જુદા ધંધાઓમાં યંત્રોનાં સ્થાનનો વિચાર કરીએ :

૧. ખેતીના કામમાં વપરાતાં યંત્રો.
૨. દુગ્ધાલય (ડેરી)ના કામમાં વપરાતાં યંત્રો.
૩. કપાસ પીલવાનાં જીનો તથા કાપડની મિલો.
૪. તેલની મિલો.
૫. દળવાખાંડવાના સંચા.
૬. ખાંડનાં કારખાનાં.
૭. ચામડાંનાં કારખાનાં.
૮. ટીનનાં પતરાંનાં કારખાનાં.
૯. ગ્રામઉદ્યોગોને લગતાં ઓજારો બનાવવાનાં કારખાનાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. રેલવે, આગબોટ, મોટર, વગેરે વાહનોનાં સાધનો તથા ઉચ્ચાલનનાં યંત્રો.

૧૧. ખાણો, ઘાસતેલના કૂવા, વગેરેમાં વપરાતાં યંત્રો.

૧૨. જે ઉદ્યોગો સમાજ માટે અત્યંત આવશ્યક હોઈ મોટા પાયા ઉપર જ ચાલી શકે એમ છે તેનાં કારખાનાં.

૧. ખેતીના કામમાં વપરાતાં યંત્રો

આમાં જમીન ખેડનારાં ટ્રૅક્ટરો, જમીનને સપાટ કરનારાં ગ્રેડરો, ઘાસ કાપવાના સંચા, કૂવામાંથી પાણી ખેંચવાના પંપો વગેરે મુખ્ય છે. જ્યાં એક જથે મોટી જમીન હોય અને તે પહેલી વાર તોડવાની હોય ત્યાં ટ્રૅક્ટર બહુ ઉપયોગી થઈ પડે એ વિષે શંકા નથી. તે જ પ્રમાણે ઘાસનું બીડ મોટા વિસ્તારમાં હોય ત્યાં ઘાસ કાપવાનાં તથા તેની ગાંસડીઓ બાંધવાનાં યંત્રો પ્રમાણમાં વધારે સારું કામ આપે છે. પણ આપણા દેશમાં આવાં બીડો તથા વિશાળ ખેતરો અપવાદરૂપ છે, અને તેથી આ સાધનોનો ઉપયોગ અતિશય મર્યાદિત જ રહેવો જોઈએ. સહકારી ધોરણે અથવા તો સમાજવાદી સિદ્ધાન્ત પ્રમાણે નાના નાના ખેડૂતો પોતાની જમીન એક જથે કરી સંયુક્ત ખેતી કરે, તો આવાં યંત્રોને માટે અવકાશ પેદા થાય ખરો. પણ આપણા દેશમાં માનવશક્તિ અને બળદશક્તિ બહુ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતાં અને એ શક્તિ અમુક પ્રમાણમાં બેકાર પડી રહેલી હોવા છતાં આપણે ભૌતિક શક્તિના ઉપયોગની વાત કરીએ એ ઇષ્ટ છે ખરું ? ભૌતિકશક્તિથી ચાલતાં ઉપર જણાવેલાં યંત્રો પુષ્કળ માણસોને અને તેથીએ વધારે પ્રમાણમાં બળદોને બેકાર બનાવી મૂકે તો તેનો વિચાર કરવો ઘટે છે. અત્યારે મોટરગાડીઓ ગામડે ગામડે પહોંચી જતાં બળદો બેકાર પડવા લાગ્યા જ છે. પહેલાં ખેતીના કામ ઉપરાંત ભારવહનમાં બળદનો ઉપયોગ થતો અને તેથી બળદનો બધો ખર્ચ એકલી ખેતી ઉપર પડતો નહિ. ટ્રૅક્ટર રાખવામાં આવે તોપણ ખેતીને લગતાં કેટલાંક નાનાં નાનાં કામ માટે બળદ વિના ચાલે એમ તો છે જ નહિ. માટે ખેતીમાં કોઈ પણ યંત્ર દાખલ કરતા પહેલાં માણસની સાથે બળદના પેટ ઉપર તે પગ મૂકે એમ છે કે નહિ તે વિચાર કરવો જ જોઈએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ રીતે જોઈએ તો ટ્રૅક્ટરને આપણી ખેતીમાં આપણે સ્થાન આપી શકીએ નહિ. જો કે તદ્દન નવી જમીન તોડવા માટેના અપવાદરૂપ સંજોગોમાં તેનો ઉપયોગ થઈ શકે.

જમીનને સપાટ કરનારાં ગ્રેડરનો પ્રશ્ન જુદી રીતે વિચારવા જેવો છે. આપણા દેશમાં કેટલાંએ ખેતરો ખાડાખૈયા અથવા ઢાળવાળાં હોઈ ઓછું ઉત્પન્ન આપે છે. આવાં ખેતરોમાં અમુક અમુક જગ્યાએ પાળા બાંધી તથા અનુકૂળ જગ્યાએથી પાણી જવા માટેનો નિકાલ મૂકીને તેને સપાટ કરવાના પ્રયત્નો ચાલે છે. આ વસ્તુ આવશ્યક હોઈ ઉત્તેજન આપવા જેવી છે. તેમાં ઘણા માણસોને કામ મળી શકે એમ છે. વળી જેટલું ખર્ચ કરવામાં આવે તેના પ્રમાણમાં ઉત્પન્ન ઘણું વધે એમ છે. પણ કેટલીક જગ્યાએ સપાટ કરવાનું કામ ઘણું જ વધારે હોય છે. પાળા બાંધીને તેવી જમીનોને સપાટ કરતાં વર્ષો વીતી જાય. આવી જમીનોને સપાટ કરવા માટે રાજ્ય તરફથી અથવા લોકલ બોર્ડ જેવી સ્થાનિક સંસ્થાઓ તરફથી ગ્રેડરો રાખવામાં આવે અને નજીવું ભાડું લઈ ખેડૂતોને તે આપવામાં આવે એ ઇષ્ટ છે. આ યંત્ર સાર્વજનિક માલકીનું રહેવું જોઈએ જેથી તે દ્વારા કોઈ જાતના શોષણને અવકાશ ન રહે.

કૂવા ઉપર ભૌતિકશક્તિથી ચાલતા પમ્પ મૂકવાની બાબતમાં પણ હા કે ના એવો નિયમ બાંધી શકાય એમ નથી. આપણા દેશમાં મોટા ભાગની ખેતી કેવળ વરસાદ ઉપર આધાર રાખનારી છે. નહેરોની સગવડ દેશમાં બધે જ થઈ શકશે નહિ. પણ કૂવાની સગવડ લગભગ બધે થઈ શકે એમ છે. દરેક ખેડૂત જો કૂવાવાળો હોય તો, દુકાળ વખતે તે લાચાર અને હાલહવાલ થઈ જાય છે, એવું તેને થવું પડે નહિ. કૂવા ઉપર કોસ જોડી પોતાના બળદને પણ તે કામ આપી શકે. પણ કેટલીક જગ્યાએ કૂવાનાં પાણી બહુ જ ઊંડાં હોય છે ત્યાં બળદ કરતાં પમ્પ વધારે અનુકૂળ પડે. વળી જ્યાં બોરિંગ કરવું પડ્યું હોય અને બોરિંગની પાઈપમાંથી જ સીધું પાણી ખેંચવાનું હોય ત્યાં તો એન્જિનપમ્પ સિવાય છૂટકો જ નથી હોતો. પણ બોરિંગ કરવાનું અને એન્જિનપમ્પ મૂકવાનું ખર્ચ કરવાની ગુંજાશ સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂતની નથી હોતી. આવા કેસોમાં પણ સહકારી ધોરણે વ્યવસ્થા કરવી જોઈએ. કૂવા ઉપર એન્જિનપમ્પ મૂકવામાં એક તરફથી બળદનું કોસનું કામ જાય છે ત્યારે બીજી તરફથી કૂવાને લીધે ખેતીનું કામ વધારે થઈ શકવાથી બળદને વધારાનું કામ મળી પણ રહે છે. એક ખેડૂત કુટુંબ પાસે એક બળદજોડ, એક કૂવો અને તેટલાં સાધનથી બરાબર ખેડી અને વાવી શકાય એટલી જમીન એ આપણા દેશમાં સૌથી વધુ ઇષ્ટ સ્થિતિ છે. પણ જ્યાં શરૂઆતનું મોટું ખર્ચ કર્યા સિવાય છૂટકો ન જ હોય ત્યાં થોડાક ખેડૂતો ભેગા થઈ સહકારી ધોરણે એ ખર્ચ ઉપાડી લે અને સહિયારી ખેતી કરે એ જરૂરનું છે.

૨. દુગ્ધાલયના કામમાં વપરાતાં યંત્રો

આપણા દેશમાં ખેતીથી બીજે નંબરે મહત્ત્વનો ઉદ્યોગ પશુપાલન અને દુઝાણાનો છે. દરેક ખેડૂતને ત્યાં દુઝાણું હોય જ છે. તેમાં સુધારાને પુષ્કળ અવકાશ છે ખરો, પરંતુ ખેડૂતોના દુઝાણામાં યંત્રોને અવકાશ નથી. જો કે તેમાં એક પ્રયોગ કરી જોવા જેવો છે. ગામમાં સહકારી ધોરણે દૂધમાંથી મલાઈ અલગ પાડવાનો સંચો (ક્રીમ સેપરેટર) રાખવામાં આવે અને દૂધમાંથી મલાઈ જુદી પાડી તેનું ઘી બનાવવામાં આવે, તો જૂની પદ્ધતિના વલોણા કરતાં આ પદ્ધતિએ ઘીનો ઉતાર વધારે આવવાનો સંભવ છે. આપણે આવી રીતે મલાઈ કાઢી લીધેલા (સેપરેટેડ) દૂધને નકામું ગણીએ છીએ, પણ તેમાં ઘી સિવાયનાં બીજાં બધાં બહુ ઉપયોગી પોષક તત્ત્વો હોય છે અને બિલકુલ દૂધ ખાવા ન મળે તે કરતાં આવું મલાઈ કાઢી લીધેલું દૂધ પણ આપણા લોકને ખાવા મળે તો આપણા ગરીબ દેશમાં તે બહુ ઉપકારી છે.

પાંજરાપોળો તથા મોટી ગૌશાળાઓ તો બીજાં યંત્રો પણ વાપરી શકે. દુગ્ધાલયને લગતાં ઘણાંખરાં યંત્રો મનુષ્યબળથી ચાલી શકે એવાં હોય છે. પણ આપણે જો ઘણો વખત ટકી શકે એવું ઘટ્ટ (કન્ડેન્સ્ડ) દૂધ બનાવવું હોય અથવા દૂધની ભૂકી બનાવવી હોય તો તે માટે ભૌતિકશક્તિથી ચાલતાં યંત્રો જોઈએ. આપણા દેશમાં કેટલાક પ્રદેશ એવા છે જ્યાં દુધાળાં ઢોર બહુ જ મોટી સંખ્યામાં છે. આવા પ્રદેશમાં ઘી બનાવવા સિવાય દૂધનો બીજો ઉપયોગ થતો નથી. આવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થળોએ સહકારી ધોરણે સાર્વજનિક માલકીનાં હોય એવાં દૂધની ભૂકી બનાવવાનાં તથા ઘટ્ટ દૂધ બનાવવાનાં કારખાનાં નાખવાની જરૂર છે. આવાં કારખાનાંમાં એક જોખમ છે એ ધ્યાનમાં રાખવું જોઈએ ખરું. તે એ કે અત્યારે આવા પ્રદેશમાંથી માત્ર ઘી બહાર જાય છે એટલે છેવટે છાશ તો ત્યાંના લોક માટે ખાવા રહે જ છે. પરંતુ સેપરેટેડ દૂધના પણ બહાર મોકલી શકાય એવા પદાર્થો બનાવવામાં આવે તો આ પ્રદેશમાં રહેનારાને બિલકુલ જ દૂધ ખાવા ન મળે એવું બનવાનો ભય છે. તેથી જ આ પ્રયોગ સાર્વજનિક હિતની દૃષ્ટિએ અને ખાસ નિયમનપૂર્વક થવાની જરૂર છે. આવા પ્રદેશમાં અત્યારે જે બગાડ થાય છે અને દૂધઘીના વાજબી ભાવ ન મળવાને કારણે ઢોર અને તેમનું પાલન કરનારા માણસો કંગાળ દશા ભોગવે છે, તેનો ઉપાય થવાની તો જરૂર છે જ. અને તેમાં આપણે યંત્રોની મદદ લેવી પડે એમ ભાસે છે.

૩. કપાસ પીલવાનાં જિનો તથા કાપડની મિલો*

કોઈ પણ દેશે પોતાની પ્રાથમિક જરૂરિયાતોની બાબતમાં સ્વાવલંબી રહેવું જોઈએ, એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. આપણે કાપડની બાબતમાં

* શ્રી કુમારપ્પાના રાષ્ટ્રીય સંયોજન વિષે સને ૧૯૩૯ના જુલાઈ માસના 'ગ્રામ ઉદ્યોગ પત્રિકા'ના અંકમાંના લેખમાંનો નીચેનો ફકરો ધ્યાન ખેંચે એવો છે :

"કાપડના જેવો ઉદ્યોગ, જેમાં મિલ અને રેંટિયા બન્ને રીતે ઉત્પાદન થઈ શકે છે, તેનો દાખલો લઈએ તો આપણે બેના આંકડાની તુલના કરી શકીશું. સૂતરકાપડની એકેક મિલ સરેરાશ આશરે ૧૪૦૦ માણસને કામ આપે છે અને તેમાં સરેરાશ ૧૩ લાખ રૂપિયાની મૂડી રોકાય છે. એટલે માણસ દીઠ મૂડી રોકાણ આશરે રૂ ૯૦૦)નું થયું. રોકેલી મૂડીના એક રૂપિયા દીઠ અઢી રતલ સૂતર અને દોઢ રતલ કાપડ તૈયાર થાય છે. (આ આંકડા ૧૯૩૨-૩૩ની સાલના છે) ગામડાની ઝૂંપડીમાં એક સાળ, દશ રેંટિયા અને રૂ ૬૦)ની ચાલુ મૂડીવાળું કેન્દ્ર લઈએ તો કામ કરનાર માણસ દીઠ રૂ. ૯)નું મૂડી રોકાણ થાય છે; અને રોકેલી મૂડીના એક રૂપિયા દીઠ ઉત્પાદન મિલ કરતાં આસરે દશ ગણું થાય છે. આ ઉપરથી ગણતરી કરતાં, આપણે જો આપણા ખપનું બધું કાપડ મિલ વાટે પેદા કરી લઈએ તો આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિલો દ્વારા લગભગ સ્વાવલંબન સુધી પહોંચ્યા છીએ અને પૂરેપૂરા સ્વાવલંબી થતાં બહુ વાર લાગે એમ નથી. પણ સમસ્ત દેશની દૃષ્ટિએ અને ખાસ કરીને દેશના કરોડો ગ્રામવાસીઓની દૃષ્ટિએ વિચાર કરીએ, તો આપણી કાપડની મિલોમાં દેશની આબાદી અને સુખશાંતિ નથી. એટલે વસ્ત્રસ્વાવલંબન માટે આપણે મિલોનો માર્ગ છોડી રેંટિયો જ પકડવો જોઈશે. રેંટિયામાં જ આપણા ખેડૂતોની ગરીબાઈ અને વરસના અમુક મહિનાની તેમની બેકારીનો ઉકેલ રહેલો છે. રેંટિયાનો ઉદ્યોગ એવો છે, જે થોડી વારમાં શીખી શકાય છે, શીખવામાં ખાસ બુદ્ધિ

રૂપિયા ત્રણ અબજ મૂકી જોઈએ અને એ ઉદ્યોગમાં ૩૩ લાખ (? આઠ લાખથી વધારે ન રોકાય–ન૦ પ૦) માણસને કામ મળે. પણ જો આપણે એ બધું કાપડ ગામડાંનાં ઝૂપડાંમાં પેદા કરાવીએ તો આશરે રૂ. ૭૨) કરોડ રોકવા પડે અને લગભગ આઠ કરોડ માણસને કામ મળે. ઉત્પાદનની આ બન્ને રીતમાં તે પદ્ધતિના દેખીતા લાભ છે એની ના કોઈ નહિ પાડે. પણ આપણી સામે સવાલ તો એ છે કે બેમાંથી જે રીત આપણા દેશના સંજોગોને અનુકૂળ આવે તે પસંદ કરવી. આપણે ગરીબ છીએ ખરા, પણ આપણી પાસે મજૂરીરૂપી ધન અઢળક પડેલું છે. તેથી બુદ્ધિપૂર્વક કરેલું સંયોજન જોશે કે ગૃહ ઉદ્યોગની રીત જ આપણા દેશની યોજના માટે બંધ બેસતી આવે એવી છે. જે દેશમાં સારી માટી અને લાકડું પુષ્કળ હશે ત્યાં ઇમારતોની યોજના કરનાર ઇજનેર ઈંટ અને લાકડાંનાં મકાન બાંધવાની યોજના કરશે. પણ જે દેશમાં સિમેંટ અને લોઢું પુષ્કળ હશે ત્યાં ઇમારતોની યોજના કરનાર ઇજનેર કોંક્રીટનાં મકાનોની ભલામણ કરશે. બન્ને જણા એથી ઊલટી ભલામણ કરે તો એ બેવકૂફી ગણાય. પ્રગતિનો કોઈ એક જ માર્ગ નિશ્ચિત નથી. ઉત્પાદનને અંગે જે જે વસ્તુઓ આવશ્યક હોય તે — કેવળ આર્થિક જ નહીં પણ સામાજિક અને સાંસ્કૃતિક પણ—બધીનો, સારામાં સારાં પરિણામ આવે એવી રીતે મેળ સાધવો એ સંયોજનનું કામ છે. આપણા દેશમાં મજૂરીરૂપી ધનનો ભંડાર પડેલો છે. તેનો ઉપયોગ કરી લેવામાં ચૂક કરનારું કોઈ પણ સંયોજન અસ્થાને ગણાશે. આ પૃથક્કરણ બતાવી આપે છે કે મિલોની ઉત્પાદન પદ્ધતિમાં જથાબંધ માલ પેદા કરવાની શક્તિ ભલે ગમે તેટલી હોય, પણ આપણે જે વિશાળ સંખ્યાને રોજી આપવાની છે તેને કામ આપવાની ગુંજાશ એ રીતમાં નથી. તેથી એ પદ્ધતિ આ દેશને માટે નકામી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કુશળતાની જરૂર પડતી નથી; એમાં મોટાં ઓજાર–હથિયાર જોઈતાં નથી, ખાસ મૂડીની જરૂર પડતી નથી; એમાં સખ્ત મહેનત ન હોઈ બાળક, વૃદ્ધ સૌ કોઈએ કરી શકે છે, એમાં ખેડૂતને ઘેર બેઠાં કામ મળે છે; એને માટે કાચો માલ રૂ, તથા પીંજણ, રેંટિયા વગેરેનાં ઓજારો જોઈએ તે દેશના બધા ભાગોમાં સહેજે મળી શકે છે અને આપણા દેશમાં એક વખતે એ સાર્વત્રિક ઉદ્યોગ હોઈ એની શક્યતા વિષે આપણી પાસે અનુભવ પડેલો છે. વળી રેંટિયાના ઉદ્ધારની સાથે આપણા દેશનો મોટામાં મોટો ગ્રામઉદ્યોગ — હાથસાળનો — જે મિલોની હરીફાઈને લીધે તૂટવા લાગ્યો છે તેને ફરી પાછું બળ મળે એમ છે, અને તે ઉપરાંત ગામડાના સુતાર, લુહાર, ધોબી, છીપા, રંગારા, એમના ધંધા પણ જાગતા થાય એમ છે.

વળી રેંટિયાથી એકલા ખેડૂતની જ બેકારી ટળશે એમ નથી. પણ આજે આપણા દેશમાં ભણેલા લોકોનાં ટોળેટોળાં નોકરીની શોધમાં રખડ્યાં કરે છે તેમને પણ કામ મળી રહેશે. કારણ એ ઉદ્યોગના પુનરુદ્ધારનું કામ એટલા વિશાળ ક્ષેત્રમાં કરવાનું છે કે તેના પ્રચારમાં અને તેની વ્યવસ્થામાં હજારો ભણેલાઓનો ઉપયોગ થઈ શકે એમ છે.

મિલકાપડ કરતાં ખાદી કેટલી શ્રેષ્ઠ છે, તે વિષે તા.૧૮–૨–૧૯૩૪ના ‘હરિજનબંધુ’માં ગાંધીજી કહે છે :

“ખાદી અને દેશી પણ મિલના કાપડ વચ્ચે સરખામણી ન જ થઈ શકે. ખાદીમાં ગરીબોને ચૂસવા અશક્ય છે, મિલકાપડ અથવા મિલસૂતર દ્વારા ગરીબો, ભલે ઓછા પણ, એક યા બીજી રીતે ચુસાયા વિના રહેતા નથી. ધનિક લોકો ગરીબોનું જે સતત શોષણ ચલાવે છે તેનું, શુદ્ધ ખાદી વાપરવાથી, ગરીબોને આપોઆપ કાંઈક વળતર મળે છે; અને સરવાળે ગામડાંમાં વસતા આમવર્ગને ખાદી વાટે ભારે વળતર મળી રહે છે, જોકે પૂરું વળતર તો કદી મળતું જ નથી. દેશની એકેએક મિલ રાષ્ટ્રના હાથમાં આવે તોપણ ખાદી વાટે ગરીબોની જે સેવા થાય છે તે મિલ વાટે થવાની નથી. મિલઉદ્યોગ કેવળ રાષ્ટ્રીય માલકીનો ગણીને ચલાવવામાં આવે અને કુશળતાથી એની વ્યવસ્થા કરવામાં આવે તોપણ તેની વાટે પૈસાની વહેંચણી આપોઆપ કદી થાય જ નહિ. અને હાથનું કામ સંચા વાટે થવાને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક માણસો તો ધંધા વિનાનાં થઈ જ પડે. ઝૂંપડે ઝૂંપડે રેંટિયા દ્વારા ઉત્પન્ન થતી ખાદીથી કોઈનો ધંધો જાય જ નહિ અને મજૂરીનું જે ઉત્પન્ન થાય તેની અનાયાસે વહેંચણી થઈ જાય. મારે માટે તો ખાદી અને મિલ-કાપડ વચ્ચે સરખામણી હોઈ જ ન શકે, બેની તુલના ન કરી શકાય, કેમ કે એ બે એક કોટીનાં છે જ નહિ. બારીકાઈ, વિવિધતા તેમ જ બજારૂ હરીફાઈની દૃષ્ટિએ મિલકાપડના સોંઘાપણાને ખાદી કદાચ પહોંચી ન શકે. પણ બંનેનું મૂલ્ય માપવાના ગજ જુદા જુદા છે.

ખાદીની કિંમત માનવસેવાની દૃષ્ટિએ છે. મિલકાપડની કિંમત સોના-ચાંદીની દૃષ્ટિએ છે. ખાદી ચાર આને વાર મળે તો હું એને સોંઘી ગણું. એ જ આંકનું અને એવા જ વણાટવાળું મિલનું કાપડ બે આને વાર મળે તોપણ હું એને બહુ મોંઘું ગણું. . . ."

કપાસ પીલવાનાં જિનો જ્યારે નહોતાં ત્યારે ગામેગામ હાથ-ચરખાનાં હાટ મંડાતાં. રોજિંદા મજૂરો ગામેગામ સેંકડો હાથચરખા ચલાવતા અને ચોમાસા પહેલાં બધો કપાસ પિલાઈ જતો. આ જાતની વ્યવસ્થા ફરી ઊભી કરવામાં આવે તો જિનનાં કારખાનાંમાં જેટલા મજૂરોને રોજી મળે છે તે કરતાં વધારે મજૂરોને રોજી આપી શકાય; પણ પિલામણની મજૂરી કાંઈક વધે ખરી અને રૂનો ભાવ દુનિયાના બજારમાં નક્કી થતો હોઈ પિલામણની જેટલી વધારે મજૂરી આપવી પડે તેટલી રૂની કિંમત ખેડૂતને ઓછી મળે. બીજી વાત એ છે કે આપણો ખેડૂત પહેલાં કરતાં કપાસ વધારે પ્રમાણમાં વાવે છે એટલે કપાસનો વધેલો જથો હાથચરખા મારફત વખતસર પિલાઈ રહે કે કેમ, એ પણ વિચારવાનું છે. મને લાગે છે કે આપણે પૂરેપૂરા સ્વાવલંબી થવું હશે તો કપાસની ખેતી ઘટાડવી જ જોઈશે. કપાસ એ બજારુ પાક છે અને પોતાની રોકડનાણાંની જરૂરિયાતને માટે ખેડૂતો કપાસ ઉગાડે છે. પણ આપણે કલ્પેલા સ્વાવલંબી અને સ્વયંપૂર્ણ ગ્રામસમાજમાં રોકડનાણાંની જરૂરિયાત આજ કરતાં ઘણી ઓછી થઈ જશે, અને કપાસની ખેતી ઘટાડીને માણસ તથા ઢોરના ખોરાકના ઉપયોગમાં આવે એવી વસ્તુઓની ખેતી આપણે વધારવી પડશે. પરંતુ જ્યાં સુધી કપાસની ખેતી ઘટાડવામાં ન આવે ત્યાં સુધી કપાસ પીલવાનાં જિનો વિના ચાલી શકે એમ લાગતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. તેલની મિલો

તેલની એક મિલ ઊભી થાય એટલે આસપાસના વિશાળ પ્રદેશની અનેક ઘાણીઓને મારી નાખે છે અને ઘાંચી તથા તેના બળદની બેકારી ઉત્પન્ન કરે છે. સંભવ છે કે ઘાણી કરતાં ભૌતિકશક્તિથી ચાલતા સંચામાં તેલીબિયાં પીલતાં તેલના ટકાનું પ્રમાણ કાંઈક વધારે આવતું હોય, પણ આ મિલો જે બેકારી ઉત્પન્ન કરે છે અને ગામડાંને પરાવલંબી બનાવે છે તે જોતાં આપણા દેશમાં તેલની મિલો દાખલ કરવા જેવી વસ્તુ નથી. બળદઘાણી દ્વારા આપણી તેલની જરૂરિયાતને આપણે બરાબર પહોંચી શકીએ એમ છે.

૫. દળવા-ખાંડવાના સંચા

ગામેગામ દાખલ થયેલા આ સંચાએ આપણી ઘંટી અને ખાંડણિયા લગભગ નાબૂદ કરી નાંખ્યાં છે. એ બેકારી તો ઉત્પન્ન કરે જ છે, પણ તે ઉપરાંત, સંચામાં ખંડાયેલા અને છડીને પૉલિશ થયેલા ચોખામાંથી બહુ જ ઉપયોગી ખોરાકનાં તત્ત્વો જતાં રહે છે એ નુકસાન બહુ ભયંકર છે. આ સંચાઓ પહેલી તકે દેશનિકાલ થવાની જરૂર છે.

૬. ખાંડનાં કારખાનાં

આ કારખાનાંનો કેર પણ દળવા ખાંડવાના સંચા જેવો જ છે. ગોળ બનાવવાનો બહુ મોટો ઉદ્યોગ શેરડી પકવનાર ખેડૂત પાસેથી આ કારખાનાં છીનવી લે છે, તે ઉપરાંત પૌષ્ટિક ગોળને સ્થાને સત્ત્વહીન સફેદ ખાંડ આપણને આપે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તો પરદેશથી આવતી ખાંડની સામે આપણા દેશમાંનાં ખાંડનાં કારખાનાંને રક્ષણ આપવામાં આવે છે. પણ શેરડી પકવનાર ખેડૂતની દૃષ્ટિએ તેમ જ લોકના ખોરાકની દૃષ્ટિએ વિચાર કરીએ તો ખાંડનાં પરદેશી કે દેશી બન્ને કારખાનાં આપણને નુકસાનકારી છે. દેશસમસ્તના હિતની દૃષ્ટિએ વિચાર કરીએ તો ખાદી અને મિલકાપડ વચ્ચે જે ફરક છે તે ફરક ગોળ અને ખાંડ વચ્ચે છે.

૭. ચામડાં પકવવાનાં કારખાનાં

આ કારખાનાંએ પણ આપણા દેશના એક બહુ મોટા ગ્રામ-ઉદ્યોગને તોડી પાડ્યો છે. ગામડાંના ચામડાં પકવવાના ઉદ્યોગમાં ઠીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠીક સુધારાને અવકાશ છે અને તે સુધારો કરવા માટે નાનાં નાનાં હાથે ચલાવી શકાય તેવાં યંત્રો યોજીને આપણે વાપરવાં જોઈશે. પણ ચર્મ-ઉદ્યોગ માટે મોટાં કારખાનાંની જરૂર નથી. આ કારખાનાંની સાથે કેવળ ચામડાં માટે કતલ થતાં ઢોરનો પ્રશ્ન પણ સંકળાયેલો છે. કુદરતી રીતે મરી જતાં ઢોરની વ્યવસ્થા તેનાં ચામડાંને નુકસાન ન થાય એ રીતે કરવામાં આવે તથા તેનાં માંસ, ચરબી, હાડકાં વગેરેનો બરાબર ઉપયોગ કરવામાં આવે તો આ ઉદ્યોગ ગ્રામઉદ્યોગ તરીકે બહુ ખીલવી શકાય એવો છે.

૮. ટીનનાં પતરાંનાં કારખાનાં

ટીનનાં પતરાં કદી ગ્રામઉદ્યોગથી બની શકે એમ નથી, પણ તેણે ગામડામાં દાખલ થઈને કુંભારનો મોટો ઉદ્યોગ લગભગ તોડી પાડ્યો છે. ટીનનાં પતરાં તથા પીપો અને ડબાના વપરાશને લીધે કુંભારનાં નળિયાં તથા કોઠીઓ કોઈ લેતું નથી અને તેનાં માટલાં પણ ઓછાં ખપે છે. આજે તો ઘણા કુંભાર પોતાનો ઉદ્યોગ છોડી દઈ બીજે ધંધે લાગી ગયા છે. તેથી કોઈને પોતાના ઘર ઉપર દેશી નળિયાં વાપરવાનો આગ્રહ હોય અથવા અનાજ ભરવા માટે કોઠીઓ જોઈતી હોય તો તે મળવી મુશ્કેલ થઈ ગઈ છે. આરોગ્યની દૃષ્ટિએ પણ પતરાંનાં છાપરાં અને અનાજ ભરવાનાં પીપો નુકસાનકારી છે. છતાં આપણા દેશમાં ટીનનાં પતરાં બનાવનારાં કારખાનાં જ ન હોય એમ નહિ કહી શકાય. પરંતુ તેનું ઉત્પાદન મર્યાદિત કરી નાખવાની જરૂર છે. પતરાંની સામે આપણા કુંભારના ઉદ્યોગોને રક્ષણ આપવાની જરૂર છે; એટલે તેના ઉપર સ્થાનિક જકાતો નાખીને ગામડાંમાં પતરાં વાપરવાનું આર્થિક દૃષ્ટિએ પોસાય જ નહિ એવું કરવું જોઈએ.

૯. ગ્રામઉદ્યોગોને લગતાં ઓજારો બનાવવાનાં કારખાનાં

કેટલાક ગ્રામઉદ્યોગોમાં નાનાં નાનાં હાથે ચલાવી શકાય એવાં યંત્રોની હિમાયત ઉપર કરવામાં આવી છે. તેવાં યંત્રો બનાવવા ભૌતિકશક્તિથી ચાલતાં યંત્રોની જરૂર પડે એવો સંભવ છે. ત્યાં આપણે એવાં યંત્રો વાપરીએ અને તેનાં કારખાનાં પણ ઊભાં કરીએ. માત્ર આવાં કારખાનાં મૂડીદારી ધોરણે નફાની દૃષ્ટિએ ચાલનારાં ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, પણ સામાજિક માલકીનાં હોય અને સામાજિક હિતની દૃષ્ટિએ જ તે ચાલતાં હોય.

૧૦. રેલવે, આગબોટ, મોટર વગેરે વાહનનાં સાધનો તથા ઉચ્ચાલનનાં યંત્રો

રેલવે આપણા દેશમાં નંખાઈ ચૂકી છે અને તે આપણે કાઢી નાખીએ એવું લાગતું નથી. એટલું બને કે નવી સમાજરચનામાં માલ લાવવા લઈ જવાનું અત્યારના કરતાં ઘણું ઓછું થઈ જાય અને એ રીતે રેલવેનો ઉપયોગ ઓછો થાય. એ જ દલીલ આગબોટને પણ લાગુ પડે છે. છતાં રેલવે અને આગબોટ રહેશે તો ખરી જ. પણ મોટરનો પ્રશ્ન ઝીણવટથી વિચારવા જેવો છે. ઘણી જગ્યાએ મોટરલૉરીઓએ બળદગાડાં નકામાં કરી નાખ્યાં છે. ગામડે ગામડે મોટર-બસો દાખલ થઈ ગઈ છે તેથી મુસાફરીની સગવડ વધી છે ખરી, પણ તેની સાથે જ અસભ્ય તથા ઉછાંછળા જીવનની કેટલીક બદીઓ પણ ગામડાંમાં પેઠી છે. એકંદરે જોતાં મોટર-બસો તથા મોટર-લૉરીઓ ઉપર નિયંત્રણ મુકાવાની જરૂર છે. દુકાળના કે એવી આફતના વખતમાં એક સ્થળેથી બીજે સ્થળે અનાજ તેમ જ બીજી વસ્તુઓ જલદી પહોંચાડવી હોય અને જ્યાં રેલવેની સગવડ ન હોય ત્યાં મોટર-લૉરીઓ ઠીક ઉપયોગી થઈ પડે. એટલે એ વસ્તુ સાવ નાબૂદ કરવા જેવી નથી પણ સમાજના હિતને અર્થે અમુક નિયમનપૂર્વક જ તેનો ઉપયોગ થવો જોઈએ.

બંદરોમાં માલ ફેરવવા માટે મોટા ઊંટડા હોય છે અને ઊંચાં મકાનો બાંધવામાં ઊંચે સરસામાન ચઢાવવાને માટેનાં યંત્રો હોય છે, એવાં યંત્રો માણસને બહુ વધારે પડતા કાળજાતૂટ શ્રમમાંથી બચાવી લે છે. શહેરોમાં અમુક કામો માટે એ યંત્રો આપણે ઉપયોગમાં લેવાં પડશે.

૧૧. ખાણો, ઘાસતેલના કૂવા વગેરે

આ ઉદ્યોગો મોટાં યંત્રો વિના ચાલી શકે એવા નથી અને આપણે જ્યાં જ્યાં તેનો ઉપયોગ કરવો હશે ત્યાં ત્યાં મોટાં યંત્રો વાપરવાં જ પડશે. પણ આ વસ્તુઓ સામાજિક માલકીની હોવી જોઈએ અને તેમાં નફાની દૃષ્ટિ બિલકુલ ન હોવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. જે ઉદ્યોગો સમાજ માટે આવશ્યક હોઈ મોટા પાયા ઉપર જ ચાલી શકે એમ છે

લોખંડનો ઉદ્યોગ, વીજળી ઉત્પન્ન કરવાનો ઉદ્યોગ, સિમેન્ટનો ઉદ્યોગ, એવા મોટા ઉદ્યોગો આપણે છેક નાબૂદ નહિ કરી શકીએ એમ લાગે છે. એટલે તે સામાજિક માલકીના કરી નાખવા અને કોઈ પણ રીતે આવશ્યક ગ્રામઉદ્યોગોની આડે ન આવે એવી રીતે તેને ચલાવવા એ જ ઉપાય છે.

વીજળીના ઉપયોગ વિષે કેટલીક ઝીણવટ વિચારી લેવા જેવી છે. ધારો કે અત્યારે આપણા દેશમાં મળી શકે છે તે કરતાં ઘણા સસ્તા દરે — જેમ જાપાનમાં મળે છે તેમ — વીજળી મળી શકતી હોય અને તે ગામડે ગામડે પણ પહોંચાડી શકાય તેમ હોય. આપણે કેટલાક ઉદ્યોગમાં હાથથી ચાલતાં નાનાં નાનાં યંત્રોની હિમાયત કરી છે. તેવાં યંત્રો હાથથી ચલાવવાને બદલે તેની સાથે વીજળીનું સંધાણ કરી વીજળીબળથી તે ચલાવવામાં આવે તો શું ખોટું? નાના પાયા ઉપર અને પોતાને ઘેર બેઠાં, પોતાના ઝૂંપડામાં જ ઉદ્યોગ ચાલી શકે છે. વીજળીબળ એવું છે કે જ્યારે જોઈએ ત્યારે જેટલો વખત લગાડવું હોય તેટલો વખત લગાડી શકાય. વચ્ચે થોડો વખત યંત્ર બંધ કરવું હોય તો ચાંપ દાબી દેવાથી થઈ શકે છે, અને વીજળી વપરાતી બંધ થાય છે એટલે તેનું ખર્ચ લાગતું નથી. આ રીતે જોતાં વીજળી ગ્રામોદ્યોગો તથા ગૃહઉદ્યોગોને નડતરરૂપ થવાને બદલે મદદરૂપ થાય એમ છે. તો પછી એનો ઉપયોગ કરવો કે નહિ? આજે છે તે કરતાં જો વીજળી ખૂબ જ સસ્તી થઈ જાય તો તેના ઉપયોગમાં બાધ નથી દેખાતો. જોકે એનો ઉપયોગ એક જાતનું પરાવલંબન આણે છે તે ભૂલવું ન જોઈએ. વીજળીના કારખાનામાં કાંઈ યંત્ર બગડે તો આપણું કામ અટકી પડે છે. જે દોરડાં મારફત વીજળી પહોંચતી હોય તે દોરડાં તૂટી જાય તો વીજળી મળતી બંધ થઈ જાય છે. આ વસ્તુઓ જલદી સુધારી લેવાય એમ માની લઈએ પણ જ્યાં સુધી દેશ દેશ વચ્ચે લડાઈઓ ચાલે છે ત્યાં સુધી આપણે એવા પ્રસંગો પણ કલ્પવા જોઈએ કે, દુશ્મન આવીને આપણા દેશનું વીજળીનું કારખાનું કબજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લે અથવા વીજળીના કારખાનાનો વિનાશ કરી નાખે, તો તે વખતે વીજળી ઉપર આધાર રાખનારાં આપણાં બધાં કામ અટકી પડે અને આપણે લાચારી અનુભવવાનો વખત આવે.

આ બધાનો સાર એ નીકળે છે કે યંત્રો પોતાનાં જમા અને ઉધાર બન્ને પાસાં લઈને દાખલ થયાં છે. પણ આપણા દેશમાં તો તેનું ઉધાર પાસું બહુ મોટું થઈ ગયું છે, પરદેશના તેમ જ આપણા દેશના યંત્ર-ઉદ્યોગોએ આપણા ગ્રામઉદ્યોગ તથા ગૃહઉદ્યોગોને હરીફાઈમાં હરાવી નાખ્યા છે, ગામડાંના લોકો ધંધા વિના બેકાર બન્યા છે અને તેને પરિણામે તેમનાં જીવન તદ્દન કંગાળ થઈ ગયાં છે. ગામડાંને ફરી સજીવન કરવાનો મુખ્ય ઉપાય એ જ છે કે, પોતાની પ્રાથમિક જરૂરિયાતો — ખાસ કરીને ખોરાક અને કાપડ — ની બાબતમાં તેઓ સંપૂર્ણ સ્વાવલંબી થાય અને બીજી ચીજો પણ જે ગામડાંના લોકો પોતે બનાવી શકતા હોય તેની સાથે યંત્રોદ્યોગની બનાવટોની હરીફાઈ રોકવામાં આવે. વસ્તુઓના સસ્તા મોંઘાપણાની ગણતરીને આની આડે ન આવવા દેવી જોઈએ. કારણ, યંત્રની બનેલી ચીજ ભલે નાણાંના ગજથી સસ્તી હોય, પણ તે દાખલ થઈને મોટા માનવસમુદાય ઉપર જે હાડમારી નાખે છે તેની કિંમત તેના ઉપર ચઢાવવામાં આવે તો આખા રાષ્ટ્ર અથવા સમાજની દૃષ્ટિએ તે મોંઘી જ છે. એટલે, વૈયક્તિક નફાનુકસાનની દૃષ્ટિએ નહિ, પણ રાષ્ટ્રના હિતાહિતની દૃષ્ટિએ જ આ વિચાર કરવો જોઈએ. અને એ રીતે વિચાર કરતાં, ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગોની હરીફાઈ કરનારાં બધાં કારખાનાં ઉપર અંકુશ મૂકવાની, અને જ્યાં સુધી મનુષ્યશક્તિ અને તેણે પાળેલાં પશુઓની શક્તિ ફાજલ હોય અને તેનો ઉપયોગ થઈ શકે એમ હોય ત્યાં સુધી ઉદ્યોગોની ખિલવણી માટે કોઈપણ જાતની ભૌતિકશક્તિનો ઉપયોગ ન કરવાની નીતિ અખત્યાર કરવાની જરૂર છે. પ્રજાધીન સરકાર હોય તો તે આ બાબતમાં ઘણું કરી શકે, પણ સરકારના કાયદા દ્વારા ઉપરના દબાણથી આખી અર્થરચના તથા સમાજરચના ફેરવવાનો પ્રયત્ન કરવામાં બહુ મોટાં જોખમ રહેલાં છે. એટલે આ વસ્તુ આમજનતા વધુ પ્રમાણમાં સમજતી થાય અને આપબળથી તેનો અમલ કરતી થાય એ વધુ હિતાવહ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્રની મર્યાદા

ખંડ ૩ જો

યંત્રો વિષે ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

સંચાકામ

વાચક : તમે પશ્ચિમના સુધારાને હાંકી કાઢવાની વાત કરો છો ત્યારે તો તમે એમ પણ કહેશો કે સંચાકામ માત્ર આપણને ન જ જોઈએ.

અધિપતિ : તમે આ સવાલ કરી મને જે ઘા લાગ્યો હતો તે તાજો કર્યો છે. શ્રી. રમેશચંદ્ર દત્તનું પુસ્તક 'હિંદુસ્તાનનો આર્થિક (ઇકોનૉમિક) ઇતિહાસ' વાંચ્યું ત્યારે મને એવું થઈ આવ્યું હતું. તેનો પાછો વિચાર કરું છું ત્યાં મારું દિલ ભરાઈ આવે છે. સંચાકામનો સપાટો લાગ્યો ત્યારે તો હિંદુસ્તાન પાયમાલ થયું. માન્ચેસ્ટરે તો આપણને જે નુકસાન પહોંચાડ્યું છે તેની હદ બાંધી શકાતી નથી. હિંદુસ્તાનમાંથી કારીગરી લગભગ ગઈ તે તો માન્ચેસ્ટરનું જ કામ.

પણ હું ભૂલું છું. માન્ચેસ્ટરને દોષ કેમ દેવાય? આપણે તેનાં કપડાં પહેર્યાં ત્યારે માન્ચેસ્ટરે વણ્યાં. બંગાળાની બહાદુરીનું જ્યારે મેં વર્ણન વાંચ્યું ત્યારે મને હર્ષ થયો. બંગાળામાં કાપડની મિલો નથી, તો લોકોએ અસલ ધંધો પાછો પકડી લીધો. બંગાળ મુંબઈની મિલને ઉત્તેજન આપે છે તે ઠીક જ છે, પણ જો બંગાળે સંચાકામ માત્રની આભડછેટ (બૉયકૉટ) રાખી હત, તો હજુ વિશેષ ઠીક થાત.

સંચાએ યુરોપને ઉજ્જડ કરવા માંડ્યું છે ને તેનો વાયરો હિંદુસ્તાનમાં છે. સંચો એ આધુનિક સુધારાની મુખ્ય નિશાની છે ને તે મહાપાપ છે એમ હું તો ચોખ્ખું જોઈ શકું છું.

મુંબઈની મિલોમાં જે મજૂરો કામ કરે છે તે ગુલામ બન્યા છે. જે બૈરાંઓ તેમાં કામ કરે છે તેમની દશા જોઈ હરકોઈને કમકમાટી આવશે. મિલનો વરસાદ નહોતો વરસ્યો ત્યારે કંઈ તે ઓરતો ભૂખી નહોતી મરતી. આ સંચાનો વાયરો વધે તો હિંદુસ્તાનની બહુ દુઃખી દશા થશે. મારી વાત ભારે પડતી જણાશે, પણ મારે કહેવું જોઈએ કે આપણે હિંદુસ્તાનમાં મિલો કરીએ તેના કરતાં હજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્ચેસ્ટરમાં પૈસા મોકલી તેનું સડેલું કાપડ વાપરવું એ ભલું છે, કેમ કે તેનું કાપડ વાપરવાથી આપણો પૈસો જ જશે. આપણે હિંદુસ્તાનમાં માન્ચેસ્ટર સ્થાપવાથી આપણો પૈસો હિંદુસ્તાનમાં રહેશે, પણ તે પૈસો આપણું લોહી લેશે, કેમ કે આપણી નીતિ લઈ જશે.* જેઓ મિલોમાં કામ કરે છે તેમની નીતિ કેવી છે તે તેઓને પૂછવું. તેઓમાંથી જેઓએ પૈસો એકઠો કર્યો છે તેઓની નીતિ બીજા પૈસાદાર કરતાં સરસ હોવાનો સંભવ નથી. અમેરિકાના રૉકફેલર કરતાં હિંદના રૉકફેલર કંઈ ઊતરે એમ માનવું એ તો અજ્ઞાન જ ગણાય. ગરીબ હિંદુસ્તાન છૂટી શકશે, પણ અનીતિથી થયેલું પૈસાદાર હિંદુસ્તાન છૂટનાર જ નથી.

મને તો લાગે છે કે આપણે કબૂલ કરવું પડશે કે અંગ્રેજી રાજ્યને નિભાવી રાખનાર તે પૈસાદાર માણસો છે. તેઓનો સ્વાર્થ તેવી સ્થિતિમાં રહેલો છે. પૈસો માણસને રાંક બનાવે છે. એવી બીજી વસ્તુ તો દુનિયામાં વિષય છે. એ બન્ને વિષય વિષમય છે. તેનો દંશ સર્પના દંશ કરતાં ભૂંડો છે. સર્પ કરડે ત્યારે દેહ લઈને છૂટકો કરે છે. પૈસો અથવા વિષય કરડે છે ત્યારે દેહ, જીવ, મન, બધું લેતાં પણ છુટકારો થતો નથી. એટલે આપણા દેશમાં મિલો થાય તેથી ખાસ રાજી થવા જેવું રહેતું નથી.

વાચક : ત્યારે શું મિલોને બંધ કરી દેવી?

અધિપતિ : એ વાત મુશ્કેલ છે. સ્થાયી થયેલી વસ્તુને કાઢવી તે ભારે પડતું છે. તેથી કાર્યનો અનારંભ તે પ્રથમ ડહાપણમાં ગણાયું છે. મિલના ધણીની ઉપર આપણે તિરસ્કારની નજરે નથી જોઈ શકતા. તેઓની ઉપર દયા ખાઈએ. તેઓ એકાએક મિલ છોડી દે એ તો ન બને, પણ આપણે તેઓનાં સાહસ ન વધારવાની અરજી કરી શકીએ છીએ. તેઓ ભલાઈ કરે તો તેઓ પોતે પોતાનું કામ

---

* મિલોના સંબંધમાં મારા વિચારોમાં આટલું પરિવર્તન થયેલું છે કે હિંદુસ્તાનની ચાલુ હાલતમાં માન્ચેસ્ટરનાં કપડાં કરતાં હિંદની મિલોને ઉત્તેજન આપીને પણ આપણું કાપડ આપણા જ દેશમાં પેદા કરી લેવું જોઈએ. (ઈ. સ. ૧૯૨૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમેધીમે ટૂંકું કરે. તેઓ પોતે જ જૂના પ્રૌઢ પવિત્ર રેંટિયા ઘેર ઘેર સ્થાપી શકે છે, લોકોનું વણેલું કાપડ લઈ વેચી શકે છે.

તેઓ તેમ ન કરે તો પણ લોકો પોતે સંચાકામની વસ્તુ વાપરતા બંધ થઈ શકે છે.

वाचक : એ તો કાપડનું કહ્યું. પણ સંચાની તો અસંખ્ય વસ્તુ છે. તે કાં તો પરદેશથી લેવી, કાં તો આપણે તેવા સંચા દાખલ કરવા.

अधिपति : ખરેખર, આપણા દેવો પણ જર્મનીના સંચામાં ઘડાઈને આવે છે. એટલે પછી દીવાસળી કે ટાંકણીથી કરી કાચના ઝુમ્મરની શી વાત કરવી? મારો જવાબ તો એક જ છે. જ્યારે એ બધી વસ્તુ સંચાની નહોતી બની ત્યારે હિન્દ શું કરતી હતી? તેવું તે આજે પણ કરશે. જ્યાં સુધી હાથે ટાંકણી નહિ બનાવીએ ત્યાં લગી ટાંકણી વિના ચલાવીશું. હાંડીઝુમ્મરને ટાંડી દઈશું. કોડિયામાં તેલ નાખી આપણા ખેતરમાં પાકેલા રૂની વાટ વણી બત્તી કરીશું. તેમ કરતાં આંખ બચશે, પૈસા બચશે, ને સ્વદેશી રહીશું, થઈશું, સ્વરાજની ધૂણી ધખાવશું.

આ બધું બધા માણસો એકી વખતે કરશે અથવા તો એકી વખતે કેટલાક માણસો બધી સંચાની વસ્તુઓ છોડી દેશે એમ બનવાનું નથી. પણ તે વિચાર ખરો હશે તો આપણે હમેશાં શોધ કરશું, હમેશાં થોડી થોડી વસ્તુ મૂકતા જઈશું; તેમ કરતાં બીજા પણ કરશે. પ્રથમ વિચાર બંધાવાની જરૂર છે; પછી તે પ્રમાણે કાર્ય થશે. પ્રથમ એક જ માણસ કરશે; પછી દસ, પછી સો, એમ નાળિયેરની વાત માફક વધ્યાં જ કરશે. જે મોટા કરે છે તે નાના કરે છે ને કરશે. સમજીએ તો રમત ઘણી ટૂંકી ને સહેલી છે. બીજો કરે ત્યાં લગી મારે તમારી રાહ જોવાની નથી. આપણે તો સમજીએ કે તુરત શરૂ કરી જ દેવાનું. નહિ કરે તેની ગાંઠ જશે. સમજશે છતાં નહિ કરે તે તો માત્ર દંભી ગણાશે.

वाचक : ટ્રામગાડી ને વીજળીની બત્તીનું કેમ?

अधिपति : આ સવાલ તમે બહુ મોડો પૂછ્યો. એ સવાલમાં હવે કંઈ જીવ રહ્યો નથી. રેલે જો આપણો નાશ કર્યો છે તો વળી ટ્રામ શું નથી કરતી? સંચો એ તો રાફડો છે. તેમાં એક સર્પ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય પણ સેંકડો. એકની પાછળ બીજા, એમ લાગેલું જ છે. જ્યાં સંચા ત્યાં મોટાં શહેર. જ્યાં મોટાં શહેર ત્યાં ટ્રામગાડી ને રેલગાડી. ત્યાં જ વીજળીની બત્તીની જરૂર હોય. ઇંગ્લંડમાં પણ ગામડાંમાં વીજળીની બત્તી કે ટ્રામ નથી એ તમે જાણતા હશો. પ્રામાણિક વૈદ્ય અને દાક્તરો તમને કહી આપશે કે જ્યાં રેલગાડી, ટ્રામગાડી વગેરે સાધનો વધ્યાં છે ત્યાં લોકોની તંદુરસ્તી બગડેલી હોય છે. મને યાદ છે કે એક શહેરમાં જ્યારે પૈસાની તંગી આવી ત્યારે ટ્રામની, વકીલની તથા દાક્તરની આવક ઘટી ને લોકો તંદુરસ્ત થયા.

સંચાનો ગુણ તો મને એકે યાદ નથી આવતો; અવગુણથી તો ચોપડી ચીતરી શકું છું.

વાચક : આ બધું લખેલું સંચાની મદદથી છપાશે, તેની મદદથી વહેંચાશે, એ સંચાનો ગુણ કે અવગુણ ?

અધિપતિ : ઝેરથી ઝેરનો નાશ થવાનો આ દાખલો છે. એ કંઈ સંચાનો ગુણ નથી. સંચો મરતાં મરતાં બોલી જાય છે કે સંભાળજો ને ચેતજો; મારામાંથી તમે લાભ નથી લેવાના. આટલો જે ઠીક પ્રયાસ સંચે કર્યો કહેવાય તે પણ માત્ર સંચાની જાળમાં ફસાયેલા છે તેને જ લાગુ પડે છે.

પણ મૂળ વાત ન ભૂલજો. સંચો એ ખરાબ વસ્તુ છે એ મનમાં દઢાવવું, પછી આપણે તેનું ધીમે ધીમે છેદન કરશું. એવો સરળ રસ્તો કુદરતે ઘડ્યો જ નથી કે જે વસ્તુની આપણને અભિલાષા થઈ તે તુરત પ્રાપ્ત થાય. સંચાની ઉપર આપણી મીઠી નજરને બદલે ઝેરી નજર પડશે તો છેવટે તે જશે જ.

['હિંદ સ્વરાજ્ય'માંથી : ઈ સ. ૧૯૦૮]

* * *

મારા આ પુસ્તકમાં સ્વરાજ્યનું જે ચિત્ર આલેખ્યું છે તે આજે સિદ્ધ કરવા હું મથું છું એમ વાચક રખે માની લે. હું જાણું છું કે આપણો દેશ આજે એવા સ્વરાજ્ય માટે તૈયાર નથી. આમ કહેવું એ મારે માટે ધૃષ્ટતાભરેલું ગણાય, પણ મારી એવી પ્રતીતિ છે કે મારા પુસ્તકમાં આલેખેલા સ્વરાજ્ય માટે વ્યક્તિગત રીતે હું મથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો છું. પરંતુ મહાસભાના સભ્ય તરીકે મારી પ્રવૃત્તિ તો અવશ્ય હિંદુસ્તાનના લોકોની ઇચ્છા મુજબના પાર્લમેન્ટરી સ્વરાજ્યની પ્રાપ્તિ માટેની છે. રેલવેઓ અને હૉસ્પિટલોના વિનાશ માટે મારી પ્રવૃત્તિ નથી. જોકે સ્વાભાવિક રીતે જ તેમનો નાશ થઈ જાય તો હું તે જરૂર આવકારપાત્ર ગણું. રેલવેઓ કે હૉસ્પિટલો ઉચ્ચ અને શુદ્ધ સંસ્કૃતિની કસોટી નથી. બહુ બહુ તો આવશ્યક અનિષ્ટ તરીકે જ તેમની ગણતરી થાય. એમાંથી એકે રાષ્ટ્રની નૈતિક ઉન્નતિ એક તસુપૂર પણ વધારતાં નથી. તે જ પ્રમાણે કાયદાની અદાલતો કાયમને માટે નાબૂદ કરવાની પણ મારી પ્રવૃત્તિ નથી. જોકે તેના વિનાશને અંતરમાં સેવવા જેવું એક ધ્યેય હું ગણું ખરો. સાંચાકામ અને મિલોના વિનાશ માટે તો હું કશી જ પ્રવૃત્તિ કરતો નથી. તેના વગર ચલાવી લેવાને માટે, આજે આપણા લોકો તૈયાર છે, એના કરતાં ઘણી ઊંચા પ્રકારની સાદાઈ અને ત્યાગ જોઈએ.

'હિંદ સ્વરાજ્ય' વિષે ખુલાસો.

યં. ઈં., તા. ૨૬-૧-૧૯૨૧

૨

સ્વરાજની ચાવી

શું મારે પ્રગતિની ઘડિયાળનો કાંટો પાછો ઠેલવો છે? શું મારે મિલોની જગાએ રેંટિયા અને હાથસાળો સ્થાપવી છે? શું મારે આગગાડીને સ્થાને ગામડાનું ગાડું દાખલ કરવું છે? શું મારે યંત્રમાત્રનો વિનાશ કરવો છે? આવા પ્રશ્નો કેટલાક પત્રકારો અને કાર્યકર્તાઓ મને પૂછે છે. મારો જવાબ આ છે: જો યંત્રો ચાલ્યાં જાય તો તે માટે હું આંસુ નહિ ઢાળું, અથવા એને ભારે આફતરૂપ પણ નહિ ગણું. પરંતુ યંત્રમાત્રનો હું વિનાશ ઇચ્છી રહ્યો છું અથવા તો તેનો વિનાશ કરવાની પેરવી કરી રહ્યો છું એવું કશું નથી. અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હું એટલું જ ઇચ્છું છું કે મિલો જે કાપડ અને સૂતર ઉત્પન્ન કરે છે તેમાં રેંટિયા દ્વારા પૂર્તિ કરીને પરદેશ જતા કરોડો રૂપિયા આપણે બચાવી લઈએ અને તે આપણાં ગામડાંમાં પહોંચાડીએ. જ્યાં સુધી આખું રાષ્ટ્ર પોતાના ફાજલ વખતમાં કાંતવા તૈયાર ન થાય ત્યાં સુધી આમ કરવું શક્ય નથી. તેથી જ રેંટિયાને ગુજરાન માટે નહીં પણ ધર્મ તરીકે અપનાવવા હું સૂચવું છું.

યં. ઇં. તા. ૧૯-૧-૧૯૨૧

૩

આર્થિક દૃષ્ટિએ ગોરક્ષા

હું સંચાની વિરુદ્ધ છું એમ કહી, મને નહિ જાણનારાઓએ ખૂબ વગોવ્યો છે; મને વિનોદ પણ કરાવ્યો છે. આ દૂધશાળાઓ ચલાવવાને સારુ જેટલાં યંત્રોની જરૂર જણાય તે બધાં એકઠાં કરવાની સામે હું 'મહાત્મા' નો અવાજ નહિ ઉઠાવું, પણ તેના પક્ષમાં મારો નમ્ર અભિપ્રાય આપવા તૈયાર છું. આ ભવનના ઉપરી તરીકે કોઈ હિંદુસ્તાની ન મળે તો નિખાલસ અંગ્રેજને નીમવા પણ હું તૈયાર થાઉં. આ પ્રમાણે જો આપણે પાંજરાપોળને દૂધભવન બનાવીએ, સારામાં સારાં ઢોરો પાળીએ ને દૂધમાખણ સસ્તે ભાવે વેચીએ તો હજારો ઢોરો સુખી થાય, ગરીબોને અને બાળકોને સ્વચ્છ ને સસ્તાં ઘીદૂધ મળે. અંતે દરેક ગોશાળા સ્વાશ્રયી બને અથવા લગભગ તેવી બને. એક જ ગોશાળાનો આવો પ્રયોગ કરવાથી મારું કથન કેટલે દરજ્જે યોગ્ય છે તે જાણી શકાય એમ છે.

ન. જી. તા. ૨૦-૪-૧૯૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

યંત્રમાત્રની વિરુદ્ધ?

યંત્રોના ઉપયોગ સંબંધી શાંતિનિકેતનના એક વિદ્યાર્થી શ્રી. રામચંદ્રનને ગાંધીજી સાથે પ્રશ્નોત્તરી થયેલી, તેમાં તેમના વિચારો વિશેષ વિશદ થાય છે.

પ્ર૦—બાપુજી, તમે તમામ યંત્રોની વિરુદ્ધ છો?

રામચન્દ્રનના સરળભાવે પુછાયેલા પ્રશ્ન ઉપર સ્મિત કરતાં ગાંધીજીએ જવાબ આપ્યો:

"હું કેમ હોઈ શકું? જ્યારે હું જાણું છું કે આ શરીર પણ એક અતિશય નાજુક યંત્ર જ છે. ખુદ રેંટિયો પણ યંત્ર જ છે; નાની દાંતખોતરણી પણ યંત્ર છે. મારો વાંધો યંત્રો સામે નહિ પણ યંત્રોની ઘેલછા સામે છે. આજે તો જેને શ્રમનો બચાવ કરનારાં યંત્રો કહેવામાં આવે છે તેની લોકોને ઘેલછા લાગી છે. શ્રમનો બચાવ થાય છે ખરો, પણ લાખો લોકો કામ વિનાના થઈ ભૂખે મરતા રસ્તા ઉપર ભટકે છે. સમય અને શ્રમનો બચાવ હું પણ ઇચ્છું છું, પરંતુ તે અમુક વર્ગનો નહિ, આખી માનવજાતિનો થવો જોઈએ. થોડા ગણ્યાગાંઠ્યા પાસે સંપત્તિનો સંચય થાય એમ નહિ, પણ સૌની પાસે થાય એ હું ઇચ્છું છું. આજે તો થોડા માણસોને કરોડોની કાંધ ઉપર ચડી બેસવામાં યંત્રો મદદગાર થઈ રહ્યાં છે. યંત્રોના ઉપયોગની પાછળ પ્રેરક કારણ શ્રમના બચાવનું નથી પણ ધનના લોભનું છે. અત્યારની આ ચાલુ અર્થવ્યવસ્થા સામે મારી તમામ શક્તિ ખર્ચીને હું યુદ્ધ ચલાવી રહ્યો છું."

રામચન્દ્રને આતુરતાથી કહ્યું: "ત્યારે તો, બાપુજી, તમારો ઝગડો યંત્રોની સામે નહિ, પણ અત્યારે ચાલી રહેલા યંત્રોના દુરુપયોગની સામે છે?"

"જરાયે આનાકાની વિના હું કહું છું કે 'હા.' પરંતુ હું એટલું ઉમેરવા ઇચ્છું છું કે યાંત્રિક સંશોધનો અને વિજ્ઞાન એ પહેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ લોભનાં સાધનો મટી જવાં જોઈએ. પછી કામદારો પાસે ગજા ઉપરાંત કામ કરાવવામાં નહિ આવે અને યંત્રો નડતરરૂપ થવાને બદલે સહાયરૂપ થઈ પડશે. મારો ઉદ્દેશ યંત્રમાત્રનો વિનાશ કરવાનો નથી. પણ યંત્રોની મર્યાદા આંકવાનો છે."

રામચન્દ્રને કહ્યું : "એ દલીલ લંબાવીએ તો એનો અર્થ એ થાય કે ભૌતિક શક્તિથી ચાલતાં અને ભારે અટપટાં એવાં તમામ યંત્રોનો ત્યાગ કરવો જોઈએ."

ગાંધીજીએ સ્વીકાર્યું : "ત્યાગ કરવોયે પડે. પણ હું એક વસ્તુ સ્પષ્ટ કરીશ. આપણે જે કાંઈ કરીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ. માણસનાં અંગોને કામને અભાવે જડ અને નિરુપયોગી કરી નાખવા તરફ યંત્રોની પ્રવૃત્તિ ન હોવી જોઈએ. એટલા માટે હું યંત્રોનો વિવેક કરું. દાખલા તરીકે, સિંગરના સીવવાના સંચાને હું વધાવી લઉં છું. સઘળી આધુનિક શોધોમાં બહુ ઉપયોગી એવી થોડી ચીજોમાંની આ એક છે. એની શોધની પાછળ અદ્‌ભુત ઇતિહાસ છે. પોતાની સ્ત્રીને સીવવાનું અને ઓટવાનું કંટાળાભરેલું કામ કરતાં સિન્ગરે જોઈ. પત્ની પ્રત્યેના પોતાના પ્રેમે તેને અનાવશ્યક શ્રમમાંથી ઉગારી લેવા આ સંચાની યોજના કરવા પ્રેર્યો. આ શોધ કરીને તેણે માત્ર પોતાની પત્નીનો જ શ્રમ બચાવ્યો નથી, પણ તેનો સીવવાનો સંચો ખરીદી શકે તે સહુને હાથે સીવવાના કંટાળાભરેલા શ્રમમાંથી મુક્ત કર્યાં છે.

રામચન્દ્રને કહ્યું : "પરંતુ સિંગરના સીવવાના સંચા બનાવવા તો મોટું કારખાનું જોઈએ અને તેમાં ભૌતિક શક્તિથી ચાલતાં યંત્રોનો ઉપયોગ કરવો જ પડે !"

રામચન્દ્રનના ઉત્કંઠિત વિરોધ પ્રત્યે સ્મિત કરતાં ગાંધીજીએ કહ્યું : "હા, પરંતુ હું એટલો સમાજવાદી તો છું જ કે આવાં કારખાનાં રાષ્ટ્રની માલકીનાં હોય અથવા પ્રજાકીય સરકાર તરફથી ચાલતાં હોય એમ કહું. અત્યંત સુંદર અને આદર્શ પરિસ્થિતિમાં આવાં કારખાનાં ચાલતાં હોય. તેની હસ્તી નફાને માટે નહિ પણ લોકહિતને અર્થે હોય. લોભને સ્થાને પ્રેમને સ્થાપવાનો એનો ઉદ્દેશ હોય. મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એ જોઈએ છે કે મજૂરોની સ્થિતિમાં સુધારો થાય. ધન પાછળની આજની ગાંડી દોડ અટકવી જોઈએ. મજૂરોને કેવળ સારી રોજી મળે એટલું જ નહિ, પણ તેમનાથી થઈ શકે એવું કામ દરરોજ મળી રહેવું જોઈએ. આવી સ્થિતિમાં યંત્ર સરકારને અથવા તેના માલિકને જેટલો લાભ કરશે તેટલો જ લાભ તે ચલાવનાર કામદારને પણ કરશે. મારી કલ્પનામાં યંત્રો વિષે કેટલાક અપવાદો છે તેમાંનો આ એક છે. સિંગરના સંચાની પાછળ પ્રેમ રહેલો હતો એટલે માનવસુખનો વિચાર પ્રધાન હતો. માનવશ્રમનો બચાવ એ યંત્રનો ઉદ્દેશ છે. તેનો ઉપયોગ કરવાની પાછળ હેતુ ધનના લોભનો નહિ પણ પ્રામાણિક રીતે દયાનો હોવો જોઈએ. દાખલા તરીકે, હરડાયેલી ત્રાકોને સીધી કરવાના યંત્રનો હું બહુ સત્કાર કરું, પણ લુહારો ત્રાકો બનાવતા બંધ થઈ જાય એવો ઉદ્દેશ હું ન રાખું. ત્રાક હરડાય ત્યારે દરેક કાંતનાર પાસે તે સીધી કરી લેવાનું યંત્ર હોય એટલું જ હું ઇચ્છું. માટે લોભને સ્થાને પ્રેમને સ્થાપો અને સૌ રૂડાં વાનાં થશે.”

યં. ઈં. તા. ૧૩-૧૧-૧૯૨૪

૫

બેલગામ મહાસભાના પ્રમુખ તરીકેના ભાષણમાંથી

હું એ પણ ઇચ્છું છું કે સાંચાકામને લગતા મારે નામે ચાલતા વિચારોને પણ તમે વીસરી જાઓ. પ્રથમ વાત તો એ છે કે જેમ અહિંસા વિષેના તેમ સાંચાકામ વિષેના પણ મારા બધા વિચારો અત્યારે હું પ્રજા આગળ તેના સ્વીકારને સારુ મૂકી રહ્યો નથી. રેંટિયો પોતે જ એક સર્વોત્કૃષ્ટ સાંચો નહિ તો શું છે? મારું માથું તો રોજ એના અજ્ઞાત કલ્પક પ્રત્યે ભક્તિથી નમે છે. મને સંતાપ થાય છે તે એ જ કે ૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા આ ભરતખંડનાં હજારો ઘરની જીવાદોરી સમાન આ ગૃહઉદ્યોગનો નિરંકુશ અને દુષ્ટતાપૂર્ણ રીતે નાશ કરવામાં આવ્યો.

ન. જી., તા. ૨૮-૧૨-૧૯૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

અમેરિકન મિત્રનો પ્રશ્ન

પ્રશ્ન — રેલગાડી, દાક્તરો, ઇસ્પિતાલો તેમ જ આધુનિક સભ્યતાનાં બીજાં અંગોની આપે કરેલી સખત નિંદા શું જરૂરી જ છે અને તેમાં આપ કશો ફેરફાર ન કરો? શું આપણે પ્રથમ આત્માને જ એટલો ન કેળવવો જોઈએ કે જેથી આધુનિક કાળની યંત્રશક્તિ તથા સુસંગઠિત વૈજ્ઞાનિક તેમ જ ઉત્પાદક શક્તિઓને આધ્યાત્મિક વલણ મળે?

જવાબ — રેલવે ઇત્યાદિની જે અર્થમાં મેં નિંદા કરી છે તે અર્થમાં તે બરાબર જ છે, પણ એને હાલની પ્રવૃત્તિં જોડે સંબંધ નથી. હાલની પ્રવૃત્તિમાં ઉપલી વસ્તુઓનો ત્યાગ સૂચવવામાં આવ્યો નથી. અત્યારે હું રેલવેને કે ઇસ્પિતાલોને વખોડતો નથી. પરંતુ, આદર્શ સ્વરાજની મારી કલ્પનામાં તેમને નહિ જેવું જ સ્થાન છે અગર તો મુદ્દલ નથી. અત્યારની પ્રવૃતિ તો લેખક સૂચવે છે તેવા જ સ્વરૂપનો પ્રયત્ન છે, છતાં તે સાંચાકામને આધ્યાત્મિક બનાવવાનો પ્રયત્ન નથી જ — એ તો મને અશક્યવત્ લાગે છે — પણ બને તો સાંચાની પછવાડે રહેલા માણસોમાં માણસાઈ અથવા તો માનવભાવ દાખલ કરવાનો પ્રયત્ન છે. ઘણાને નિચોવવાને ખાતર થોડા માણસોના હાથમાં ધન અને સત્તા એકત્રિત કરવાની મુરાદ પાર પાડવા સાંચાકામનો ઉપયોગ કરવો એને હું તદ્દન અન્યાય અને પાપ સમજું છું. અત્યારે સાંચાકામનો ઉપયોગ આ રીતે થઈ રહ્યો છે. ધનિકોના હિતને અર્થે સાંચાઓનો આવો ઉપયોગ ન થતાં આમવર્ગના હિતાર્થે તેનું યોગ્ય સ્થાન નક્કી કરવાના પ્રયત્નરૂપે રેંટિયાની પ્રવૃત્તિ છે. આમ મારી યોજના હેઠળ સાંચાકામના માલેકો કેવળ પોતાનો જ અગર પોતાના દેશનો જ વિચાર નહિ કરે, પણ આખી માનવજાતિનું હિતાહિત વિચારશે. લૅંકેશાયરના લોક હિંદુસ્તાન અને બીજા દેશોના લોકોને નિચોવવાને પોતાનાં સાંચાકામનો ઉપયોગ કરતા અટકશે એટલું જ નહિ, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાન પોતાનાં ગામડાંમાં જ પોતાના રૂમાંથી જ પોતાનાં કપડાં ઉત્પન્ન કરી લે એવાં સાધનો શોધવામાં રોકાશે. તે જ પ્રમાણે અમેરિકાના લોકો પણ મારી યોજના હેઠળ પોતાની શોધકબુદ્ધિનો ઉપયોગ દુનિયાની બીજી પ્રજાઓને નિચોવીને પોતાને પૈસાદાર બનાવવામાં કરતા અટકશે.

નવજીવન, તા ૨૦-૯-૧૯૨૫

૭

યંત્રોનું સ્થાન

. . . યંત્રોને પણ સ્થાન છે, એણે જડ ઘાલી છે. પણ આવશ્યક માનવ-પરિશ્રમને બદલે એ ઠસી જાય એમ ન થવા દેવું જોઈએ. સુધારેલું હળ એ વસ્તુ સારી છે, પણ એવો ચમત્કાર બને કે એક જ માણસ આખા હિંદની જમીન ખેડી શકે અને બધી ખેતીની પેદાશ હાથ કરી શકે અને કરોડો લોકોને બીજું કામ ન રહે, તો તેઓ ભૂખે મરે તથા આળસુ હોવાને લીધે જેમ ઘણાનું થયું છે તેમ તેઓ મૂર્ખ બની જાય. બીજા ઘણા માણસોની એવી અનિષ્ટ સ્થિતિ થઈ જવાનો પ્રતિક્ષણે ભય રહ્યો છે. ગામડાંનાં ઓજારોમાં થતા દરેકેદરેક સુધારાને વધાવી લેવા હું તૈયાર છું, પણ કરોડો ખેડૂતોને પોતાના ઘરમાં થઈ શકે એવો કાંઈ રોજગાર આપ્યા વિના હાથમહેનતને બદલે યંત્રશક્તિથી ચાલતા રેંટિયા દાખલ કરવા એને હું ગુનો સમજું છું.

('કવિ અને રેંટિયો' એ લેખમાંથી)

યંગ ઇંડિયા, ૫-૧૧-૧૯૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

'શું તમે બધાં યંત્રોની વિરુદ્ધ છો ?'

જવાબમાં હું ધસીને ના પાડું છું, પણ હું યંત્રોનો વગર વિચાર્યે વિસ્તાર કરવાની વિરુદ્ધ છું. યંત્રોની દેખીતી સફળતાથી હું અંજાવા તૈયાર નથી. બધાંય વિનાશક યંત્રોની સામે મારો અટલ વિરોધ છે. પણ સાદાં ઓજારો અને સાધનો તેમ જ ઝૂંપડાંમાં વસતા કરોડો માણસોનો બોજો ઓછો કરે અને માણસની મહેનત ઘટાડે એવાં યંત્રોને હું વધાવી લઉં છું.

યંગ ઇંડિયા, ૧૭-૬-૧૯૨૬

૯

બળદ વિ૦ મોટર

આપણે રેલવે વિના તદ્દન ચલાવી શકીએ એ સ્થિતિ નથી રહી એવું અત્યારે તો જણાય છે. પણ રેલવેથી હિંદુસ્તાનમાં સર્વાંશે લાભ નથી થયો એ સમજી લઈએ, તો આપણે તેને આપણા હાથમાં સત્તા હોય તો મર્યાદિત કરીએ. તેમ જ મોટરને સર્વથા તિલાંજલિ દેવાને કદાચ આપણે અસમર્થ હોઈએ, તોપણ જો આપણે બળદોનું રક્ષણ કરવા ઇચ્છતા હોઈએ તો તેની મર્યાદા તો આપણે બાંધવી જ જોઈશે. મોટરોથી આપણાં ખેતરો ખેડાય અને બળદોને આપણે ભિક્ષાર્થી બનાવીએ એ હરકોઈને અશક્ય લાગવું જ જોઈએ. હિંદુસ્તાનનું અર્થશાસ્ત્ર હિંદુસ્તાનને લગતું જ ઘડાઈ શકે, તો જ તે શોભે અને તો જ તે નભે.

નવજીવન, ૮-૮-૧૯૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

બિરાદર સકલાતવાળાની અપીલના જવાબમાં

હું નથી માનતો કે, જીવનની જરૂરિયાતોની વૃદ્ધિ અને તે પૂરી પાડવા ખાતર સાંચાકામનો વિકાસ એ દુનિયાને તેના અંતિમ ધ્યેયની એક ડગલું પણ નજીક લઈ જનારી વસ્તુ છે. બિરાદર સકલાતવાળા આધુનિક જમાનાની દોટ ઉપર વારી જાય છે. હું તો અંતર અને સમય ટૂંકાવવાની આ બધી ઘેલછા, તથા સ્થૂળ જરૂરિયાતો વધારવી અને તે પૂરી પાડવા ખાતર ચોખંડ ધરતીને ખૂંદી વળવાની આ ધાલાવેલી જોઈ સમસમી ઊઠું છું. આધુનિક સભ્યતાનો અર્થ જો આ જ હોય — અને તે એ જ છે એમ અત્યાર સુધી મેં જોયું છે — તો હું તેને અવશ્ય સેતાની કહું છું.

*　　　*　　　*

સાંચાકામ જોડે રેંટિયાને વેર નથી; માત્ર તેના ઉપયોગની મર્યાદા બાંધી એ તેને આડાઝૂડ ફેલાતું રોકે છે. ગરીબમાં ગરીબને તેમનાં ઝૂંપડાંમાં રોજી આપવાને અર્થે તે સાંચાકામનો ઉપયોગ કરે છે. રેંટિયો પોતે જ સુંદર સાંચાકામનો નમૂનો નથી શું?

યંગ ઇંડિયા, ૧૭-૩-૧૯૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

બેકારીનો ઉપાય

. . . દુનિયામાં બીજો એકે દેશ એવો નથી, જ્યાં આટલાં બધાં કરોડો માણસોને પૂરતો ધંધો ન મળતો હોય, અને જ્યાં વસ્તીનો મોટો ભાગ ગામડાંમાં વસતો હોવા છતાં, જ્યાંની સંસ્કૃતિ ગ્રામીણ હોવા છતાં, જ્યાં લોકોને ભાગે માથાદીઠ માંડ બે એકર પણ જમીન ન આવતી હોય. એવી સ્થિતિમાં દેશની જરૂર પૂરતું બધું કાપડ વરાળ કે વીજળીની મદદથી, અથવા તો મનુષ્ય સિવાયની કોઈ પણ શક્તિનો ઉપયોગ કરીને પેદા કરવામાં આવે તો એનું પરિણામ એ આવે કે લોકોની બેકારીમાં હજુ પણ વધારો થાય. એટલે હિન્દુસ્તાનમાં મોટા પાયા પર વરાળ કે વીજળીથી ચાલતા ઉદ્યોગો શરૂ થાય એનો અર્થ એ જ છે કે કરોડો લોકોએ મરી જવું રહ્યું. જેમાં સ્વાભાવિક રીતે જ હરિજનો આવી જાય. આપણે પાપે જ તેઓ સમાજમાં સૌથી નીચું સ્થાન ભોગવે છે.

કહેવાય છે કે અમેરિકામાં ઘણાં કામ યંત્રો મારફત કરવામાં આવતાં હોવાથી દરેક અમેરિકનને યંત્રો મારફત જેટલી સેવા મળે છે તે ૩૬ ગુલામોના કામની બરાબર થાય છે. આપણે જો અમેરિકાને આપણું આદર્શ બનાવીએ અને ત્યાં જણ દીઠ ૩૬ ગુલામો છે તેને બદલે આપણે તે યંત્રો મારફત ૩૦ ગુલામોનું કામ લઈએ તો આપણા ૩૧ કરોડમાંથી ૩૦ કરોડને કાંતો આપઘાત કરવો પડે, કાંતો તેમને કતલ કરી નાખવા જોઈએ. હું જાણું છું કે એવા ઉત્સાહી દેશભક્તો મળી આવે એમ છે, જેમને આવું કરવામાં કશો બાધ ન હોય, એટલું જ નહિ પણ તેઓ તો આવી વસ્તુને આવકારે. તેઓ કહેશે કે જેમને સરખું ચાલતાં પણ નથી આવડતું એવાં નિઃશસ્ત્ર ૩૦ કરોડ ઘેટાં કરતાં સુખી, સંતોષી અને સમૃદ્ધ તથા શસ્ત્રોથી નખશીખ સજ્જ એવા એક કરોડ હિંદીઓ જીવે એ વધારે સારું છે. આ જાતની ફિલસૂફીનો હું કશો જવાબ આપી શકું એમ નથી. કારણ હરિજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે તદ્રૂપ થયેલો હોવાથી હું તો ગામડાંના કરોડોને માટે જ વિચાર કરી શકું છું અને તેમનામાંયે જે સૌથી રંક હોય તેને સુખે મારું સુખ છે, એ જીવી શકે તો જ મારે જીવવું છે. મારા નાના રેંટિયાની નાની ત્રાકથી આગળ મારું સાદું મગજ જઈ શકતું નથી. એ રેંટિયાને મારી સાથે હું બધે ફેરવી શકું છું અને ખાસ કશી મુસ્કેલી વિના બનાવી પણ શકું છું.

આ વસ્તુને લાગુ પડતો છાપાંમાં આવેલો નીચેનો ફકરો એક મિત્રે મને મોકલી આપ્યો છે.

“કેટલાક ઉદ્યોગોમાં પ્રવર્તતી બેકારી દૂર કરવા નાઝીઓએ માણસોની જગ્યા લેતાં યંત્રોનો ઉપયોગ બંધ કરવાનો હુકમ કાઢયો છે. આ હુકમની ટીકા કરતાં વિલાયતનું ‘ મેન્ચેસ્ટર ગાર્ડિયન ’ છાપું લખે છે: ‘યંત્રોને કારણે બેકારીનું સંકટ વધતું જાય છે એ પ્રશ્ન ઘણો ચર્ચાયો છે, પણ એ વિચારને અમલમાં મૂકી યંત્રો ઉપર પ્રતિબંધ મૂકવાનું કામ તો નાઝીઓએ જ કર્યું. થોડાં જ વર્ષ ઉપર તો, જર્મનીએ યંત્રો વડે માણસની મજૂરી બચાવવામાં અજબ ફત્તેહ મેળવી છે તેનાં દુનિયા વખાણ કરવા મંડી પડી હતી. પણ હવે તો ત્યાંની સરકારે યંત્રો સામે વિરોધ પુકાર્યો છે. કેટલીક જગાએ યંત્રો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે અને કેટલીક જગાએ યંત્રો થોડા કલાક ચલાવી વધારે માણસોને રોજીએ લગાડવાની ફરજ પાડવામાં આવે છે. યાંત્રિક રેંટિયાને બદલે હાથ-રેંટિયો ચલાવવાની અને યાંત્રિક સાળને બદલે હાથ-સાળ ચલાવવાની જે કોશિશ ગાંધીજી કરી રહ્યા છે તેના જેવી જ કોશિશ જર્મનીનાં સિગારનાં અને કાચનાં કારખાનાંમાં થઈ રહી છે.’”

ગાર્ડિયન પત્ર પોતાના લેખનો ઉપસંહાર નીચે મુજબ કરે છે: જર્મની જો મધ્યકાળની નીતિને અનુસરે તો તેનું અર્થશાસ્ત્ર પણ બેશક મધ્યકાલીન જ બનવું જોઈએ.

આ ટીકાનો જવાબ આપતાં ‘ગાર્ડિયન’માં જ એક પત્રલેખક લખે છે:

“હિટલર, ગાંધી અને બીજાઓ, જુદી જુદી રીતે ઉત્પાદન એટલું ઘટાડવા પ્રયત્ન કરે છે કે જેટલો માલ પેદા થાય તે બધો જ વપરાઈ જઈ શકે. જેટલો માલ વાપરી શકાય તેટલો જ પેદા કરવામાં આવે એને ભલે મધ્યકાલીન રીત કહેવામાં આવે, પરંતુ હાથ-ઉદ્યોગ એ પછાતપણાની કે જંગલીપણાની નિશાની નથી. દરેક નવી ઢબની પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં હાથ-ઉદ્યોગો શીખવાય છે. . . . આપણે જો થોડા જ વખતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેકારી દૂર નહીં કરી શકીએ — ચાલતી આવેલી રૂઢિથી તદ્દન નવા જ અને ભડકામણા લાગે એવા પણ ઉપાયો લઈને — તો જે ક્રાન્તિઓ અને યુદ્ધો જાગશે તેમાં આ યંત્રયુગ નામશેષ થઈ જશે. યંત્રો તો જ કલ્યાણકારી ગણાય જો ખાસ વર્ગની સાથે આમ વર્ગનું સુખ અને સમૃદ્ધિ પણ તે સાધી શકતાં હોય. પણ તેને પરિણામે કરોડોની બેકારી અને ભૂખમરો જ નીપજતાં હોય, જેમ પશ્ચિમના યંત્ર-ઉદ્યોગોવાળા દેશમાં આજે બની રહ્યું છે તેમ, તો એ યંત્રો શાપ સમાન છે. યંત્રો પણ છેવટે માણસો માટે છે, માણસો યંત્રો માટે નથી. એટલે લોકોને સુખી કરવામાં તેનો ઉપયોગ થવો જોઈએ. એમને લોકોને માથે ચઢી બેસવા દેવાં જોઈએ નહીં."

જર્મનીમાં તલવારને જોરે ગામડાંના ઉદ્યોગો સજીવન કરવામાં આવે છે એ વસ્તુની સાથે અહીં કશો સંબંધ નથી. પ્રસ્તુત વસ્તુ તો એ છે કે જે દેશે ભારેમાં ભારે યંત્રકૌશલ્ય બતાવ્યું છે, અને યાંત્રિક ઉદ્યોગોમાં જે દેશ સૌથી આગળ વધેલામાં ગણાય છે, તે દેશ હવે ભયંકર બેકારીના સવાલનો ઉકેલ આણવા માટે ફરી પાછો ગામડાંના ઉદ્યોગોનો આશ્રય લઈ રહ્યો છે.

('ખાદી અને હરિજનો' એ લેખમાંથી)

હરિજનબંધુ, ૨૯-૧૦-૧૯૩૩

૧૨

એક અમેરિકન સાથે વાતચીત

. . . હિન્દુસ્તાનને યાંત્રિક ઉદ્યોગપ્રધાન દેશ બનાવવો હોય તો તો ૩૫ કરોડની વસ્તીને બદલે ૩ાા કરોડની વસ્તી કરી નાખવી જોઈએ. જ્યાં કરોડો માણસ કામ વિનાનાં પડ્યાં હોય ત્યાં મોટા પાયા ઉપર ચાલતાં યંત્રો કે કારખાનાંને સ્થાન જ નથી. અમારે ત્યાંનો એક અર્થશાસ્ત્રી કહેતો હતો કે દરેક અમેરિકન પાસે ૩૬ ગુલામો છે, કારણ એક યંત્ર ૩૬ ગુલામોનું કામ કરે છે. ભલે અમેરિકનોને એની જરૂર હોય, પણ હિન્દુસ્તાનને તો નથી જ. હિન્દુસ્તાનને માનવ-સમૂહને ગુલામ બનાવવાનું પરવડે એમ નથી. . . .

હરિજનબંધુ, ૧૬-૯-૧૯૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

ગામડાંના ઉદ્યોગ

*　　*　　*

ગ્રામ ઉદ્યોગોની યોજનાની જે રૂપરેખા મેં આપી છે તેના ઉપર દૈનિક પત્રોમાં થયેલી ટીકાઓ મેં વાંચી છે. કેટલાકે મને એવી સલાહ આપી છે કે મનુષ્યની શોધક બુદ્ધિએ કુદરતની જે શક્તિઓને તાબે કરી છે તેનો ઉપયોગ કરી લેવામાં જ ગામડાંની મુક્તિ રહેલી છે. તેઓ કહે છે કે 'પ્રગતિમાન પશ્ચિમમાં જેમ પાણી હવા તેલ અને વીજળીનો પૂરેપૂરો ઉપયોગ થાય છે તેમ આપણે પણ કરવો જોઈએ. ઢંકાઈ રહેલી આ બધી કુદરતી શક્તિઓ ઉપર કાબૂ મેળવવાને પરિણામે જ દરેક અમેરિકન ૩૩ ગુલામો રાખી શકે છે એટલે કે ૩૩ ગુલામો પાસેથી મળે એટલું કામ આ શક્તિઓ પાસેથી લઈ શકે છે.

પણ આપણે જો પશ્ચિમની એ ચાલે ચાલવા જઈશું તો હું બેધડક કહું છું કે આપણને દરેકને ૩૩ ગુલામ મળવાની વાત તો ક્યાંય રહી જશે અને આપણી ગુલામી ૩૩ ગણી વધશે.

જે કામ કરવા ધાર્યું હોય તેને માટે પૂરતા માણસો ન હોય ત્યારે એ કામ સંચાથી લેવું એ સારું છે. પણ જેમ હિન્દુસ્તાનમાં છે તેમ કામને માટે જોઈએ તે કરતાં વધારે માણસો પડેલાં હોય ત્યારે સંચા વાપરવાથી નુકસાન છે. થોડાક ચોરસ વારના જમીનના ટુકડા માટે હું હળ ન વાપરું. આપણાં ગામડાંમાં ઊભરાઈ જતાં કરોડો માણસોને શ્રમની ચક્કીમાંથી ફુરસદ કેમ અપાવવી એ સવાલ આપણે ત્યાં નથી. આપણી સામે તો સવાલ એ છે કે, એમને વરસમાં છ મહિના જેટલો વખત પરાણે આળસમાં ગાળવો પડે છે એ વખતનો ઉપયોગ કેવી રીતે કરવો. કેટલાકને સાંભળીને વિચિત્ર લાગશે, પણ હકીકત એ છે કે એકેએક મિલ ગામડાંની પ્રજાને ભયરૂપ છે, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની રોજી પર તરાપ મારનાર છે. મેં આંકડા ઝીણવટથી ગણ્યા નથી પણ એટલું તો કહી જ શકાય કે, ગામડાંમાં બેસીને ઓછામાં ઓછા દસ મજૂરો જે કામ કરે છે તેટલું જ કામ મિલનો એક મજૂર કરે છે. બીજા શબ્દમાં કહીએ તો ગામડાંના દસ માણસની રોજી છીનવીને આ એક માણસ ગામડાંમાં કમાતો તેના કરતાં વધારે કમાય છે. આમ કાંતવાની ને વણવાની મિલોએ ગામડાંના લોકોનું ગુજરાનું એક મોટું સાધન છીનવી લીધું છે. એ મિલો વધારે સારું ને સોંઘું કપડું તૈયાર કરતી જ હોય તોયે એ કંઈ ઉપલી દલીલનો જવાબ નથી. કેમ કે એ મિલોએ જો હજારો મજૂરોનો ઉદ્યોગ છીનવી લઈ તેમને બેકાર બનાવ્યા હોય તો સોંઘામાં સોંઘું મિલકાપડ ગામડાંમાં વણાયેલી મોંઘામાં મોંઘી ખાદી કરતાં મોંઘું છે.

કોલસાની ખાણમાં કામ કરનાર મજૂર જ્યાં વસે છે ત્યાં જ કોલસાનો ઉપયોગ કરી શકે છે, એટલે તેને કોલસા મોંઘા પડતા નથી. એ જ રીતે જે ગ્રામવાસી પોતાના ખપ પૂરતી ખાદી બનાવી લે છે તેને તે મોંઘી પડતી નથી. મિલોમાં બનાવેલું કાપડ જેમ ગામડાંના માણસોને બેકાર બનાવે છે, તેમ ચોખા ખાંડવાની અને લોટ દળવાની મિલો હજારો સ્ત્રીઓની રોજી છીનવી લે છે, એટલું જ નહિ પણ આખી પ્રજાના આરોગ્યને હાનિ પહોંચાડે છે. જ્યાં લોકોને માંસાહાર કરવાનો વાંધો ન હોય અને એ આહાર પોસાતો હોય ત્યાં મેદાથી અને પૉલિશ કરેલા ચોખાથી કદાચ કંઈ નુકસાન ન થતું હોય; પણ આપણા દેશમાં જ્યાં કરોડો માણસો એવાં છે જેમને માંસ મળે તો તે ખાવાનો વાંધો નથી, પણ જેમને માંસ જોવા મળતું નથી, ત્યાં તેમને આખા ઘઉંનો આટો અને પૉલિશ કર્યા વિનાના હાથે ખાંડેલા ચોખામાં રહેલાં પૌષ્ટિક અને જીવનદાયી તત્ત્વો ન મળવા દેવાં એ પાપ છે. હવે તો ડૉક્ટરોએ અને બીજાઓએ મળીને લોકોને મેદો અને પૉલિશ કરેલા સંચે ખાંડેલા ચોખા વાપરવાથી થતા નુકસાનનું ભાન કરાવવું જોઈએ.

મેં આ કેટલીક મોટી મોટી સહેજે નજરે ચડે એવી વાતો તરફ ધ્યાન ખેંચ્યું છે તે એમ બતાવવા માટે કે ગ્રામવાસીઓને કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવું હોય તો તે યંત્રો વાટે ન બની શકે; પણ તેઓ અત્યાર સુધી જે ઉદ્યોગો કરતા આવ્યા છે તેને સજીવન કરવાથી જ બની શકે. એ જ એનો સાચો રસ્તો છે.

* * *

હરિજનબંધુ, ૧૮-૧૧-૧૯૩૪

૧૪

યંત્ર અને હિંસા

યંત્રયુગ ગમે તે કરે પણ યંત્રોના એકસામટા પ્રવેશથી જે કરોડો માણસો બેકાર બની જ જવાના તેમને એ આજીવિકાની મજૂરી કદી આપી શકવાનો નથી.

હરિજનબંધુ, ૬-૧-૧૯૩૫

* * *

૩૫ કરોડ મનુષ્યના દેશમાં મોટાં યંત્રો વસાવવાનો વિચાર કરવો એમાં ક્રૂરતા છે, પાપ છે. દરેક મનુષ્ય એ યંત્ર છે. માત્ર એમાં બરાબર તેલ પૂરીને એને ચાલતું રાખવું જોઈએ. એ હું કરવા મથી રહ્યો છું.

* * *

હિન્દુસ્તાનમાં ઉદ્યોગ માત્ર યંત્રોથી ચલાવવા હોય તો એનું પરિણામ એક યા બીજી રીતે હિંસામાં આવ્યા વિના રહે જ નહિ.

હરિજનબંધુ, ૨૦-૧-૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

એ સંસ્કૃતિ

પૂર્વની — ભારતવર્ષની — અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચે ભેદ છે. એ ભેદ શામાં રહેલો છે એની સામાન્યપણે ખબર પડતી નથી. આપણી ભૂગોળરચના જુદી છે, આપણા ઇતિહાસ જુદા છે, આપણી રહેણી જુદી છે. આપણો ખંડ વિશાળ છતાં ભૂતળ પર એક બિંદુ સમાન છે; પણ ચીનને બાદ કરતાં એમાં ધાડામાં ધાડી વસ્તી છે. હવે જે દેશમાં જમીન પર વસ્તીનું દબાણ વધારેમાં વધારે હોય તે દેશનાં અર્થશાસ્ત્ર અને સંસ્કૃતિ એ દબાણ જ્યાં ઓછામાં ઓછું હોય તે દેશ કરતાં જુદાં છે ને હોવાં જોઈએ. અમેરિકામાં વસ્તી આછી રહી, એટલે ત્યાં કદાચ યંત્રોની જરૂર હોય. હિન્દુસ્તાનને એની જરૂર કદાચ બિલકુલ ન હોય. જ્યાં કરોડો માણસો કામ વિનાના બેસી રહ્યા છે ત્યાં મજૂરી બચાવનારાં યંત્રોનો વિચાર કરવાથી કશો લાભ નથી. જો કોઈ માણસ આપણા હાથને ખાવાની મહેનત બચી જાય એવું યંત્ર કાઢે તો ખાવું એ આનંદની વસ્તુ મટી જાય ને ત્રાસરૂપ થઈ પડે. આપણા ઉદ્યોગોનો નાશ થઈ ગયો અને પરિણામે બેકારી આવી એ જ આપણી ગરીબાઈનું કારણ છે.

હરિજનબંધુ, ૧૯-૫-૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

યંત્રોની વકીલાત

યંત્રોની વકીલાત લઈને એક સોશિયાલિસ્ટ ગાંધીજીની પાસે આવ્યા : 'ગ્રામઉદ્યોગની પ્રવૃત્તિનો ઉદ્દેશ યંત્રમાત્રનો હાંકી કાઢવાનો નથી ?'

'આ રેંટિયો યંત્ર નથી શું ?' ગાંધીજી તે વખતે કાંતતા હતા એટલે તેમણે સામો પ્રશ્ન પૂછ્યો.

'હું આ યંત્રની વાત નથી કરતો, મોટાં યંત્રોની વાત કરું છું.'

'સિંગરના સીવવાના સંચાની ? એને પણ ગ્રામઉદ્યોગની પ્રવૃત્તિએ રક્ષણ આપ્યું છે. જે યંત્રો હજારો માણસની શ્રમ કરવાની તક ઝૂંટવી નથી લેતાં, પણ જે વ્યક્તિને મદદ કરે છે ને તેની કાર્યશક્તિ વધારે છે, અને જે માણસ સ્વેચ્છાએ યંત્રનો ગુલામ થયા વિના ફેરવી શકે છે તે બધાં યંત્રોને આ પ્રવૃત્તિનું અભયદાન છે.'

'પણ મોટી શોધોનું શું ? આપ વીજળીને બાતલ કરશો ?'

'કોણે કહ્યું ? જો દરેક ગામડાને ઝૂંપડે ઝૂંપડે વીજળી પહોંચાડી શકાય તો લોકો પોતાનાં ઓજાર વીજળીની મદદથી ચલાવે એમાં હું વાંધો ન ઉઠાવું. પણ તો પછી પાવરહાઉસ પર માલિકી ગામના મહાજનની કે સરકારની રહેશે, જેમ આજે ગોચરને વિષે છે. પણ જ્યાં વીજળી ન હોય અને યંત્રો પણ ન હોય ત્યાં બેકાર પડેલા લોકોએ શું કરવું ? તમે એમને કામ આપશો, કે એમના શેઠ એમને કામના અભાવે કાઢી મૂકે એમ ઇચ્છશો ?

'સર્વ મનુષ્યના લાભને માટે થયેલી વિજ્ઞાનની એકેએક શોધને હું બહુ મૂલ્યવાન ગણું છું. શોધ પણ તરેહ તરેહની હોય છે. એકી સાથે હજારો માણસોનો સંહાર કરી શકે એવા ગૂંગળાવનારા વાયુની હું પરવા ન કરું. સાર્વજનિક ઉપયોગનાં જે કામો માણસના હાથની મહેનતથી ન થઈ શકે એવાં હોય એને માટે ભારે યંત્રોના વાપરને માટે સ્થાન અવશ્ય છે, પણ એ બધા પર માલિકી સરકારની રહે અને એનો ઉપયોગ કેવળ લોકોના કલ્યાણને અર્થે જ થાય. જે યંત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ ઘણાનાં ગજવાં ખાલી કરીને થોડાને ધનવાન બનાવવાને કે વિના કારણે ઘણા માણસની ઉપયોગી મજૂરી છીનવી લેવાને નિર્માયેલાં છે તેને વિષે મારા વિચારમાં સ્થાન ન હોઈ શકે.

'પણ તમે સોશિયાલિસ્ટ તરીકે પણ એમ તો નહિ જ ઇચ્છતા હો કે યંત્રોનો ઉપયોગ અમર્યાદપણે થાય. છાપખાનાં લો. એ તો ચાલવાનાં જ. શસ્ત્રવૈદ્યનાં ઓજારો લો. એ હાથ વડે કેમ કરીને બની શકે? એને માટે ભારે યંત્રોની જરૂર પડવાની જ. પણ આળસ મટાડવાને માટે તો આના સિવાય બીજું એકે યંત્ર નથી.' ગાંધીજીએ રેંટિયો બતાવીને કહ્યું. 'તમારી જોડે વાત કરતાં કરતાં પણ હું ચલાવું છું, દેશની સંપત્તિમાં થોડોક ઉમેરો કરું છું. આ યંત્રને કોઈ હઠાવી નહીં શકે.'

હરિજનબંધુ, ૨૩–૬–૧૯૩૫

૧૭

ચરખાસંઘ અને ગ્રામઉદ્યોગસંઘ

. . . હિન્દુસ્તાનનાં સાત લાખ ગામડાંમાં વેરાયેલા ગ્રામવાસીઓ રૂપી જીવતાં યંત્રોની સામે જડ યંત્રોને ન ખડકવાં જોઈએ. યંત્રો મનુષ્યના પ્રયત્નને મદદ કરે, તેને સરળ બનાવે એ યંત્રોનો સદુપયોગ કહેવાય. આજના ઉપયોગનું વલણ તો એ દિશામાં જ વધતું જાય છે કે ગણ્યાગાંઠ્યા લોકોના હાથમાં સંપત્તિના ઢગલા વાળવા, અને જે કરોડો સ્ત્રીપુરુષોના મોંમાંથી રોટલો ઝૂંટવી લેવામાં આવે છે તેમની તો લવશેષ પરવા સરખી ન કરવી. બહુ જ સૂક્ષ્મ લાગણીઓવાળાં માનવી યંત્રો પાસેથી કામ ન લેવું એ ઇરાદાથી જડ યંત્રો દ્વારા કામ લઈને ધનના ઢગલા ભેગા કરવાની ઘેલછાએ ઘોર દુઃખો પ્રવર્તાવ્યાં છે. તેમાં થઈ શકે તેટલો ઘટાડો કરવો એ જ કલ્પનાથી ચરખાસંઘ અને ગ્રામઉદ્યોગ સંઘની રચના કરવામાં આવેલી છે.

હરિજનબંધુ, ૧૫–૯–૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

જબરદસ્ત ધોધની સામે

બિરલાજી: પણ સામો જબરદસ્ત ધોધ આવી રહ્યો છે ત્યાં આ ક્યાં સુધી ટકશે? તમને લાગે છે કે આ બધું નભશે?

ગાંધીજી: જરૂર, કારણ મને તો સંપૂર્ણ શ્રદ્ધા છે કે આ ટકશે; આ યંત્રયુગની બધી શોભાઓ મટી જવાની છે. જેની પાછળ સેવાની અને શ્રમની ભાવના રહી છે તે જ આખરે ઊભું રહેશે; બીજાનું ભક્ષણ કરવાની ભાવના જેની પાછળ છે તે પડી ભાંગશે. આ શ્રદ્ધાને લીધે મારું કામ ચાલ્યાં કરે છે. નિરાશા થવાને બદલે મારી શ્રદ્ધા અને આશા તો આસપાસનું બધું જોઈને વધતી જ જાય છે. નિરાશા થાય જ શા સારુ? મનુષ્યનો ઇતિહાસ કંઈ થોડાં હજાર વર્ષનો નથી પણ લાખો વર્ષોનો છે. તેને અંતે આપણે આ સ્થિતિએ આવ્યા, તો આ પ્રયત્નને અંતે કાંઈક તો આગળ વધ્યા હઈશું જ. સ્ટીવન્સન અને કોલંબસ જેવા નિરાશ થઈને માથે હાથ દઈને બેસી ગયા હોત તો? નહીં, મારી તો ખાતરી છે કે હિંસા ઉપર રચાયેલી આખી ઇમારત કાચી છે, અને એના એક દિવસ ભુક્કા થનાર છે. હિંદુસ્તાનને યંત્રવશ કરીને આપણે શું કરીશું? બીજા દેશોમાં આપણે બજાર શોધવાની અને એ બજાર કાયમ રાખવાને માટે નાદીરશાહી ચલાવવાની. જપાન, ઇંગ્લંડ, અમેરિકા, રશિયા, ઇટલીની જલસેના અને સ્થલસેનાને આંટે એવી બેવડી સેના આપણે ઊભી કરવી રહી અને તેને બળે બધું કારભારું ટકાવી રાખવું રહ્યું! નહિ, આપણને એ ન પોસાય. હું તો એટલું સમજું છું કે આ યુગ માણસોને યંત્ર બનાવવા બેઠો છે, હું યંત્રો બની ગયેલાઓને માણસ બનાવવા માગું છું.

હરિજનબંધુ, ૧-૧૨-૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

રોજના બે જ કલાક કામ

પ્ર૦ "આપણે યંત્રો કેમ દાખલ ન કરવાં? એના સારા અંશ હોય તે ગ્રહણ કરવા ને બૂરા હોય તે તજી દેવા."

ઉ૦ "આપણાં મનુષ્યરૂપી યંત્રોને કામ વિનાનાં રહેવા દેવાં આપણને ન પોસાય. આપણી પાસે એટલી બધી માનવશક્તિ બેકાર પડેલી છે કે આપણે ત્યાં બીજાં વરાળ કે વીજળીથી ચાલતાં યંત્રોને સારુ જરાયે અવકાશ નથી."

પ્ર૦ "એ યંત્રો આપણે દાખલ કરીએ, અને આપણે એની પાસેથી જેટલી જરૂર હોય તેટલો જ વખત કામ લઈએ."

ઉ૦ "એ કેવી રીતે બને? ધારો કે એક માણસ આપણે જોઈએ તેટલું બધું કાપડ પેદા કરે છે, એ કામ માટે એણે ખાસ મિલો ઊભી કરી છે, અને માનો કે ત્રીસ લાખ માણસોને કામ આપે છે, અને વળી જેટલો નફો થાય તે પણ એ માણસોને વહેંચી આપે છે. પછી શું? પરિણામ તો એ આવશે કે સો વરસ પહેલાં જેટલા પૈસા ત્રીસ કરોડ માણસમાં વહેંચાતા તે બધા હવે આ ત્રીસ લાખને જ મળશે."

પેલા ભાઈ બોલ્યા: "નાજી, મારી સૂચના તો એ છે કે આપણા માણસો આપણે જેટલું કામ જોઈએ એટલું જ કરે, વધારે કરે જ નહિ. કેટલુંક કામ આપણા સૌને માટે જરૂરનું છે. પણ આપણે એમ કેમ ન કરીએ કે રોજના બે જ કલાક કામ કરવું અને બાકીનો વખત વિનોદ અને મનોરંજનમાં ગાળવો?"

ગાંધીજી: "આપણા લોકો રોજ એક કલાક કામ કરે તો તમને સંતોષ થાય, નહિ?"

"કેટલો વખત એ તો હિસાબ કરીને ખોળી કાઢવું જોઈએ. પણ મને એટલાથી જરૂર સંતોષ થાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી: "મારો વાંધો જ ત્યાં છે. આપણા માણસોની પાસે નવી ચીજો પેદા કરવાનું પુષ્કળ કામ — આઠેક કલાકનું — ન હોય ત્યાં સુધી મને તો સંતોષ ન જ થાય."

"પણ આપ ઓછામાં ઓછા આઠ કલાક વિષે આગ્રહ કેમ રાખો છો એ મને સમજાતું નથી."

ગાંધીજી: "કેમ કે મને ખબર છે કે કરોડો માણસો કંઈ શોખને ખાતર કામ કરવાના નથી. એમને જો પેટ ભરવાને કામ કરવું પડે એમ ન હોય તો તેઓ કામ કરે જ નહિ. ધારો કે અમેરિકાના થોડાક કરોડપતિઓ આવીને આપણને કહે કે 'તમારે જેટલું ખાવાનું જોઈએ એ બધું અમે મોકલી આપીશું, માટે તમે મહેનત કરવી છોડી દો ને અમને પરોપકાર કરવાની તક આપો,' તો હું એમની એ દયા સ્વીકારવાને ધસીને ના પાડું."

"એ તો એટલા માટે ને કે એથી આપનું સ્વમાન હણાય?"

"ના, એટલા જ કારણે નહિ; પણ ખાસ કરીને તો એટલા માટે કે આપણા જીવનના મુખ્ય નિયમના મૂળ ઉપર એ ઘા કરે છે. એ નિયમ એ છે કે આપણે આપણી આજીવિકા માટે શ્રમ કરવો જોઈએ, પરસેવો પાડીને ખાવાનો અધિકાર મેળવવો જોઈએ."

હરિજનબંધુ, ૮-૧૨-૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

યંત્રની સંહારક શક્તિ

પરંતુ આજનું દુઃખ તો એ છે કે, શહેરીઓની ગામડાં પ્રત્યેની બેપરવાઈ વધતી જાય છે; તેઓ એમ પણ માને છે કે નજીકના ભવિષ્યમાં ગામડાં નાશ પામનાર છે. આપણે જો મિલનો માલ ખરીદીશું ને હાથનો નહિ, તો જરૂર એમ થશે. એટલે જેઓ અહીં એકઠા થયા છે એમણે ગ્રામવૃત્તિના સંદેશાનો પ્રચાર કરવા નીકળી પડવાનું છે.

એક કારખાનું થોડાક સો લોકને રોજી આપે છે. પણ હજારોને બેકાર બનાવે છે. તેલની મિલ કાઢી ટનના ટન તેલ કાઢો, પણ હજારો ઘાણીવાળાને બેકાર કરીને. આને હું સંહારક શક્તિ કહું. જ્યારે, કરોડોની હાથમજૂરીની પેદાશ રચનાત્મક શક્તિ છે, તેમાંથી સર્વોદય સધાય. યંત્રશક્તિથી જથાબંધ માલ તૈયાર કરવો — તે યંત્રો સહકારી માલકીનાં હોય તોય — તેનાથી કંઈ વળવાનું નથી. અહીં આગળ એમ પૂછવામાં આવે છે કે, યંત્રશક્તિ કામમાં લાવીને લાખો લોકની મજૂરી બચાવી એમને બૌદ્ધિક વિકાસ સાધવા શું કામ અવકાશ ન આપવો? અમુક હદ સુધી જ અવકાશ ફાયદો કરે છે ને જરૂરી છે. બાકી, જાતમજૂરી કરી માણસ પરસેવાનો રોટલો ખાય એમ ઈશ્વરી સંકેત છે; અને મને તો, આપણા ખાનપાનની વસ્તુઓ સુદ્ધાંની આપણી જરૂરિયાતો જો જાદુઈ લકડીની જેમ ઉપજાવવાની શક્તિ આવે તો તેનો ડર લાગે છે.

હરિજનબંધુ, ૧૭-૫-૧૯૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

સ્વાવલંબી ગામડાં

વિશાળ ઉદ્યોગોની સાથે હરીફાઈ અને ખપતના પ્રશ્નો આવશે એટલે ગ્રામવાસીઓનું સીધું કે આડકતરું શોષણ થયા વિના નહિ જ રહેવાનું. તેથી અમારે ગામડાંને સ્વાવલંબી, સ્વયંપૂર્ણ બનાવવામાં બધી શક્તિ વાપરવાની છે, ને મોટે ભાગે જે ચીજો વાપરવાની હોય તે જ બનાવવાની છે. ગ્રામઉદ્યોગનું આ રૂપ જળવાઈ રહે તો ગ્રામવાસીઓ પોતે બનાવીને વાપરી શકે એવાં આધુનિક યંત્રો અને ઓજારો વાપરે એમાં કશો વાંધો નથી. માત્ર એ બીજાને ચૂસવાના સાધન તરીકે ન વપરાવાં જોઈએ.

હરિજનબંધુ, ૩૦-૮-૧૯૩૬

* * *

ગાંધીજીએ કહ્યું: "આજે રશિયામાં મોટા યંત્રોદ્યોગો પરાકાષ્ઠાએ પહોંચેલા છે એમ કહી શકાય. એ રશિયા સામે નજર નાંખું છું તો ત્યાંનું જીવન મને આકર્ષક લાગતું નથી. બાઇબલની ભાષામાં કહું તો 'માણસ આખું જગત જીતે પણ જો પોતાનો આત્મા ગુમાવે તો એથી એનું શું શ્રેય થવાનું હતું?' આધુનિક ભાષામાં કહીએ તો માણસ પોતાનું વ્યક્તિત્વ ગુમાવે અને યંત્રમાં એક જડ ખીલા જેવો બની જાય તો એના મનુષ્ય તરીકેના ગૌરવને એબ લાગે. દરેક વ્યક્તિ સમાજનો પૂર્ણ સંસ્કારી, પૂરો વિકાસ પામેલો અંશ બને એમ હું તો ઇચ્છું છું. ગામડાંઓએ સ્વાશ્રયી, સ્વયંપૂર્ણ બનવું જ જોઈએ. અહિંસાને રસ્તે કામ લેવું હોય તો એથી બીજો ઉકેલ હું જોતો જ નથી. મારા મનમાં તો એ વિષે લવલેશ શંકા નથી. મોટા યાંત્રિક ઉદ્યોગો ફેલાવવામાં માનનારા બીજા પડ્યા છે એ હું જાણું છું. મને જે વાત દીવા જેવી સાફ દેખાય છે તેને સારુ હું મારી સર્વ શક્તિ વાપરીને કામ કરી રહ્યો છું. અનેક શક્તિઓ કામ કરી રહી છે. એમાંથી શું પરિણામ આવશે એની મને ખબર નથી. પણ જે પરિણામ આવશે તે શ્રેયસ્કર હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિ. ફ્રીડમૅને પૂછ્યું : "પણ સ્વયંપૂર્ણ ગામડાંના આદર્શને જોખમમાં નાખ્યા વિના યંત્રોદ્યોગો જોડે કંઈક માંડવાળ કરી શકાય એવું આપને નથી લાગતું?"

ગાંધીજી કહે: "લાગે છે. જુઓને, રેલવે છે. એનો કંઈ મેં ત્યાગ કર્યો નથી. મોટરો મને અકારી લાગે છે, તોપણ ઇચ્છા અનિચ્છાએ પણ હું એનો ઉપયોગ કરું જ છું. વળી ફાઉન્ટન પેનો મને નથી ગમતી, પણ અત્યારે એ જ વાપરી રહ્યો છું. જોકે પેટીમાં બરુની કલમ ફેરવું છું ખરો. ફાઉન્ટન પેન વાપરતાં દરેક વખતે મારું મન મને ડંખ દે છે, ને પેટીમાં પડી રહેલી બરુની કલમનો વિચાર આવે છે. એમ માંડવાળ તો ડગલે ડગલે થાય છે, પણ એ માંડવાળ છે એમ માણસે સમજવું જોઈએ, અને અંતિમ આદર્શ હમેશાં નજર સામે રાખવો જોઈએ ને એનું ચિંતન કરવું જોઈએ."

હરિજનબંધુ, ૨૬-૨-૧૯૩૯

૨૨

પશ્ચિમના આદર્શો

ગાંધીજી : "મેં કહ્યું છે કે અમે પશ્ચિમના આદર્શો વગરવિચારે જેવા ને તેવા સ્વીકારી ન શકીએ. હિંદુસ્તાનને યાંત્રિક ઉદ્યોગોથી ભરી દેવું એ વાત મને રુચતી નથી. હું માનું છું કે ગામડાંને સજીવન કરવાં એ શક્ય વસ્તુ છે."

પ્રશ્ન : "આપનું પૂર્ણ સ્વરાજનું ધ્યેય સિદ્ધ થાય તે પછી આપ આ વિચારો બદલો એવો સંભવ છે ખરો?"

ગાંધીજી : "ના. આ મારા વિચારો કાયમના છે. યંત્રો, રેલવે વગેરેના મારા વિરોધનો અર્થ એવો નથી કે અમને પૂર્ણ સ્વરાજ મળ્યું કે તરત અમે આ વસ્તુઓને ઉખાડી નાંખીશું. આજે રેલવેનો ઉપયોગ મુખ્યત્વે લશ્કરી કામને માટે કરવાનો ઇરાદો રહેલો છે, તેને બદલે અમે તેને પ્રજાના લાભને સારુ વાપરીશું."

હરિજનબંધુ, ૪-૭-૧૯૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

જરૂરિયાતોની મર્યાદા

[ડૉ. ગ્રાઅર સાથેની વાતચીતમાંથી]

"પણ તમે તો જીવનને સાદું કરી નાખવા ને મોટા ઉદ્યોગોને કાઢી નાખવા માગો છો."

ગાંધીજી: "મારા દેશને જરૂરની બધી ચીજો હું ત્રણ કરોડ માણસને બદલે ૩૦ હજારની મહેનત વડે પેદા કરી શકું તો મને વાંધો નથી; માત્ર પેલાં ત્રણ કરોડ આળસુ ને બેકાર ન બનવાં જોઈએ. કામના કલાક ઘટાડીને રોજના એકબે કલાક કામ કરવાનું રહે એટલી હદ સુધી યાંત્રિક ઉદ્યોગો દાખલ કરવાનો સમાજવાદીઓનો વિચાર છે એ હું જાણું છું, પણ મારે એ નથી જોઈતું."

"પણ એથી લોકોને ફુરસદ મળેને."

ગાંધીજી: "ફુરસદ શેને માટે? હૉકી ખેલવા માટે?"

"એને જ માટે નહિ, પણ દાખલા તરીકે સર્જનાત્મક હાથ-ઉદ્યોગોને માટે."

ગાંધીજી: "સર્જનાત્મક હાથઉદ્યોગોમાં રોકવાનું તો હું એમને કહું છું. પણ તેઓ રોજના આઠ કલાક કામ કરીને હાથ વડે ચીજો પેદા કરશે."

"દરેક ઘરમાં રેડિયો હોય અને દરેક માણસ પાસે મોટર હોય એવી સમાજની સ્થિતિ તો તમે નથી જ ઇચ્છતા. એ પ્રેસિડંટ હૂવરનું સૂત્ર હતું. એને તો ઘેર ઘેર બે રેડિયો ને બે મોટર જોઈતાં હતાં."

ગાંધીજી: "એટલી બધી મોટરો અમારી પાસે થઈ જાય તો ચાલવાની જગા જ ન રહે."

"ખરી વાત છે. અમારા દેશમાં દર વરસે મોટરના અકસ્માતોથી ચાળીસેક હજારનાં મોત નીપજે છે અને એથી ત્રણ ગણા માણસો ઘવાઈને લૂલા પાંગળા બને છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી: "હિન્દુસ્તાનનાં બધાં ગામડાંમાં રેડિયો થાય એવો દિવસ જોવા હું તો નથી જીવવાનો."

"પંડિત જવાહરલાલનો વિચાર તો એવો લાગે છે કે દેશમાં પુષ્કળ માલ પેદા થવો જોઈએ."

ગાંધીજી: "મને ખબર છે. પણ પુષ્કળ માલ એટલે શું? તમે અમેરિકામાં કરો છો એમ કરોડો ટન ઘઉંનો નાશ કરવાની શક્તિ તો નહિ ને?"

"હાસ્તો, એ મૂડીવાદનું બૂરું પરિણામ છે. હવે એ લોકો પાકનો નાશ નથી કરતા, પણ ઘઉંનો પાક ન કરે એટલા માટે એમને પૈસા આપવામાં આવે છે. ઈંડાંના ભાવ ગગડી ગયા હતા એટલે લોકો એકબીજાની સામે ઈંડાં ફેંકવાની રમત રમતા હતા."

ગાંધીજી: "એવું અમારે નથી જોઈતું. પુષ્કળ માલ હોવો જોઈએ એનો અર્થ જો તમે એવો કરો કે દરેક માણસને પુષ્કળ અન્ન, દૂધ, દહીં અને વસ્ત્ર મળવાં જોઈએ, મનને સુસજ્જ ને સુશિક્ષિત બનાવવાને માટે પૂરતી સાધનસામગ્રી મળવી જોઈએ, તો મને સંતોષ થાય. પણ પચે એના કરતાં વધારે ખોરાક પેટમાં નાખવો ને વાપરી શકાય એના કરતાં વધારે ચીજો ઘરમાં ખડકવી એ મને ન ગમે. પણ બીજી બાજુ મારે દુઃખ, દારિદ્ય, કંગાલિયત ને ગંદકી પણ હિન્દુસ્તાનમાં નથી જોઈતાં."

હરિજનબંધુ, ૨૭-૨-૧૯૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

રેંટિયા વિ૦ મિલો

દરેક કૉંગ્રેસવાદી સામેનો પ્રશ્ન એ છે કે, શું દેશી કે શું પરદેશી મિલોના કાપડને કાઢીને તેની જગાએ ખાદીને કઈ રીતે સ્થાપવી. કૉંગ્રેસમંડળોમાં ઘણી વાર એમ મનાય છે કે દેશી મિલોનું કાપડ ખાદીના જેટલું જ સારું છે. ને વળી સસ્તું તેથી ચડિયાતું છે. આ સસ્તાપણાની વાત કરોડો કારીગરોની બેકારીનો વિચાર કરતાં વજૂદ વિનાની છે એમ પુરવાર કરી બતાવવામાં આવ્યું છે. આ કરોડો પ્રજાને હિસાબે મિલકાપડ હાથકાપડ કરતાં મોંઘું જ છે. મિલકાપડ તેમની મજૂરી ખૂંચવી લઈને તેમને બેકાર બનાવીને પેદા કરવામાં આવે છે. ધારો કે પરદેશમાં પાકતા ઘઉં સસ્તા છે એટલા સારુ આ દેશના ખેડૂતોએ પકવેલા ઘઉંની જગાએ ખરીદ કરવામાં આવે, ને અહીંના ખેડૂતને ઘેર બેસાડવામાં આવે તો શા હાલ થાય?

હરિજનબંધુ, ૩૧-૧૨-૧૯૩૯

૨૫

સંસ્કૃતિ અને હાથકળા

* * *

“સાચી હિંદી સંસ્કૃતિ હિંદનાં ગામડાંઓમાં છે. આજની શહેરી સંસ્કૃતિ તમને યુરોપ અમેરિકામાં અને પાશ્ચાત્ય શહેરોની નકલ કરીને અને પરદેશીઓને હાથે અને તેમને સારુ રચાયેલાં આપણાં થોડાંક શહેરોમાં જોવા મળે છે. પણ તે નહિ ટકે. હાથકળાની સંસ્કૃતિ જ ટકી રહેશે અને કાળની કસોટી સામે ઠીક ઝીલશે. પણ જો બુદ્ધિ તેમ જ હાથનો સુમેળ આપણે સાધી શકીશું તો જ તેમ થઈ શકશે. ઉત્કલવાળા મરહૂમ મધુસૂદન દાસ કહેતા કે આપણા કિસાનો અને મજૂરો બળદની જોડાજોડ કામ કરી કરીને તેના જેવા જ બની ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ તેમનું કહેવું યથાર્થ હતું. આપણે એમને આ પશુઅવસ્થામાંથી કાઢીને મનુષ્યને દરજ્જે સ્થાપવા છે. અને એ કાર્ય બુદ્ધિ તથા હાથનો સુમેળ સાંધી શકીએ તો જ આપણાથી બને એમ છે. તેઓ બુદ્ધિનો પ્રયોગ કરીને કામ કરતાં ન શીખે, કામમાંથી મળતો આનંદ ભોગવતાં આપણે તેમને ન શીખવીએ, ત્યાં સુધી આપણે તેમને આજની હીન દશામાંથી ઉપર નહિ આણી શકીએ."

* * *

હરિજનબંધુ, ૧૪-૪-૧૯૪૦

૨૬

રાષ્ટ્રીય સંયોજન અને યંત્રઉદ્યોગો

અમેરિકન પત્રકાર: તૈયાર માલ નિકાસ કરવા ઉપરાંત હિંદ પાસે અમેરિકાને આપવા જેવું શું છે, ને તે બદલામાં અમેરિકા પાસેથી હિંદ શાની અપેક્ષા રાખે છે?

ગાંધીજી: તમારો સવાલ સુધારી આપું. હિંદ તૈયાર માલ પરદેશ નથી મોકલતું, માત્ર કાચો માલ મોકલે છે, અને એ દરેક રાષ્ટ્રવાદીને ગંભીરપણે વિચારવા જેવો વિષય છે, કેમ કે અમારો દેશ કાચો માલ નિકાસ કરનાર રહે એ અમે સાંખી ન શકીએ; કારણ એનો અર્થ એ થાય (જેમ થયેલો છે) કે હાથઉદ્યોગ અને ખુદ કળા બંનેનો લોપ થઈ જાય. હું અમેરિકા પાસેથી આ અપેક્ષા રાખું છું — હિંદ એ અમેરિકાને ચૂસવા માટેનો એક દેશ છે એમ માનીને હિંદની જોડે તે ન વર્તે, પણ એમ ગણીને વર્તે કે હિંદ એ એક નિઃશસ્ત્ર છતાં સ્વતંત્ર દેશ છે, અને તેથી અમેરિકા હિંદુસ્તાન પાસેથી જેવા વર્તનની આશા રાખે તેવું વર્તન તેણે હિંદુસ્તાન જોડે રાખવું જોઈએ.

પત્રકારે કહ્યું, "આપ તો, મહાત્માજી, ઈશુનો સંદેશો ફરી ઉચ્ચારો છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી: "સાચી વાત છે. અમારી પાસે યંત્રકળાની આવડતની ખામી છે ખરી, પણ તમે ઈશુનો ઉપદેશ સ્વીકારો ને તે પ્રમાણે ચાલવાનું કબૂલ કરો તો મારે એવી ફરિયાદ કરવાપણું ન રહે કે બધી કુશળતાનો ઇજારો અમેરિકાએ જ રાખી લીધો છે. પછી તો તમે કહેશો કે, 'આ દેશની પાસે યંત્રકળાની આવડત નથી, તો આપણે એને આપણી કુશળતાની મદદ આપીએ — શોષણને માટે નહિ, અઢળક કિંમત લઈને નહિ, પણ તેના લાભ માટે, — ને તેથી મફત આપીએ.' અહીં તમારા મિશનરીઓ વિષે બે શબ્દ કહી લઉં. તમે તેમને અહીં મફત તો મોકલો છો, પણ એ પણ સામ્રાજ્યશાહી શોષણનો એક અંશ છે. કેમ કે તેઓ તો અમને તમારા જેવા — તમારા માલના વધારે સારા ઘરાક, અને તમારી મોટરો ને મોજશોખની ચીજો વિના ન ચલાવી શકીએ એવા — બનાવવા માગે છે. એટલે તમે જે ખ્રિસ્તી ધર્મ અમારે ત્યાં મોકલો છો તે ભેળવાળો છે. તમે ખ્રિસ્તી કહેવાતી વસ્તીની સંખ્યામાં ઉમેરો કરવાનો ઉદ્દેશ રાખ્યા વિના તમારી શાળાકૉલેજો ને ઇસ્પિતાલો કાઢતા હોત તો તમારો પરોપકાર શુદ્ધ, દૂષણરહિત ગણાત.

"યંત્રકળાની આવડતની બાબતમાં ટાટા કંપની જે કરે છે તે કરવું મને ન પરવડે. તેમને રૂ. ૨૦ હજારનો દરમાયો આપીને અમેરિકન નિષ્ણાત મૅનેજર બોલાવવાનું પરવડે છે. તેઓ સાહસવૃત્તિના પ્રતિનિધિ છે, પણ ગરીબ હિંદના પ્રતિનિધિ નથી. હિંદમાં સાત લાખ ગામડાં છે, તેમાં તેની વસ્તીના ૯૦ ટકા વસે છે. અમેરિકાએ તેમનો વિચાર કરવાનો છે. અમેરિકા જો ખરેખરું મદદગાર થવા માંગતું હોય તો તેણે પોતાની શક્તિ ને કુશળતાનો ઉપયોગ આ દિશામાં કરવો જોઈએ. અને એમ કરવું હોય તો અમેરિકા આજે મુખ્ય નિકાસ કરનાર દેશ છે તેવા મટી જવું જોઈએ. રાષ્ટ્રીય સંયોજન વિષે જે વિચારો પ્રચલિત છે તેના કરતાં મારા વિચારો જુદા છે. એનું મંડાણ મોટા યાંત્રિક ઉદ્યોગોના પાયા પર થાય એમ હું ઇચ્છતો નથી. અમારાં ગામડાંને યંત્રવાદનો ચેપ લાગતો હું અટકાવવા માગું છું. અમેરિકાએ કરેલા શોષણે નથી તો શોષિત દેશોનો નૈતિક દરજ્જો વધાર્યો, નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોષક દેશનો. ઊલટું તેણે તેમની આધ્યાત્મિક પ્રગતિ તરફની કૂચમાં અંતરાય નાંખ્યો છે, અને અમેરિકાની સાચી પરોપકારની ભાવનાને જડ કરી નાંખી છે. અમેરિકામાં જેવો બનાવ બનેલો એવો હિંદુસ્તાનમાં ન બની શકે. હું ટનના ટન ખાંડ અને બીજા ખેતીના પાકના વિનાશની વાત કરું છું. તમે એ ખાંડ અને ઘઉં બીજા દેશોને આપી શક્યા હોત, અથવા તો અમેરિકાનાં જ બેકારોને ખવડાવી શક્યા હોત."

પત્રકારે હસતાં કહ્યું, "પણ તમે અમારાં ડુક્કર તો ન લઈ શક્યા હોત!"

ગાંધીજી: "સાચું. પણ અમારે ત્યાં બધા મારા જેવા વિચારના નથી. પંડિત નેહરુને વિશાળ યાંત્રિક ઉદ્યોગો જોઈએ છે, કેમ કે તે માને છે કે એ ઉદ્યોગો પર જો રાજ્યની માલિકી સ્થાપવામાં આવે તો તે મૂડીવાદનાં અનિષ્ટોથી મુક્ત રહેવા પામે. મારો પોતાનો મત એવો છે કે એ અનિષ્ટો વિશાળ યંત્રોદ્યોગો જોડે સ્વભાવતઃ જડાયેલાં છે, તે રાજ્યની માલિકી હશે તોયે નાબૂદ થઈ શકે એમ નથી."

હરિજનબંધુ, ૫-૧૦-૧૯૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ શક્તિનો એક સદુપયોગ

પ્ર૦— હજારો ગામડાંમાં લોટ દળવાની ઘંટી એન્જિન વડે ચાલે છે. આ એન્જિન નદી, તળાવ કે કૂવા પર ગોઠવીને પાણી ઘણાં ખેતરોને સહેલાઈથી પહોંચાડી શકાય. શું સરકારની વતી આ કામ ન કરાય? એન્જિનના માલિકો આમાં સાથ ન આપે?

જ૦— જો હજારો ગામડામાં લોટ દળવાના સંચાઓ હોય અને તે એન્જિનથી ચાલતા હોય તો એને હું આપણી પામરતાની સીમા ગણું. એટલા સંચા કંઈ હિંદુસ્તાનમાં થતા નથી કે નથી થતાં એન્જિન. મારી તો આશા છે કે આવું અજુગતું કામ ગુજરાતમાં હજારો ગામડાંમાં તો નહિ જ હોય. હિંદુસ્તાનમાં પણ આવાં ગામડાંઓની સંખ્યા હજારો લગી નહિ જતી હોય. પણ જો હોય તો એ ગામડાંના લોકોનું આળસ સૂચવે અને એન્જિન વસાવનારાનો અને ઘંટીસંચો વસાવનારનો અતિલોભ સૂચવે. શું ગરીબ લોકોને આટલે લગી રઝળાવીને કમાણી કરી શકાતી હશે? વળી આવા સંચા વસાવવાથી ચાલતી પથ્થરની ઘંટીઓ નકામી થઈ જાય. ઘંટી બનાવવાનો ઉદ્યોગ કરનારા નકામા થઈ જાય. આમ તો ગ્રામના ઉદ્યોગો હોય એનો નાશ થાય. અને કળાનો લોપ થાય. એકનો લોપ થતાં બીજો ઉપયોગી ઉદ્યમ દાખલ થતો હોય તો કદાચ બહુ કહેવાપણું ન રહે. પણ એવું તો થતું મેં જોયું નથી. અને પથ્થરની ઘંટીનું સવારના પહોરમાં દળનારના ભજનની સાથે જે મધુરું સંગીત થતું હોય એ પણ જાય.

પણ મારે જે કહેવાનું છે તે હવે આવે છે. આ એન્જિનનો અત્યારે મારી દૃષ્ટિએ દુરુપયોગ થાય છે. આ આપત્તિકાળમાં એ જ એન્જિનોનો ઉપયોગ નદી, કૂવા કે તળાવમાંથી પાણી ખેંચવામાં પણ કરવામાં આવે અને ખેતરોને પાણી પહોંચાડી ખોરાકનું વાવેતર કરવામાં આવે તો કેટલું સારું! તો તો દુરુપયોગ સહન કરી શકાય. લખનારે સરકારની મદદનો ઉલ્લેખ કર્યો છે. પણ એમાં સરકારની મદદની જરૂર હોય ખરી? આપત્તિકાળે માલિકો પોતાના એન્જિનનો આવો પરોપકારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ ન કરે? કે આપણી અપંગ સ્થિતિ એવી થઈ ગઈ છે કે સરકાર આપણને ફરજ ન પાડે એવી એક પણ લોકોપયોગી વસ્તુ સ્વેચ્છાએ કરવાને આપણે તૈયાર જ ન રહીએ?

હરિજનબંધુ, ૧૦-૩-૧૯૪૬

૨૮

વૈજ્ઞાનિક માનસ અને ખાદીકામ

વૈજ્ઞાનિક માનસ ધરાવનાર ખાદી કાર્યકર્તા એટલેથી અટકશે નહીં. તે પોતાની જાતને પૂછશે, 'રેંટિયો જ કેમ, કાંતવાની મિલ કેમ નહીં?' જવાબ એ હશે કે પ્રત્યેક જણ પાસે પોતાની માલકીની મિલ નહીં હોઈ શકે. લોકો, જો પોતાનાં વસ્ત્રો માટે મિલો પર આધાર રાખે તો જેમના હાથમાં એ મિલોનો કાબૂ હશે તેમના કાબૂમાં એ લોકો પણ આવશે અને વ્યક્તિની સ્વતંત્રતા નાબૂદ થશે. લંડન અને ન્યૂયોર્કના વીજળીના તારો તથા પાણીના નળો કાપી નાખીને આજે કોઈ પણ માણસ આખા લંડન અને ન્યૂયોર્કને ૨૪ કલાકની અંદર વશ કરી શકે. સમાજ જીવન માટે વ્યક્તિની સ્વતંત્રતા અને પરસ્પરાવલંબન એ બંને વસ્તુ મહત્ત્વની છે. એક માત્ર રૉબિન્સન ક્રૂઝો જ પોતાની બધી જરૂરિયાતો પોતે જ એકલે હાથે પૂરી પાડી શકે. પોતાની મહત્ત્વની જરૂરિયાતો પૂરી પાડવા માટે શક્ય હોય એટલું બધું કરી છૂટ્યા પછી જ માણસ તેની બાકીની જરૂરિયાતો માટે પોતાના પાડોશીઓનો સહકાર શોધશે. એ સાચો સહકાર હશે. આમ રેંટિયાનો શાસ્ત્રીય અભ્યાસ સમાજશાસ્ત્રમાં પ્રવેશ કરાવશે. એની સાથે સંકળાયેલાં બધાં શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ આપણે ન કરીએ તો રેંટિયો હિંદની મુક્તિ હાંસલ કરવા માટેનું આપણું સબળ હથિયાર નહીં બને. એમ કરીશું તો હિંદને તે મુક્ત કરશે એટલું જ નહીં પણ સારી દુનિયાનો માર્ગદર્શક બનશે.

હરિજનબંધુ, ૩૧-૩-૧૯૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

માનવી સંસ્કૃતિની આગે કૂચ

પ્ર૦ — ૧૪–૪–'૪૬ના 'હરિજન'ના અંકમાં એવી દલીલ કરવામાં આવી છે કે, બળદ એ સજીવ યંત્ર છે અને એવાં નિર્દોષ પ્રાણીઓ સાથેનો સંબંધ માનવસંસ્કૃતિની પ્રગતિમાં મોટો ભાગ ભજવે છે. તેમ છતાં આ પ્રાણીઓને ખસ્સી કરી નિરુપદ્રવી બનાવવામાં આવે છે. માનવી પ્રગતિની આ રીત સાચી છે? આપણને ગાય જોઈતી હોય તો સાંઢ પણ રાખવા પડે. પણ બળદ તો માણસના સ્વાર્થ અને ક્રૂરતામાંથી પેદા થયેલો છે. મનુષ્ય વિચારશીલ છે, પણ મનુષ્યેતર પ્રાણી તેવાં ન હોવાથી તેમનામાં કુદરતી રીતે જ વંશવૃદ્ધિની કામવૃત્તિ પ્રબળ હોય છે. તેથી મહાદેવના વાહન ઋષભને ભારવાહી બનાવવો એ તેને દુઃખ આપનારું ન ગણાય?

ઉ૦ — પ્રશ્નકારની દલીલ સયુક્તિક લાગે છે. પણ આમ યુક્તિવાદ કરીએ તો ગાયને પણ પાળી ન શકાય. કેમ કે સાંઢને ખસ્સી કરવા કરતાં ગાયને પાળવામાં વધારે ક્રૂરતા રહેલી છે. ફેર ફક્ત પ્રમાણનો છે. જેમ જેમ માનવસંસ્કૃતિની પ્રગતિ થશે તેમ તેમ મનુષ્ય પશુ પર વધારે સત્તા જમાવશે. માત્ર પશુઓને વાપરવાની રીતમાં દયાભાવ વધતો જશે.

ભૂતદયાવાળાઓના ત્રણ પંથ છે. એક પંથ પશુ-શક્તિને બદલે બીજી કોઈ શક્તિ ઉપયોગમાં લેવાના મતનો છે. બીજો માને છે કે પશુને મનુષ્યની જેમ રાખવાં જોઈએ અને સ્નેહભાવથી તેમની પાસે જેટલું કામ લેવું ઘટે તેટલું જ લેવું જોઈએ. ત્રીજો મત એવો છે કે માણસના સ્વાર્થ સારુ પશુઓનો ઉપયોગ કરવો, એ બરાબર નથી. તેમ કરવા કરતાં તેણે પોતાની, અને બીજા માણસોની શક્તિનો સમજણપૂર્વક અને રાજીખુશીથી તેઓ જેટલો ઉપયોગ કરવા દે તેટલો કરવો. હું ત્રીજા પક્ષના મતનો છું. મોટા પ્રમાણમાં ફળની ખેતી તેમ જ અનાજનું વાવેતર પણ માણસની મજૂરીથી કરી શકાય તેમ છે. જો કે એ મજૂરી લેવામાં માણસાઈ અને વિવેક હોવાં જોઈએ. દક્ષિણ આફ્રિકાની સવિનય કાયદાભંગની લડતમાં જ્યારે અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટ્રાન્સવાલમાં કેદી હતા ત્યારે પથ્થરની જમીન ખોદીને ત્યાં સુંદર બગીચો બનાવ્યો હતો. ખેડવાથી ત્યાં કંઈ વળત નહીં. કોદાળીને પ્રતાપે જ એ થઈ શક્યું.

પહેલો મત મનુષ્યજાતિને સારુ નકામો ને અંતે હાનિકારક માનું છું. બીજા અને ત્રીજાનો સારો મેળ સાધવો એ જ આદર્શ વસ્તુ ગણું છું. ખસ્સી કરવાની પદ્ધતિને ટાળી શકાય એમ હું માનતો નથી. માત્ર દિવસે દિવસે તેને વધારે દયામય બનાવી શકાય.

હરિજનબંધુ, ૫-૫-૧૯૪૬

૩૦

દુકાળો અને રેલવે

પેલા ભાઈ વચ્ચે બોલી ઊઠ્યા, "જો બ્રિટિશ લોકો અહીં ન હોત તો હિંદ આ માટે વધારે સુસજ્જ હોત ખરું?"

ગાંધીજીએ કહ્યું, "જરૂર! એમ હોત તો અહીં રેલવેઓ ન હોત. . . ."

મુલાકાતે આવનાર મિત્રને વળી બીજો ધક્કો લાગ્યો. પશ્ચિમના બીજા લોકોની પેઠે દેખીતી રીતે જ એ મિત્ર પણ રેલવેને દુકાળને પહોંચી વળવા માટેની બ્રિટિશ અમલની સર્વોત્તમ સિદ્ધિ તરીકે લેખતા હતા. પણ હિંદમાં વારંવાર પડતા દુકાળોનું મુખ્ય કારણ રેલવે છે, એવું મિ. રેમ્સે મૅકડોનાલ્ડની પેઠે માનનાર ગાંધીજીએ કહ્યું, "હિંદમાં રેલવે વગેરે ન હોત, તો મધ્ય યુગના સમયમાં ઇંગ્લંડ અને યુરોપની પેઠે અમે સ્વાભાવિક જીવન ગાળતા હોત. એ સમયે ઇંગ્લંડ તથા યુરોપના જમીનદારો પોતપોતાના કિલ્લાઓમાં જરૂરી અનાજ તથા પાણીનો સંઘરો રાખતા. અમારે ત્યાં પણ રેલવે આવી તે પહેલાં દરેક ગામમાં અનાજનો કોઠાર રહેતો. એ રીતે અમે વધારે સુસજ્જ હતા. આ ઉપરાંત, પાક નિષ્ફળ નીવડે તે વખતે આશરો લેવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી પાસે અમારા ગૃહઉદ્યોગો હતા. આજે રેલવેએ ગામડાંઓનો અનાજનો જથ્થો ખુટાડી દીધો છે, અને તેના ગૃહઉદ્યોગોનું નિકંદન કાઢ્યું છે. ખેડૂતને પોતાની નીપજના બદલામાં જે કંઈ રોકડ નાણું મળે છે, તે ખોબામાંથી પાણી ગળી જાય તેમ તેના હાથમાંથી સરકી જાય છે. એનું કારણ એ છે કે, મહેસૂલના ઉઘરાતદારે અને દેશમાં આવેલા પરદેશી માલે તેની અર્થવ્યવસ્થા પર આક્રમણ કર્યું છે. પરદેશી માલ વિના ચાલે જ નહીં, એવી આજે તેની દશા થઈ ગઈ છે. અંગ્રેજોએ તેને કહ્યું કે, 'ભલા, ધાન્યનો સંઘરો ન કર, રૂપાનો ને ચાંદીનો સંઘરો ન કર.' અનાજની અછતના સમયને પહોંચી વળવાને માટે કશી જ જોગવાઈ નથી. રેલવેઓ ઇંદ્રજાળ બની ગઈ છે અને માલની સસ્તી હેરફેર ફાંસા સમાન બની ગઈ છે. પહેલાંના વખતમાં રાજાઓ જુલમ કરતા એ ખરું, પણ તેની અસર બહુ લાંબે પહોંચી શકતી નહીં. બળવો, હિજરત ઇત્યાદિ દાદ મેળવવા માટેનાં સાધનો તે વખતે પ્રજા પાસે હતાં. તે વખતે તેઓ નિઃશસ્ત્ર કે નિર્વીર્ય નહોતા. વિષમતાઓ હળવી હતી. આજે તો વિષમતાઓ એટલી ભારે છે કે, મૂઠીભર બ્રિટિશ સૈનિકો લાખો લોકો પર ત્રાસ વર્તાવી શકે. બ્રિટિશ રાજ્યે અમારે માટે જે કર્યું છે તે એ છે. એ પૌરુષને હણનારું છે. અંગ્રેજોએ આ સમજવું જોઈએ અને સારી રીતે અમને છોડી જવું જોઈએ.

હરિજનબંધુ, ૨૬-૫-૧૯૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

ખાદી વિ૦ મિલો

ખાદી, દારૂબંધી અને અસ્પૃશ્યતાનિવારણ કેટલાંયે વર્ષોથી કૉંગ્રેસના કાર્યક્રમમાં મુખ્ય અંગ બન્યાં છે. તે બધાંનો અમલ કરવાને ખાસ હોશિયારીની નહીં પણ શ્રદ્ધા ને દૃઢ સંકલ્પની અને તદ્દન શુદ્ધ આશયોવાળાં સાફ દિલની જરૂર છે. પોતાની સાંજની પ્રાર્થના પછીના એક પ્રવચનમાં ગાંધીજીએ એકઠા થયેલા લોકોને ભારે સંતોષપૂર્વક સમાચાર આપ્યા કે, મદ્રાસ ઇલાકાના વડા પ્રધાન શ્રી. ટી. પ્રકાશમ અને તેમની સરકારે મદ્રાસ ઇલાકામાં મહાસભાના કાર્યક્રમનાં આ ત્રણ અંગોને લગતી મોટી યોજનાઓ પાર પાડવાનું માથે લીધું છે. ગાંધીજીએ જણાવ્યું કે, ખાદીને અંગેની યોજનાને છેવટની મંજૂરી આપતાં પહેલાં મેં તેમની પાસેથી ખાતરી માગી લીધી છે કે, મદ્રાસ ઇલાકામાં હવે નવી વધારે મિલો કાઢવામાં નહીં આવે. એમ લાગે છે કે, ઉપર વડી રાષ્ટ્રીય સરકારની સ્થાપના થઈ તે પહેલાંની વાઇસરૉયની જૂની કારોબારીએ જુદા જુદા પ્રાંતોને જુદી જુદી સંખ્યામાં મિલ-ત્રાકોની વહેંચણી કરી આપી હતી. દરેક પ્રાંતને જણાવવામાં આવ્યું હતું કે, જો પ્રાંત પોતાને ફાળે આવતી ત્રાકોનો ઉપયોગ નહીં કરી શકે, તો તેને માટે માગણી કરનારા બીજા પ્રાંતને તેટલો ભાગ આપી દેવામાં આવશે. હકીકતમાં કારોબારીની આ જાહેરાત થઈ, તે પછી ત્રાકો મેળવવાના પરવાના હાથ કરવાને પ્રાંતોએ પડાપડી કરી મૂકી હતી. પણ મેં કૉંગ્રેસ સરકારોને ચેતવણી આપી હતી કે, જોજો, તમારા પ્રાંતોમાં ખાદીની યોજનાઓ કરવાની સાથે સાથે તમે નવી નવી કાપડની મિલો કાઢવામાં પડી જશો, તો તમારી યોજનાઓ પોલી ને સાવ ઢાગા જેવી બની રહેશે. નવી કાપડ-સૂતરની મિલો કાઢવામાં તમે કરોડો રૂપિયા રોકશો, તો તે મિલો તમારી પાસે પોતાને ચાલતી રાખવાને પહેલો હક કરતી આવશે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજા તમારી ખાદીની યોજનાઓ સાચા દિલની છે, એમ માનવાને તૈયાર નહીં થાય.

કૉંગ્રેસના આગેવાનોએ પોતે આપેલાં વચનો પાળવાં જોઈએ અને દિલમાં ચોરી ન રાખવી જોઈએ. તેમનાં દિલ ચોખ્ખાં હોય. કરોડો રૂપિયા એકઠા કરવાની લાલચમાં તે લોકો ન ફસાય. જરૂર પડે તો પોતાના સિદ્ધાંતોનો અમલ કરવાને ખાતર હસતે મોઢે ફાંસીએ ચઢવાને તેમણે તૈયાર રહેવું જોઈશે. છેલ્લા યુદ્ધ પહેલાં પણ જ્યાં ને ત્યાં નવી કાપડસૂતરની મિલો કાઢવામાં આવી હતી. પ્રાંતોને હજી બીજી નવી કાઢવાનું કહેવામાં આવે છે. એ મિલો માટેના સંચા સારી પેઠે મોંઘા હશે. પણ પાછળથી જે નફો મેળવવાની આશા રહે છે, તે આવા જંગી ખરચો કરવાને તમને લલચાવશે. મિલો હિન્દુસ્તાનનાં ગામડાંની વસ્તી માટે ઝેર જેવી ઘાતક નીવડશે. તેટલા ખાતર એ ઝેરથી સરકારોએ દૂર રહેવું. તો પછી હું એક મિલમાલિક શેઠનો મહેમાન થઈને કેવી રીતે રહું છું, એવી તમને લોકોને શંકા થશે. આના ખુલાસામાં હું જણાવું કે, મારા આવા અભિપ્રાયો હોવા છતાં, એ લોકોએ મને પોતાના કુટુંબમાં સંઘર્યો છે અને પોતાની સાથે મતભેદ રાખનારા લોકો તરફ પ્રેમભરી સહિષ્ણુતા રાખવાનો અહિંસાને વરેલા સેવકનો ધર્મ છે. શ્રી. પ્રકાશમે મને વચન આપ્યું છે કે, મદ્રાસને માટે નવી મિલો કાઢવાની લાલચમાં પોતે નહીં ફસાય, અને ખાદીની ભાવના લોકોમાં જોરાવર થશે એટલે ચાલુ મિલોને પણ નાબૂદ કરવાની તેમને આશા છે.

હરિજનબંધુ, ૬-૧૦-૧૯૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

અપ્રમાણિત ખાદી અને મિલકાપડ

સભામાં બેઠેલા બીજા એક સભ્યે ગાંધીજીને સવાલ પૂછ્યો કે, " તમે અમને હરેક બાબતમાં અણિશુદ્ધ અને સીધા રહેવાનું શીખવ્યું. પણ ખાદી પહેરવાને અંગેની બધી શરત પૂરી કર્યા વિના અપ્રમાણિત ખાદી પહેરવી અને પૂરા ખાદીધારીમાં ખપવું એ અપ્રામાણિકપણું ન કહેવાય ? તેને બદલે પ્રામાણિકપણે મિલનું કાપડ પહેરવું શું ખોટું ?"

ગાંધીજીએ આ સવાલના જવાબમાં જણાવ્યું કે અપ્રમાણિત ખાદીને હું અનુમોદન આપતો નથી; પણ મારો અભિપ્રાય એવો છે કે, ખાદીકાપડ જ્યાં સુધી અસલ એટલે કે હાથના કાંતેલા સૂતરનું હાથનું વણેલું હોય, ત્યાં સુધી મિલના કાપડની સરખામણીમાં ચડિયાતું જ ગણાય. બધી અપ્રમાણિત ખાદી કંઈ અપ્રામાણિક નથી હોતી. દાખલો લો. જે લોકો પોતાના અંગત અથવા કુટુંબના વપરાશને માટે જાતે કાંતીને સૂતર વણાવી ખાદી તૈયાર કરાવે છે, તે લોકો પણ પ્રમાણિત ખાદી નથી પહેરતા. છતાં આ જાતની ખાદી તો ખાદી તરીકે સૌથી શ્રેષ્ઠ ગણાય. પ્રમાણિત ખાદીને અંગે એવી બાંયધરી આપવામાં આવે છે કે, કાંતનારાંને અમુક મુકરર ધોરણની મજૂરી આપવી. એવા જ બીજા ચરખા સંઘના સિદ્ધાન્તોનું પ્રમાણિત ખાદીની પેદાશમાં પાલન થયેલું છે. ચરખા સંઘે મુકરર કરેલા કાંતણની મજૂરીના ધોરણ મુજબ જ્યારે કાંતનારાંઓને મજૂરી ચૂકવાતી નહોતી, ત્યારેયે ખાદી મિલ-કાપડના કરતાં ચડિયાતી હતી, અને વધારે પસંદ કરવા જેવી હતી. મિલોના મજૂરોને અપાતા ચડિયાતા દર ખરી રીતે વધારે નથી, દેખાવમાં જ વધારે હોય છે. આજે ખાદીના પ્રમાણમાં મિલમાં બનેલું કાપડ અઢી ગણું સસ્તું પડે છે. જાણકાર નિષ્ણાતોએ મને કહ્યું છે કે, અનેક રીતે મિલના ધંધાને આજે મળતા ખાસ અધિકારો ને છૂટછાટ ન મળતાં હોય, તો મિલકાપડ કદી ખાદી કરતાં સોંઘું ન વેચી શકાય. દાખલા તરીકે, કાચો માલ અને ઢગલાબંધ તૈયાર થયેલા માલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઠેકાણેથી બીજે ઠેકાણે હેરફેર કરવાને અંગે મિલોને ખાસ સસ્તા દરની સગવડ આપવામાં આવે છે. વળી, લાંબા રેસાવાળો કપાસ ઉગાડવાને અથવા સંચાઓ ચલાવવાની કેળવણી આપવાની સંસ્થાઓ શરૂ કરવાને તેમ જ ધંધાને લગતી નવી નવી શોધખોળ કરવાને માટે આજ સુધીમાં અઢળક પૈસો ખરચાયો છે. પણ હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંમાંથી એકેયને ખાતર કંઈ કેય કરવાની કોઈને પડી નહોતી. એટલે આમ જુઓ, તો મિલોને એક અથવા બીજી રીતે સરકારી નાણાંની મદદ મળે છે. "આ બધું બંધ કરો ને પછી જુઓ કે, ખાદીના કરતાં મિલનું કાપડ સસ્તું પેદા થાય છે?"

હરિજનબંધુ, ૨૦-૧૦-૧૯૪૬

૩૩

રેંટિયો અને અણુબૉમ્બ

શ્રી. એન્ડ્ર્યુ ફ્રીમૅન 'ન્યૂયૉર્ક પોસ્ટ' નામના અમેરિકાના છાપાના ખબરપત્રી છે. કનુ ગાંધીના રેંટિયા વર્ગમાં કાંતણ શીખવાને જોડાયેલા. પંડિત નેહરુ વાયવ્ય સરહદ પ્રાંતની મુલાકાતે ગયા, ત્યારે પોતાના છાપાને એ સફરનો હેવાલ મોકલવાને ખાતર તે પંડિતજી સાથે ભેળાયા હતા. ત્યાંથી પાછા આવીને તરત તેમણે ગાંધીજી સાથેની એક મુલાકાતમાં રેંટિયાના અને કાંતણના વિષયની ચર્ચા આગળ ચલાવી. ગાંધીજી સાથે ચર્ચા કરવાને તે એમ માનીને જ આવ્યા હતા કે, સંસ્કૃતિની દૃષ્ટિથી તેમ જ બીમારીના ઇલાજની દૃષ્ટિથી રેંટિયાની વિશેષ કિંમત છે, અને તેમાંયે ખાસ કરીને પશ્ચિમને આજે જે બેચેની અને બીમારી વળગી છે અને જે બીમારી વધતી વધતી અણુબૉમ્બ સુધી પહોંચી છે, તેનો ઇલાજ આ રેંટિયો છે.

"અમેરિકાની પ્રજાને માટે રેંટિયાનો કોઈ સંદેશો છે ખરો? અણુબૉમ્બની સામે તેના ઇલાજરૂપે રેંટિયાનું હથિયાર ચાલે ખરું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ આ સવાલના જવાબમાં કહ્યું કે, "એકલા અમેરિકાને માટે નહિ, બલકે આખી દુનિયાને માટે રેંટિયાનો સંદેશો છે. પણ જ્યાં લગી હિન્દુસ્તાન પોતે રેંટિયાને પૂરેપૂરો અપનાવે નહિ, અને તેમ કરી દુનિયાની આગળ પ્રત્યક્ષ અમલી દાખલો રજૂ કરે નહિ, ત્યાં લગી એ કેમ બને? આજે હિંદુસ્તાને રેંટિયાને પૂરેપૂરો પોતાનો કર્યો છે, એમ ન કહેવાય. એમાં ખામી રેંટિયાની નથી. મને રજભાર શંકા નથી કે, હિંદુસ્તાનનો, બલકે આખી દુનિયાનો ઉદ્ધાર અને તેની સલામતી રેંટિયામાં રહેલી છે. હિન્દુસ્તાન યંત્રનું ગુલામ બન્યું તો પછી દુનિયાને માટે બચવાનો આરો નથી, એક ઈશ્વર જ તેને બચાવી શકશે."

પોતાના મુદ્દાનું આગળ વિવેચન કરતાં ગાંધીજીએ કહ્યું કે, "હિન્દુસ્તાનનું મિશન એથીયે ઉમદા છે. તેણે દુનિયામાં ભાઈચારો અને સુલેહ સ્થાપવાનાં છે. ખાલી પરિષદો ભરવાથી દુનિયામાં સુલેહ થોડી જ સ્થપાવાની છે? આપણા સૌની નજર આગળ એક બાજુ સુલેહની પરિષદો ભરાય છે અને બીજી બાજુ સુલેહનો ભંગ થયા કરે છે."

શ્રી. ક્રીમેને પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું કે, "આ સાચે જ કેટલું બધું કરુણ કહેવાય! હિન્દુસ્તાને દુનિયાને રસ્તો બતાવવાનો છે અને ખુદ હિન્દુસ્તાનમાં જ અશાન્તિ છે ને હુલ્લડો ચાલે છે. રેંટિયાને ખરેખર અપનાવી શકે એવો મુલક એક હિન્દુસ્તાન છે. તમને લાગે છે ખરું કે, હિન્દુસ્તાન રેંટિયાનું કામ બરાબર ઉપાડી લેશે?"

ગાંધીજીએ કહ્યું કે, "હિંદ રેંટિયાને અપનાવતું જાય છે; મારે જો કે, કબૂલ કરવું પડે છે કે, એ કામ ધીમું, અતિ ધીમું ચાલે છે. પંડિત નેહરુએ ખાદીને અમારી 'સ્વતંત્રતાનો પોશાક' કહીને ઓળખાવી છે. પણ ખાદીથી જ્યાં સુધી થોડાક ચક્રમ લોકોનું અને ગરીબોનું જ સમાધાન થાય છે, ત્યાં સુધી તે 'સ્વતંત્રતાનો પોશાક' નહિ બની શકે. દુનિયામાં એવી કેટલીયે બાબતો છે, જે માણસથી બનતી નથી. પણ ઈશ્વર તો બધું કરવાને સમર્થ છે. ઈશ્વર નામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાતી કોઈ જીવન્ત શક્તિની હયાતી નહિ હોય, તો રેંટિયાનું અસ્તિત્વ પણ ન હોય."

ગાંધીજીએ ચક્રમ લોકોના સમાધાનની વાત કરી એટલે સહેજ ફિકરમાં પડીને શ્રી. ફ્રીમૅન પૂછવા લાગ્યા, "ખરેખર કાંતનારા લોકોને અહીં ચક્રમ ગણવામાં આવે છે?"

ગાંધીજીએ જવાબ આપ્યો, "ના. પણ અમેરિકાના લોકો શું કહેશે, તે આગળથી કલ્પી લઈને મેં એ વિશેષણ વાપર્યું છે. મારે પોતાને માટે હું એ વિશેષણ મારા બચાવને માટે વાપરું છું. એક મિત્રે તો મને 'વહેવારુ આદર્શવાદી' કહીને ઓળખાવ્યો છે."

શ્રી. ફ્રીમૅને આને અંગે જણાવ્યું કે, "એક બુદ્ધિવાળા માણસ લેખે અને અમેરિકાના વતની તરીકે તો હું એટલું જ કહી શકું કે, ઘણા અમેરિકાવાસીઓ કાંતનારા લોકોને ચક્રમ કહેશે, એ વાત સાચી હોવા છતાં તેમનામાંયે ઘણા ઊંડા ઊતરીને વિચાર કરવા લાગ્યા છે. સદંતર વિનાશમાંથી સંસ્કૃતિને બચાવી લેનારું કંઈક તો શોધવું જ જોઈશે; જીવનને સાદું બનાવવું જ પડશે."

ગાંધીજીએ જવાબમાં કહ્યું, "માણસની માણસાઈ અથવા તેનું વ્યક્તિત્વ બીજી કોઈ રીતે નભી શકે તેમ નથી. 'સૌથી અદના માણસને પણ સૌથી શ્રેષ્ઠના જેવું જ મળી રહેવું જોઈએ,' એ વિધાનમાં સમાયેલા અર્થને હું સંપૂર્ણપણે માનું છું, અને તે મુજબ ચાલું છું. એ અર્થવાળા અંગ્રેજી વચન 'અન્ટુ ધિસ લાસ્ટ' નામથી રસ્કિને એક પુસ્તક લખ્યું છે. તે પુસ્તક વાંચ્યા પછી મારા જીવનમાં એકાએક સંપૂર્ણ પલટો આવ્યો. મેં તેનો 'સર્વોદય' નામથી ગુજરાતી તરજુમો પણ કરી નાખ્યો. દુનિયા આપણી સાથે જેવી રીતે વર્તે એવી આપણે ઇચ્છા રાખીએ, તેવી જ રીતે આપણે જાતે સૌથી નાનામાં નાની વ્યક્તિ, અદનામાં અદના માણસ તરફ વર્તવું જોઈએ. એટલે કે, સૌને જીવનનો વિકાસ કરવાની અને જીવન સાર્થક કરવાની એક સરખી તક મળી રહેવી જોઈએ. તક આપવામાં આવે, તો માણસમાત્ર સરખી રીતે પોતપોતાનો આધ્યાત્મિક વિકાસ સાધવાને સમર્થ થાય. રેંટિયો આ મહાન સત્યનું પ્રતીક છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. ક્રીમૅને ફરીથી પૂછ્યું, "અમેરિકાના લોકો રેંટિયાને એટલે કે હાથે કાંતવાની અને વણવાની અને બને તેટલું પોતાના વપરાશનું કાપડ પોતે જાતે બનાવી લેવાની વાતને ઉપાડી લે, એમ તમે ઇચ્છો છો ?"

"જરૂર ઇચ્છું છું." ગાંધીજીએ તેમને જવાબ આપ્યો. "પણ રેંટિયો અહીં બરાબર પૂરેપૂરો ચાલતો થાય અને સ્થાપિત થાય, તે પહેલાં કોઈ તેને ઉપાડી લેશે કે નહિ, તે હું જાણતો નથી. પણ, હિન્દુસ્તાન પોતાની કાપડની જરૂરિયાત પૂરી કરવાને રેંટિયાને અપનાવી લે, તો મારે દુનિયાને એ બાબત કહેવાપણું ન રહે. દુનિયા હિન્દુસ્તાનનો દાખલો જોઈને આપમેળે જ તેને અપનાવી લેશે. આજે હિન્દુસ્તાન પર પશ્ચિમનાં યંત્રોનો એવો ધસારો થઈ રહ્યો છે કે, હિન્દુસ્તાન તેની સામે સફળપણે ટકી નીકળે, તો લગભગ ચમત્કાર થયેલો ગણાય. મારે કબૂલ કરવું જોઈએ કે, આજે બધું ઊલટું જ થતું હોય એમ લાગે છે. અમારી અંદર અંદરની તકરારો જ જુઓને !"

"પણ તમે આશા તો નથી છોડી દીધીને ?"

"આપણને પોતાને ભાન છે, તેના કરતાંયે જે શકિત આપણી વધારે નજદીક રહી આપણને પ્રેરે છે, તેને વિષે હું શ્રદ્ધા રાખું ને છતાં નિરાશ થાઉં, એમ તો કેમ બને ? પણ હું તમને એક સામો સવાલ પૂછું : અમેરિકાએ પૈસાને પરમેશ્વરને સ્થાને સ્થાપ્યો છે અને તે તેની આટઆટલી પૂજા કરે છે, છતાં પોતાને ત્યાંથી બેકારી, ગરીબી, લાંચરુશવતની બદી અને રાજકારણમાંથી 'ટમ્મૅની હૉલ'*ની રીતરસમોને નાબૂદ કરી શક્યું છે ?"

"તમારા સવાલનો જવાબ તો દેખીતો છે કે, નથી નાબૂદ કરી શક્યું."

એટલે ગાંધીજીએ આગળ ચાલતાં જણાવ્યું કે, "ખુદ ઇંગ્લંડમાંથી પણ આ બધું ક્યાં દૂર થયું છે ? તેને મૂંઝવી રહેલા આ બધી

* 'ટમ્મૅની હૉલ' ન્યૂયૉર્કના એક મકાનનું નામ છે. તેમાં જેને લગભગ ગુંડાગીરી કહી શકાય, તેવી જાતનું રાજકારણ ચલાવનારા લોકોનું ધામ અથવા ઑફિસ હતી અને એક વખત તે લોકોએ આખા ન્યૂયૉર્કના સુધરાઈના અને રાજ્યના તંત્રનો કબજો લીધો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતોને લગતા સવાલોનો હજી તેને મુકાબલો કરવાનો બાકી છે. પશ્ચિમની દુનિયા ખ્રિસ્તી ધર્મ પાળવાનો દાવો કરે છે, છતાં ત્યાં ખ્રિસ્તનો ધર્મ કે ખ્રિસ્ત પોતે ક્યાંય જોવાના જડતા નથી, એ હકીકત પશ્ચિમને વિષે વિચિત્ર છે. બાકી, પશ્ચિમ ખ્રિસ્તનો ધર્મ પાળતું હોય અથવા ખ્રિસ્તને અનુસરતું હોય, તો આવી લડાઈઓ કેવી ? હું ઈશુનો ઉપદેશ એ જ રીતે સમજ્યો છું. અહીં હિન્દુસ્તાનમાં પણ ઘણું અજ્ઞાન અને ઘણા વહેમો છે. છતાં અમારા લોકોમાં ઊંડે ઊંડે ઈશ્વરને વિષે શ્રદ્ધા છે — ધર્મ પર આસ્થાની સ્વાભાવિક વૃત્તિ છે."

*　　　*　　　*

આખી વાતચીતને અંતે પોતાનો નિર્ણય જાહેર કરતાં શ્રી. ક્રીમેને ગાંધીજીને જણાવ્યું કે, " અમેરિકાના લોકોની આગળ રેંટિયો 'વિચારપ્રેરક' યંત્ર છે, એ રીતની રજૂઆત કરવાનો મારો ઇરાદો છે. રેંટિયાવર્ગમાં હું કાંતણ શીખવાને અને કાંતવાને બેસતો હતો, ત્યારે મને એવો અનુભવ થયો છે કે, હું ને મારો રેંટિયો બે એકલા ભેગા હોઈએ છીએ, ત્યારે તે મારા વિચારને ગતિ આપે છે. અમેરિકાના લોકોને રેંટિયા પર કાંતવાનું સૂઝી જાય, તો તે લોકો કંઈક વિચાર કરતા થશે, કેમ કે, બીજી રીતે તેમને પોતાનું મગજ ચલાવવાની ફુરસદ જ રહેતી નથી ! પછી રેંટિયો કદાચ તેમને અણુબૉમ્બની વાત પણ ભૂલવી દેશે."

હરિજનબંધુ, ૧૭-૧૧-૧૯૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાંત્રિક સાધનો

('ગાંધીવિચારદોહન' માંથી)

૧. ભારતીય અર્થશાસ્ત્રની દૃષ્ટિએ યાંત્રિક સાધનો અને તેમાં કરવાના સુધારાઓના બે વિભાગ પાડી શકાય: (૧) જે યંત્રો કે તેના સુધારા શ્રમ કરનાર માણસના કે પશુના સ્નાયુને કાંઈક ઓછો શ્રમ પડે અને તેમનો થોડોક સમય બચાવે એ દૃષ્ટિને પ્રધાન રાખીને યોજાયા હોય તે; જેમ કે, ગરેડી, ઘંટી, રેંટિયો, સાઇકલ, સીવવાનો સંચો, ફટકા સાળ, ગાડી વગેરે; તથા તેમાં ઘર્ષણાદિકના દોષો ઓછા કરવા માટે થતા સુધારા; જેવા કે, છરાવીંટીવાળી (ball-bearing) ધરીઓ, પાકા રસ્તા, રેલના પાટા વગેરે; અને (૨) જે યંત્રો શ્રમ કરનાર મનુષ્ય કે પશુની અવેજી લેવા માટે એટલે કે પશુની સંખ્યા ઘટાડવા માટે, અથવા મજૂરનાં બુદ્ધિચાતુરી કે શરીર બળનો ઉપયોગ કરવાને બદલે તેનો કેવળ જીવતા યંત્ર તરીકે ઉપયોગ કરવાને માટે યોજાયાં હોય તે જેમ કે, આટો દળવાની મિલ, ડાંગર ખાંડવાનાં, તેલ પીલવાનાં, સાકર બનાવવાનાં કારખાનાં, સૂતર તથા કાપડની મિલ; મોટર, આગગાડી ઇત્યાદિ માલનાં વાહનો, ટ્રૅક્ટર, વરાળ કે વીજળીથી ચાલતા પાણીના પંપ, સૂક્ષ્મ શ્રમવિભાગને પરિણામે થયેલાં યંત્રો વગેરે.

૨. પહેલા પ્રકારનાં યાંત્રિક સાધનો અને તેમાં થતા સુધારા સામાન્યપણે ઇષ્ટ છે. એને લીધે પણ મજૂર કે પશુની સંખ્યા ઘટે એવું બને, પણ તે ઓછામાં ઓછું હશે.

૩. બીજા પ્રકારનાં યાંત્રિક સાધનો તથા સુધારાનો ઉપયોગ કરવામાં વિવેક અને કાળજી રાખવાં જોઈએ. એટલે કે એવાં સાધનો અને સુધારાનો કોણે કેટલે અંશે ઉપયોગ કરવો તે પર, જેમ શસ્ત્રો, દારૂગોળા વગેરે બનાવવા તથા વાપરવા પર હોય છે તેમ, પ્રજાકીય સરકારનો અંકુશ હોવો જોઈએ.

૪. બીજા પ્રકારનાં યંત્રોનો વપરાશ કેવી પરિસ્થિતિમાં દોષરૂપ ન લેખાય તેનાં કેટલાંક ઉદાહરણો નીચે આપ્યાં છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(क) જ્યાં કામ ઘણું અને કરનારા થોડા હોય, અને વધારે કરનારા મેળવી કે લાવી શકાય એમ ન હોય — જેમ કે, આગબોટ ઉપર;

(ख) જ્યાં આકસ્મિક અડચણને લીધે અથવા બીજાં કારણસર કામનો પ્રકાર જ એવો હોય કે તે ઝપાટાબંધ ઉકેલવાની જરૂર હોય અને યાંત્રિક સાધનોને બદલે વધારે માણસો ભેગા કરવાથી અવ્યવસ્થા, ઢીલ અને જોખમો વધવાનો સંભવ હોય; જેમ કે, આગ હોલવવા, દુકાળ કે એવા કુદરતી કોપમાંથી લોકોને બચાવવા અથવા અનાજ વગેરેની મદદ મોકલવા;

(ग) જે યંત્રો અને તેના સુધારા સહયોગી ધંધો આપી શકે એવાં હોય, અથવા સહયોગી ધંધાને વધારે સારી સ્થિતિમાં મૂકનારાં હોય, છતાં એનું સહયોગીપણું નાશ કરનારાં ન હોય; જેમ કે વધારે કામ આપનારો રેંટિયો, દોરી વણવાનું ચક્ર ઇત્યાદિ;

(घ) પહેલા પ્રકારનાં યંત્રો બનાવવાનાં યંત્રો, ઓજારો વગેરે બનાવવા, અને તેમાં ખાસ કરીને, જ્યાં એક જ માપ અને પદ્ધતિનાં યંત્રો કે ભાગો બનાવવાનું મહત્ત્વ હોય ત્યાં;

(च) જ્યાં અત્યંત ચોક્કસ કામ આપે એવાં નાજુક સાધનોની જરૂર હોય ત્યાં; જેમ કે, ઘડિયાળ, ટાઇપરાઇટર, પ્રયોગશાળાનાં સાધનો વગેરેની બનાવટમાં;

(छ) જે ઉદ્યોગોમાં ક્યારેય પ્રજાનો મોટો ભાગ રોકાઈ શકે એમ ન હોય, પણ જેનો ખપ સાર્વજનિક હોય એવા પદાર્થોની બનાવટમાં; જેમ કે, નળના પાઇપ, ચકલીઓ, કાચનાં ઘરગતુ વાસણો, વગેરે;

(ज) ખાનગી સાહસથી નહિ, પણ રાજ્ય તરફથી અથવા તેના અંકુશ નીચે ચલાવવાના ઉદ્યોગોમાં — જેમ કે, આગગાડી, આગબોટ, મહત્ત્વની ખાણો, ઘાસલેટના કૂવા વગેરેમાં.

૫. જેટલે અંશે બીજા પ્રકારનાં યાંત્રિક સાધનોવાળા ઉદ્યોગ આવશ્યક મનાયા હોય, તેટલે અંશે તેને લગતાં કારખાનાં પણ આવશ્યક ગણાય; જેમ કે, લોખંડ, ઓજારો, સાંચાકામ, કાચ, વીજળી વગેરેનાં, તથા તેને લગતાં સાધનો બનાવવાનાં કારખાનાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યંત્રવાદને પરિણામે

(લે૦ શ્રી ચન્દ્રશંકર શુક્લ)

૧

પશ્ચિમના દેશોમાં જીવનવહેવારમાં વીજળી-વરાળનાં યંત્રોનો ઉપયોગ દાખલ કરવામાં અમેરિકાનો નંબર સહેજે પહેલો આવે એમ છે. ઔદ્યોગિક ઉત્પાદનમાં યંત્રોનો વાપર દાખલ કરવાની હરીફાઈમાં તો દરેક મોટો દેશ ઊતરેલો છે, ને તેમાં અમેરિકા સૌથી આગળ છે જ, પણ અમેરિકામાં તો ખેતીમાં પણ યંત્રોનો ઉપયોગ ઘણા મોટા પ્રમાણમાં થાય છે ને દહાડે દહાડે વધતો જાય છે. એ દેશમાં વિશાળ સપાટ મેદાનો છે, એ વસ્તુ એને આ બાબતમાં જૂની દુનિયા કરતાં ઘણી વધારે અનુકૂળતા આપે છે. કોલ નામના અંગ્રેજ અર્થશાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો "યાંત્રિક ટ્રૅક્ટર, પાક લણીને બાંધનારું યંત્ર, અને આધુનિક મોટા પાયાની ખેતીનાં બીજાં વરાળ કે વીજળીથી ચાલતાં યંત્રો એ અમેરિકાનાં મોટાં મેદાનોમાં ખેતી કરનાર ખેડૂતનાં વિશિષ્ટ ઓજારો થઈ પડયાં છે, અને ગયા સૈકામાં ઉદ્યોગમાં જે ક્રાંતિ થઈ છે તેની સરખામણીમાં ખેતીમાં થયેલી ક્રાંતિ રતીપૂર ઊતરે એમ નથી." અમેરિકામાં તેમ જ પશ્ચિમના બીજા દેશોમાં, ઉદ્યોગમાં તેમ જ ખેતીમાં, વિશાળ યંત્રો વડે મોટા પ્રમાણમાં માલ પેદા કરવાની શક્તિ એટલી બધી વધી ગયેલી છે કે, "જો આપણે કેવળ જરૂરી યંત્ર-સામગ્રીનો જ વિચાર કરીએ, તો આપણા જમાનાના જગતની પાસે એટલી બધી વીજળી-શક્તિ, એટલાં યંત્રો અને એટલી કુશળતાના ભંડાર ભરેલા છે કે જગતની આખી વસ્તીને વિષે ભલે એકાએક ન બની શકે, પણ યુરોપ અને ઉત્તર અમેરિકાની પ્રજાઓને તો પૂરતો અને વિવિધ આહાર, પૂરતાં વસ્ત્ર, ને સુધરેલી હાજતોને સંતોષે એવાં ઘર આપી શકાય, અને એ બધાની સાથે સાથે પુસ્તકો, સંગીત ને સૃષ્ટિસૌંદર્ય માટેની તેમનાં મનની ભૂખ પણ તૃપ્ત કરી શકાય. યંત્રોએ ગરીબાઈને ગઈગુજરી વસ્તુ બનાવી દીધી છે." (બ્રેલ્સફર્ડ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આશાઓ વાસ્તવિકપણે પૂરી પડે છે ખરી? ખરી વસ્તુસ્થિતિ શી છે? દારિદ્રનું ભૂત હજુ વિકરાળ રૂપ ધારણ કરીને જગતમાં વિચરે છે, અને જગતમાં અનાજની ને બીજા ઉદ્યોગોએ પેદા કરેલી ચીજોની છોળ ઊડી રહેલી છે છતાં કરોડો માણસો નિર્ધનતા ભોગવતાં, અન્નવસ્ત્રને માટે વલખાં મારતાં તરફડે છે, એ વિષમતાની પરિસ્થિતિ જગતની સામે આવીને ઊભેલી છે. "રાષ્ટ્રીય આવકનો ઘટાડો, ઉત્પાદનનાં યંત્રોના ને તેની આખી રચનાના વેગનો ઘટાડો, આંતરરાષ્ટ્રીય વેપારની મંદી, અને મોટા જનસમુદાયોની બેકારીમાં રહેલાં દુર્વ્યય અને દુઃખ — એ ભીષણ વસ્તુસ્થિતિ છે; અને એ જોઈને પશ્ચિમના ઊંડા વિચાર કરનારા માણસોએ એટલે સુધી કહ્યું છે કે, "સંસ્કૃતિની આના કરતાં મોટી હાર આપણે ગયા મહાયુદ્ધમાં પણ ખાધી નથી." એક બાજુ કરોડો માણસોને અન્નવસ્ત્રના વાખા છે, ને બીજી બાજુ યંત્રો બેકાર પડ્યાં છે અને ઘઉં ને કપાસના ગંજાવર પાકોનો નાશ કરવામાં આવે છે. બ્રેલ્સફર્ડ નામના અંગ્રેજ લેખકે લખ્યું છે: "બ્રાઝીલની સરકાર દર મોસમે કૉફીના કરોડો થેલા આટલાંટિક મહાસાગરમાં પધરાવી દે છે.* એ સચવાયા હોત તો એમાંથી પાર વિનાના મજૂર કારીગરોને નાસ્તો મળત. ગયે શિયાળે અડધો દિવસ મેં કૅલીફોર્નિયા (અમેરિકા)માં મુસાફરી કરી હતી. જ્યાં નજર નાંખો ત્યાં સફરજનની વાડીઓ ફેલાયેલી હતી. એમાં

* લીઓ હુબરમૅન નામના એક અંગ્રેજ લેખકે આ વિષે 'ન્યૂયૉર્ક ટાઈમ્સ' દૈનિકના તા. ૩-૭-'૩૬ ના અંકમાં આવેલી એક કંડિકા ઉતારી છે:

"રીઓ ડી જાનીરો (બ્રાઝીલ), જુલાઈ ૨—૧૯૩૬-૩૭ની સાલમાં ૨ કરોડ ૨૦ લાખ ગૂણ કૉફી પાકશે, અને ૪૦ થી ૫૦ લાખ ગૂણ પાછલી સાલની પડેલી છે, એવી અટકળ કરીને સરકારી કૉફી ખાતાએ ઠરાવ્યું છે કે એમાંથી ૩૦ ટકા જેટલી કૉફીનો નાશ કરવો. જે કૉફીનો નાશ કરવામાં આવે તેને પેટે તે ઉત્પાદકોને પાંચ મીલરી (૧ મીલરી=૩ાા શિલિંગ) વળતર તરીકે આપે છે."

આમ ઉત્પાદન જાણીબૂજીને ને યોજનાપૂર્વક ઘટાડવાના અનેક દાખલા ટાંકી શકાય એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ત્રીજી કે ચોથી હરોળમાં ઝાડોની ડાળીઓ કાપી નાંખેલી હતી; એનો હેતુ વરસો સુધી કુદરતની મહેરને રોકવાનો હતો, કેમ કે સફરજનના મોટા પાક ઊતરે તો ભાવ ગગડી જાય ને બગીચાવાળાને મૂંઝવણ આવી પડે.” અન્ન, વસ્ત્ર ને મોજશોખની ચીજો ઢગલાબંધ પેદા કરવામાં આવે છે, પણ એને ખરીદે કોણ? માણસોને એ ચીજો વાપરવાની ઇચ્છા નથી કે ગરજ નથી એવું જરાયે નથી. એ ચીજો વિના કોટ્યવધિ માણસો ટળવળે છે ને કષ્ટો ભોગવે છે; પણ એ ચીજો ખરીદવાને એમની પાસે પૈસા નથી એટલે શું કરે? આ યંત્રોથી થોકબંધ પેદા થયેલી ચીજો ખરીદાતી નથી, એટલે ધંધામાં મંદી આવે છે. યંત્રોના ઉત્પાદનનું પ્રમાણ ઘટાડવું પડે છે, બજારોમાં ઊથલપાથલ થાય છે, કંઈક વેપારી ને ઉત્પાદક પાયમાલ થઈ જાય છે, અને આખી આર્થિક રચના — ૧૯૩૧માં બનેલું તેમ — એવી હચમચી જાય છે કે એમાંથી એને કળ વળતાં જ લાંબો વખત વીતી જાય છે. એક અંગ્રેજ અર્થશાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો 'જગતના ઉત્પાદનતંત્રની શક્તિ તો પારાવાર વધી છે, પણ તેના પ્રમાણમાં માણસોની ખરીદશક્તિ વધી નથી એ દેખીતી વાત છે; અને જગતની સામે સૌથી વિકટ પ્રશ્ન ઉત્પાદનશક્તિ હજુ કેમ વધારવી એ નથી, પણ યંત્રો ને ઉત્પાદનની જે ઇતર સામગ્રી અત્યારે હાથમાં પડેલી છે તેનો પૂરો ઉપયોગ કેમ કરી શકાય એ છે; એની જ મૂંઝવણ સૌથી મોટી છે.' જે આર્થિક રચના વેગવાન અને ગંજાવર ઉત્પાદનનાં સાધનો પેદા કરી કરીને તેના ઢગ ખડકે છે, પણ એનાં ફળ જે માણસો વધારેમાં વધારે ગરજવાન છે તેને આપવાની ના પાડે છે, અને આખરે એવી સ્થિતિમાં આવી પડે છે કે જેમાં ઉત્પાદનનાં યંત્રો પરાણે બેકાર રાખવાં પડે, એટલું જ નહિ પણ તેણે પેદા કરેલી કીમતી ચીજોનો નાશ કરવો પડે — તે આર્થિક રચનાના પાયામાં જ કંઈક ભારે દોષ હોવો જોઈએ. પશ્ચિમના વિચારશીલ માણસોએ તો આવી સ્થિતિ નિહાળીને એમ પણ કહ્યું છે કે 'આપણા સમાજમાં કોઈ દયાળુ માણસે માનવી શ્રમ બચાવનારા યંત્રની હિતકારક શોધને સંપૂર્ણતાએ પહોંચાડી હોય તે એ શોધને છૂપી રાખે એમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજનું ભલું રહેલું છે.' એટલે આધુનિક જગતની સામે આવી પડેલી વિષમમાં વિષમ આર્થિક સમસ્યા તે આ છે.

આ વ્યાધિનું નિદાન કરવામાં ને તેના ઉપચાર સૂચવવામાં પશ્ચિમના અર્થશાસ્ત્રીઓ વચ્ચે તીવ્ર મતભેદ છે. એમાં થોડાક એવા છે ખરા, જે યંત્રોના ઉપયોગના કટ્ટા વિરોધી ન હોવા છતાં યંત્રોના વિશાળ વાપરથી થતાં દુષ્પરિણામો જોઈ રહ્યા છે, જેમનો ભ્રમ એથી ભાંગ્યો છે, અને યંત્રોથી થતા લાભોનાં સ્તુતિગાન એક કાળે થતાં તેની યથાર્થતા વિષે જેમના મનમાં ભારે શંકા પેદા થવા લાગી છે. દાખલા તરીકે એમાંનો એક કહે છે:

"મનુષ્યના શ્રમની ઉત્પાદકશક્તિના વધારાને લીધે બેકારી ને સંકટ જ નીપજવાનાં હોય તો એ શ્રમને વધારે ઉત્પાદક બનાવવા માટે વૈજ્ઞાનિક સાધનો યોજે એ શા કામનું? શ્રમને હળવો કરવા માટે યોજેલાં યંત્રો જો વધારે ને વધારે માણસોને બેકાર ને બેરોજગાર બનાવે તો એવાં યંત્રો પેદા કરવાનો શો ઉપયોગ? અને જે દુનિયામાં ખેડૂતને, બી વાવતી વખતે, 'આર્થિક સંકટમાંથી હું તરી જઉં એ માટે પાક ખરાબ ઊતરો' એવી પ્રાર્થના કરવી પડે એવી દુનિયાને વિષે આપણે શું કહેવું? આપણે વિચિત્ર જગતમાં વસીએ છીએ એ વિષે કશી શંકા નથી." (કોલ)

બીજો એક અર્થશાસ્ત્રી કહે છે:

"એટલે યંત્રોએ આપણા નિત્યના જીવનમાં ગણિત દાખલ કર્યું નથી; અથવા ખરું કહીએ તો તેણે આપણા જીવનની એક જ બાજુમાં — આપણી ઉત્પાદનની પ્રવૃત્તિઓમાં — આંકડા અને વ્યવસ્થા દાખલ કર્યાં છે; અને તેમાં એ ઉત્પાદન પ્રવૃત્તિઓ નાનાં નાનાં રાજ્યોના સ્વતંત્ર રાજાઓ જેવી છે, કેમ કે ઉત્પાદનના અનેક ઘટકોમાંનો એકેએક પોતપોતાના ગઢમાં એકલો ને અળગો થઈને બેઠેલો છે આપણા નિત્યના જીવનની બીજી બાજુ — વહેંચણી — એને આકસ્મિક યોગ અને અસમાન બળોની ખેંચતાણ પર છોડી દેવામાં આવી છે. પરિણામ એ આવ્યું છે કે યંત્રે તેના શાપ પૂરેપૂરા વરસાવ્યા છે; તેના આશીર્વાદનું દાન તેણે કર્યું નથી. ગામડાના જીવનમાં માનવી માનવી વચ્ચે પ્રમાણમાં જે હેતનો ને પરસ્પર લાગણીનો સંબંધ હતો તેમાંથી તેણે આખી વસ્તીઓની વસ્તીઓને છિન્નભિન્ન કરી નાંખી છે, તેણે આપણા સૃષ્ટિસૌંદર્યવાળા પ્રદેશોને તારાજ કરી દીધા છે, આપણા વૃક્ષોને કરમાવી નાંખ્યાં છે અને આપણાં નદીનાળાંને વિષમય બનાવી મૂક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; તેણે કારીગરનું પોતાની કળાકારીગરી વિષેનું અભિમાન હણ્યું છે; તેના અનેક ચાકરોને તેણે નિર્જીવ એકરૂપતા ને અતિશ્રમની ચક્કીમાં હડસેલી દીધા છે. તેની નિયમિત ગતિઓ જે સુરક્ષિતતાનું વચન આપે છે તે, તેમ જ તેની ઉત્પાદનની અનંત શક્તિમાંથી જે ફુરસદ અને "રિદ્ધિસિદ્ધિ નીપજવાની આશા રાખી શકાય, એ બેમાંથી એકે આપણે — તેના માલને માટે વ્યવસ્થિત બજાર અને ખપત ન હોવાને લીધે — ભોગવવા પામતા નથી." (બ્રેલ્સફર્ડ)

આ ચિતાર ભયાનક છે; અને જેઓ વિશાળ યંત્રો અને મોટા પાયાના યાંત્રિક ઉદ્યોગો પર બાળકના જેવો વિશ્વાસ રાખે છે તેમના ભોળપણને આ વાંચ્યા પછી ધક્કો લાગ્યા વિના ન રહેવો જોઈએ. અને જ્યાં સુધી જગતની આર્થિક વ્યવસ્થા આજે છે તેવી રહેશે ત્યાં સુધી આ સ્થિતિમાં ઝાઝું પરિવર્તન થવાનો સંભવ નથી.

૨

જગત જે આર્થિક બીમારી ભોગવી રહ્યું છે તેના નિદાન અને ઉપચારની બાબતમાં અર્થશાસ્ત્રીઓમાં મતભેદ ભલે હોય, પણ યંત્રો દાખલ થવાથી માણસની જગા યંત્ર લે છે ને માણસો બેકાર બને છે એ હકીકત તો નિર્વિવાદ છે. હૉબસન કહે છે, "આંકડા સ્પષ્ટ બતાવે છે કે એની પહેલી અસર 'શ્રમ' બચાવવાની — એટલે કે બેકારીમાં ઉમેરો કરવાની— થાય છે." એક વાર યંત્રોનો વાપર મોટા પ્રમાણમાં દાખલ કરવામાં આવે અને ભારે ઝડપવાળા સંચાનાં ચક્રો ચાલતાં કરવામાં આવે એટલે પછી વચ્ચેથી અટકાતું નથી; અને છેવટે માણસના શ્રમની જરા પણ જરૂર ન પડે ને નિર્જીવ 'યંત્રમનુષ્યો' માણસની જગા લે ત્યારે જ અટકી શકાય છે. અત્યારે શ્રમ બચાવવાની ને યંત્રોનો વાપર વધારેમાં વધારે દાખલ કરી, માણસનો શ્રમ ઘટાડી, માલ સસ્તામાં સસ્તો પેદા કરવાની જે પદ્ધતિ ચાલી રહી છે, ને જેને અંગ્રેજીમાં એક શબ્દમાં 'રૅશનૅલાઇઝેશન' કહે છે (મિલઉદ્યોગથી પરિચિત માણસો આ શબ્દ ને તેના અર્થથી વાકેફ હશે) તેનું અનિવાર્ય અંતિમ પરિણામ મનુષ્યશ્રમનો છેદ ઉડાવી દેવાનું જ છે. ઉપર એક જગાએ જેના શબ્દો ટાંકયા છે એ અર્થશાસ્ત્રી કોલ કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આજનાં યંત્રો શરીરબળની કે હાથકારીગરીની જરૂરનો વધારે ને વધારે છેદ ઉડાવતાં જાય છે, પણ માનવી શ્રમને જ બાતલ કરવામાં એથીય આગળ જાય છે...યાંત્રિક ઉદ્યોગોના છેલ્લામાં છેલ્લા વિકાસમાં માનવી શ્રમને છેક જ બાતલ કરી નાંખવા પર વધારે ને વધારે ભાર દેવાતો જાય છે...આ સંજોગોમાં ઉત્પાદનનું ખરચ ઘટાડવાનો સ્પષ્ટ રસ્તો એ છે કે માનવી શ્રમનો સમૂળો જ છેદ ઉડાવી દેવો, અથવા તો અતિશય ઘટાડી નાંખવો, અને ખાસ કરીને અમેરિકા અને જર્મનીમાં આ પ્રકારના 'રૅશનૅલાઈઝેશન' ને આશ્ચર્યકારક હદે પહોંચાડવામાં આવ્યું છે...યંત્રો દાખલ કરીને મનુષ્યશ્રમને બાતલ કરવાની ક્રિયા હમેશાના કરતાં વધારે ઝડપથી ચાલી રહી છે...આજકાલ ઉત્પાદનનું ખરચ ઘટાડવાનું મુખ્ય સાધન તે માનવી શ્રમને છેક જ બાતલ કરી નાંખવાનું છે."

હરિજનબંધુ, તા. ૨૩-૬-૧૯૪૦

૩

યંત્રો દાખલ થવાને લીધે મિલો ને કારખાનાંમાં રોકાયેલાં માણસોની સંખ્યા પર જે વધારે ને વધારે કાપ મુકાતો જાય છે ને તેનાં જે ભયાનક પરિણામો આવ્યાં છે તેનું એક દૃષ્ટાંત હમણાં અમેરિકાથી — જ્યાં અગાઉ કહ્યું તેમ ખેતીકામમાં યંત્રોનો ઉપયોગ દહાડે દહાડે વધતો ચાલ્યો છે ત્યાંથી — જાણવામાં આવ્યું છે. ગયે વરસે અમેરિકાના એક અઠવાડિક પત્ર 'ઝાયન્સ હેરલ્ડ'માં એનો હેવાલ આપનારો લેખ આવેલો. અમેરિકામાં ખેતીમાં, ને વિશેષે કરીને કપાસની ખેતીમાં, હમણાં હમણાં લગી 'ભાગિયા-મજૂર' રાખવાની પ્રથા ચાલતી. પણ યંત્રોના વધતા જતા વાપરે એમાં ઊથલપાથલ કરી મૂકી છે, અને તેને પરિણામે એ 'ભાગિયા-મજૂરો'નાં કુટુંબો બેકારી ને દારિદ્ર્યથી પીડાતાં બેહાલ બની ગયાં છે. અગાઉ જેના પુસ્તકમાંથી ઉતારા આપવામાં આવ્યા છે એ અંગ્રેજ લેખક બ્રેલ્સફર્ડે કહ્યું છે:

"યંત્રોની બનાવટમાં ને સંખ્યામાં જેમ જેમ સુધારાવધારા થતા જાય છે, વીજળીવરાળથી ચાલતાં યંત્રોનો ઉપયોગ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ મજૂર કારીગરનું મહત્ત્વ ઘટતું જાય છે. તેનાં કુશળતા અને અનુભવની કિંમત દર વરસે ઓછી ને ઓછી અંકાતી જાય છે. જ્યાં જુઓ ત્યાં તેને માટે જેટલી માગ છે તેના કરતાં તેની સંખ્યા વધારે દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાંત્રિક ઉદ્યોગમાં હજુ અણઘડ કે 'અધકચરા ઘડાયેલા' માણસોની મોટી —પણ ઘટતી જતી—સંખ્યાની જરૂર પડે છે ખરી; પણ ઉસ્તાદ કારીગરની અવદશાના દહાડા આવ્યા છે."

અમેરિકાના આ 'ભાગિયા–મજૂરો'ની એ જ દશા થવા પામી છે. એની કહાણી ઉપર જણાવેલા લેખના લેખક માર્ક એ ડોબરે વર્ણવી છે. તે કહે છે: 'આ મજૂરોની દશાનો ચિતાર રેડિયો, સિનેમા ને છાપાં દ્વારા અપાયો છે. તેને વિષે તપાસો થઈ છે, તેના હેવાલો પ્રસિદ્ધ થયા છે. અમેરિકાના આ પહેલા નંબરના પ્રશ્ન વિષે સરકારી અધિકારીઓએ જાહેર ઉદ્‌ગારો પણ કાઢ્યા છે; છતાં ભાગિયા-મજૂરનો પ્રશ્ન તો ઊભો જ છે. સ્થિતિ સુધરી નથી પણ ઊલટી દહાડે દહાડે બગડતી જાય છે.

'ભાગિયા-મજૂર' ને 'ભાગિયા-ગણોતિયા' એ વર્ગો જમીન વિનાના કુશળ ખેડૂતોના છે. તેમને પોતાની જમીન નથી હોતી, પણ તેમની ખેડ કે મજૂરી પેટે તેમને જમીનના માલિકની પાસેથી પાકનો અમુક ભાગ મળે છે. અમેરિકામાં આજીવિકા માટે કપાસના ભાગ ઉપર આધાર રાખનારાં કુલ ૨૦ લાખ કુટુંબોમાંથી ૧૮ લાખ ૩૦ હજાર ભાગિયા-મજૂર અને ભાગિયા-ગણોતિયાનાં છે, એ હકીકત પરથી કલ્પના આવશે કે અમેરિકામાં આ વર્ગોનો પ્રશ્ન કેટલો વિશાળ છે. ભાગિયા-મજૂરના કુટુંબની કમાણી વરસે દહાડે માથાદીઠ સરેરાશ ૩૮ થી ૮૭ ડૉલરની હતી; અને ભાગિયા-ગણોતિયાના કુટુંબની સરેરાશ વાર્ષિક કમાણી ૭૩ ડૉલરની હતી. ભાગિયા-મજૂરો મોટે ભાગે હબસી છે; ભાગિયા-ગણોતિયા મોટે ભાગે ગોરા છે. ૧૯૩૫થી "એમાંના હજારોને જમીન છોડીને ચાલ્યા જવાની ફરજ પાડવામાં આવી છે. તેઓ હાડિયા-મજૂર અથવા ફરતા ફરીને કામ મળે ત્યાં કરનાર કારીગરો તરીકે કામ કરીને માંડ પેટિયું કાઢે છે, અને એમની દુર્દશાનો અંત હજુ આવ્યો નથી."

લેખક આગળ કહે છે:

"ખેતીકામમાં યંત્રોનો ઉપયોગ દાખલ થવાથી ભાગિયા-મજૂરોની સ્થિતિ વધારે વસમી બની છે. એને પરિણામે હજારો ભાગિયા-મજૂરોને કામ પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુખસદ આપવામાં આવી છે. જમીન પરથી અને જે તૂટ્યાંફૂટ્યાં ઝૂંપડાં બાંધીને તેઓ રહેતા તેમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા છે."

અને આ લોકોને માટે ભાવિના ગર્ભમાં શું ભરેલું છે? લેખક કહે છે:

"ભવિષ્યમાં જ્યારે કપાસ વીણવાનું યંત્ર સંપૂર્ણતાએ પહોંચશે ત્યારે ભાગિયા-મજૂરનું ખેતીમાં કશું કામ નહીં રહે એ વાત સહુ બરાબર સમજે છે. ખેતીનાં કામો કરે એવું ફાર્મ ટ્રૅક્ટર દાખલ થયું છે તેને પરિણામે હજારો મજૂરો બેકાર થઈ રહ્યા છે તે તરફ બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. છતાં ગણોતિયા ખેડૂતો, ભાગિયા-મજૂરો, અને ખેતીના દાડિયા-મજૂરો — ગોરા તેમ જ કાળા બંને — ને ખેતીના કામમાંથી રુખસદ મળતી જાય છે, અને તેમને દેશના વધારેમાં વધારે મહત્ત્વના ખેતીવાળા પ્રદેશોમાં જઈને કંઈક રાહત માટે ફાંફાં મારવાં પડે છે. મોટાં વાવેતર કરનારા જમીનદારો તેમના ભાગિયા-મજૂરો ને ગણોતિયાને રજા આપે છે, ને જે થોડાક ટ્રૅક્ટરો ચલાવવા માટે જરૂરના હોય તેમને કામ પર રાખી જેટલા દિવસ કામ કરે તેટલાની રોજિંદી મજૂરી ચૂકવે છે. એક મોટો દાખલો આપીએ. મિસિસીપી નદીના દ્વીપકલ્પમાં એક જમીનદારે ૨૨ ટ્રૅક્ટર અને ૧૩ ચાર ચાસવાળાં હળ ખરીદ્યાં; તેની સાથે તેણે પોતાના ભાગિયા-મજૂરોનાં ૧૬૦ કુટુંબમાંથી ૧૩૦ને રુખસદ આપી, અને બાકીનાં ૩૦ને દાડિયા મજૂરી માટે રાખ્યાં."

આ નિરાધાર લોકો પર યાંત્રિક હળ અને ટ્રૅક્ટરો તેમના શાપ ભરપૂર વરસાવી રહ્યાં છે, ને પોતાની સાથે સાથે દુઃખ, દારિદ્ર ને નિરાશા લાવતાં જાય છે:

"ગામડાંના પ્રદેશમાં જ્યાં જુઓ ત્યાં તજી દીધેલાં સૂનાં વેરાન ઘર ઠેરઠેર પડેલાં છે; અથવા તો, મને જેનો અંગત પરિચય છે એવા કાનસાસ સંસ્થાનના કેટલાક ભાગમાં બન્યું છે તેમ, કર આપવાનું ટાળવાને માટે ખેતરો પરનાં ઘર પાડી નાંખવામાં આવે છે. પશ્ચિમ ટેક્સાસ સંસ્થાનના રહીશો આંગળી ચીંધતાં કહે છે: 'પેલા ખેતર પર પહેલાં ભાગિયા-મજૂરનાં દસ કુટુંબ રહેતાં હતાં. ટ્રૅક્ટરે એમાંનાં નવને પાયમાલ કર્યાં.' 'આ જમીન પર ખેતી થવી શરૂ થઈ ત્યારથી એ ખેતરમાંથી બાર કુટુંબને રોજી મળતી હતી; હવે તેમાંથી ત્રણ જ કુટુંબને રોજી મળે છે, અને બેને માંડ પેટિયું મળે છે.' 'ટ્રૅક્ટરોએ અમારાં બાળબચ્ચાંનો રોટલો છીનવી લીધો છે.'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાંત્રિક ઉદ્યોગમાં હજુ અણઘડ કે 'અધકચરા ઘડાયેલા' માણસોની મોટી —પણ ઘટતી જતી—સંખ્યાની જરૂર પડે છે ખરી; પણ ઉસ્તાદ કારીગરની અવદશાના દહાડા આવ્યા છે."

અમેરિકાના આ 'ભાગિયા–મજૂરો'ની એ જ દશા થવા પામી છે. એની કહાણી ઉપર જણાવેલા લેખના લેખક માર્ક એ ડૉબરે વર્ણવી છે. તે કહે છે: 'આ મજૂરોની દશાનો ચિતાર રેડિયો, સિનેમા ને છાપાં દ્વારા અપાયો છે. તેને વિષે તપાસો થઈ છે, તેના હેવાલો પ્રસિદ્ધ થયા છે. અમેરિકાના આ પહેલા નંબરના પ્રશ્ન વિષે સરકારી અધિકારીઓએ જાહેર ઉદ્‌ગારો પણ કાઢ્યા છે; છતાં ભાગિયા-મજૂરનો પ્રશ્ન તો ઊભો જ છે. સ્થિતિ સુધરી નથી પણ ઊલટી દહાડે દહાડે બગડતી જાય છે.

'ભાગિયા-મજૂર' ને 'ભાગિયા-ગણોતિયા' એ વર્ગો જમીન વિનાના કુશળ ખેડૂતોના છે. તેમને પોતાની જમીન નથી હોતી, પણ તેમની ખેડ કે મજૂરી પેટે તેમને જમીનના માલિકની પાસેથી પાકનો અમુક ભાગ મળે છે. અમેરિકામાં આજીવિકા માટે કપાસના ભાગ ઉપર આધાર રાખનારાં કુલ ૨૦ લાખ કુટુંબોમાંથી ૧૮ લાખ ૩૦ હજાર ભાગિયા-મજૂર અને ભાગિયા-ગણોતિયાનાં છે, એ હકીકત પરથી કલ્પના આવશે કે અમેરિકામાં આ વર્ગોનો પ્રશ્ન કેટલો વિશાળ છે. ભાગિયા-મજૂરના કુટુંબની કમાણી વરસે દહાડે માથાદીઠ સરેરાશ ૩૮ થી ૮૭ ડૉલરની હતી; અને ભાગિયા-ગણોતિયાના કુટુંબની સરેરાશ વાર્ષિક કમાણી ૭૩ ડૉલરની હતી. ભાગિયા-મજૂરો મોટે ભાગે હબસી છે; ભાગિયા-ગણોતિયા મોટે ભાગે ગોરા છે. ૧૯૩૫થી "એમાંના હજારોને જમીન છોડીને ચાલ્યા જવાની ફરજ પાડવામાં આવી છે. તેઓ દાડિયા-મજૂર અથવા ફરતા ફરીને કામ મળે ત્યાં કરનાર કારીગરો તરીકે કામ કરીને માંડ પેટિયું કાઢે છે, અને એમની દુર્દશાનો અંત હજુ આવ્યો નથી."

લેખક આગળ કહે છે:

"ખેતીકામમાં યંત્રોનો ઉપયોગ દાખલ થવાથી ભાગિયા-મજૂરોની સ્થિતિ વધારે વસમી બની છે. એને પરિણામે હજારો ભાગિયા-મજૂરોને કામ પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુખસદ આપવામાં આવી છે. જમીન પરથી અને જે તૂટ્યાંફૂટ્યાં ઝૂંપડાં બાંધીને તેઓ રહેતા તેમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા છે."

અને આ લોકોને માટે ભાવિના ગર્ભમાં શું ભરેલું છે? લેખક કહે છે :

"ભવિષ્યમાં જ્યારે કપાસ વીણવાનું યંત્ર સંપૂર્ણતાએ પહોંચશે ત્યારે ભાગિયા-મજૂરનું ખેતીમાં કશું કામ નહીં રહે એ વાત સહુ બરાબર સમજે છે. ખેતીનાં કામો કરે એવું ફાર્મ ટ્રેક્ટર દાખલ થયું છે તેને પરિણામે હજારો મજૂરો બેકાર થઈ રહ્યા છે તે તરફ બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. છતાં ગણોતિયા ખેડૂતો, ભાગિયા-મજૂરો, અને ખેતીના દાડિયા-મજૂરો — ગોરા તેમ જ કાળા બંને — ને ખેતીના કામમાંથી રુખસદ મળતી જાય છે, અને તેમને દેશના વધારેમાં વધારે મહત્ત્વના ખેતીવાળા પ્રદેશોમાં જઈને કંઈક રાહત માટે ફાંફાં મારવાં પડે છે. મોટાં વાવેતર કરનારા જમીનદારો તેમના ભાગિયા-મજૂરો ને ગણોતિયાને રજા આપે છે, ને જે થોડાક ટ્રેક્ટરો ચલાવવા માટે જરૂરના હોય તેમને કામ પર રાખી જેટલા દિવસ કામ કરે તેટલાની રોજિંદી મજૂરી ચૂકવે છે. એક મોટો દાખલો આપીએ. મિસિસીપી નદીના દ્વીપકલ્પમાં એક જમીનદારે ૨૨ ટ્રેક્ટર અને ૧૩ ચાર ચાસવાળાં હળ ખરીદ્યાં; તેની સાથે તેણે પોતાના ભાગિયા-મજૂરોનાં ૧૬૦ કુટુંબમાંથી ૧૩૦ને રુખસદ આપી, અને બાકીનાં ૩૦ને દાડિયા મજૂરી માટે રાખ્યાં."

આ નિરાધાર લોકો પર યાંત્રિક હળ અને ટ્રૅક્ટરો તેમના શાપ ભરપૂર વરસાવી રહ્યાં છે, ને પોતાની સાથે સાથે દુઃખ, દારિદ્ર ને નિરાશા લાવતાં જાય છે :

"ગામડાંના પ્રદેશમાં જ્યાં જુઓ ત્યાં તજી દીધેલાં સૂનાં વેરાન ઘર ઠેરઠેર પડેલાં છે; અથવા તો, મને જેનો અંગત પરિચય છે એવા કાનસાસ સંસ્થાનના કેટલાક ભાગમાં બન્યું છે તેમ, કર આપવાનું ટાળવાને માટે ખેતરો પરનાં ઘર પાડી નાંખવામાં આવે છે. પશ્ચિમ ટેક્સાસ સંસ્થાનના રહીશો આંગળી ચીંધતાં કહે છે : 'પેલા ખેતર પર પહેલાં ભાગિયા-મજૂરનાં દસ કુટુંબ રહેતાં હતાં. ટ્રૅક્ટરે એમાંનાં નવને પાયમાલ કર્યાં.' 'આ જમીન પર ખેતી થવી શરૂ થઈ ત્યારથી એ ખેતરમાંથી બાર કુટુંબને રોજી મળતી હતી; હવે તેમાંથી ત્રણ જ કુટુંબને રોજી મળે છે, અને એને માંડ પેટિયું મળે છે.' 'ટ્રૅક્ટરોએ અમારાં બાળબચ્ચાંનો રોટલો છીનવી લીધો છે.'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ કરુણ કથા આગળ ચાલે છે :

"ગામડાંની નિશાળો પડી ભાંગવા લાગી છે. ગામડાંના વેપારીઓ ખોટમાં ઊતરી ગયા છે. સુકવણા અને કપાસના ભાવની ઘટને લીધે તેમના વેપારને ભારે નુકસાન પહોંચ્યું છે, ને ખેતીમાં યંત્રોનો વાપર દાખલ થયો તેણે એમના પૂરા બાર વગાડી દીધા છે. વર્ગદ્વેષની લાગણીઓ જગાડવામાં આવે છે; અને ખેડૂતનું હિત સાધવાને યોજાયેલો સરકારી કાર્યક્રમ પણ કલહનું કારણ થઈ પડ્યો છે. જેમની પાસેથી જમીનનો કબજો છીનવી લેવામાં આવ્યો છે, જેમનાં જીવનનો યંત્રોએ ઘાણ કાઢી નાખ્યો છે ને તેમાં કટુતા ને નિરાશા ભરી મૂકી છે, તેમની આ કરુણ કહાણી છે. બીજા જેમને હજુ જમીનો પરથી કાઢી મૂકવામાં આવ્યા નથી તેઓ પણ ભયથી કાંપતા એ જ ભાવિ નજર સામે જોઈ રહ્યા છે."

રાંકમાં રાંક માણસને પણ વિપત્તિથી ઘેરાતાં ક્યારેક સામે થવાની હિંમત આવે. એટલે "આ કુટુંબો, જેમને ખેતીના વધતા જતા યંત્રીકરણના અને સરકારની પાકોના ફેરફારની યોજનાઓના 'ભોગ' તરીકે વર્ણવામાં આવ્યાં છે," તેમણે અવારનવાર ભલે નાના નાના પણ સામુદાયિક દેખાવો કર્યા છે, અને જે ચીજે તેમની આજીવિકા જ નહીં પણ પરસેવો પાડીને મજૂરી કરવાની તક સુદ્ધાં છીનવી લીધી તેની સામે પોકાર કર્યો છે. એવા એક સમૂહનું વર્ણન આપતાં લેખકે લખ્યું છે :

"આ નવી પરિસ્થિતિએ ભાગિયા-મજૂરને ઉતારીને દાડિયા-મજૂરની સ્થિતિએ લાવી મૂક્યો છે. તેને પોતાનું કહેવા જેવું ઝૂંપડું રહ્યું નથી. આથી દેશના કેટલાક ભાગોમાં બળવો જાગ્યો છે. જાન્યુઆરી મહિનામાં, શિયાળાની કકડતી ટાઢના વાવાઝોડામાં, મિસુરી સંસ્થાનમાં આ ખેતરોમાંથી કાઢી મુકાયેલા સેંકડો ભાગિયા-મજૂરોએ પોતાની નવી અવદશાની સામે વિરોધ જાહેર કરવાને ધોરી રસ્તા પર દેખાવો કરેલા. હબસી બૅપટિસ્ટ પાદરી ઓવન વ્હીટફ્રેડની આગેવાની નીચે હજાર ઉપરાંત સ્ત્રી પુરુષ બાળકોએ બે મુખ્ય રાજમાર્ગો પર બે બાજુએ પડાવ નાંખેલો. ધોરી રસ્તાઓ પરની આ કૂચ કપાસના પાકવાળા પ્રદેશમાં ભાગિયા-મજૂરને બદલે દાડિયા-મજૂરની પ્રથા દાખલ થવા સામે વિરોધ તરીકે કાઢવામાં આવી હતી. એ હિલચાલના આગેવાને કહ્યું કે કેટલાક જમીન-માલિકોએ, સરકાર તરફથી મળતી કેટલીક સગવડો ને મદદમાંથી ભાગિયા-મજૂરોને ભાગ આપવો પડે તેમાંથી છટકવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે, ભાગિયા-મજૂરો ને ગણોતિયાઓને જમીનો પરથી કાઢી મૂક્યા છે. આ કૂચમાં નીકળેલાં સ્ત્રી પુરુષ બાળકોએ ખુલ્લામાં પડાવ નાખ્યો હતો. એ સૂના રસ્તાઓ પર તેઓ તાપણાં અથવા કામચલાઉ કરી લીધેલા ચૂલાઓની આસપાસ સંકોડાઈ વીંટળાઈને બેઠેલાં હતાં, અને ચૂલાઓ પરનાં વાસણોમાં જે કંઈ ખાવાનું હતું તેમાંથી ભાગ પડાવતાં હતાં. એમાંનાં ઘણાંખરાં હબસી હતાં, પણ થોડાંક છૂટાંછવાયાં ગોરાંઓ પણ હતાં. વૃદ્ધાવસ્થાથી દુર્બળ થઈ ગયેલા ડોસાઓ, રસ્તા પર ખાટલામાં નાખીને લઈ જવી પડેલી એટલી માંદી એક ડોશી, અને ડર અને ભૂખથી રડારોળ કરી રહેલાં બાળકો — એ આખું દૃશ્ય ખરેખર દુઃખદ હતું."

સમાજસેવાની કેટલીક સંસ્થાઓ આ સંકટપિડિતોને રાહત આપવા મથી રહી છે, અને ગ્રામોદ્ધાર અને સહકારી ખેતીના કાર્યક્રમો વાટે આ પ્રશ્નનો કંઈક ઉકેલ ખોળવાનો પ્રયાસ કરી રહી છે.

૪

આવા બનાવો એક પછી એક બન્યાં જ કરે તેને લીધે લોકોની યંત્રો અને તેના લાભો ઉપરની આસ્થા ઢીલી થવા માંડે તો તેમાં નવાઈ ન ગણાય. ઉપરનું વૃત્તાંત વાંચ્યા પછી હવે અમેરિકાના સાપ્તાહિક પત્ર 'ન્યૂ રિપબ્લિક'ના ૨૭મી સપ્ટેંબર ૧૯૩૯ના અંકમાં આવેલી નીચેની કંડિકા વાંચો :

"ફાર્મ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (કૃષિ રક્ષા સંઘ)ની પાસે એક સુંદર યોજના છે. તે દેશના ઈશાન ખૂણાના ભાગમાં વસતા ૧૮,૦૦૦ ગરીબ ખેડૂતોને લાગુ પાડવાનો તેનો વિચાર છે. સંઘના પ્રાદેશિક સંચાલક ફિલિપ હેંડરસનના કહેવા પ્રમાણે, આ ખેડૂતોને પોતાનું ગોરસ વલોવીને માખણ બનાવી લેતાં, ઘરમાં ઘંટી રાખીને પોતાના વાપર માટે લોટ દળી લેતાં, ને પોતાનાં કપડાં વણી લેતાં શીખવવામાં આવશે. તે માને છે કે આ ખેડૂતોને અપાતી સરકારી મદદમાં સારી પેઠે બચત થઈ શકે એમ છે. અત્યારે તો એ ખેડૂતો ખુલ્લા બજારમાં પોતાના પાકના જે દામ ઊપજે તે મેળવે છે ને ત્યાં જ પોતાને જરૂરની ચીજો ખરીદી લે છે.

"થોડા વખત પર ટ્વેન્ટિએથ સેંચરી ફંડે (વીસમી સદી નિધિએ) જાહેર કર્યું હતું કે માલ વેચાતો લેનાર ઘરાક એક ડોલર ખરચે તેમાંના માત્ર ૪૦ ટકા જ ઉત્પાદકના ગજવામાં જાય છે; બાકીના ૬૦ ટકા વચલા વેપારીઓ ને દલાલો કમાય છે. મિ. હેંડરસનના ૧૮,૦૦૦ ખેડૂતો અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કિંમત આપીને માલ ખરીદે છે, તે કિંમતમાં નાની નાની છૂટક વેચાણો માટેની હદ બહારની દુકાનોનાં ખરચ, દલાલી, વટાવ, ઘેર બેઠે માલ પહોંચાડવાનાં મહેનતાણાં, ખરચાળ પૅકિંગ, અને કેટલીક વાર જેની પાછળનું ખરચ વ્યર્થ જાય છે એવી જાહેરાતો, એવાં એવાં અનેક જાતનાં ખરચો ચડેલાં હોય છે. એ ખેડૂતો ઘેર વલોણું કરીને માખણ પેદા કરશે ને ઘરની ઘંટીએ આટો દળી લેશે એમાં એમને આર્થિક લાભ જ છે એમ મિ. હેંડરસન કહે છે, એ એમની વાત સાચી હોવાનો બહુ સંભવ છે. પણ એ આપણી સંસ્કૃતિ પર કેવી ટીકા થઈ! માખણ કાઢવાનો વીજળીથી ચાલતો સંચો શોધાયો, લોટ અને કાપડની મિલો વધી વધીને અતિશય વિશાળ થઈ, ત્યારે એનાથી મનુષ્યજાતિ પાર વિનાની પ્રગતિ કરશે, અને છૂટાંછવાયાં એકલદોકલ માણસોને જે વૈતરું કરવું પડે છે તે ટળી જશે અને તેને બદલે થોડાંક માણસો ને ઘણા સંચાની મહેનતથી કામ ચાલતું થશે, એવી એવી અનેકવિધ રીતે એ યંત્રોને વધાવી લેવામાં આવેલાં. આજે આપણે યાંત્રિક કુશળતા ને વેગ તરફથી ઊલટી દિશામાં પગરણ થતું જોઈએ છીએ, કેમ કે આપણાં યંત્રોને આપણને મુક્ત બનાવવા માટે વાપરવા જેટલી સામુદાયિક બુદ્ધિ આપણામાં નથી.”

આજે આ હિલચાલ ભલે થોડાક હજાર માણસો પૂરતી ફેલાયેલી હોય, પણ એ દિશામાં જે ગતિ થઈ છે તેને સમય જતાં અને આર્થિક સંકટોમાંથી નીપજતો ભ્રમનિરાસ ઉત્તરોત્તર વધતો જતાં વેગ મળ્યા વિના રહેવાનો નથી. આપણા દેશમાં તો યંત્રોના પ્રવેશને લીધે નીપજેલી બેકારીના ઢગના ઢગ પડ્યા છે. એટલે જ્યારે પશ્ચિમમાંથી આવા હેવાલો આવે ત્યારે એ વાંચીને આપણો કેફ ઊતરવો જોઈએ, અને યંત્રો અને જબરદસ્ત ઉદ્યોગો મોટા પ્રમાણમાં દાખલ કરવાની યોજનાઓમાં ઝંપલાવતાં પહેલાં આપણે જરા થંભીને વિચાર કરી જોવો જોઈએ. એમ કરવાથી સાટામાં દેશને માનવી દુઃખરૂપે જે કિંમત આપવી પડશે એનો આપણે કાંઈક હિસાબ કાઢવો જોઈએ. કંઈ નહીં તો આંખ ઉઘાડી રાખીને, ભૂસકો મારતા પહેલાં સામે શું પડ્યું છે તે નિહાળીને જોવું તો જોઈએ જ.

હરિજનબંધુ, તા. ૩૦-૬-૧૯૪૦

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar